
पू. पं. गुरुदेवश्री अभय सागरजी महाराज द्वारा आलेखित संपादित पुस्तकोनुं एकीकरण

## પલ પલ સમરો

# ॥ શ્રી નવકાર ॥




સંપાદક

ગણીવર્ય શ્રી નયચંદ્ર સાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મહારાજના સ્વ હસ્તાક્ષરમાં


श्रीनमस्कार-महामन्त्र

।। णमो अरिहंताणं ।।


।। णमो सिद्धाणं ।।

।। णमो आयरियाणं ।।

।। णमो उवज्झायाणं ।।

।। णमो लोए सव्वसाहूणं ।।

।। एसो पंचणमुक्कारो,
सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं,
पढमं हवइ मंगलं ।।



પૂ. પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મહારાજ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. પં. ગુરુદેવશ્રી અભયસાગરજી મ. દ્વારા
આલેખિત-સંપાદિત શ્રી નવકારના પુસ્તકોનું એકીકરણ

## પલ પલ સમરો

# શ્રી નવકાર

**આશીઃદાતા - માર્ગદર્શક**

પૂ. આ. દે. શ્રી અશોકસાગરસૂરિ મ.
પૂ. આ. દે. શ્રી જિનચંદ્રસાગરસૂરિ મ.

**સંયોજક - સંપાદક**

પૂ. આ. દે. શ્રી હેમચંદ્રસાગર સૂરિ મ. ના શિષ્યરત્ન
પૂ. ગણિવર્ય શ્રી નયચંદ્ર સાગરજી મ.

**-:પ્રકાશકઃ-**

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
સુરત

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્રકાશક**

શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન
સુરત

**પ્રથમાવૃતિ**
૧૦૦૦ નકલ
સંવત - ૨૦૬૦

**મૂલ્ય**
૪૫/-

**પ્રાપ્તિસ્થાન**

શ્રેયસ કે. મર્ચન્ટ
નીશા એપા. નં-૧, પહેલે માળ,
તીનબત્તી ગોપીપુરા, સુરત

**ચંપકલાલ ટી. ખોખર**
શેખશાઇ ભગ. મંદિર પાસે,
મોલ્લોત ચોરા,
ઊંઝા - ૩૮૪ ૧૭૦.

**ઘરણેન્દ્ર એમ. શાહ**
પ્રેરણા વિરાજ - ૨
એ/૨૦૪ જોધપુરગામ
ચંદન પાર્ટીપ્લોટ ની સામે
સેટેલાઈટ, અમદાવાદ.

**કુમારપાલ જે. શાહ**
એ/૨૯ ગગન વિહાર
ચોથે માળે, ખાનપુર
અમદાવાદ - ૧.

**સંજય જ્યંતિલાલ હીરાણી**
૧૧૨, કીકાસ્ટ્રીટ ગુલાબવાડી
રૂમ નં - ૨૧ પહેલે માળે
મુંબઇ - ૨.

કોમ્પ્યુટર ટાઈપ સેટીંગ તથા મુદ્રક
**ટવીંકલ પ્રિન્ટ એન્ડ પેક**
દરજી ચકલા, બજાર, ઊંઝા - ૩૮૪ ૧૭૦.
ફોન: (ઓ.)(૦૨૭૬૭)૨૪૭૬૨૬,
(રહે.)(૦૨૭૬૭)૨૫૩૩૪૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## નવકાર જેના હૈયે.....
## .... તેને સંસારનો શાનો ડર ?

જગતના તમામ શાંતિપ્રદ અને શ્રેષ્ઠ મનાતા પણ સાધનો જે ઘડીએ બેવફા કે નાકામયાબ-નિષ્ફળ નિવડે ત્યારે એને આશાનો ઢીલો પાતળો દોરો પણ ન પહોંચી શકે તેવી વિષમ પરિસ્થિતિએ પણ માનસિક નિયંત્રણાઓ વિડંબણાઓને માત્ર જાપ-ચિંતન કે સ્મરણ બળે ચૂર-ચૂર કરી આંતરિક અપૂર્વ આનંદની લહેરો ઉડાડનાર શ્રી નવકાર મહામંત્ર જેના માનસ પટ પર અંકિત હોય તેને ખરેખર સંસારિક ઉપાધિઓ-વિટંબનાઓ શું કરી શકે ? કેમ કે શ્રી નવકાર સકલ જિનશાસનનો સાર અને ચૌદપૂર્વનું રહસ્ય છે. માટે જ કહ્યું છે કે

जिण सासणस्स सारो
चउदसपुव्वाण जो समुध्धारो ।
जस्स मणे णवकारो
संसारो तस्स किं कुणइ ? ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂ. પંન્યાસ ગુરુદેવશ્રી અભયસાગરજી મ. નું શ્રી નવકાર સંબંધી પ્રકાશીત સાહિત્ય.

- મહામંત્રના અજવાળા
- આરાધના જ્યોત
- મંગલ જ્યોત
- મંગલ સ્વાધ્યાય
- અંતર જ્યોત
- અખંડ જ્યોત
- નવકારની અદ્ભૂત ઘટના
- નવકાર જ્યોત
- ભટેવા પાર્શ્વનાથ સ્મારક ગ્રંથ
- મહામંત્રની આરાધના
- ધર્મચક્ર માસિક (લેખો)
- વિચાર પંછી
- જય નવકાર
- પંચ પરમેષ્ઠિના શરણે
- શ્રી નમસ્કાર મહામંત્ર તત્વ ચંદ્રિકા
- જપ યોગ
- પલપલ સમરો શ્રી નવકાર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પૂજ્ય ગુરૂદેવ શ્રી...!

આપશ્રીનું

આપનાજ ચરણે...

- જયચંદ્ર સાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સુકૃતના સહભાગી

શ્રી આદિનાથ પ્રભુના જિનાલયના
હીરક મહોત્સવપ્રસંગે
**શ્રી શ્વેતામ્બર મૂ.પૂ. જૈન સંઘ, વેજલપુર**
તથા શ્રી જિતુભાઇ કાન્તિલાલ શાહ વિગેરે
વેજલપુર જૈન સંઘના આરાધકભાઇઓ.

**શ્રી ઊંઝા જૈન મહાજન પેઢી, ઊંઝા**
(જ્ઞાાન નિધિમાંથી)
શ્રી સારંગપુર તળીયાની પોળ જૈન સંઘ, અમદાવાદ.
(જ્ઞાાન નિધિમાંથી)

પ.પૂ. સાધ્વીજી મહારાજ સિધ્ધાંતરસાશ્રીજી મ.
ના ઉપદેશથી
**શ્રી નગીનદાસ એન્ડ સન્સ ટ્રસ્ટ, ઊંઝા**
હસ્તે
ભોગીલાલ નગીનદાસ શાહ
વસંતલાલ ઉત્તમચંદ શાહ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રકાશકીય

**પૂ. પાદ્ પંન્યાસ પ્રવર ગુરુદેવ શ્રી અભય સાગરજી મ.** એ જિનશાસનમાં ૨૦મી/૨૧મી સદીના મહાપુરુષ હતા. આગમ-ખગોળ-ભૂગોળ-ધ્યાન-જાપના વિષયમાં તેઓશ્રીની આગવી હથોટી હતી. તેઓ શ્રી નવકારના અઠંગ આરાધક - સાધક હતા.

પૂજ્યશ્રી એ સ્વયં અનુભૂત શ્રી નવકારની સાધનાનો રસાસ્વાદ બહુજન વર્ગને ચખાડવા શ્રી નવકાર સંબંધી અનેક પુસ્તકોનું લેખન સંપાદન કર્યું હતું. તે-તે સમયે થોડું ઘણું વિભિન્ન સંસ્થા/વ્યક્તિ દ્વારા પ્રકાશિત થયેલું હતું. તે સર્વ પુસ્તકોનું એકીકરણ રૂપે **પલ પલ સમરો શ્રી નવકાર** પુસ્તક તમારી સામે ઉપસ્થિત થઇ રહ્યું છે.

જે અમારી સંસ્થા દ્વારા આ પ્રકાશન પ્રકાશિત થઇ રહેલ છે તેનો અમને અનહદ આનંદ છે.

પુસ્તકનું સૂયોગ્ય સંકલન - સંપાદન કરી આપનાર **પૂજ્ય ગણિવર્ય શ્રી નયચંદ્ર સાગરજી મ.** ના ઋણી છીએ.

પુસ્તક સુચારુ પ્રિન્ટીંગ કરનાર **શ્રી ધર્મિન હેમંતભાઇ મહેતા, ટવીંકલ પ્રિન્ટ એન્ડ પેક - ઊંઝા** નો આભાર માનીએ છીએ.

પૂર્વે જે-જે સંસ્થા/વ્યક્તિ દ્વારા પુસ્તકો પ્રકાશીત થયેલ છે તેઓની અનુમોદના કરીએ છીએ.

શ્રી નવકારના આરાધકો સાધકોને આ પુસ્તક સાધના માર્ગનો સથવારો બની રહે તે મંગલ કામના સહ....

**શ્રી આગમોદ્ધારક પ્રતિષ્ઠાન**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી નવકાર શરણં મમ

નવકાર મહામંત્ર શાશ્વત ધારા છે...
આત્મદ્રવ્યના શુદ્ધ પર્યાયોની તે શુદ્ધ ધારા છે...
પરમેષ્ઠિ તત્વોથી સભર સભર શુભ ધારા છે...
તેના તરફનો સમર્પણ ભાવ સમ્યક્ત્વનો દ્યોતક બને છે.
સાધનાનું સંમાર્જન તે દ્વારા જ શક્ય બને છે.
આજ સુધીના અનંતાનંત સિદ્ધાત્માઓનું સ્થાપત્ય આ નવકાર મહામંત્ર છે. અને આવનારા અનંતાનંત ભવ્યજીવોનું આશ્રય સ્થાન આ જ મહામંત્ર છે.
પૂજ્ય ગુરુદેવશ્રી સાધના ક્ષેત્રના અજોડ યાત્રી હતા...
બાલ્યવયથી તેઓની સાધનાના સાક્ષી બનવાનું સૌભાગ્ય મળતું ગયું...
જે સમર્પણભાવ પૂજ્યશ્રી કેળવી શક્યા હતા તે અપ્રિતમ હતો... જ્યારે જ્યારે ધ્યાનયોગ - મનોયોગ સ્થિરીકરણની વાત થતી ત્યારે પૂજ્યશ્રી ખાસ જણાવતાં કે ધ્યાનયોગમાં પ્રવેશવા માટે અબુધ અવસ્થામાં માત્ર શુદ્ધ શક્તિના સ્ત્રોત સમા શ્રી નવકારનો જપ યોગ, ભક્તિયોગ- ચિંતનયોગ અને અક્ષર ધ્યાનયોગ પર્યાપ્ત સાબિત થાય છે.
માત્ર કલ્પના, કે વાતોની મંઝીલો બનાવવા કરતાં ચલાતી પા..પા પગલી વધુ તાકાતદાર હોય છે.
આપણા શુદ્ધ સ્વરૂપના અરિસારૂપ પંચપરમેષ્ઠિ પ્રત્યે આપણો અહોભાવ જાગે... પૂરતો પરિચય વધે અને ભક્તિયોગ દ્વારા તેની દિવ્યશક્તિથી આપણો આંતરિક વિકાસ થાય તે માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ નાની - નાની પુસ્તિકાઓ દ્વારા નવકાર મહામંત્રની ઓળખ કરાવવાનો કરુણાજન્ય પ્રયત્ન કર્યો હતો...
અને નવ એકાસણા દ્વારા વિશિષ્ટ આરાધના - પૂજા કરવાનું માળખું - અનુષ્ઠાન અંતઃપ્રેરણા દ્વારા આપ્યું હતું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજે વર્ષોથી શ્રાવણ સુદ-૨ થી હજારો ભાવુકોએ ભાવપૂર્વક તે અનુષ્ઠાન આરાધ્યું છે. અને શ્રી નવકારના વિવિધ અચિંત્ય પ્રભાવમાં આત્મ-સમર્પણ કર્યુ છે.

સમયના પર્યાન્તરમાં શાશ્વતધારા ટકાવવાનું ભગીરથ કાર્ય શ્રી નવકાર કરે છે.

જૈન સમુહના તમામ ફિરકઓને એકસુત્રથી બાંધવાનું કાર્ય પણ આ શ્રી નવકાર દ્વારા જ શક્ય છે.

અરે ! આગળ વધીએ તો

વિશ્વના તમામ ચૈતન્યને અસર કરનાર કોઈ દિવ્ય શસ્ત્ર હોય તો માત્ર શ્રી નવકાર મહામંત્ર જ છે.

લઘુબંધુ અને આત્મિય વિનેય આ. શ્રી હેમચંદ્ર સાગર સૂ.ના શિષ્ય ગણી શ્રી નયચંદ્ર સાગરજી એ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમયે સમયે નવકાર વિષયક નાની પુસ્તિકાઓ- કાર્ડો આદિ પ્રકાશીત થયું તેનું સંકલન કરવાનો એક સુંદર પ્રયાસ કર્યો છે. આ પુસ્તકમાં - નવકાર વિષયકો પ્રશ્નોત્તરી - નવકાર મહામંત્રો સામાન્ય પરિચય - નવકારમાં 'ण' બોલવો કે 'न' ? તેની સુંદર તાર્કિક ચર્ચા - જપ ધ્યાન પદ્ધતિ - અક્ષર ધ્યાન પદ્ધતિ નવકારવાળી ગણવાની - આસન - દિશા - સમયની ચોક્કસાઈ આદિની માહિતિ તથા ભાવ ઉપજાવનારા ગીતો આદિનો સમાવેશ થયો છે. નવકારની આરાધના કરનારને આલંબનમાં ઉપયોગી થઇ શકશે. તે નિ:સંદેહ વાત છે.

પૂજ્યપાદ તારક ગુરુદેવશ્રીની કરુણા દ્વારા જ શ્રી નવકાર જેવા દિવ્યતત્વની ઓળખ થઇ શકે છે. તેઓ પ્રત્યે કૃતજ્ઞ રહી શ્રી નવકાર મહામંત્રના ૬૮ અક્ષરની પૂજા - શ્રદ્ધા - જાપ - મનન ચિંતન કરી પુણ્યાત્માઓ પરમેષ્ઠિમય બને અને આત્મકલ્યાણ સાધે તેવી શુભભાવના...

પૂ. પં. તારક ગુરુદેવશ્રી
અભયસાગરજી મ. ના ચરણસેવક
આ. અશોકસાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તમારા હાથની વાત !

પરમતારક - પરમકરૂણાળુ - કૃપાળુ આગમવિશારદ શ્રી નમસ્કાર-મહામંત્રના આદર્શ-સાધક પંન્યાસપ્રવર **પૂજ્ય ગુરુદેવ શ્રી અભયસાગરજી મ. ની** સ્મરણ-સરિતામાં વહેવા જઇએ તો એ વહેણમાં એટલા બધા અવનવા અને અદ્ભુત તત્ત્વો દૃષ્ટિગોચર બને કે બસ જોયા જ કરીએ... જોયા જ કરીએ... એકને જોઇએ ને એક ભૂલીએ એવી સ્થિતિ એ વહેણની જણાય છે. પરંતુ એ વહેણ ને સદાબહાર રાખવામાં સૌથી મોટું પરિબળ હોય તો તે છે **શ્રી નમસ્કાર -મહામંત્ર !**

પૂજ્યશ્રીના હૃદયમંદિરમાં જ્યારથી નમસ્કાર મહામંત્રની પ્રતિષ્ઠા થઈ ત્યારથી ગુરુદેવશ્રીની હર-ક્ષણમાં હર-પલમાં શ્રી નવકાર એકમેક બની ગયેલો હતો, એ ક્ષણ પછી વ્યાખ્યાનની હોય, વાચનાની હોય, અનુષ્ઠાનની હોય કે આરાધનાની હોય. તબિયતની હોય કે અમસ્તી વાતોની હોય. એમાં શ્રી નવકારની વાત આવ્યા વિના ન જ રહે !

પેલી પંક્તિ છે ને !

એ વાઇસ(કાજી) તેરી ઇબાદદ(પ્રાર્થના) મેં
અગર દમ હૈ
તો ઇસ મસ્જીદ કો હિલા કે બતા
અગર નહીં તો
આ મેરે પાસ બેઠ, દો ઘૂંટ લેવી,
ઔર ઇસ મસ્જિદ કો હિલતા હુવા દેખ !

શરાબીને યત્ર તત્ર સર્વત્ર શરાબની જ બોલબોલા દેખાય એવી જ સ્થિતિ શ્રી નવકાર માટે પૂજ્ય ગુરુદેવશ્રીની હતી.

પૂજ્યશ્રીને દરેક વાતમાં શ્રી નવકાર તો દેખાતો જ હતો પણ સાથે શ્રી નવકાર - મહામંત્રના દરેક વિષયમાં પણ તેઓશ્રીજીનું ઉંડાણથી સંશોધન હતું !

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નવકાર ને મહામંત્ર શા માટે કહેવાય છે ?
શ્રી નવકાર ના અક્ષરોની શી તાકાત ?
શ્રી નવકારનો જાપ શી રીતે લાભદાયી ?
શ્રી નવકારના જાપ માટે દિશા-સમય-આસન આદિની સુનિશ્ચિતતા શા માટે જરૂરી ?
શ્રી નવકારના જાપથી આધ્યાત્મિક લાભ કેટલા ?
શારીરિક લાભ કેટલા ? માનસિક લાભ શી રીતે ?
અને એથી સામાજિક - રાષ્ટ્રીય ઉત્કર્ષ શી રીતે ?
શ્રી નવકાર એ મંત્રોનાય સમૂહ છે અને વિદ્યાઓનો પણ સમુદાય છે.
મંત્ર અને વિદ્યામાં શું ફર્ક ?
શ્રી નવકાર ના વર્ણસમૂહની શુદ્ધિ શી રીતે ?
શ્રી નવકારનું ઉચ્ચારણ પણ કેટલું પ્રભાવશાળી ?
એને જપવા માટે સાધનો ક્યા ક્યા આવશ્યક ?

આવા અને આવા બીજા અનેક વિષયો બાબત પૂજ્યશ્રીની સંશોધનયાત્રા સતત ચાલુ રહેતી અને એમાં જે કંઇ ઉપલબ્ધ બનતું એ પોતાના પુરતુ સીમિત ન રાખતા જગસમક્ષ ખુલ્લુ મુકવાની તેઓશ્રીની વિશિષ્ટ ઉદારતા હતી...

આ ઉદારતાની પાર્શ્વભૂ ઉપર પૂજ્યશ્રીએ અનેક પુસ્તકોનો થાળ પણ જગસમક્ષ રજૂ કર્યો છે. એ વિભિન્ન થાળોમાં પીરસાએલી વાનગીઓને એક જ સ્થળથી સ્વાદ મેળવી શકાય એ માટે સુવિનેય પ્રવર ગણીશ્રી નયચન્દ્ર સાગરજીએ સુંદર પ્રયાસ આદર્યો જે તમારી સામે પ્રસ્તુત છે.

ટૂંકમાં આ નાનુ-સરખુ પુસ્તક એટલે શ્રી નવકાર - મહામંત્ર વિષે ભરપૂર માહિતીનો, માર્ગદર્શનનો અને પ્રેરણાનો ભંડાર...

હવે એમાંથી તમારે કેટલો લાભ લેવો એ તમારા હાથની વાત.

જીવનની ક્ષણો શ્રી નવકાર - મહામંત્રના સવિધિ જાપ દ્વારા સફળતા સમુહ સાથે ભળે એટલે ક્ષણો અજર-અમર

આવી જ અજર-અમરતાના વાહક શ્રી નવકાર પ્રભુને શીઘ્ર હૃદય મંદિરમાં પધરાવો એ જ કામના

દ.

હેમચન્દ્ર સાગર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# સંપાદકની વાત

**અનાદિ શાશ્વત મહામંત્ર શ્રી નવકાર !**

અચિંત્ય ચિંતામાણી, કામધેનુ, કલ્પવૃક્ષ વિગેરે અનેક ઉપમાઓથી શોભતા ૬૮ અક્ષરના આ મહામંત્ર પ્રત્યે શ્રધ્ધા, આસ્થા જામે તે માટે તે તે... કાળે અનેક સાધકો-ચિંતકો એ મહામંત્રના મહિમા વિષે જાપ-સાધના વિષે... પ્રભાવ વિષે... અનેક ભાષાઓમાં ખેડાણ કર્યું છે. વર્તમાન સદી માં **પૂજ્યપાદ પંન્યાસ ગુરુદેવશ્રી અભય સાગરજી મ.** એ પણ શ્રી નવકારના જાપ-ધ્યાન-સાધના-ચિંતન દ્વારા મેળવેલું અનુભવ જ્ઞાન શ્રીસંઘને આપતા રહ્યા. જેથી **મહામંત્રના અજવાળા. અખંડ જ્યોત, આરાધના જ્યોત, મંગલ જ્યોત, નવકાર જ્યોત, મહામંત્રની આરાધના.** વિગેરે અનેક પુસ્તકોનું સર્જન થયું અને પૂજ્ય શ્રી નવકારના આરાધકોના રાહબર બન્યા. "અપ્રાપ્ય બનેલા આ પુસ્તકોનું એકીકરણ કરી એક પુસ્તક બને તો શ્રી નવકારના આરાધકોને અતિ ઉપયોગી બની શકે" તેવો વિચાર માનસ પટ પર ઘણા સમયથી રમતો... પૂ. આ. દાદા ગુરુદેવ શ્રી અશોકસાગર સુરી મ. તથા પૂ. આ. શ્રી જિનચંદ્ર સાગર સૂરિ. મ. તરફથી આ કાર્ય માટે નિર્દેશન - માર્ગદર્શન મળતું રહ્યું અને શ્રી વસંતભાઈ વૈદ્યે (ઊંઝા ફાર્મસીવાળા) પણ પૂ. ગુરુદેવ શ્રી ના પુસ્તકોનું પુન: પ્રકાશન જરૂરી છે. એ ભાવના વ્યક્ત કરી આ ત્રીવેણી સંગમના અંતે કાર્યનો પ્રારંભ થયો... જેનું પરિણામ આજે તમારા સૌના હાથમાં ઉપસ્થિત છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પુસ્તકમાં નવું કશું જ નથી પૂજ્યપાદ્શ્રી દ્વારા લેખીત-સંપાદિત શ્રી નવકારના પુસ્તકોના લેખોને માત્ર વિષય અનુસાર ગોઠવવાનું જ કામ કર્યુ છે. જેનો હેતુ **પુસ્તકની ઉપયોગીતા વધે - વાચક - સાધક વર્ગ ને સરળતાથી સમજ પડે એ છે.**

પુસ્તકની ઉપયોગીતા વાચકો-આરાધકો પોતે જ નક્કી કરશે. પુસ્તકનુ વાંચન કરતાં કોઇ કોઇ પુણ્યાત્મા શ્રી નવકારમાં તન્મય-એકાકાર બની જાય તેમાં જ આ પુરુષાર્થની સફળતા માનીશ.

આ પુસ્તક સંપાદન કાર્યમાં સહભાગી બનનાર વિનેય મુનિશ્રી ઋષભચંદ્ર સાગર, બાલ મુનિશ્રી અજિત ચંદ્ર સાગર, મુનિશ્રી સંભવચંદ્રસાગર તથા શ્રી ચંપકલાલ ટી ખોખર(ઊંઝા) શ્રી જયંતિભાઇ(માસ્તર અમદાવાદ)ની પણ સ્મૃતિ અત્રે ઉલ્લેખનીય છે.

નવ દીવસીય શ્રી નમસ્કાર મહામંત્રનુ યૌગિક-માંત્રિક અનુષ્ઠાનનું વિધાન દર્શાવતી પુસ્તિકા "મહામંત્રની આરાધના" નામે પૂર્વે પ્રકાશિત થયેલ. જે નવકારની સામૂહિક આરાધના માટે અત્યંત ઉપયોગી હોવાથી "શ્રી નવકારનો સાક્ષાત્કાર કરાવતું વિધાન" નામે અલગ પ્રકાશિત થઇ ગયેલ છે તેથી તેનો સમાવેશ અત્રે કરેલ નથી.

સંપાદન કાર્યમાં પૂર્ણ ચોકસાઇ રાખવા છતાં છદ્મસ્થ અવસ્થાએ કંઇ પણ ક્ષતિ રહી હોય તેની ક્ષમાયાચના.

-ગણી નયચંદ્ર સાગર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## "મહામંત્રના અજવાળાં" પુસ્તકના પ્રારંભે

**પૂ. પં. ગુરૂદેવ શ્રી અભય સાગરજી મ. ના.. ઉદ્ગારો.**
**(પ્રાગ્ પ્રકાશનના પાનેથી સંપાદકીય નોંધ)**

જિનશાસન પામ્યાની સફળતા... આપણી અહં-મમની મર્યાદાઓ ને ટુંકાવી પોતાની જાતને વિશ્વાત્મભાવમાં વિલીનીકરણ કરવાના લક્ષ્યને સફળ કરનારી વિવિધ ધર્મક્રિયાઓને ગુરુગમથી આચરવામાં છે.

" ज्ञान - क्रियाभ्यां मोक्ष : " આ સૂત્ર જગ પ્રસિધ્ધ છે તેમાં જ્ઞાન એટલે જે આપણે નથી જાણતા તેને લગતું લેવાય છે. પણ આપણે શું નથી જાણતા ?

શાસ્ત્રોના બળે જગતના પદાર્થો કે બાહ્ય વસ્તુઓ જાણી શકાય છે. ન જાણી શકાય તેવી કોઇ ચીજ હોય તો તે "પોતાની જાત" છે.

જેના ઉપર અજ્ઞાન - મિથ્યાત્વ આદિથી શરીર, ઇંદ્રિય, મન અને બુદ્ધિના વેષ્ઠનો રહેલા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમાં આપણે કોણ ?

શરીર એ આપણે ?

ઇન્દ્રિયો એ આપણે ?

બુદ્ધિ એ આપણે ?

આનો યોગ્ય ઉકેલ જ્ઞાનથી મળી શકતો નથી પણ સમ્યક્જ્ઞાનથી મળી શકે છે.

સમ્યક્જ્ઞાન એટલે જે જ્ઞાનનો સંબંધ ક્રિયા સાથે હોય.

ક્રિયા એટલે શું ? 'કરવું !'

શું કરવું ? કરવા લાયક હોય તે !

કરવા લાયક શું ?

શરીર, ઇંદ્રિય, મન અને બુદ્ધિના વેષ્ઠનમાં ખોવાઇ ગયેલી જાતની ઓળખાણ કરવા લાયક છે. એટલે કે - આપણે કોણ ? એ પ્રશ્નનો યોગ્ય ઉકેલ એ સમ્યક્જ્ઞાન છે. તે મુજબ યોગ્ય અમલ એ સમ્યક્ક્રિયા છે.

આ રીતે જિન શાસનમાં પંચપરમેષ્ઠિઓને નમસ્કર રૂપ શ્રી નમસ્કાર મહામંત્રને જે સર્વોત્તમ સ્થાન અપાયું છે તેનું રહસ્ય સમજવા જેવું છે.

શ્રી નમસ્કાર મહામંત્ર દ્વારા આપણી જાતને ઓળખવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમેષ્ઠિઓ શુદ્ધ આત્મ સ્વરૂપ (જેના પર શરીર-ઇન્દ્રીય-મન-બુદ્ધિનું વેષ્ઠન નથી) ના પ્રતિક છે.

તેમના વારંવાર નામસ્મરણ, સ્વરૂપાનુચિંતન, જાપ પદ્ધતિનો અભ્યાસ અને ધ્યાન આદિથી આપણામાં અતિરૂઢ બનેલ અહં-મમની વૃત્તિઓ વિલીન થઇ શુદ્ધાત્માસ્વરૂપની યથાર્થ અનુભૂતિ થવા માંડે છે.

આ દિશામાં સક્રિય સહયોગ આપનાર કેટલાક માર્મિક લેખો-નિબંધો વિવિધ પુસ્તકોમાંથી એકત્રિત કરી વ્યવસ્થિત સ્વરૂપે બાલભોગ્ય શૈલીમાં ગોઠવી પુસ્તકનું સર્જન દેવગુરુકૃપાએ થવા પામ્યું છે.

વિવેકી વાચકોએ યથા યોગ્ય રીતે આ પુસ્તકમાં બતાવાયેલ પદ્ધતિ પ્રમાણે શ્રી નવકાર મહામંત્રના સ્વરૂપને ગુરુગમથી સમજી વિચારી અનુભવની સરાણે ચકાસી આત્મસ્વરૂપની યથાર્થ પ્રતિતિનું સૌભાગ્ય મેળવવા પ્રયત્નશીલ થવું.

ક્ષયોપશમની મંદતા કે તેને લેખકોના આશયને યથાયોગ્ય સમજી ન શકવાથી સફળતા દરમ્યાન કંઇપણ ક્ષતિ થઇ હોય તે બદલ ચતુર્વિધ શ્રી સંઘ સમક્ષ મિથ્યાદુષ્કૃત માંગી જિન શાસનના અદ્‌ભૂત સારતુલ્ય શ્રી નવકાર મહામંત્રની આરાધના દ્વારા જગતના સઘળા કલ્યાણકારી મુમુક્ષુ જીવો પંચપરમેષ્ઠિઓના આલંબને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાની વિશુદ્ધાત્મક દશાનો યથાર્થ અનુભવ કરી જન્મ-મરણ આદિના ત્રિવિધ તાપથી સર્વથા મુક્ત બનો એ મંગલ કામના !

વીર નિ.સં. ૨૪૯૫
વિ. સં. ૨૦૨૫
ચૈ.સુ. ૯ ગુરુવાર
ખુશાલ ભુવન
જૈન ધર્મશાળા
શ્રી સિદ્ધક્ષેત્ર - પાલીતાણા
(સૌરાષ્ટ્ર)

લિ.
શ્રમણ સંઘ સેવક
પૂ. ઉપાધ્યાય શાસન સુભટ
ગુરુદેવ શ્રી ધર્મસાગરજી મ.
ચરણોપાસક
મુનિ અભય સાગર

ક્ષણ ક્ષણ સમરો શ્રી નવકાર,
પલ પલ સમરો શ્રી નવકાર,
ઘડી ઘડી સમરો શ્રી નવકાર,
અહર્નિશ સમરો શ્રી નવકાર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| વિભાગ -૧ | **ચૌદપૂર્વનો સાર; સમરો શ્રી નવકાર** | પેજ નં. |
| | ૧. શ્રી નવકાર મહામંત્રનું રહસ્ય (સંક્ષિપ્ત અર્થ) | ૨ |
| | ૨. શ્રી નમસ્કાર મહામંત્રમાં વર્ણ-સંપદાદિ વિજ્ઞાન | ૯ |
| | ૩. પંચ પરમેષ્ઠિઓની આરાધના થી થતા– આધ્યાત્મિક લાભો. | ૧૩ |
| | ૪. નવકાર મહામંત્રનું સ્મરણ શા માટે? | ૧૮ |
| વિભાગ -૨ | **શ્રી નવકારની નવલી વાતો** | |
| | ૫. શ્રી નવકારમંત્ર મંત્રાધિરાજ કેમ? | ૨૦ |
| | ૬. વિવિધ દ્રષ્ટિકોણથી શ્રી નમસ્કાર મહામંત્ર | ૨૧ |
| | ૭. મહામંગલ શ્રી નવકાર | ૨૪ |
| | ૮. ણમો એટલે ભાવનમસ્કાર | ૨૭ |
| | ૯. ણમો પદનું રહસ્ય | ૩૩ |
| | ૧૦. મંત્ર અને વિદ્યા વચ્ચેનો ભેદ | ૩૬ |
| | ૧૧. શ્રી નમસ્કાર મહામંત્ર ભાવમંગલ સ્વરૂપ છે. | ૪૨ |
| | ૧૨. શ્રી નવકારની અનામત | ૪૬ |
| | ૧૩. શ્રી નવકાર મહામંત્રના વર્ણોનું અદ્ભૂત ગણિત | ૪૯ |
| | ૧૪. શ્રી નમસ્કાર મહામંત્ર અક્ષર-માતૃકા વિજ્ઞાન દષ્ટિએ. | ૫૫ |
| | ૧૫. શ્રી નવકારમાં ણમો કે નમો? | ૫૯ |
| | ૧૬. શ્રી નમસ્કાર મહામંત્ર પ્રશ્નોત્તરી વિભાગ-૧ | ૬૬ |
| | ૧૭. શ્રી નમસ્કાર મહામંત્ર પ્રશ્નોત્તરી વિભાગ-૨ | ૭૨ |
| વિભાગ - ૩ | **કરીએ જપ સાધના** | |
| | ૧૮. શ્રી નવકારનું આહ્વાન અને ઘોષણા | ૭૯ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯.શ્રી નવકારના સાધકોને ઉદ્બોધન ૮૦
૨૦.જાપ એટલે? ૮૩
૨૧.શ્રી નમસ્કાર મહામંત્ર આરાધવાની આદર્શ પ્રક્રિયા ૮૫
(પાંચ સોપાન)
૨૨.શ્રી નવકાર કેમ ગણાય? ૯૦
૨૩.જાપની પવિત્રતા કેળવવાના ઉપાયો ૯૩
૨૪.જાપની શક્તિનો અનુભવ ક્યારે? ૯૫
૨૫.શ્રી નમસ્કારના જાપ અંગે જરૂરી માહીતિ ૯૭
(નિશ્ચિત સમય-આસન-દીશા-માળા-સંખ્યા)
૨૬.જાપ અને માનસ જાપ ૧૦૭
૨૭.શ્રી નવકારના જાપની અસર ક્યારે? ૧૧૧
૨૮. માળામાં મેરૂનું મહત્ત્વ (જાપમાં મેરૂનું ઉલ્લંઘન
કેમ ન કરાય?) ૧૧૫
૨૯.કરીએ નવકાર ધ્યાન ૧૧૬
૩૦.શ્રી નવકાર ગણવાની પ્રાથમિક પદ્ધતિ ૧૧૭
૩૧.મહામંત્ર અને તેની સાધના. ૧૧૮
૩૨.જપ માલા વિચાર (હ.લી.શ્લોકો) ૧૨૨
૩૩.આરાધકે ઘુંટવા જેવી આદર્શ વિચારણા ૧૨૫
વિભાગ - ૪ **મહિમાશાલી શ્રી નવકાર**
૩૪.શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા (શ્લોક-દુહા) ૧૩૧
૩૫.શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા
(ગીત-સ્તવન-છંદ-ધૂન-પદ) ૧૪૪
(૧) નવકાર મંત્રની હો! માળા છે હાથમાં... ૧૪૪
(૨) સમરો શ્રી નવકાર, સાર પૂરવ તણો.... ૧૪૫
(૩) સેવો મંત્ર સદા નવકાર ૧૪૬
(૪) દશમે અધિકારે, મહામંત્ર નવકાર ૧૪૬
(૫) શ્રી નવકાર તણું સ્મરણ કરો... ૧૪૭
(૬) પંચ પરમેષ્ઠિ નવકાર ભણ જીવડા (છંદ) ૧૪૭
(૭) ગણજો મંત્ર ભલો નવકાર ૧૪૮
(૮) મંગલમય સમરો નવકાર ૧૪૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૯) સુખકર ભવિયણ, સમરો નિત નવકાર (છંદ) ૧૫૦
(૧૦)બોલ મા ! બોલ મા ! બોલ મા રે ! ૧૫૧
(૧૧)સમર જીવ એક નવકાર નિજ હેજશું ૧૫૨
૩૬. અંતરની સંવેદના... ૧૫૩
૩૭. શ્રી નવકાર ચિત્રપટ પરિચય
(૧) શ્રી મહામંત્ર આરાધના પટ
(બેટરીવાળો પટ) ૧૫૯
(૨) સર્વ શિરોમણી શ્રી નવકાર પટ
(ઉપમાવાળો પટ) ૧૬૧
**વિભાગ -૫ પરિશિષ્ઠના પાના**
પરિ. ૧. શ્રી નવકાર આરાધકને સરળ માર્ગદર્શન ૧૬૬
પરિ. ૨. જાપ માટે આસન પરીચય ૧૭૩
પરિ. ૩. શ્રી નવકાર બોલવાની પદ્ધતિ ૧૭૪
પરિ. ૪. શ્રી નવકારનું પ્રતિક ૧૭૬

## સુવાક્ય - સાંકળીયું

| | | | |
|---|---|---|---|
| નરક નિવારે નવકાર | ૮ | જપીએ નવકાર તીહુંકાળ | ૬૫ |
| પંચસૂત્રનો પ્રભાવ | ૧૨ | સંસાર ભૂલવાના ઉપાયો | ૭૧ |
| મલ્યો નવકાર છતાં... | ૧૭ | આરાધક્યના માટે સાધક બાધક | ૭૧ |
| પરમાત્મા નથી તો... | ૨૦ | આરાધક યાદ રાખજે | ૭૯ |
| શ્રી નવકારની ઉત્તમતા | ૨૩ | શ્રાવકની આરાધનાના સહાયકો | ૯૨ |
| સાધનાની સીડી | ૩૨ | | |
| જપ શક્તિની સુરક્ષા | ૩૨ | જપ શક્તિનો ગુણાકાર | ૯૨ |
| નવકાર મંત્રનો જપ | ૩૫ | ણમો ભાવનસ્કાર | ૧૦૬ |
| અધ્યાત્મ યાત્રાનો ઉપાય | ૪૫ | ઉપાસના એટલે ? | ૧૨૧ |
| જાપ સફળ ક્યારે બને | ૪૫ | નવકાર મૈત્રી=વિશ્વ મૈત્રી | ૧૧૫ |
| સાધકનું સુરક્ષા કવચ | ૪૮ | જાપ નવકાર વાળીથી | ૧૨૪ |
| જાપ સાધનાનો ક્રમ | ૫૪ | આરાધક રહેજે સાવધાન | ૧૨૯ |
| નવકાર ક્યારે ગણવો | ૫૮ | અનર્થકારી લોકવાસના | ૧૫૨ |
| જાપનો પ્રભાવ | ૬૫ | આરાધનાના અવરોધકો | ૧૬૫ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ - ૧

## ચૌદ પૂર્વનો સાર, સમરો શ્રી નવકાર

શ્રી નવકાર તો... ચૌદપૂર્વનો સાર છે. શ્રી નવકારના ૯ પદનો વિસ્તાર = અર્થ ૧૪ પૂર્વ જેટલો થઇ શકે..!

પરંતુ; શ્રી નવકારના આરાધક સાધક આત્માઓ...પ્રાથમિક ભૂમિકાએ નવકારને સરળતાથી સમજી શકે તે હેતુથી, નવપદના સરળ પણ માર્મિક અર્થ, અક્ષર દેહનું બંધારણ તથા પરમેષ્ઠિની ઉપાસનાથી દોષ હાની અને ગુણવૃધ્ધિ કેવી રીતે થાય છે તે વાત બહુજ સ્પષ્ટ આ વિભાગમાં જણાવી છે. જેનું વાંચન-ચિંતન-મનન અનુક્રમે ભાવશુદ્ધિ, વર્ણ (અક્ષર) શુદ્ધિ અને લક્ષ્યશુદ્ધિમાં સહભાગી બનશે. અંતરના દ્વાર ખોલી આત્મસ્પર્શી બનશે.

- સંપાદક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧ શ્રી નમસ્કાર મહામંત્રનું રહસ્ય

(નવપદના સંક્ષિપ્ત અર્થ)

## ॥ णमो अरिहंताणं ॥

આ પદથી અરિહંત પરમાત્માને નમસ્કાર થાય છે. અને તે દ્વારા આપણામાં અનાદિથી રૂઢ થયેલી જડવાસનાનું નિરાકરણ થાય છે, કેમ કેઃ- **શિવમસ્તુ સર્વ-જગતઃ** (સર્વ જગતનું કલ્યાણ થાઓ) ની ભાવના શ્રી અરિહંત પરમાત્માએ રોમરોમમાં પ્રગટાવી છે.

આ ભાવના એવી ઉચ્ચ ભાવના છે કે તેનાથી પોતાનું કલ્યાણ ઈચ્છતા દરેક આત્મા જડવાસનાથી છુટી શકે છે. બીજા જીવોનું કલ્યાણ ઈચ્છવાથી જ આપણામાં રૂઢ બનેલ અહં-મમની ભાવના ક્ષીણ બને છે. અને અનંત સુખના સ્વામી બની શકાય છે.

આ ભાવના આપણી પોતાની જ બની રહે, એ માટે આ ભાવનાના સ્વામી શ્રી અરિહંત પરમાત્માને આ પદમાં નમસ્કાર કરાય છે.

એટલે કે..... અનંતોપકારી સંસાર-સમુદ્રથી પાર ઉતારનાર, ધર્મ-તીર્થની સ્થાપના કરનાર, ચોત્રીસ અતિશય, પાંત્રીસ વાણીના ગુણ અને આઠ પ્રાતિહાર્યથી શોભતા, દેવેન્દ્રો અને ચક્રવર્તીઓથી વિવિધ રીતે પૂજાએલા, રાગદ્વેષ આદિ અંતરંગ શત્રુઓને જીતવા માટે સફળ માર્ગદર્શન, જગતના અજ્ઞાનમૂઢ જીવોને જન્મ મરણના ફેરા અને કર્મોના વિષમ વિપાક આદિ બંધનમાંથી છોડાવનાર, પરમ હિતકારી, આત્મશુદ્ધિનો રાજમાર્ગ પ્રરૂપનાર, તરણતારણહાર, બાર ગુણોથી શોભતા.....

**શ્રી અરિહંત પરમાત્માને નમસ્કાર થાઓ !!!**

## ॥ णमो सिद्धाणं ॥

બીજા પદે શ્રી સિદ્ધ પરમાત્મા છે.

સર્વ જીવોના કલ્યાણની ભાવનાને સોળે કળાએ પ્રગટાવીને તેઓ સિદ્ધિ પદે બિરાજમાન થયા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યાં સંસારની રખડપટ્ટીના કારણભૂત કર્મોનો સર્વથા અભાવ હોવાથી જન્મ-જરા-મરણ રૂપ ભવચક્રમાં ભટકવાનું હોતું નથી, સંસારની કોઈપણ ઉપાધિ ત્યાં હોતી નથી. ત્યાં પહોંચ્યા ત્યારથી અનંતકાળ સુધી અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત સુખ, અનંત વીર્ય આદિ અનંત ગુણોની રમણતા હોવાથી પોતાના સ્વાભાવિક આનંદમાંજ મગ્ન રહેવાનું હોય છે.

આવું સિદ્ધિપદ આપણે મેળવવાનું છે. અને તે મળે તે માટે તેઓએ ભૂતકાળમાં પોતાના જીવનમાં ઉતારેલી અરિહંત પરમાત્માની આજ્ઞાનું પાલન આપણે કરવાનું છે. સિદ્ધિપદમાં આપણો કાયમી વાસ થાય તે માટે આ પદમાં શ્રી સિદ્ધ પરમાત્માને ભાવપૂર્વક નમસ્કાર કરાય છે.

એટલે કે...જન્મ, જરા, મરણાદિના ભયંકર દુઃખો ઉપજાવનાર અને ચાર ગતિ રૂપ સંસારમાં ભટકાવનાર અનાદિકાલીન આઠે કર્મોનો સમૂળ ક્ષય કરી જન્મ, જરા, મરણાદિ દુઃખોથી વિપ્રમુક્ત બની નિર્મળ વિશુધ્ધ આત્મ સ્વરૂપને વરેલા આત્માના સાહજિક અનંત-સુખને ભોગવનારા-અજરામર શાશ્વત-પરમ પદ રૂપ મોક્ષમાં બિરાજમાન થયેલ શ્રી સિદ્ધિગતિને પામેલા કૃતકૃત્ય પરમાત્મ સ્વરૂપ........

## શ્રી સિદ્ધભગવંતોને નમસ્કાર થાઓ !!!

## ।। णमो आयरियाणं ।।

ત્રીજા પદે શ્રી આચાર્ય ભગવંત છે.

જેઓ શ્રી તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં શાસનનું સુકાન સંભાળે છે. અર્થાત્ દરેક રીતે શાસનની દેખરેખ રાખી તેની સુરક્ષા જવાબદારીને સુંદર રીતે અદા કરે છે. પોતે અરિહંત પરમાત્માની આજ્ઞામાંજ રહે છે અને અનેક ભદ્રજીવોને તેમની આજ્ઞામાં જ રહેવાનું ફરમાવે છે. તીર્થંકર દેવોના ઉપદેશને અક્ષરશઃ આચારમાં સ્વયં મૂકે છે અને અનેક જીવોને ધર્મ પમાડે છે. તીર્થંકર પરમાત્માની ગેરહાજરીમાં તેઓ તીર્થંકર પરમાત્મા જેટલાજ આપણા ઉપકારી છે.

વીતરાગ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાનું જે સામર્થ્ય તેમને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રગટાવ્યું છે, તેવું સામર્થ્ય આપણને પ્રાપ્ત થાય, તે માટે આ પદમાં શ્રી આચાર્ય ભગવંતને ભાવપૂર્વક નમસ્કાર કરાયા છે.

એટલે કે.... જ્ઞાનાચાર, દર્શનાચાર,ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પાંચ આચારનું વ્યવસ્થિત સર્વાંગ-સંપૂર્ણ શાસ્ત્રીય રીતે પાલન કરી બીજા પુણ્યાત્માઓને પણ આ પાંચ આચારના પાલનની પ્રેરણા આપનાર, આચારશુદ્ધિ સદાચારના રાજમાર્ગના પ્રવર્તક, ચતુર્વિધ શ્રી સંઘના નાયક, છત્રીશ છત્રીશી ગુણોથી શોભતા............

## શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર થાઓ !!!

**।। णमो उवज्झायाणं ।।**

ચોથા પદે શ્રી ઉપાધ્યાય ભગવંત છે.

જેઓ આપણને ગણધર ભગવંતોએ ગૂંથેલી દ્વાદશાંગી અને તદનુસારી મહર્ષિઓએ રચેલાં શાસ્ત્રોના સ્વાધ્યાયના રસનો અમૃતથી પણ અધિક મીઠો સ્વાદ ચખાડવામાં સહાયભૂત થાય છે. અને આપણી જ્ઞાનની માત્રાને સતેજ કરવામાં પોતાની સર્વ શકિત ખર્ચે છે. તે બદલ શ્રી ઉપાધ્યાય ભગવંતને ભાવપૂર્વક નમસ્કાર કરાય છે.

એટલે કે..... જગતના પ્રાણીમાત્રના આધ્યાત્મિક ઉત્થાનને અનુલક્ષીને શાસ્ત્ર સ્વાધ્યાયમાં હિતકર પ્રવૃત્તિ કરનારા અને કરાવનારા, શ્રી તીર્થંકર ભગવંતોએ ભાખેલ અને શ્રી ગણધરો એ ગૂંથેલ સર્વજીવહિતકર વાણી સ્વરૂપ દ્વાદશાંગી-આગમોનું પઠન-પાઠન કરવા-કરાવવાની પુનિત પ્રવૃત્તિથી ભવ્યજીવોના વિવેકચક્ષુને નિર્મલ કરનારા અને ભવભયથી બચાવનારા, વિનય, નમ્રતા અને સ્વકેન્દ્રીય બની નિખાલસતા સાથે પરચર્ચા પરપંચાતથી દૂર રહેવા-આદિ ગુણોના પ્રવર્તક, પચ્ચીસ ગુણોથી શોભતા...

## શ્રી ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર થાઓ !!!

**।। णमो लोए सव्वसाहूणं ।।**

પાંચમા પદે શ્રી સાધુ ભગવંત છે.

જે ભવ્યાત્માને આ પદમાં બેસવાનું સદ્ભાગ્ય સોંપડે છે તે જ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવ્યાત્મા ક્રમે કરીને ઉપરના પદોમાં બિરાજીને છેવટે પરમ પદ પ્રાપ્ત કરે છે.

સિદ્ધિ પદને પ્રાપ્ત કરવા માટે સાધુ ભગવંતો હિંસા, અસત્ય, સ્તેય, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ એ પાંચ મહાપાપોની વિરતિ-સ્વરૂપ પંચ મહાવ્રતોને પાળે છે અને ભવાંતરમાં પણ તેની જ ઉત્તરોત્તર શુદ્ધિની માંગણી કરે છે. તપ સંયમ અને ચારિત્રના પાલન કરવા દ્વારા પોતાના કર્મોનો નાશ કરવાના અથાગ પ્રયત્નો આદરે છે. પોતાના લક્ષ્યને ખાતર અનેક કષ્ટો ઉઠાવે છે. સર્વ જીવો પ્રત્યે દયા અને સમભાવ ધારણ કરે છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને એ ચારે ભાવનાઓને પ્રવર્તાવે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ રત્નત્રયીને આરાધે છે.

આપણને પણ એ પાંચ મહાવ્રત આદિની પ્રાપ્તિ થાય, તે માટે શ્રી સાધુ ભગવંતને ભાવપૂર્વક નમસ્કાર કરાય છે.

એટલે કે..... શ્રી વીતરાગ પ્રભુની આજ્ઞા પ્રમાણે સત્તર ભેદે સંયમનું પાલન કરનારા, સુક્ષ્મ કે બાદર જીવ માત્રની જયણા પાળનાર, છ જીવ નિકાયની સંપૂર્ણ અહિંસા પાળનાર,

પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ ૧૮૦૦૦ શીલાંગ અને સંયમાનુકુળ વિવિધ પ્રવુત્તિઓને શ્રી તીર્થંકર ભગવંતની આજ્ઞાનુસાર આચારનારા, ઉર્ધ્વલોક (મેરૂપર્વત આદિ) અધોલોક (કૂબડી વિજય આદિ) અને તિર્છાલોક માં (પંદર કર્મભૂમિ ઉપરાંત સંહરણ- કારણથી યાત્રા આદિ થી સંપૂર્ણ મનુષ્યક્ષેત્ર, શ્રી નંદીશ્વરદ્વીપ, શ્રી કુંડળ દ્વીપ યાતાત્ અસંખ્ય દ્વિપ સમૂદ્રો વિવિધ સ્થળોએ દેવકૃત અપહરણ લબ્ધિબળે કે યાત્રાદિ અર્થે સંભવ હોઈ) રહેલા જ્ઞાન દર્શન, ચારિત્રની વિવિધ કક્ષાએ વર્તનાર એટલે કે બે, ત્રણ અને ચાર જ્ઞાનવાળા કેવળજ્ઞાનીઓ, લબ્ધિધરો, અપ્રમત, પ્રમત્ત, ચૌદ પૂર્વધરો અગિયાર અંગના જાણકાર, ઉપશમ-ક્ષપક શ્રેણિવાળા બાલ, વૃધ્ધ, ગ્લાન, તપસ્વી, શાસન પ્રભાવક, પ્રાવચની, ધર્મકથી, શાસન ઉપરના આક્રમણોને હઠાવનારા, જિનકલ્પી, સ્થવિરકલ્પી, સાંભોગિક, અન્યસાંભોગિક, સમનોજ્ઞ, અમનોજ્ઞ, ગીતાર્થ,અગીતાર્થ, ગણનાયક, પ્રવર્તક,સ્થવિર, સામાન્ય સાધુ આદિ અનેક રીતે જિનાજ્ઞા અનુયાયી તથા ૨૭ ગુણોથી શોભતા......



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**અનેક પ્રકારના તપસ્વી ક્ષમા શ્રમણ ભગવંતો રૂપ સર્વ સાધુ ભગવંતોને નમસ્કાર થાઓ !!!**

## ॥ एसो पंच-णमुक्कारो ॥

પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવાની તક એજ આપણા જીવનમાં આવેલી મહાતક છે, એ તકનો લાભ જેટલા અંશે ચૂકયા એટલી જ આપણને મળેલી આ માનવજીવનની નિરર્થકતા સમજવી.

" નવકાર દેવ આ જીવનમાં ભેટી ગયા છે " એવા વિચારો આવતાંની સાથે જ મયૂર જેમ મેઘગર્જનાથી નાચે તેમ આપણું મન માચી ઉઠવું જોઈએ.

એટલે કે ..... આત્મશુદ્ધિની અપેક્ષાએ પરમ ઉચ્ચ સ્થાને રહેલા શ્રી અરિહંત આદિ પાંચ પરમેષ્ઠિઓને તેઓના તે ગુણની મુખ્યતાએ કરેલો ભાવ નમસ્કાર છે.

અર્થાત્.....

અરિહંતોને - શાસન સ્થાપક રૂપે.

સિધ્ધોને - પરમ પદના લક્ષ્ય રૂપે

આચાર્યોને - પંચાચારની પાલનની મુખ્યતાએ આચાર શુદ્ધિના લક્ષ્યથી

ઉપાધ્યાયોને - આગમોનું પઠન પાઠન કરાવનાર હોઇ સમ્યગ્જ્ઞાન પ્રાપ્તિ અને તેના ફળરૂપ વિનય પ્રાપ્તિની મુખ્યતાએ.

સાધુઓને - સંયમની સાધનાની મુખ્યતાએ વિષય કષાયો પર નિગ્રહ મેળવવાના ધ્યેયથી કરાયેલા નમસ્કાર ભાવનમસ્કાર રૂપ છે.

## ॥ सव्व-पाव-प्पणासणो ॥

પંચ પરમેષ્ઠિ ભગવંતોનો કરેલો ભાવપૂર્વકનો નમસ્કાર આપણા અનેક જન્મોના કર્મોને બાળીને ભસ્મીભૂત કરી નાખે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથાત્...

પરમેષ્ઠિઓના ભાવ નમસ્કારથી નિકાચિત કે અનિકાચિત આ ભવના કે પરભવના સર્વ પ્રકારના પાપ (મોહના સંસ્કારોનો) તથા તેમાંથી ઉપજતા બીજા ઘાતી-અઘાતી કર્મોનો = પ્રકર્ષથી = મૂળમાંથી = સત્તામાંથી તેમજ રસક્ષય તથા પ્રદેશક્ષય રૂપે નાશ કરનારો છે.

નવકારના એક એક અક્ષરનું ધ્યાન જીવને અનાદિકાળથી વળગેલા સંસારના તીવ્રતમ રાગ ને તોડે છે અને પંચપરમેષ્ઠિ ભગવંતોના પરમ સત્ત્વવંતા આત્મપ્રકાશ સાથે જોડે છે.

અમૃત ભરેલા શ્રી નવકારના અમૃતાભિષેક વડે જીવને ચઢેલું મહામોહનું ઝેર જરૂર ઉતરી જાય છે.

## ॥ मंगलाणं च सव्वेसिं ॥

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચારે મંગલોમાં ભાવમંગલ જ મહાલાભ આપનાર છે.

અર્થાત્...

દહીં, દૂર્વા, કુંવારી કન્યા, ગાય, શુભમુહુર્ત, સારાશુકન, આદિ સર્વ દ્રવ્ય- મંગલો કરતાં....

આ પરમેષ્ઠિ નમસ્કારરૂપ શ્રી નવકાર મહામંત્ર

સૌથી પ્રથમ = એટલે કે સર્વ શ્રેષ્ઠ મંગલ છે.

શ્રી જૈનશાસનમાં દેવ, ગુરુ અને ધર્મને મહાઉપકારી ભાવમંગલ તરીકે માનવામાં આવ્યા છે. શુભ કાર્યોનો આરંભ કરનાર એ પરમ-માંગલિકનું સ્મરણ કરેછે. તેથી વિઘ્નોનો નાશ પામે છે અને ઇચ્છીત શુભ કાર્યો સરળતાથી સિદ્ધ થાય છે. દુનિયામાં ગણાતા દ્રવ્ય મંગલો લાભ આપે અગર ન પણ આપે, પરંતુ ભાવમંગલ અવશ્ય લાભ આપે જ છે.

સાંસારિક મંગલો પુણ્યના ઉદયના આધારે જ તાત્કાલિક ક્ષણિક સુખની પ્રાપ્તિ રૂપ ફળ આપે છે. જ્યારે શ્રી નવકાર મહામંત્ર કર્મોના બંધન દૂર કરી શાશ્વત પદની નિશ્ચે પ્રાપ્તિ કરાવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વળી વ્યવહારમાં પણ પુણ્ય સંપદા ન હોય તો ઉભી કરી, કર્મોના આવરણ હટાવી વ્યવહારિક સફળતા પણ ચોકસાઈથી અપાવે છે. માટે પોતાના આત્મકલ્યાણની કામનાવાળાએ હંમેશા ભાવમંગલનો જ આશરો લેવો.

**॥ पढमं हवइ मंगलं ॥**

આપણી ઈચ્છા છે કે ...."આપણો સિદ્ધિ પદમાં કાયમી વાસ થાય" આ ઈચ્છાને શીઘ્રપણે પૂરી કરવામાં સહાય કરે તેવું ઉત્કૃષ્ટ ભાવ મંગલ શ્રી નવકાર છે.

તેનો સતત જાપ આપણને મોક્ષની અતિ નજીક લાવીને મૂકી દેશે, તેમાં શંકા નથી.

એટલે કે...

શ્રી નમસ્કાર મહામંત્ર સર્વ મંગલોમાં શ્રેષ્ઠ છે.

શ્રી નવકારની નેહ નીતરતી અમીકલાનો સ્પર્શ સર્વ જીવને થાઓ ! અને તે દ્વારા સર્વ જીવનું સાચું કલ્યાણ થાઓ !!!

### -: નરક નિવારે નવકાર :-

**વિધિ પૂર્વકના નવલાખ નવકારનો જાપ નરક નિવારે એટલે..**

નવકારના જાપથી નરકમાં જવાના પરિણામો-રૌદ્રધ્યાન, તેમજ તિર્યંચગતિમાં જવાનું કારણ આર્તધ્યાન દૂર થઇ જાય, પુદ્ગલના તીવ્ર રાગથી આર્તધ્યાન - રૌદ્રધ્યાન આવે છે, પણ નવકાર ના જાપથી પુદ્ગલનો તીવ્રરાગ ઘટે. આથી આર્ત-રૌદ્રધ્યાન જાય. પરિણામે નરક-તીર્યંગતિનો બંધ ન પડે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨ શ્રી નમસ્કાર મહામંત્રમાં વર્ણ-સંપદાદિ વિજ્ઞાન

કોઈપણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો તેનું વિધિપૂર્વક આરાધન કરવું જરૂરી છે. ખેડૂત જો વિધિપૂર્વક વાવવા આદિની ક્રિયા કરે છે, તો જ ધાન્યરૂપી ફળ પ્રાપ્ત કરી શકે છે.

વળી વિધિપૂર્વક ક્રિયા કરવા માટે જેની આરાધના કરવી છે, તે વસ્તુના સ્વરૂપનું જ્ઞાન આવશ્યક છે.

સકળ જિનશાસનના સારભૂત શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનામાં જરૂરી ભાવોલ્લાસ માટે તથા શ્રી નવકાર મહામંત્ર બરાબર ભણાય - ગણાય તે માટે શ્રી નમસ્કાર મહામંત્ર નું સંક્ષિપ્ત સ્વરૂપ સમજી લેવાની જરૂર છે.

સૌ પ્રથમ આરાધક આત્માએ મંત્રનો અક્ષર દેહ બરાબર સમજી લેવો જોઈએ.

**શ્રી નવકાર મંત્રમાં પદો ૯ છે.**

**સંપદાઓ ૮ છે અને અક્ષરો ૬૮ છે.**

આ અડસઠ અક્ષરોમાં ગુરૂ એટલે જેના ઉચ્ચારમાં જીભ પર જોર પડે છે તે ગુરુ અક્ષર ૭ છે. અને લઘુ એટલે હળવા અક્ષરો ૬૧ છે.

## નવ પદોની ગણના :-

શ્રી નવકાર મંત્રના નવ પદોની ગણના આ રીતે થાય છે.

णमो अरिहंताणं એ પહેલું પદ

णमो सिद्धाणं એ બીજું પદ

णमो आयरियाणं એ ત્રીજું પદ

णमो उवज्झायाणं એ ચોથું પદ

णमो लोए सव्वसाहूणं એ પાંચમું પદ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एसो पंचणमुक्कारो એ છઠ્ઠું પદ

सव्वपावप्पणासणो એ સાતમું પદ

मंगलाणं च सव्वेसिं એ આઠમું પદ

पढमं हवइ मंगलं એ નવમું પદ

## સંપદા ૮ :-

### સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન

શાસ્ત્રમાં તેની વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે. **साङ्गत्येन पद्यते-परिच्छिद्यते अर्थो याभिरिति सम्पदः** જેનાથી સંગત રીતે અર્થ જુદો પડાય તે સંપદા.

આવી સંપદા નવકારમાં આઠ છે. પ્રથમ સાત પદની સાત, અને આઠમા-નવમા પદની એક, એમ કુલ આઠ સંપદા છે.

## ગુરૂ-લઘુ-અક્ષરો :-

અક્ષરોની ગણનામાં સંયુક્ત અક્ષરનેં એક જ ગણવાનો છે દોઢ નહિ., તેમ જેને બોલતાં જીભ પર જોર આવે તેવા ગુરૂ અક્ષરો સાત છે, બાકી ૬૧ લઘુ અક્ષરો છે, આ રીતે નવકારમંત્રના અક્ષરો ૬૮ થાય છે.

પ્રથમ પદ 'णमो अरिहंताणं' માં અક્ષરો સાત છે અને તે સાતેય લઘુ છે.

બીજા પદ 'णमो सिद्धाणं' માં અક્ષરો પાંચ છે અને તેમાં ચાર લઘુ છે અને એક ગુરૂ છે. सिद्धाणं માં द्धा અક્ષર ગુરૂ છે.

ત્રીજા પદ 'णमो आयरियाणं' માં અક્ષરો સાત છે અને તે સાતેય લઘુ છે.

ચોથા પદ 'णमो उवज्झायाणं' માં અક્ષરો સાત છે અને તેમાં છ લઘુ છે અને એક ગુરૂ છે. उवज्झायाणं માં ज्झा અક્ષર ગુરૂ છે.

પાંચમા પદ 'णमो लोए सव्वसाहूणं' માં અક્ષરો નવ છે અને આઠ લઘુ છે અને તેમાં એક ગુરૂ છે. साव्वसाहूणं' માં व्व અક્ષર ગુરૂ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે પાંચ પદમાં ૩૫ અક્ષરો છે. તેમાં ૩૨ લઘુ અને ૩ ગુરૂ છે.

છઠ્ઠા પદ 'एसो पंचणमुक्कारो' માં અક્ષરો આઠ છે અને તેમાં સાત લઘુ છે અને એક ગુરૂ છે. पंचणमुक्कारो માં क्का અક્ષર ગુરૂ છે.

સાતમા પદ 'सव्वपावप्पणासणो' માં અક્ષરો આઠ છે અને તેમાં છ લઘુ અને બે ગુરૂ છે. આ પદ માં व्व અને प्प એ અક્ષરો ગુરૂ છે.

આઠમા પદ 'मंगलाणं च सव्वेसिं' માં અક્ષરો આઠ છે અને તેમાં સાત લઘુ છે અને એક ગુરૂ છે. सव्वेसिं નો व्वे અક્ષર ગુરૂ છે.

નવમા પદ 'पढमं हवइ मंगलं' માં અક્ષરો નવ છે અને તેમાં નવે અક્ષરો લઘુ છે.

આ રીતે નવકાર મંત્રના છેલ્લા ચાર પદો જે ચૂલિકા કહેવાય છે, તેમા કુલ ૩૩ અક્ષરો છે તેમાંના ચાર ગુરૂ અને ૨૯ લઘુ છે.

શ્રી મહાનિશીથ સૂત્રમાં શ્રી નવકાર - મહામંત્રને પાંચ અધ્યયન અને એક ચૂલિકાવાળો મહાશ્રુતસ્કંધ કહ્યો છે.

એટલે શરૂના પાંચ પદ સ્વતંત્ર એકેક અધ્યયન રૂપ છે.

છેલ્લા ચાર પદ ચૂલિકા રૂપ છે, અને તે શ્લોક છંદમાં છે.

શરૂના પાંચ પદના ૩૫ અક્ષર થાય છે. ચૂલિકાના ચાર પદના ૩૩ અક્ષર છે.

શ્રી નમસ્કાર મહામંત્રના વિશિષ્ઠ મહિમાને જણાવતાં પૂ. શ્રી રત્નમંડનગણી મહારાજે શ્રી ઉપદેશ તરંગિણી ગ્રંથમાં એક જગ્યાએ કહ્યું છે કે...

**"पञ्चादौ यत्पदानि त्रिभूवनपतिभि - र्व्याहृता पञ्चतीर्थी,**
**तीर्थान्येवाष्टषष्ठिः जिनसमयरह-स्यानि चस्याक्षराणी ।**
**यस्याडष्टौ सम्पदश्चानुपमतममहा - सिद्धयोद्धेतशक्ति-**
**र्जीयाल्लोकद्वयस्या भिलषितफलदः श्री नमस्कारमन्त्रः ॥**

આ લોક અને પરલોક એમ બંને લોકમાં ઇચ્છિત ફળને આપનાર, અદ્વિતીય શકિત સ્વરૂપ શ્રી નમસ્કારમંત્ર જયવંત વર્તો કે જેનાં પાંચ પદોને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર દેવોએ પાંચ તીર્થ તરીકે કહ્યા છે. એટલે કે...
अरिहंताणं नो अ=अष्टापद तीर्थने सूचवे छे.
सिद्धाणं नो सि=सिद्धाचल મહાતીર્થને સૂચવે છે.
आयरियाणं नो आ=आबू तीर्थने सूचवे छे.
उवज्झायाणं नो उ=उज्जयंत=गिरनार तीर्थने सूचवे छे.
सव्वसाहूणं नो स=समेतशिखर तीर्थने सूचवे छे.

શ્રી જિનાગમના રહસ્યભૂત એવા જેના અડસઠ અક્ષરોને લૌકિક અને લોકોત્તર અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે અને જેની આઠ સંપદાઓ અનુપમ શ્રેષ્ઠ આઠ મહાસિદ્ધિઓ તરીકે વર્ણવી છે.

## પંચસૂત્રનો પ્રભાવ

ચતુ:શરણં - દુષ્કૃતગર્હા - સુકૃત અનુમોદન
આ ત્રણે તત્વો જીવન શુધ્ધિ માટે જરૂરી છે કેમ કે.....

ચતુ:શરણથી... મોહનીય સ્વચ્છંદવૃત્તિ ઉપર વિજય મેળવાય છે અને આજ્ઞા-નિશ્રાવર્તિત્વ ઘડાય છે.

દુષ્કૃતગર્હાથી આપણી વૃત્તિ-પ્રવૃત્તિઓની સ્વચ્છંદતાનું દુષ્પરિણામ સમજાય છે અને પરમેષ્ઠિઓની આજ્ઞા અનુસાર શક્તિઓને પ્રવર્તવાનું મહત્વ કેળવાય છે. સુકૃત અનુમોદનથી પરમેષ્ઠિઓની આજ્ઞા અનુસાર જીવન બનાવવાથી આત્મશક્તિઓનો કેવો સુંદર હિતકારી વિકાસ થાય છે, તે સમજાય છે. આથી તે માર્ગે પ્રવૃત્તિ કરવા પુરુષાર્થ જાગે છે.

આ ત્રણે તત્વો શ્રી નવકારના આરાધકને જરૂરી છે.
પ્રથમ પંચસૂત્રમાં આનો વિષદ અધિકાર છે. પંચસૂત્રનો એક એક અક્ષર મંત્રાક્ષર તુલ્ય છે.. નવકારના આરાધકે અર્થ વિના પણ ભાવપૂર્વક નિત્યસ્મરણ કરવાથી આત્માના મોહપડલોને ચીરી નાખે છે.

– પૂ. પન્યાસ ગુરુદેવશ્રી અભયસાગરજી મ. ની નોંધપોથીમાંથી...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩ પંચ પરમેષ્ઠીઓ ની આરાધનાથી અપૂર્વ- આધ્યાત્મિક લાભો

અનંતશક્તિનિધાન વિશુદ્ધ-આત્મસ્વરૂપની ઉચ્ચ કક્ષાએ બિરાજતા પંચ પમેષ્ઠીઓનું શ્રદ્ધાપૂર્વક સ્મરણચિંતન નમસ્કાર આદિ કરવાથી અપૂર્વ રીતે વિશિષ્ટ આધ્યાત્મિક લાભો પ્રાપ્ત થાય છે.

આ સમજવા માટે નીચેનું કોષ્ટ સમજવા જેવું છે.

| પરમેષ્ઠી | વિષયનિગ્રહ | દોષવિજય | વિશિષ્ટ ગુણપ્રાપ્તિ |
|---|---|---|---|
| અરિહંત | શબ્દ | મિથ્યાત્વ | જ્ઞાનાચાર |
| સિદ્ધ | રૂપ | લોભ | દર્શનાચાર |
| આચાર્ય | ગંધ | માયા | ચારિત્રાચાર |
| ઉપાધ્યાય | રસ | માન | તપાચાર |
| સાધુ | સ્પર્શ | ક્રોધ | વીર્યાચાર |

(૧) જીવનમાં કર્મની પરંપરાને વધારનાર **મિથ્યાત્વ અને વિષય-કષાયનો નિગ્રહ** આધ્યાત્મિક દ્રષ્ટિએ જરૂરી છે.

(૨) તેમજ આત્મશુદ્ધિ માટે કર્મ નિર્જરાનું બળ વધારવા **પંચાચારનું વિશુદ્ધ પાલન** જરૂરી છે.

પાંચ પરમેષ્ઠીઓ આ બંને બાબતોને સક્રિય રીતે આરાધક પુણ્યાત્માઓને પુરી પાડે છે.

તે આ રીતે-

**(૧) અરિહંતો** = તીર્થંકરો ત્રીજા ભવથી " **સવિ જીવ કરૂ શાસનરસી** " ની ઉદાત્ત સર્વહિતકર ભાવનાની સક્રિયતા પૂર્વક વિશિષ્ઠ રીતે જ્ઞાન ક્રિયાના આ સેવનથી સર્વલોકના જીવોને એકાંત હિતકારી જિનશાનની સ્થાપના દ્વારા, દ્વાદશાંગી- શ્રુતજ્ઞાનની રચના દ્વારા, આધ્યાત્મિક વિકાસ સાધવા માટે આગમોના વારસારૂપ **શબ્દ** દ્વારા પાંચે ઈન્દ્રિયોમાં સૌથી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધુ પુણ્યના ઉદયે મળનારી ત્રણ કાળના પદાર્થોનું ભાન કરનાર **શ્રોત્રેન્દ્રિય**ના વિષયરૂપ **શબ્દ** નામના વિષય પર નિગ્રહ મેળવાય છે.

યોગ્ય જ્ઞાની ગુરૂ નિશ્રાએ વીતરાગ પમાત્માની વાણીના સ્વાધ્યાય ચિંતન આદિથી પ્રબળતમ **મિથ્યાત્વનો** પણ નિગ્રહ સુશકય સરળ બને છે.

વધુમાં ભણતર રૂપ જ્ઞાનને મોહના ક્ષયોપશમની મર્યાદા દ્વારા સમ્યક્ જ્ઞાન બનાવનાર જ્ઞાનાચારની પ્રાપ્તિ **અરિહંત** પ્રભુની આજ્ઞાને અમલમાં મૂકવાથી વધુ સહેલાઈથી થાય છે.

આ રીતે અરિહંત પરમાત્માની ઉપાસનાથી **શ્રોત્રેન્દ્રિય**ના વિષયરૂપ **શબ્દ** તથા **મિથ્યાત્વરૂપ** મહાદુર્ગુણ ઉપર વિજય મેળવી **જ્ઞાનાચારની** સફળ પ્રાપ્તિથાય છે.

**(૨) સિદ્ધો** :- સઘળા કર્મથી મુક્ત બનીને વિશુદ્ધ આત્મસ્વરૂપની નિર્મળ સ્થિતિમાં સાદિ-અનંતકાળ સુધી રહેનારા પરમાત્માના નામસ્મરણ-ચિંતન-જાપ આદિથી આત્માના વિશુદ્ધ સ્વરૂપનું અદ્ભૂત સંવેદન **ચક્ષુરિન્દ્રિય** દ્વારા વિવિધ સુંદર પૌદ્ગલિક-મોહકરૂપને જોવાની વાસનાને કાબૂમાં લઈ શકે છે.

નદીમાં વરસાદથી આવતા પુરની ભયંકર વિનાશકતાને નહેર દ્વારા વળાંક આપી ખેતર વગેરેમાં પોષકતારૂપે પણ ફેરવી શકાયછે; તેમ અનાદિકાલીન -વાસનાની વિષમતાને પરમેષ્ઠીઓની ભક્તિ, સ્વરૂપ- ચિંતન આદિથી પલટાવી શકાય છે.

આ વાતને કેન્દ્રમાં રાખી સિદ્ધ ભગવંતોના શાશ્વત, અનંત, ચિદાનંદમય, મૌલિક સ્વરૂપનું યોગ્ય રીતે વિચાર-ચિંતન-ધ્યાન આદિરૂપે અંતરંગ દર્શન કરવાની પ્રબળતાથી **ચક્ષુરિન્દ્રિય**ના રૂપ વિષયની પ્રબળતાને પલટાવી શકાય છે.

વળી **સિદ્ધ** ભગવંતના સ્વરૂપની માર્મિક વિચારણાથી નિત્ય, શાશ્વત,અક્ષય,અનંત ગુણોના આપણી પાસે રહેલ ખજાનાનું (જે કર્મના આવરણ થી ઢંકાયેલ છે.) સ્પષ્ટ ભાન થવાથી સંસારના અનિત્ય ક્ષણભંગુર, પરિમિત,વિનાશી, પૌદ્ગલિક તુચ્છ પદાર્થોનો લોભ નાશ પામી જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેમજ **सिध्द** ભગવંતના ધ્યાનથી આત્માના મૌલિક સહજ શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થવાથી સુદૃઢ વિશ્વાસ કેળવાઈ જાય છે, કે- પુદ્ગલ સાથે મારો સંબંધ હિતાવહ નથી, પણ આત્મિક ગુણોને ઢાંકનાર મોહના સંસ્કારોને હટાવનાર પ્રવૃતિઓ શ્રેષ્ઠ છે.

પરિણામે મોહ ઘટાડનારી પ્રવૃતિઓના લક્ષ્યની ચોકસાઈરૂપ દર્શનાચારની પ્રાપ્તિ સહેલાઈથી થાય છે.

આ રીતે **सिध्द** ભગવંતોની આરાધનાથી ચક્ષુઈન્દ્રિયના વિષય **रुप** અને **लोभ** કષાય પર નિગ્રહ મેળવાય છે અને દર્શનાચારનું બળ મેળવાય છે.

**(૩) आचार्यो** :- પંચાચારની મર્યાદાનું આજ્ઞાશુદ્ધ પાલન કરવા-કરાવવા પુનિત જવાબદારી ઉઠાવનારા ત્રિલોકનાથ તિર્થંકર પરમાત્માની ગેર હાજરીમાં શાસનનું સંચાલન કરવાની પવિત્ર ફરજને અદા કરનારા મહાપુરૂષોના નામસ્મરણ, ગુણ-ચિંતન અને સ્વરૂપ-ધ્યાન આદિથી આરાધક-પુણ્યાત્માઓને આચાર-શુદ્ધિનું પ્રબલ તત્વ જીવનમાં વિકસે છે.

ફુલમાં કે કસ્તુરીમાં રહેલ સુગંધીની જેમ મહાપુરૂષોના જીવનમાં ઉચ્ચ કોટિના આત્મશુદ્ધિકારક તત્વોની સક્રિય પ્રક્રિયાના બળે સદાચાર ચારિત્ર-શુદ્ધિની મહેંક એવી હોય છે, કે જેની અસર તેમના સંસર્ગમાં આવનાર આરાધક પુણ્યશાળી આત્માઓના જીવન મોહના સંસ્કારોથી રાગ-દ્વેષાદિ દુર્ગંધમય હોય તો પણ નેપાલની અસલી કસ્તુરીની સુવાસથી લસણની કળી પણ કસ્તુરી રૂપે પરિણમે છે.

તેમ આજ્ઞાશુદ્ધ પંચાચારની વિશિષ્ટ મર્યાદાઓના અણિશુદ્ધ પાલનથી, ઉપજેલ આચાર-સુગંધની તીવ્રતાવાળા આચાર્ય ભગવંતોની ઉપાસનાથી, આરાધકભાવસંપન્ન પુણ્યાત્માઓ વિવેક પૂર્વક, સાંસારિક વાસનાની દુર્ગંધને હટાવી, સુંદર રીતે પંચાચારને સુગંધમય બનાવી પોતાનું જીવન ધન્ય બનાવી આનદિકાળની ઘ્રાણેન્દ્રિયના વિષયરૂપ ગંધવાસના પર સફળ વિજય મેળવી શકે છે.

વળી **आचार्य** ભગવંતોની આચાર - શુદ્ધિના તત્વને યથા સ્થિતણપણે વિચારનાર પુણ્યવાન્ મન-વચન-કાયાની વિસંવાદી પ્રવૃતિઓને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનર્થકારી સમજી **માયા** કષાય પર નિગ્રહ મેળવવાનું સામર્થ્ય મેળવે છે.

**આચાર્ય** ભગવંતનું આ રીતે આરાધન કરવાથી આચારશુદ્ધિના ફળ તરીકે **ચારિત્રાચાર** જીવનમાં સ્વતઃ મૂર્ત થતો જાય છે.

(૪) **उपाध्याय** :- સર્વજીવ હિતકર પ્રભુએ ભાખેલી દ્વાદશાંગી મૂલ સૂત્ર-પાઠને ભણાવવાની પવિત્ર ફરજ અદા કરવા રૂપે પ્રાણીમાત્ર અજ્ઞાનાદિ ના અંધકારમાંથી ઉદ્ધારનાર મહાપુરૂષોની સેવા-ઉપાસના આદિથી પાંચે ઇંન્દ્રિયોમાં સૌથી પ્રબળ-દુર્જેય ગણાતી **रसेनेन्द्रिय** ના વિષયરૂપ **रस** ને જીતવાનું અપૂર્વ બળ મળે છે.

કેમકે મોહના કાતિલ ઝેરને ઉતારનાર ગણધર ગુંફિત પુનિત દ્વાદશાંગીના અક્ષરો-પદો-વાક્યો અને આગમોના સંહિતાદિ શુદ્ધિ પૂર્વક ઉચ્ચાર કરવાની આદર્શ શૈલી પૂ. ઉપાધ્યાય ભગવંત દ્વારા મેળવી તે વાણીનોરસએવો અદ્‌ભૂત જીવનમાં અનુભવે છે. કે, જેની સામે ષડ્‌રસના દેવતાઈ ભોજન પણ તુચ્છ લાગે. દુર્બલિકા પુષ્યમિત્રના પ્રત્યક્ષ દાખલાથી સ્વાધ્યાયના રસની સર્વોત્કૃષ્ટતા જ્ઞાની-ગુરૂ પાસેથી સમજનાર વિવેકી પુણ્યાત્મા અત્યંત દુર્જેય પણ **रस लोलुपत्ता** પર સફળ કાબુ મેળવી શકે છે.

વળી દ્વાદશાંગી શ્રુતજ્ઞાનના પઠન-પાઠનાદિમાં જળવાતી જ્ઞાનાચારની મર્યાદાઓના સફળ પાલનથી ઉપજતા, વિનય, વિવેક, નમ્રતા, નિખાલસતા આદિ સદ્‌ગુણોના બળે ચાર કષાયોમાં દુર્જેય ગણાતા અને માનવભવમાં જેની અધિકતા જગપ્રસિદ્ધ છે, તે **मान** કષાયને પણ સહેલાઈથી આરાધક પુણ્યાત્મા જીતી શકે છે.

આવા અદ્‌ભુત મહિમાશાલી **ઉપાધ્યાયો**ની આરાધનાથી કર્મનિર્જરા માટેનું લક્ષ્ય શ્રુતજ્ઞાનના સ્વાધ્યાય આદિથી કેળવાયાથી વાસનાના નિગ્રહ રૂપ-ભાવસંવર રૂપ **तपाचार** નું બળ આપમેળે પ્રગટે છે.

આ રીતે उपाध्याय ભગવંતની ઉપાસનાથી દુર્જેય रस लोलुपता અને **मानकषाय** પર સફળ નિગ્રહ તથા **तपाचार** નું સફળ પાલન સહેલાઈ પૂર્વક થાય છે.

(૫) **साधु** :- વીતરાગ-પ્રભુના શાસનની મર્યાદાપૂર્વક આત્મશુદ્ધિના લક્ષ્યને સાકાર બાનાવવા માટે જીવનમાં સંયમની પ્રતિજ્ઞા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરી વિશુદ્ધ રીતે ચારિત્રનું પાલન કરનારા મહાપુરૂષોના સ્મરણ ચિંતન, ગુણાનુરાગભર્યા સહવાસાદિથી વિશિષ્ટ રીતે આંતરિક આત્મગુણોની સાહજિક સંવેદનાત્મક ભાવસ્પર્શની એવી માત્રા વધે છે, જેથી **સ્પર્શનેન્દ્રિયના** વિષયરૂપ **સ્પર્શવૃત્તિ** સુકુળતાની પ્રબળતા ઘટવા પામે છે.

આવા પુણ્યવાન સંયમી-વિવેકી મહાત્માઓ વાસનાઓના નિગ્રહ માટે આજ્ઞાશુદ્ધ જીવન પાળવા માટે રોમરોમ તત્પરતા સાથે સંયમની સાધનાના પવિત્ર પરમાણુઓથી સભર પુનિત શરીરવાળા હોવાથી તેઓના શરીર-સ્પર્શથીપણ આપણી અંદર અંતરંગ ચેતનાની વિદ્યુત્-શકિતનો અદ્‌ભુત સંચાર થવા પામે છે.

આ રીતે **સાધુ** ભગવંતોને આરાધનાથી કષાયોમાં વ્યાવહારિક રીતે સર્વ સાધારણ દષ્ટિએ ઉગ્ર-ભંયકર મનાતો કષાય પણ કાબુમાં આવી જાય છે.

કેમકે આવા મહામુનિઓ **ક્ષમાશ્રમણ** પદથી સંબોધાયા છે. **ક્ષમાશ્રમણ** નો અર્થ **ક્ષમાપ્રધાન શ્રમણ** થાય છે. એટલે મહામુનિઓના જીવનમાં **ક્ષમાગુણ** વણાયેલ હોઈ તેઓની ઉપાસનામાંથી વિશિષ્ટ પ્રેરણા મળે છે. જેથી અંતરંગ ક્ષુદ્રતાના બળે ઉપજતા **ક્રોધ** કષાયનું શમન થાય છે.

આ પ્રમાણે વીતરાગ પ્રભુની આજ્ઞાની પ્રધાનતાએ સંયમી જીવન જીવવા એકનિષ્ઠ બનેલ **મુનિ ભગવંતો** હકીકતમાં પુણ્યશાળી આરાધકોને આત્માની સહજ શુધ્ધ અવસ્થા મેળવવા આજ્ઞા શુધ્ધ જીવન જીવવા વધુ પ્રેરણા આપી **વીર્યાચાર** નું બળ કેળવનારા બને છે.

આ રીતે સાધુ ભગવંતો **સ્પર્શ** વિષય અને **ક્રોધ** કષાયના નિગ્રહનું તથા ને **વીર્યાચાર** પ્રાપ્ત કરવાનુ અપૂર્વ બળ સમર્પે છે.

## મલ્યો શ્રી નવકાર છતાં ભવભ્રમણ

શ્રી નવકાર આવે છે આપણને જીતાડવા માટે... અપરાજીત બનાવવા માટે પરંતુ વિચાર-વાણી-વર્તનમાં આપણે વામણા બની ગયા હોવાથી શ્રી નવકારની આજ્ઞાને આપણે બરાબર ઝીલી શકતા નથી એટલે જ ભવની ઠોકરો ખાઈએ છીએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દવાથી જેમ રોગ શમે, ખોરાકથી ભૂખ શમે, તે રીતે શ્રી નવકારના જાપથી આંતરિક બાહ્ય અશાંતિ દૂર થાય જ !

આપણો અનુભવ આ બાબત સાક્ષી નથી ભરતો, એનું કારણ આપણી અજ્ઞાનદશા છે.

જન્મ-મરણના ચક્રાવામાં ફસાવનાર કર્મ રૂપી મહારોગને આપણે ઓળખી શકયા નથી.

તેથી સાચા ઉપાયો અમલમાં આવી શકતા નથી.

એટલે જીવનમાં પંચ પરમેષ્ઠીઓની સાચી ઓળખાણ કરી તેઓને શરણે વૃતિઓને રાખી પ્રવૃતિઓને શાંતિની દિશામાં વાળવા માટે -

**નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું જરૂરી છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ - ૨

## શ્રી નવકારની નવલી વાતો

આરાધક આત્માએ શ્રી નવકારનું સ્વરૂપ જાણ્યું હશે તો જાપ-આરાધનામાં ભાવોલ્લાસ પેદા થશે અને બીન-શરતી સમર્પણભાવ કેળવાશે. આથી... નિષ્પ્રાણ ચાલી રહેલી આરાધના ચેતનવંતી બને છે.

આથીજ... આ વિભાગમાં શ્રી નવકારના સ્વરૂપને જણાવનાર લેખોનો સંગ્રહ છે. આમાંની એકાદ પંક્તિ-પોઇન્ટ તમારા હૃદયમાં સ્થાન જમાવી દેશે તો... શ્રી નવકારને હૈયામાં પધારવવામાં વિલંબ નહીં લાગે...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૫ શ્રી નવકાર મંત્ર મંત્રાધિરાજ કેમ ?

- શ્રી નમસ્કાર મંત્રની અનાદિસિદ્ધ, સનાતન, સાહજિક એવી વિશિષ્ઠ રચના છે કે – જેથી વ્યવસ્થિત જાપના બળે સાધકનું ચિત્ત જાપમાંથી ધ્યાનમાં, ધ્યાનમાંથી લયમાં, લયમાંથી સમાધિમાં અને સમાધિમાંથી પ્રજ્ઞા(ઉત્કૃષ્ઠ ક્ષયોપશમ - પ્રતિભાજ્ઞાન) માં ઝડપી ગતિએ પહોંચી જાય છે.

- મહામંત્રની સહજ સિદ્ધ રચનામાં અદ્વિતીય વિશિષ્ઠ બલ છે કે જે દ્વારા ધ્યાન પ્રવાહનું ઉર્ધ્વીકરણ અનાયાસે થઈ જાય છે.

- આ મહામંત્રના વર્ણોની સંયોજના જ કોઈ અદ્‌ભૂત ગણિત-વિજ્ઞાનના નિગુઢ સિધ્ધાંતમય જણાય છે; કેમકે.... અલ્પ પ્રયત્ને સાધકની વૃત્તિઓમાં ઉર્ધ્વમુખીપણું આવી જાય છે.

  જેટલી વિશિષ્ઠ પરિણામશુદ્ધિ સાધકે જાપ દ્વારા મેળવી હોય તેટલી મંત્ર સિદ્ધિ શીઘ્ર થતી હોય છે.

- અન્ય મંત્રોના જાપથી થતી પરિણામશુદ્ધિની અપેક્ષાએ શ્રી નવકારનો જાપ પરિણામવિશુદ્ધિ અલ્પ પ્રયત્ને મેળવી આપે છે.

આ કારણે **શ્રી નવકાર મંત્ર** મંત્રધિરાજ ગણાય છે.

## પરમાત્મા નથી તો... ?

પરમાત્મા તો મોક્ષમાં બીરાજી ગયા પણ...
પરમાત્માની આજ્ઞા-જપ-ભક્તિ
અનાદિ સંસ્કારના સકંજામાંથી છોડાવનાર છે.
આ ભાવ હૈયામાં રાખો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૬ વિવિધ દષ્ટિકોણથી શ્રી નમસ્કાર મહામંત્ર

૧. મંત્રશાસ્ત્રની દ્રષ્ટિએ નમસ્કાર મહામંત્ર સર્વ પાપરૂપી વિષનો નાશ કરનાર છે.

૨. યોગશાસ્ત્રની દ્રષ્ટિએ નમસ્કાર મહામંત્રમાં પદસ્થ ધ્યાન માટે પરમ પવિત્ર પદોનું આલંબન છે.

૩. આગમ સાહિત્યની દ્રષ્ટિએ નમસ્કાર મહામંત્ર સર્વશ્રુતમાં અભ્યંતર રહેલો છે, તથા ચૂલિકા સહિત તે મહાશ્રુતસ્કંધની ઉપમાને પ્રાપ્ત થયેલો છે.

૪. કર્મસાહિત્યની દ્રષ્ટિએ એક-એક અક્ષરની પ્રાપ્તિ માટે અનન્તાનન્ત કર્મસ્પર્ધકોનો વિનાશ અપેક્ષિત છે. તથા એક એક અક્ષરના ઉચ્ચારણથી પણ અનંત અનંત કર્મરસાણુઓનો વિગમ થાય છે.

૫. ઐહિક-આલોક દ્રષ્ટિએ આ જન્મની અંદર પ્રશસ્ત અર્થ, કામ અને આરોગ્યની પ્રાપ્તિ તથા તેના યોગે ચિત્તની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

૬. પરલોકની દ્રષ્ટિએ મુક્તિ તથા મુક્તિ ન મળે ત્યાં સુધી ઉત્તમ મનુષ્ય-કુળની પ્રાપ્તિ કરાવે છે, તેના પરિણામે જીવને થોડા જ કાળમાં બોધિ, સમાધિ અને સિદ્ધિ મળે છે.

૭. દ્રવ્યાનુયોગની દ્રષ્ટિએ પહેલાં બે પદો પોતાના આત્માનું જ શુદ્ધ સ્વરૂપ છે. અને પછીના ત્રણ પદો શુદ્ધ સ્વરૂપની સાધક અવસ્થાના શુદ્ધ પ્રતીક રૂપ છે.

૮. ચરણકરણાનુયોગની દ્રષ્ટિએ સાધુ અને શ્રાવકની સામાચારીના પાલનમાં મંગલ માટે અને વિઘ્નનિવારણ માટે તેનું ઉચ્ચારણ વારંવાર આવશ્યક છે.

૯. ગણિતાનુયોગની દ્રષ્ટિએ નવકારના પદોની નવની સંખ્યા ગણિતશાસ્ત્રના નિયમ પ્રમાણે બીજી સંખ્યાઓ કરતાં અખંડતા અને અભંગતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે તથા નવની સંખ્યા નિત્ય અભિનવ ભાવોનો ઉત્પાદક થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

- નવકારની આઠ સંપદાઓ અનંત સંપદાઓને અપાવનાર થાય છે તથા અણિમાદિ આઠ સિદ્ધિઓને સાધી આપે છે.
- નવકારના અડસઠ અક્ષરો અડસઠ તીર્થો સ્વરૂપ બનીને તેનું ધ્યાન કરનારના તારક બને છે.
- અનાનુપૂર્વિથી થતું શ્રી નવકારના પદોનું પરાવર્તન ચિત્તસ્થિરતાનું અમોઘ કારણ બને છે.

૧૦. ધર્મકથાનુયોગની દ્રષ્ટિએ અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિઓનાં જીવનચિત્રો અદ્ભુત કથાસ્વરૂપ છે. નમસ્કારનું આરાધન કરનાર જીવોની કથાઓ પણ આશ્ચર્યકારક ઉન્નતિને દર્શાવનારી છે. તથા એ સર્વ કથાઓ સાત્વિકાદિ રસોનું પોષણ કરનારી છે.

૧૧. ચતુર્વિધ સંઘની દ્રષ્ટિએ નવકાર મંત્ર સૌને એક સાંકળે સાંધનારો તથા બધાઓને સમાન દરજ્જે પહોંચાડનારો છે.

૧૨. ચરાચર વિશ્વની દ્રષ્ટિએ નવકારના આરાધકો સર્વ જીવોને અભય આપનારા નીવડે છે, સદાય સકળ વિશ્વની એક સરખી સુખ શાન્તિ ચાહે છે. અને તે માટે શક્ય તેટલા બધા જ પ્રયત્નો કોઈપણ જાતના બદલાની આશા કે ઈચ્છા વિના નિરંતર કર્યા કરે છે.

૧૩. વ્યક્તિગત ઉન્નતિની દ્રષ્ટિએ કોઈપણ જાતની બાહ્ય સાધન સામગ્રીના અભાવે પણ સાધક કેવળ માનસિક બળથી સર્વોચ્ચ ઉન્નતિની ટોચે પહોંચી શકે છે.

૧૪. સમષ્ટિગત ઉન્નતિની દ્રષ્ટિએ પરસ્પરને સમાન આદર્શના પૂજક બનાવી સત્શ્રદ્ધા, સદ્-જ્ઞાન, તથા સચ્ચારિત્રના સત્પંથે ટકી રહેવાનું ઉત્તમ બળ સમર્પે છે.

૧૫. અનિષ્ટ નિવારણની દ્રષ્ટિએ નવકારનું સ્મરણ અશુભ કર્મના વિપાકોદયને રોકી દે છે. અને શુભકર્મના વિપાકોદયને અનુકુળ બને છે. તેથી નવકારના પ્રભાવે બધાં અનિષ્ટો ઈષ્ટરૂપે બદલાઈ જાય છે, જેમ કે અટવી મહેલ સમાન, સર્પ ફૂલની માળા સમાન, વગેરે બને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬. ઈષ્ટ-સિદ્ધિની દ્રષ્ટિએ નવકાર શારીરિક બળ, માનસિક વિકાસ, આર્થિક વૈભવ, રાજકીય સત્તા, ઐહિક સંપત્તિ તથા બીજા પણ અનેક પ્રકારના ઐશ્વર્ય પ્રભાવ અને ઉન્નતિને આપનાર થાય છે.

ટૂંકમાં શ્રી નવકાર ચિત્તની મલિનતા અને દોષોને દૂર કરીને નિર્મળતા અને ઉજ્જવળતાને પ્રગટાવી આપે છે.

**સર્વ ઉન્નતિનું બીજ ચિત્તની નિર્મળતા છે.**

**એ નિર્મળતા નવકારથી સહજ રીતે સિદ્ધ થાય છે.**

## શ્રી નમસ્કાર-મહામંત્રની ઉત્તમતા

"**પરમેષ્ઠી નમસ્કાર**"એ ગુણાનુરાગનું પ્રતીક છે. એનાથી ગુણાનુરાગ ન હોય તો જાગે છે, અને હોય તો વધે છે.

વળી અતંરાત્મ-ભાવને લાવનાર, તેને ટકાવનાર, વધારનાર અને છેવટે પરમાત્મ-ભાવ સુધી પહોંચાડનાર "**પરમેષ્ઠી નમસ્કાર**" છે.

માર્ગાનુસારીની ભૂમિકાથી માંડી સમ્યગ્ દૃષ્ટિ-દેશવિરતિધર અને સર્વવિરતિધર સર્વ જીવોનું "**પરમેષ્ઠી-નમસ્કાર**" એ પરમ-આવશ્યક કર્તવ્ય થઈ પડે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❀ શ્રી નવકાર મંત્ર ગણનાર માનવીનું પાપ જાય છે.

❀ શ્રી નવકાર મંત્ર સાંભળનાર માનવીનું પાપ જાય છે.

❀ શ્રી નવકાર મંત્ર સંભળાવનાર માનવીનું પણ પાપ જાય છે. અરે ! જ્યાં જ્યાં એના શ્વાસોશ્વાસ અડે, તેના પણ પાપ ધોવાઈ જાય છે.

❀ સર્વકાળના પાપનો નાશ કરાવની શક્તિ નવકારમાં છે.

❀ સર્વ પ્રકારના પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.

❀ સર્વ લોકના પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.

❀ સર્વ રીતે પાપનો નાશ કરવાની શક્તિ નવકારમાં છે.

❀ નવકારમંત્ર એટલે તાવી-તાવીને ચોખ્ખું કરેલું શુદ્ધ ઘી, નવકારમંત્રની આરાધનાના વાતાવરણથી; વિરાધનાની દુર્ગંધ દૂર થાય છે અને આરાધનાની સુવાસ ફેલાય છે.

❀ નવકારમંત્રના મહિમાથી વિઘ્નો ટળે, આત્મામાં નિર્મળતા પ્રગટે, વંછિત ફળે અને અગ્નિ પણ જળરૂપ બને, એવા આ મંત્રનો મહિમા અપરંપાર છે.

❀ ત્રણે કાળમાં નવકારમંત્ર શાશ્વત છે. સનાતન છે. દુનિયામાં બધા શબ્દો ફરે પણ નવકારમંત્રના શબ્દો ત્રણે કાળમાં ફરે નહી.

તેમજ તેના શબ્દો ફેરવીને બોલી શકાય નહી જ્ઞાનીઓએ મર્યાદાપૂર્વક જે શબ્દોની સંકલના કરી છે. એ રીતે બોલવું ઉચિત છે. નહિ કે આપણી મરજી પ્રમાણે.

સૂતાં, બેસતાં, ચાલતાં અર્થાત્ કોઈપણ કાર્યમાં હૃદયમાં નવકારમંત્રનું સ્મરણ કરવું એ આત્માને લાભદાયક છે.

❀ નવકારમંત્ર એ સિદ્ધ મંત્ર છે. મંત્રના અક્ષરો છૂટા પાડી નાખીએ તો મંત્રની શક્તિ ચાલી જાય છે.

તેમ નવકારમંત્રના મંગલમય અક્ષરો કે શબ્દો ફેરવાય જ નહિ, અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફેરવીએ તો વાસ્તવિક સિદ્ધિ મલે નહિ અને દોષના ભાગીદાર બનીએ.

❀ સ્વાધ્યાય કરવો હોય, સૂત્રની વાચના લેવી હોય તો કાળ જોવો પડે, કારણ એ સૂત્રોની પઠનાદિ ક્રિયા કાળે જ થાય, પણ ચૌદ પૂર્વના સારરૂપ નવકારમંત્રને માટે કાળ જોવો પડે નહિ, આ મંત્ર નો ગમે ત્યાં ગમે ત્યારે ગણી શકાય.

❀ આત્માની પવિત્રતાનું લક્ષ્ય હોય તે નવકારમંત્ર ગણવાનો અધિકારી છે, આવી રીતે મંત્ર ગણનારો આત્મા સુપાત્ર કહેવાય.

❀ નવકારમંત્રની ભક્તિ એટલે જૈન શાસનની ભક્તિ.

અનાદિ અનંતકાળથી આત્મામાં રહેલ મોહના ઝેરને ઉતારનાર જો કોઈ હોય તો તે નવકારમંત્રનું સ્મરણ અને એની શુદ્ધ નિષ્ઠા છે.

❀ જેના હૈયામાં પવિત્રતાપૂર્વક નવકાર મંત્રનું રટણ ચાલુ રહે, તેના પાપો નાશ થાય છે.

અરે, એટલું જ નહિ પણ નમસ્કાર ગણનારને બીજો કોઈ હાથ જોડે, પ્રશંસા કરે તો તેના પણ પાપો નાશ પામે છે.

❀ સિદ્ધાંતમાં - મહાસિદ્ધાંત, શ્રુતસ્કંધમાં-મહાશ્રુતસ્કંધ, ધ્યાનમાં મહાધ્યાન, સ્વાધ્યાય માં પરમ મહાસ્વાધ્યાય, જો કોઈ હોય તો **નવકાર મંત્ર જ છે.**

❀ આજનો સંસાર રાગમાં, દ્વેષમાં, કલેશમાં, મોહમાં અને વિસંવાદમાં મુંઝાયેલો છે, એની જ્વાલાને બુઝાવવા નવકાર મંત્ર નીર સમાન છે.

❀ નવકાર મંત્રની ઉપાસના આરાધના, સાધના, જાપ, રટણ, સ્મરણ, ઉચ્ચારણ વિગેરે સંસારની વિચિત્રતામાંથી, અશરણતામાંથી, દુઃખની જવાળામાંથી તારણહાર છે.

❀ સાચી સ્વતંત્રતા, સમજણ અને સંસ્કારનો ત્રિવેણી સંગમ, નવકારની શ્રદ્ધા, આરાધના અને ઉપાસનામાં રહેલો છે.

❀ નવકાર એટલે જૈન શાસનની પ્રતિજ્ઞા નો સ્વીકાર.

❀ જૂનું કાઢનાર અને નવું કરનાર તે નવકાર.

❀ નવું આપનાર તે નવકાર ! નવું શું આપનાર ? ચાર ગતિ જૂની છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે પાંચમી નવી ગતિ મોક્ષ એટલે ચાર ગતિ ગાળી પાંચમી ગતિને આપનાર નવકાર છે.

❀ વ્યક્તિમાં રહેલા વ્યક્તિત્વને ઓપ આપનાર નવકાર છે.

❀ સાચી સ્વતંત્રતા, સાચું સ્વરૂપ રાજ્ય આપનાર નવકાર છે.

❀ સાચી આઝાદી, અને સાચી આબાદી આપનાર પણ નવકાર.

❀ પરાણે અપાતી દવા જેમ રોગીના રોગને ટાળે છે, તેમ પરાણે સંભળાવતો બોલાતો નવકાર મંત્ર પણ પાપીના પાપને ટાળે છે.

❀ નવકારને હૈયામાં બેસાડવા માટે નવકારની આરાધનાની જરૂર છે.

❀ નવકાર પ્રત્યેની સાચી શ્રદ્ધા, સાચું મંગલ આપશે.

❀ આજની દુનિયા નવકાર મંત્રની સાધનાને ઓળખી શકતી નથી, એટલે પંચપરમેષ્ઠિનો મહિમા જાણ્યા વિના વંચિત રહી જાય છે.

❀ નમસ્કારને નમસ્કાર કરનાર આત્માઓનું મિથ્યાજ્ઞાન વિદાય લે છે. અને જ્ઞાનપુંજ પ્રકાશ પામે છે.

આ સંસારમાં કોઈના પર શ્રદ્ધા નહિ હોય તો ચાલશે, પણ સંસારથી પર રહેલા પંચપરમેષ્ઠી ઉપર, વીતરાગ દેવની ઉપાસકતા અને તારકતા ઉપર તેમજ નવકાર મંત્ર ઉપર તો શ્રદ્ધા રાખવી જ પડશે.

તો જ સંપત્તિવાળાની સંપત્તિ ફાળી-ફૂલી રહેશે અને વિપત્તિવાળાની વિપત્તિ સંપત્તિમાં ફેરવાઈ જશે.

❀ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ મંગલકારી નવકાર મંત્રમાં છે.

❀ શ્રી નવકાર મંત્રના છેલ્લા ચાર પદો પર, પાંચ પદો પ્રતિષ્ઠિત છે, એ પાંચ પદો- ચારિત્રના પ્રતીક છે. છટ્ઠું, સાતમું પદ જ્ઞાનનું પ્રતીક છે. આઠમું-નવમું પદ શ્રદ્ધાનું પ્રતીક છે.

❀ શ્રી નવકાર મંત્રમાં પંચપરમેષ્ઠી ભગવંતને નમસ્કાર છે. તે નમસ્કારનો મહિમા, તેમજ પરમેષ્ઠી તથા **ણમો** ને કહેનારા પદોનો મહિમા વિશિષ્ટ શક્તિથી ભરપૂર છે.

❀ **"ણમો, લોએ તથા મંગલ"** નવકારમાં પ્રથમ, મધ્યમ, તથા અંત્ય મંગલ તરીકે છે. પ્રથમમાં વિસ્તાર સૂચિત થાય છે. **હવઈ**માં ત્રિકાલ સત્તા સૂચિત થાય છે. સર્વજીવોને રુચીકરનો નિર્ણય થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૮ णमो એટલે ભાવનમસ્કાર

## *णमो રૂપી ધનુષ્ય*

**णमो** રૂપી ધનુષ્ય ઉપર ચઢેલ મનરૂપી બાણથી 'અરિહંત' રૂપી બ્રહ્મને લક્ષ્ય કરીને અપ્રમત્તપણે વીંધવામાં આવે તો 'તાણં' રૂપી તન્મયતાને પામે છે.

**प्रणवो धनुःशरो ह्यात्मा, ब्रह्म तल्लक्ष्यमुच्यते ।**
**अप्रमत्तेन वेद्धव्यं, शरवत् तन्मयो भवेत् ॥ १ ॥**

**णमो** પ્રણવ સ્વરૂપ પણ છે. પ્રણવ એટલે પ્રકૃષ્ટ સ્તુતિ. **णमो** પ્રકૃષ્ટ સ્તુતિરૂપ હોવાથી પ્રણવ જ છે.

પરમાત્માની સ્તુતિ રૂપ બનાવવા માટે **णमो**ના છેલ્લા અક્ષરને ઉલટાવવાથી 'ओं' પરમાત્માવાચક બની જાય છે. તેથી **'ओणमो'** એ ધનુષ્ય બન્યું.

એજ રીતે **'मणस्'** ને ઉલટાવવાથી 'णमस्' બને છે. **'मणस्'** એ ઈંદ્રિયાભિમુખ મન છે. તેને **'णमस्'** વડે પરમાત્માભિમુખ બનાવાય છે.

એટલે નમસ્કારાકાર મનોવૃત્તિ કરવાનું સાધન **'मणस्'** પદની સાથે પદને **'णमस्'** જોડવું તે છે. એ મનને ઉલટાવવાની ક્રિયા છે. **જે મન વડે જીવ ઈંદ્રિયાભિમુખ થઈને કર્મ બાંધતો હતો, તે જ મન વડે આત્માભિમુખ જીવ કર્મ નિર્જરે છે. એ પ્રભાવ णमो પદનો છે.**

તેથી **णमो** પદ એકલું પણ મહામંત્ર સ્વરૂપ છે.

## *મંત્ર શબ્દની વ્યુત્પત્તિ*

મંત્ર શબ્દની ત્રણે વ્યુત્પત્તિ **णमो** પદને લાગુ પડે છે.

णमो મનન વડે ત્રાણ કરવાની શક્તિ ધરાવે છે. અથવા પરમાત્મા સાથે જીવાત્માને તન્મય થવાની ગુહ્ય મંત્રણા કરાવે છે. અથવા સર્વ પ્રકારના શ્રેષ્ઠ પુરૂષાર્થોને આમંત્રણ આપે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णमो** એ મોક્ષ સુખનું આમંત્રણ છે. ઈંદ્રિયો અને તેના વિષયો સાથે અથવા દેહ અને તેના ધર્મો સાથે જોડાયેલું, એકમેક થયેલું મન આત્મા અને તેના ધર્મો સાથે અથવા પરમેષ્ઠિઓ અને તેમના ગુણો સાથે પદ વડે જોડાઈ શકે છે.

તેથી **णमो** એ મહાયોગ સ્વરૂપ છે.

**णमो** પદનો પુનઃ પુનઃ જાપ જીવને ભોગી મટાડીને યોગી બનાવે છે. સંસારી મટાડીને સિદ્ધ બનાવે છે, જીવ મટાડીને શિવ બનાવે છે.

બે અક્ષરનું '**मण**' બે અક્ષરના '**नम**' વડે વશ થાય છે.

## *સૂર્ય અને ચંદ્રવાચી णमो પદ*

'ण' સૂર્યવાચી છે 'मो' ચંદ્રવાચી છે. 'ण' રૂપી સૂર્ય અર્થાત્ આત્મામાં 'मो' રૂપી ચંદ્રમા અર્થાત્ મન વિલીન થાય છે. એટલે 'अहं अरहं' રૂપ બની જાય છે. અને 'अरहं' ત્રાણરૂપ બની જાય છે.

'ओं' પરમાત્મ-વાચક છે. 'ण' સૂર્ય-આત્મવાચક છે. 'मो' ચંદ્ર-મનવાચક છે.

સૂર્યરૂપી આત્મામાં ચંદ્રરૂપી મન મળી જાય તો તે આત્મા પોતે જ પરમાત્મરૂપ બની જાય છે. મળી જવાની ક્રિયા 'ત્રાણ' રૂપ છે. અને મળી જવાથી આત્મા પરમાત્માસ્વરૂપ બની જાય છે.

## *મનને આત્મામાં વિલીન કરવાની ક્રિયાનું નામ 'णमो' છે.*

'णमो' એ મનનું ત્રાણ છે શરણ છે - આશ્રયસ્થાન છે. મન રૂપી હંસને વિશ્રાન્તિ લેવા માટે કમલની શ્રેણી છે.

મન રૂપી બાણ, णमो રૂપી ધનુષ્ય વડે, अरहं રૂપી લક્ષ્યને વીંધીને ત્રાણ રૂપ બને છે.

'ત્રાણ' એટલે મનનું આત્મામાં વિલીન થઈ જવું, સંકલ્પ-વિકલ્પ રહિત થવું, નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ બની જવું.

તે સમાધિ માટે 'अरहं'ના આલંબન-લક્ષ્યની અને 'णमो'રૂપી ધનુષ્યની જરૂર પડે છે. णमो રૂપી ધનુષ્ય ઉપર મનરૂપી બાણને ચઢાવવાથી अरहंરૂપી લક્ષ્યને વીંધીને ત્રાણ રૂપી નિર્વિકલ્પ અવસ્થાને સાધી શકાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનની અવળી ક્રિયા છોડાવીને તેને સવળી ક્રિયામાં જોડવા માટે णमो પદની આવશ્યકતા છે.

णमो પોતે જ 'अरहं' અને 'ત્રાણ' વાચક બની જાય છે. કેમ કે તેમાં ओंએ 'अरहं' વાચક છે. અને 'णमो' ત્રાણ વાચક છે.

'ત્રાણ' એટલે મનનું આત્મામાં વિલીન થઈ જવું આત્માકાર બની જવું.

'मो' રૂપી મન, ण રૂપી આત્મામાં વિલીન થયાથી ओं રૂપી પરમાત્મા પ્રગટ થાય છે.

તેથી મંત્રનું ઉચ્ચારણ આ પ્રમાણે થયું.

'णमो - ओं - अरहं - ताणं'

'णमो' નો 'मो' રૂપી ચંદ્ર 'ण' રૂપી સૂર્યમાં મળી ગયો એટલે अरहं પ્રગટ થયા. તે પ્રગટ થવાથી હંમેશ માટે ભવભય ગયો અને આત્મભાવરૂપી શરણું પ્રાપ્ત થયું. એટલે સાત અક્ષરમાંથી માત્ર ओं અક્ષર બચ્યો. બીજા બધા અક્ષરો પોતાની ભાવના સાથે પ્રણવાક્ષરમાં મળી ગયા. પ્રણવાક્ષર મૂળ મંત્ર કાયમ રહ્યો.

## *મંગલની વ્યુત્પત્તિ*

"पढमं हवइ मंगलं मां गालयति भवात्, स्वार्थात् अहंत्व-ममत्व-भावात् इति मंगलं" જે મને ભવથી, સ્વાર્થથી અહંતા-મમતાથી દૂર કરી આપે તે પ્રથમ મંગળ છે, પ્રધાન મંગળ છે, શ્રેષ્ઠ મંગળ છે, નિત્ય વૃદ્ધિ પામતું મંગળ છે, શાશ્વત મંગળ છે.

अहंत्व ને अर्हत्व થી અને ममत्वને समत्व થી ગાળી આપે છે, ટાળી આપે છે, દૂર કરી આપે છે, તેથી મંગળ છે.

अर्हत्व પરમાત્મતુલ્યનો અને समत्व સર્વાત્મતુલ્યતાનો બોધ કરાવી આપે છે. એ બોધની દઢતા પરમેષ્ઠી નમસ્કાર કરી આપે છે. કેમ કે તેમાં अर्हत्व ને નમસ્કાર છે અને अर्हत्व એ સમત્વથી ભરપુર છે. તેથી समत्व સહિત अर्हत्व નું ધ્યાન જેમાં છે, તે પરમેષ્ઠિ નમસ્કાર ममत्व અને अर्हत्व ને દૂર કરી આપે છે તેમાં કોઈ શંકા નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમત્વ સર્વ જીવો સાથે એકતા સાધી આપે છે અને અહંત્વ પરમાત્મા સાથે પોતાના આત્માની એકતા સાધી આપે છે.

મંત્રનો તાત્ત્વિક અર્થ મનન વડે રક્ષણ છે. એટલે મંત્ર દ્વારા દેવતા ગુરુ અને આત્માનું ઐક્ય સ્થાપન કરવું તે છે. મંત્ર મનને અને પવનને આત્મા સાથે ઐક્ય કરી આપે છે. અને આત્મા તેના મનન દ્વારા ગુરુ અને દેવતા સાથે ઐક્ય કરી લે છે.

મંત્રના અક્ષરો મન અને પવન સાથે સબંધ રાખે છે. મંત્રનો અર્થ દેવતા અને ગુરુ સાથે સંબંધ રાખે છે.

એ રીતે દેવતા, ગુરુ અને મંત્રની એકતા સાધવા દ્વારા મંત્રચૈતન્ય પ્રગટે છે અને મંત્રચૈતન્ય પ્રગટ થવા દ્વારા યશેષ્ટ ફળની સિદ્ધિ થાય છે. દેવતા અને ગુરુનો સંબંધ સકલ જીવ સૃષ્ટિ સાથે છે. તેથી મંત્રચૈતન્ય વિશ્વવ્યાપી બની જાય છે.

"સમત્વનો લાભ એ તથાભવ્યત્વનો વિકાસ છે,

મમત્વનો નાશ એ સહજમળનો હ્રાસ છે.

સમત્વનો વિકાસ અર્હત્વની સાથે સંબંધ કરાવી આપે છે.

મમત્વનો નાશ અહંત્વને ઓગાળી આપે છે."

અહંત્વ અને મમત્વ એ વિજાતીય કર્મદ્રવ્યના સંબંધથી દૂષિત પરિણતિરૂપ હતા તે કલ્પના સમત્વ અને અર્હત્વની સાધના દ્વારા ગળી જાય છે.

વિકલ્પ-કલ્પિત અહંત્વ અને મમત્વની કલ્પના ઓસરવા માંડે છે, તેમ તેમ વિજાતીય દ્રવ્યના સંબંધમાં આવવાની જીવની યોગ્યતા પણ ઘટતી જાય છે.

વિજાતીય દ્રવ્યના સંબંધને અને અહંત્વ-મમત્વની કલ્પનાને કાર્યકારણ ભાવનો સંબંધ છે. એકના ઘટવાથી બીજાનું ઘટવું અવશ્યમેવ થાય છે.

જ્ઞાન અને ક્રિયા ઉભય મળીને મોક્ષનો માર્ગ બને છે, એવું શાસ્ત્રકાર ભગવંતોનું ફરમાન છે, વ્યવહાર કાળમાં ક્રિયા અને ધ્યાન કાળમાં જ્ઞાન મુખ્ય બનીને કર્મ-દ્રવ્ય અને અહંત્વ-મમત્વને ઘટાડનાર થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## णमो પદનું માહાત્મય

'णमो' = दुष्कृत - गर्हार्म ।
'अरिहं' = सुकृतानुमोदना ।
'ताणं' = शरणोपगमन ।

'णमो' વડે યોગ્યતા અને યોગ્યતા વડે રક્ષણ, એ અર્થ પણ થાય છે. 'અરિ' ને હણનારા, યોગ્યતાને આપનારા અને તે વડે રક્ષણને કરનારા, એવો અર્થ પણ થાય છે.

'आणं' 'ताणं' 'पमाणं'

અરિહંતોની આજ્ઞા એ જ રક્ષણ કરનાર છે, એ વાત મને પ્રમાણ છે, સંપૂર્ણ માન્ય છે. પ્રભુની આજ્ઞા સર્વજીવોને આત્મ-તુલ્ય ગણવાની છે અને આત્મતુલ્ય વર્તન કરવાની છે. તે આજ્ઞા મને પ્રમાણ છે. એમ 'णमो' પદથી સ્વીકારાય છે.

'णमो' નું ओ + ण એવું ઉલટું રૂપ થાય છે. ओं સ્વીકાર અર્થમાં છે એટલે પ્રભુને કહે કે, તારો સ્વીકાર કરૂં છુંઅને ण નિષેધ અર્થમાં છે. એટલે સંસારનો, સ્વાર્થનો, મોહનો, હું નિષેધ કરૂં છું એવો અર્થ પણ થાય છે.

'णमो' એ મનરૂપી માથાનો મુગટ છે.

'णमो' એ મનરૂપી કંઠનો હાર છે.

'णमो' એ મનરૂપી અંગુલીની મુદ્રિકા છે.

'णमो' એ મનરૂપી ધનુષ્યનું બાણ છે.

'णमो' એ મનરૂપી અરણિનું ઉત્તમકાષ્ટ છે.

'णमो' એ મનરૂપી સોયનો દોરો છે.

તેથી તેનું શ્રવણ-મનન અને નિદિધ્યાન અનુક્રમે સવિકલ્પ અને નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચાડે છે. સમાધિ સુધી પહોંચવું એ જીવને અત્યંત હિતકર છે. વળી 'णमो' એ-

મનરૂપી સમ્યગ્દ્રષ્ટિનો દેવ છે.
મનરૂપી સમ્યગ્જ્ઞાનીનો ગુરુ છે.
મનરૂપી સમ્યક્ચારિત્રીનો ધર્મ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નમસ્કાર ભાવ સિવાય માનસિક ભેદ-ભાવ ન ટળે અને તે ન ટળે ત્યાં સુધી અહંકાર-મમકાર ન ઓગળે, અહંકારનું અને મમકારનું ઓગળવું એટલે ભેદ-ભાવનું ટળવું.

અભેદભાવ સિવાય જીવ જીવને જીવરૂપી કદીયે ન ઓળખે, ન આવકારી શકે, ન ચાહી શકે. તે અભેદભાવને સાધવા માટે 'णमो' એ અદ્વિતીય સાધન છે.

## સાધનાની સીડી

શ્રી નવકારના જાપમાં સંખ્યાનું બળ વધે તે ખૂબ જરૂરી છે. જેમ સો, હજાર, લાખ, દશલાખ અને કરોડ એમ ધનસંપત્તિમાં ઉત્તરોત્તર વધારો થાય તેમ-તેમ સંસારી માયાવાળા જીવને પરમ આનંદ થાય. તેમ જીવનમાં રોજની ૩ કે ૫ માળાના પણ સરવાળાથી જીવનમાં આટલા હજાર-લાખ નવકાર ગણ્યા તેમ આંતરિક સંતોષથી અંતરની શક્તિઓનાં દ્વાર ખોલવાનો ભવ્ય પુરુષાર્થ આપોઆપ થાય છે.

## -: જપ-શક્તિની સુરક્ષા :-

જાપ કર્યા પછી સંસારી જંજાળમાં લાગી જઈએતો એની શક્તિ ડહોળાઈ જાય, જાપથી જાગ્રત થયેલા આંદોલનો-સ્પંદનો ઉર્જાશક્તિ બગડે નહિ તે માટે તે કરેલા જાપને ફીક્સ ડીપોઝીટમાં સુરક્ષિત મુકી દેવો જેથી તેના સ્પંદનોની શક્તિ ૨૪ કલાક મળ્યા કરે. જાપને ફીક્સ ડીપોઝીટમાં મુકવા માટે છેલ્લે = જાપના અંતે બાર નવકાર તથા ભાવનાના પાંચ દુહા બોલવા જેથી વિકારી વાસનામાં એ જાપની શક્તિ ડહોળાઈ ન જાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૯ આધ્યાત્મિક વિકાસની સફળ કૂંચી સમા શ્રી નમસ્કાર મહામંત્રના જાપમાં અદ્‌ભૂત દિવ્ય શક્તિ આપનાર णमो નું રહસ્ય

**णमो** - એટલે નમસ્કાર. ભક્તિ બહુમાન અંતરંગપ્રીતિ.

**णमो** - એટલે અન્ય ભવ્યાત્માઓના પરમાત્માને કરાતા ભાવ ભર્યા નમસ્કારના સ્મરણ સાથે તેની ભૂરિ ભૂરિ અનુમોદના.

**णमो** - એટલે પરમાત્મતત્ત્વના શરણનો સમર્પણ પૂર્ણ સ્વીકાર.

**णमो** - એટલે પ્રભુજી પાસે પોતાના દુષ્કૃત્યોની આંસુભર્યા હૃદયથી નિંદા, ગર્હા.

**णमो** - એટલે હૃદયના સર્વ ભાવોને પ્રભુ પ્રત્યે નમાવવા-પ્રભુમાં સમાવવા.

**णमो** - એટલે જેને નમતા હોઈએ એના સુકૃત્યોથી, સદ્‌ગુણોની હાર્દિક અનુમોદના.

**णमो** - એટલે નમસ્કાર્યના પોતાના પર થયેલા ઉપકારોના ઋણનો સંપૂર્ણ સ્વીકાર.

**णमो** - એટલે આત્માના સ્વાભાવિક અનંત સુખ તરફ મીટ માંડવી તે.

**णमो** - એ વિષય કષાય રૂપ સંસાર-સાગરની પેલે પાર રહેલ પરમાત્માને મલવા માટેનો એક પુલ.

**णमो** - આત્માના અનંત ગુણોના ખજાનાને ખોલવાની ચાવી છે.

**णमो** - જ વિશ્વનું અમૃત છે. વિશ્વનો આધાર છે. વિશ્વની વ્યવસ્થા છે.

**णमो** - માં ઓમ્‌કાર રૂપે પંચપરમેષ્ઠિમય વિશ્વની શ્રેષ્ઠ શક્તિ-મહાશક્તિ બિરાજે છે.

**णमो** - માં સારીયે વિશ્વની પ્રકૃતિને તથા કર્મ સત્તાને નમાવવાનું અચિંત્ય સામર્થ્ય છે. પરંતુ નમસ્કાર પરમાત્મતત્ત્વને બદલે જો ભૌતિક તત્ત્વને કરવામાં આવ્યો તો સર્વ હકીકત વિપરીત પરિણમે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**णमो** - એટલે કોઈ પણ મનગમતી ચીજને નમવું. તે તરફની રૂચિ, આપણે હળ પળે નમી જ રહ્યા છીએ, પરંતુ તે નમસ્કાર કેવળ જડ પદાર્થો અને ઐહિક સુખો પ્રત્યેનો જ હોવાથી ભવ વધારી આપે છે. કર્મસત્તાના દાસ બનાવે છે. આત્મસ્વાતંત્રથી અળગાજ રાખે છે.

**णमो** - એટલે ઉપકારીના ચરણોમાં પોતાનું સર્વસ્વ સમર્પવાનો શુભભાવ.

**णमो** - એટલે ભવની જડ સાધનામાં રક્ત થયેલ, મન અને ઈંદ્રિયોને પાછા વાળી પરમાત્મ તત્વ સ્વરૂપ આત્મસાધનામાં લયલીન બનાવવાં તે.

**णमो** - એટલે કષાયોથી ઉત્તેજિત થયેલ મનને શાંત બનાવવું તે.

**णमो** - એટલે પ્રભુ પ્રત્યે પોતાના મનને ખુલ્લુ બનાવવું. સન્મુખ કરવું.

**णमो** - એટલે પોતાના આત્માનો પરમાત્મામાં ભાવથી સંકોચ કરવો તે.

**णमो** - એટલે સ્વ-આત્મામાં જ રહેલા અનંત ગુણોમાં રમવું.

**णमो** - એટલે જડતત્વ પ્રત્યેના રાગને દૂર કરી વૈરાગ્યભાવ પ્રગટાવવો તે.

**णमो** - એટલે જીવતત્વ પ્રત્યેના દ્વેષને દૂર કરી સર્વ જીવો સાથે આત્મસમાન ભાવ પ્રગટાવવો તે.

**णमो** - એટલે કાયાની માયાને હાંકી કાઢવી તે.

**णमो** - એટલે પુદ્‌ગલની મમતાને મારવી તે.

**णमो** - એટલે ચિત્તને સમતા રસમાં ઝબોળવું તે.

જ્યારે આવો નમસ્કાર - બહુમાન - પ્રીતિ સાથે આત્મિક સુખ અને એ સુખના સાધનોને દેનારા પંચ-પરમેષ્ઠિ-સ્વરૂપ પરમાત્મ તત્વને કરવામાં આવે છે, તો ઉપર મુજબની હકીકતોનો ગુરૂગમથી અનુભવ કરી શકાય છે.

સંસારથી મુક્ત બનવા માટે નમસ્કાર છે. પણ તે પરમાત્મા પ્રત્યેનો જ હોવો જોઈએ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


સંસારને નમનાર સંસારમાં જ ભટકે છે.

આપણી સર્વ વૃત્તિઓ, સર્વ શક્તિઓ, સર્વસ્વ સમર્પણના ભાવપૂર્વક પરમાત્માને ચરણે નમાવી દઈને ભાવ નમસ્કાર કરવાનું સદ્‌ભાગ્ય અવશ્ય પ્રાપ્ત કરી શકીએ.

'શરીર અને વાણીની સાથે મનને-મનની સર્વ વૃત્તિઓને નમાવવી તે ભાવ નમસ્કાર છે.'

જેની શક્તિ વીજળી કરતાંયે વિશેષ છે, પવન કરતાંયે ઝડપી છે, પાણીથીયે પવિત્ર છે, આકાશથીયે વિશાળ છે કે જે મહાશક્તિ આત્માને શીઘ્રતાથી તેના મૂળભૂત સ્થાનમાં લઈ જઈ શકે છે, કે જ્યાં કેવળ આત્યંતિક અનંત-સ્વતંત્ર સુખ જ ભર્યું છે.

આવો ભાવ નમસ્કાર સર્વ જીવોને પ્રાપ્ત થાઓ અને એ દ્વારા સર્વ જીવાત્માઓનો મોક્ષ થાઓ !!!



- પૂ. પં. શ્રી અભય સાગરજી મ.ના
હસ્તાક્ષર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૦ શ્રી નમસ્કાર-મહામંત્રની અલૌકિકતા
## મંત્ર અને વિદ્યા વચ્ચેનો ભેદ

જેનો પાઠ કરવા માત્રથી કાર્યની સિધ્ધિ થાય તેને મંત્ર કહે છે.

જેને સિધ્ધ કરવા માટે જપ-હવન આદિ ક્રિયાઓ કરવી પડે તેને વિદ્યા કહે છે.

શાસ્ત્રોમાં બીજી રીતે પણ મંત્ર અને વિદ્યાનો ભેદ બતાવ્યો છે અને કહ્યું છે કે, જેના અધિષ્ઠાતા દેવતા 'પુરૂષ' હોય તે મંત્ર છે. જેની અધિષ્ઠાતા દેવતા 'સ્ત્રી' હોય તે વિદ્યા છે.

## મંત્ર એટલે શું ?

મંત્ર શી વસ્તુ છે. ? તેની સ્પષ્ટતા કરતાં શાસ્ત્રકાર મહર્ષિઓ ફરમાવે છે કે મંત્ર એ અક્ષર કે અક્ષરોનો વિશિષ્ટ સમૂહ છે. અક્ષર કે અક્ષરોના વિશિષ્ટ સમૂહને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી.

" **निर्बीजमक्षरं नास्ति** " અથવા ' **नास्त्यनक्षरं मंत्रं** ' અર્થાત્ એવો કોઈ અક્ષર નથી કે જેમાં મંત્રશક્તિ ન હોય. અક્ષરને છોડીને મંત્ર બીજી કોઈ વસ્તુ નથી.

## શબ્દ અને ધ્વનિની અસર

અક્ષર કે અક્ષરના વિશિષ્ટ સમૂહાત્મક શબ્દામાં અપરિમિત શક્તિ રહેલી છે, એમ આજે સર્વ કોઈ બુધ્ધિશાળી વર્ગને સ્વીકારવું પડે છે.

ગાવું અને બજાવવું, હસવું અને રોવું, એ પણ વાતાવરણ ઉપર અમુક પ્રકારની અસર કરે છે અને તે વર્ણાત્મક નહિ તો પણ ધ્વન્યાત્મક શબ્દશક્તિનો જ એક પ્રકાર છે.

રણસંગ્રામમાં સુરીલાં વાજાં જે અસર ઉપજાવે છે, તે અસર અન્ય પ્રસંગનાં વાજાંઓ નથી જ ઉપજાવતા.

આકાશમાં મેઘની ગર્જના જે ભાવ પેદા કરે છે, તે જુદો હોય છે. અને રણસંગ્રામમાં તોપોની ગર્જના જે ભાવ ઉત્પન્ન કરે છે, તે વળી જુદો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય છે.

જેમ ધ્વન્યાત્મક-શબ્દોની જુદી-જુદી અસર છે, તેમ વર્ણાત્મક શબ્દોની તેનાથી પણ મહાન જુદા-જુદા પ્રકારની અસર માનેલી છે અને તે પ્રત્યક્ષ અનુભવમાં પણ આવે છે.

એક વ્યાખ્યાતાના મુખમાંથી નિકળેલ ઉત્સાહપ્રેરક શબ્દો વાતાવરણને ઉમંગી બનાવે છે અને તે જ વ્યાખ્યાતાના મુખમાંથી નિકળેલા નિરાશાજનક શબ્દો વાતાવરણને ગમગીન બનાવી દે છે.

વિવિધ પ્રકારના રસોના પોષણમાં વક્તા કે લેખકની શબ્દશક્તિ સિવાય બીજા શાનો પ્રભાવ છે ?

શબ્દશક્તિ અચિન્ત્ય છે, માત્ર તેના યોજક યોગ્ય-પુરૂષની જ જરૂર હોય છે.

કયા શબ્દોના સંયોજનથી કેવા પ્રકારની શક્તિ પેદા થાય છે ? એના જાણકાર આ જગતમાં દુર્લભ છે, પરંતુ જ્યારે એવા જાણકારના હાથમાં અક્ષરો કે શબ્દો આવે છે, ત્યારે તે વિવિધ પ્રકારની રચના દ્વારા શ્રોતાઓના ચિત્તના સંતાપ અને દિલની તૃષાને ક્ષણવારમાં શાન્ત કરી દે છે.

પૂર્વધર-ભગવંતોની દેશનાશક્તિ કેળવજ્ઞાની-ભગવંત-તુલ્ય લેખાય છે, તે આ જ દષ્ટિએ સમજવાનું છે. 'શ્રુત કેવળી' શબ્દની એક વ્યાખ્યા એવી કરી છે કે તેઓ 'સર્વાક્ષર-સન્નિપાતી'ની લબ્ધિના ધારક હોય છે. સર્વ અક્ષરો અને તેના પરસ્પર મિશ્રણથી થતા સર્વ અર્થોને તેઓ જાણતા હોય છે, અને તેથી જ તેઓની ઉપદેશશક્તિ અમોઘ બને છે.

## મંત્રરચના

મંત્રોમાં કેવળ અક્ષરોની કાર્યશક્તિ હોય છે એવું નથી, પણ તેમાં બીજી શક્તિઓ પણ કામ કરે છે, અને તે મંત્રના યોજકની શક્તિ, મંત્રના વાચ્ય પદાર્થની શક્તિ, મંત્ર યોજકના હૃદયની ભાવના તથા મંત્રસાધકના આત્મામાં રહેલો મંત્રશક્તિ ઉપરનો ભાવ, અખંડ-વિશ્વાસ, નિશ્ચલ શ્રધ્ધા વગેરે.

તાત્પર્ય એ છે કે, મંત્ર કેવળ અક્ષર કે પદ સ્વરૂપ જ નથી, પણ ૧.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પદ, ૨. પદાર્થ, ૩. પદના યોજક તથા ૪. પદના પ્રયોજકની ભાવનાઓ તથા શક્તિઓના એકંદર સરવાળારૂપ મંત્ર છે. મંત્રની શક્તિ એ ચારને અનુરૂપ હોય છે.

મંત્રના યોજક ક્લિષ્ટ-પરિણામી હોય તો મંત્ર 'મારક' બને છે અને અસંકિલષ્ટ-પરિણામી અર્થાત્ નિર્મળ બુધ્ધિવાળો હોય તો તે મંત્ર 'તારક' બને છે.

## લૌકિક મંત્રશક્તિ

લૌકિક મંત્રશક્તિનો પ્રયોગ મુખ્યત્વે આકર્ષણ, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ, સ્તંભન, સંમોહન આદિ લૌકિક કાર્યો માટે જ થાય છે.

કોઈ વ્યક્તિને પોતાની તરફ ખેંચવા, કોઈને વશ કરવા, કોઈ પ્રતિપક્ષીને મ્હાત કરવા, કોઈ દુશ્મનનો નાશ કરવા, કોઈને સ્થંભિત કરવા કે કોઈને મોહિત કરવા માટે લૌકિક-મંત્રશક્તિનો ઉપયોગ હોય છે, અને તે મંત્રની સફળતાનો આધાર મંત્રનો પ્રયોગ કરનાર સાધકની સાધનાશક્તિ વિગેરે ઉપર હોય છે.

કોઈ પ્રયોગ કરનાર સાચો ન હોય પણ ધૂર્ત હોય તો મંત્ર નિષ્ફળ જાય છે, સાધક સત્ય હોય; પણ મંત્ર અશુદ્ધ હોય અથવા મંત્ર શુદ્ધ હોય પણ તેનું ઉચ્ચારણ અશુદ્ધ હોય અથવા ઉચ્ચારણ શુદ્ધ હોય પણ પ્રયોજકનું ચિત્ત એકાગ્ર નહોય અથવા શ્રધ્ધારહિત હોય તો પણ મંત્રશક્તિ કાર્યકર થઈ શકતી નથી. જ્યાં એ બધી વસ્તુ શુધ્ધ અને પૂર્ણ હોય ત્યાં જ મંત્ર શક્તિ ધાર્યું કાર્ય નિપજાવી શકે છે.

## મંત્રાધિરાજ-શ્રી નવકારની વિશેષતાઓ :-

મંત્રાધિરાજ શ્રી નવકાર આ દૃષ્ટિએ વિશ્વના સમસ્ત મંત્રોમાં અગ્રસ્થાન ધરાવે છે. તેની શક્તિ અતુલ છે, અપરંપાર છે. કારણ કે તેના યોજક લોકોત્તર મહાપુરૂષો છે.

શ્રી નવકારને અર્થથી શ્રી તીર્થંકર ભગવંતો પ્રકાશે છે અને સૂત્રથી શ્રી ગણધર ભગવંતો ગૂંથે છે. તેનો વાચ્યાર્થ લોકોત્તર - મહર્ષિઓને પ્રણામ-રૂપ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેના અક્ષરોનો સંયોગ અને પદોની રચના સરળ અને સ્પષ્ટ છે. સહુ કોઈ સહેલાઈથી અને સરળતાથી તેનો પાઠ અને ઉચ્ચાર કરી શકે અને તેનો અર્થ સમજી શકે તેવી છે.

તેનું સ્મરણ અને જાપ મોટે ભાગે સમ્યગ્દૃષ્ટિ, ભવથી નિઃસ્પૃહ અને એક મુક્તિરમણીના જ ઈચ્છુક ઉત્તમ સત્યપુરૂષો કરનારા હોય છે.

વિશ્વના અન્યમંત્રો જ્યારે કામના કરવાથી તે કામનાની પૂર્તિ કરે છે, ત્યારે શ્રી નમસ્કાર-મહામંત્ર નિષ્કામપણે જપવાથી જપનારની સઘળી કામના પૂરી કરે છે, એ તેની અચિન્ત્ય શક્તિનો સચોટ પુરાવો છે અને તેના પ્રકાશકોની અપૂર્વ નિષ્કામતાનું પરમ પ્રતીક છે.

શ્રી નમસ્કાર મહામંત્રની બીજી વિશેષતા એ છે કે તેના દ્વારા જે પુરૂષોની આરાધના કરવામાં આવે છે, તે બધા વીતરાગ અને નિઃસ્પૃહ મહાત્માઓ છે, જ્યારે વિશ્વના અન્ય મંત્રોના આરાધ્યદેવ સંસારી સસ્પૃહી અને સરાગી આત્માઓ છે.

શ્રી નમસ્કાર-મહામંત્ર અનુપમ શક્તિશાળી હોવાનાં અગણિત કારણો પૈકીનું એક કારણ, એના અધિષ્ઠાતાઓની પરમ-વિશુદ્ધિ છે. કારણ કે સરાગીની શક્તિ ગમે તેટલી હોય તો એક બિંદુ જેટલી માંડ ગણાય.

શ્રી નમસ્કાર-મહામંત્રની ત્રીજી વિશેષતા એ છે કે જ્યાં અન્ય મંત્રોમાં દેવતા' અધિષ્ઠાતા તરીકે છે, ત્યારે આ મહામંત્રમાં દેવતા 'સેવક' રૂપે રહે છે. એકમાં દેવોનું સેવકપણું છે, તે બીજે દેવો વડે પણ સેવ્યપણું છે.

લૌકિક-મંત્ર માત્ર, દેવાધિષ્ઠિત હોય છે. તેનો જાપ કરવાથી મંત્રનો સ્વામી 'દેવતા' વશ થાય છે, ત્યારે તે મંત્ર સિદ્ધ થયેલો કહેવાય છે.

પરંતુ શ્રી નમસ્કાર-મહામંત્રમાં તેથી જુદું છે, તેનો 'સ્વામી' હોવાની કે થવાની શક્તિ કોઈ પણ દેવતામાં નથી, પરંતુ દેવો પણ તેના સેવક થઈને રહે છે. જેઓ તે મહામંત્રની આરાધના કરે છે, તેઓની મંત્ર પ્રત્યેની ભક્તિને વશ થઈને દેવો તે આરાધકોના પણ સેવક બનીને રહે છે.

એથી સિદ્ધ થાય છે કે કોઈ દેવતાની શક્તિના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર શક્તિશાળી કે પ્રભાવસંપન્ન નથી, પણ શ્રી નમસ્કાર-મહામંત્રની પોતાની શક્તિ અને પોતાનો પ્રભાવ જ એવો અચિન્ત્ય છે કે દેવોને પણ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેને વશ રહેવું પડે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની ચોથી વિશેષતા એ છે કે અન્ય મંત્રો જ્યારે અત્યંત ગૂઢાર્થક અને ઉચ્ચારણમાં અતિ-ક્લિષ્ટતર હોય છે, ત્યારે શ્રી નમસ્કાર-મહામંત્ર શબ્દથી અતિ-સ્પષ્ટ અને અર્થથી અત્યંત સરળ છે. બુદ્ધિમાનથી માંડી બાળક પર્યંત સહુ કોઈ તેનો પાઠ સરળતાથી અને તેનું ઉચ્ચારણ શુદ્ધ રીતે કરી શકે છે, તથા તેના અર્થનું જ્ઞાન પણ સહેલાઈથી મેળવી શકે છે.

શ્રી નમસ્કાર મહામંત્રની આ સરળતા અને સ્પષ્ટતા જોઈને કેટલાકને તેના ઉપર અશ્રધ્ધા અને અવિશ્વાસ થતો પણ જોવાય છે. તેઓની એ માન્યતા હોય છે કે મંત્ર તો ગૂઢાર્થક જ હોવો જોઈએ અને ઉચ્ચારણમાં પણ કઠિનતાવાળો હોવો જોઈએ, પરંતુ તેઓની આ માન્યતા સર્વત્ર ઉચિત નથી. જે મંત્રનું જેવું કાર્ય હોય, તેને અનુરૂપ જ તેની શબ્દરચના હોવી જોઈએ.

શ્રી નમસ્કાર-મહામંત્ર મુક્તિદાતા છે. પરમ-પદને આપનારો છે. તેથી તેની રચના તેને અનુરૂપ જ હોવી જોઈએ. મોક્ષાભિલાષી પ્રત્યેક જીવ, પછી તે બાળક હો કે વૃદ્ધ, સ્ત્રી હો કે પુરૂષ પંડિત હો કે નિરક્ષરએ સર્વને એકસરખી રીતે ઉપયોગી થાય તેવી જ હોવી જોઈએ.

શ્રી નમસ્કાર-મહામંત્રની સરળતા અને સ્પષ્ટતાની પાછળ તેને પ્રકાશનારાઓનો આ ગંભીર અને ઉદાત્ત આશય છે. તેને પ્રકાશનારાઓ અનંત જ્ઞાનના ભંડાર અને અસીમ-કરૂણાના નિધાન છે. તેથી સર્વ હિતાર્થી-જીવોનું એકસરખું હિત થઈ શકે તેવી જ તેની રચના હોય એ સ્વાભાવિક છે.

જેનો વિષય સમગ્ર, વિશ્વને એકસરખો ઉપયોગી હોય, સર્વનું એકાંત હિત કરનારો હોય, તેની રચના એવી હોવી જોઈએ કે જેનું ઉચ્ચારણ સુખપૂર્વક થઈ શકે અને તેનો બોધ આબાલગોપાલ સહુને વિભ્રમરહિતપણે થઈ શકે.

મંત્રાધિરાજ-શ્રી નવકારની આ અનન્યતમ વિશિષ્ટતા અન્ય મંત્રોમાં દૃષ્ટિગોચર નથી જ થતી.

શ્રી નમસ્કાર-મહામંત્રની પાંચમી વિશેષતાએ છે કે અન્ય મંત્રો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુગ્રહ-નિગ્રહ, લાભ-હાનિ ઉભય માટે ઉપયોગમાં આવે છે, જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રથી કોઈને હાનિ કરી શકાતી નથી, પણ તે કેવળ લાભમાં જ હેતુ બને છે.

શ્રી નમસ્કાર-મહામંત્રના છઠ્ઠી વિશેષતાએ છે કે, અન્ય મંત્રો લૌકિક પુરૂષો ઉપર આકર્ષણ, વશીકરણ વગેરે કરે છે, જ્યારે શ્રી નવકાર એ લોકોત્તર પદાર્થોનું આકર્ષણ, વશીકરણ વગેરે કરે છે. તે યાવત્ દેવસંપદાઓનું આકર્ષણ અને મુક્તિરમણી પર્યંતનું વશીકરણ કરે છે.

કહ્યું છે કે :-

आकृष्टिं सुरसम्पदां विदधति मुक्तिश्रीयो वश्यता
मुच्यटं विपदां चतुर्गतिभुवां विद्वेषमात्मैनसाम् ।
स्तम्भं दुर्गमनं प्रति प्रयततां मोहस्य संमोहनं
पापात् पञ्चनमस्क्रियाऽक्षरमयी साऽराधना-देवता ॥ १ ॥

અર્થ :- તે પંચ પરમેષ્ઠી-નમસ્ક્રિયારૂપ અક્ષરમયી આરાધના દેવતા (તમારૂં) રક્ષક કરો કે જે સુરસંપદાઓનું આકર્ષણ કરે છે, મુક્તિરૂપી લક્ષ્મીને વશ કરે છે, ચારગતિમાં થનારી વિપદાઓનું ઉચ્ચાટન કરે છે, આત્માના પાપો પ્રત્યે વિદ્વેષ ધારણ કરે છે, દુર્ગતિ પ્રતિ ગમન કરવાનો પ્રયત્ન કરતા જીવોને અટકાવે છે અને જે મોહનું સંમોહન કરે છે, અર્થાત્ મોહનો પરમ પ્રતિકાર છે.

ઉપર વર્ણવેલી વિશેષતાઓના કારણે શ્રી નમસ્કાર મહામંત્ર એ સર્વ-મંત્રોમાં મોટામાં મોટો મંત્ર છે, અને એની સાધના, બીજા સર્વ મંત્રોની અપેક્ષાએ સરળ હોવાથી સર્વ કોઈને એકસરખી રીતે સુશક્ય છે.

અધમાધમ જીવો પણ આ મહામંત્રના શબ્દ કાનમાં પડવા માત્રથી દુર્ગમ-દુર્ગતિરૂપી ગહન-ગર્તામાં ગબડતા ઉગરી ગયા છે, યાવત્ ક્રુર તિર્યંચો પણ એના શ્રવણ માત્રથી લઘુકર્મી બની ભવસમુદ્રને તરી ગયા છે.

આટલી અદ્‌ભૂત શક્તિ અને છતાં આટલી અનુપમ સરળતા બીજા કોઈ મંત્રમાં સંભવી શકતી નથી. તેથી જ જ્ઞાનીઓની દૃષ્ટિએ આ મંત્રાધિરાજનો મહિમા અતિ મહાન ગવાયેલો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૧ શ્રી નમસ્કાર મહામંત્ર ભાવ મંગલ સ્વરૂપ છે !!!

(રહસ્યાત્મક વર્ણન)

મંગલની વ્યાખ્યા

'मग्यते साध्यते हितमनेनेति मंगलम् ?'

જેનાથી હિત સધાય તે મંગલ, હિત સાધક ધર્મને લાવે તે મંગલ.

'मंगं धर्म लातीति मंगलम्'

મંગ એટલે ધર્મ, તેને લાવે તે મંગલ. એવો અર્થ પણ મંગલનો થાય છે.

ધર્મની પ્રાપ્તિ અધર્મના નાશથી થાય છે. સર્વ અધર્મોનું મૂળ કારણ, વિષય, કષાય અથવા તેના ફળ સ્વરૂપ ચાર ગતિરૂપ સંસાર છે. તેથી સંસારનો ક્ષય કરે તે મંગલ એવો ત્રીજો અર્થ પણ મંગલનો થાય છે.

'मां-भवात्-संसारात् गालयति-अपनयतीति मंगलम्'

મને સંસારથી ગાળે, મારા સંસારને દૂર કરે તે મંગલ.

એ રીતે -

મંગલ એટલે હિતનું સાધન,

મંગલ એટલે ધર્મનું ઉપાદાન,

મંગલ એટલે અધર્મના મૂળભૂત સંસારનું જ મૂલોચ્છેદન.

## દ્રવ્યમંગલ અને ભાવમંગલ :-

સુખસાધક ને દુઃખનાશક પદાર્થને મંગલરૂપ માનવાની રૂઢિ સંસારમાં પ્રસિધ્ધ છે. પરંપરાએ પણ દુઃખોચ્છેદક અને સુખપ્રદાયક પદાર્થો મંગલરૂપ મનાય છે. તથા જેમાં કષ્ટ નિવારવાનું કે સુખ આપવાનું (નિશ્ચિત નહિ પણ સંદિગ્ધ) સામર્થ્ય હોય તે વસ્તુઓ પણ મંગલરૂપ મનાય છે.

જેમ કે દહીં, દૂર્વા, અક્ષત, શ્રીફળ, પૂર્ણ કળશ અને સ્વસ્તિક આદિ પદાર્થો એ રીતે સુખના નિશ્ચિત કે સંદિગ્ધ સાધનભૂત સર્વ કોઈ વસ્તુઓ જગતમાં મંગલરૂપ ગણાય છે.

અહિંસા, સંયમ અને તપરૂપ ધર્મો તથા સ્વાધ્યાય, ધ્યાન અને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનાદિ ગુણો દુ:ખધ્વંસ અને સુખસિદ્ધિનાં નિશ્ચિત સાધનો છે, તેથી ભાવમંગલ ગણાય છે. અને દહીં, દૂર્વા, અક્ષત, શ્રીફળ સંદિગ્ધ સાધનો છે. તેથી દ્રવ્યમંગલ ગણાય છે.

દ્રવ્ય મંગલો જેમ સુખનાં સંદિગ્ધ સાધનો છે, તેમ અપૂર્ણ સુખને આપનારાં છે. ભાવમંગલો એ સુખનાં નિશ્ચિત સાધનો છે. અને તેનું સેવન કરનારને સંપૂર્ણ અને અવિનાશી સુખ આપે છે ! તેથી દ્રવ્યમંગલ કરતાં ભાવમંગલનું મૂલ્યઘણું વધી જાય છે !!!

## સર્વોત્કૃષ્ટ ભાવમંગલ :-

જૈન શાસ્ત્રોમાં સર્વ પ્રકારના ભાવમંગલોમાં સર્વોત્કૃષ્ટ ભાવમંગલ 'શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર' ને કહેલ છે. તેનાં મુખ્ય બે કારણો છે.

એક તો 'પંચ પરમેષ્ઠી નમસ્કાર' એ સ્વયં 'ગુણ' સ્વરૂપ છે.

અહિંસા, સંયમ અને તપ તથા સ્વાધ્યાય, ધ્યાન અને જ્ઞાન વગેરે સ્વયં ગુણરૂપ છે, પણ ગુણોના બુહમાન સ્વરૂપ નથી.

બીજું 'શ્રી પંચપરમેષ્ઠી નમસ્કાર' એ સર્વ-સદ્‌ગુણોમાં શીરોમણી જે 'વિનય' સદ્‌ગુણ છે તેના આદર અને પાલન સ્વરૂપ છે.

મોક્ષનું મૂળ વિનય છે વિનય વિના જ્ઞાન નથી. 'જ્ઞાન વિના દર્શન નથી. દર્શન વિના ચારિત્ર નથી. ચારિત્ર વિના મોક્ષ નથી. મતલબ કે મોક્ષને માટે ચારિત્રની જરૂર છે. ચારિત્ર માટે શ્રધાની જરૂર છે. શ્રધ્ધા માટે જ્ઞાનની જરૂર છે. જ્ઞાન માટે વિનયની જરૂર છે.

યોગ્યનો વિનય એ સદ્વિનય છે. શ્રી પંચ-પરમેષ્ઠી-નમસ્કારમાં તાત્વિક ગુણોને આ ધારણ કરવાવાળી વિનયને પાત્ર, ત્રિકાળ અને ત્રિલોકવર્તી સર્વ-વ્યક્તિઓને નમસ્કાર કરવામાં આવે છે. શ્રી પંચ-પરમેષ્ઠી-નમસ્કારમાં- નમસ્કારને યોગ્ય વ્યક્તિઓ સર્વ પ્રધાન હોવાથી તેમને થતો નમસ્કાર એ, સર્વ-મંગલોમાં પ્રથમ-મંગલ-સ્વરૂપ અને સર્વ વિનયોમાં પ્રધાન વિનય સ્વરૂપ બની જાય છે.

પ્રધાન વિનય-ગુણના પાલનથી પ્રધાન (યથાર્થ) જ્ઞાન, પ્રધાન (તાત્વિક) દર્શન, પ્રધાન (શ્રેષ્ઠ) ચારિત્ર અને પ્રધાન (અવ્યાબાધ) સુખની પ્રાપ્તિ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી પંચ-પરમેષ્ઠી-ભગવંતોને નમસ્કાર સ્વરૂપ પ્રધાન વિનય-ગુણના પાલન વિનાનું જ્ઞાન, ધ્યાન કે સંયમ, સર્વપ્રધાન મોક્ષ આપવાને સમર્થ થઈ શકતું નથી.

## ગુણ-બહુમાન :-

શ્રી પંચ-પરમેષ્ઠી-નમસ્કાર એ જેમ પ્રધાન વિનય-ગુણના પાલન સ્વરૂપ છે, તેમ ગુણોના બહુમાન સ્વરૂપ પણ છે.

ગુણ-બહુમાન એ ચિત્તની અચિન્ત્ય-શક્તિયુક્ત ધર્મ છે. ગુણ-બહુમાનના આશયવાળું ચિત્ત થોડા જ સમયમાં સર્વ પ્રકારની અશુદ્ધિ અને અહંકારાદિ-દોષોથી રહિત બની જાય છે.

કાચી માટીના ઘડામાં ભરેલું પાણી જેમ પ્રતિક્ષણ ઘટનો નાશ કરનારૂં થાય છે, તેમ ચિત્તરૂપી કુંભમાં રહેલું ગુણ-બહુમાનરૂપી જળ, ચિત્તના દોષો અને મલિનતાનો પ્રતિક્ષણ ક્ષય કરનારૂં થાય છે.

ગુણ-બહુમાનને ધારણ કરનાર માનસિક ભાવ જેમ અચિન્ત્ય પ્રભાવ-સંપન્ન છે, તેમ ગુણ-બહુમાનને વ્યક્ત કરનારી વાચિક અને કાયિક ચેષ્ટાઓ પણ પ્રભાવસંપન્ન બની જાય છે.

## સર્વોત્કૃષ્ટ મંગલ :-

શ્રી પંચ-પરમેષ્ઠી-નમસ્કારમાં ત્રણ વસ્તુઓ રહેલી છે.

મનથી નમવાનો ભાવ.

વચનથી નમવાનો શબ્દ.

કાયાથી નમવાની ક્રિયા.

એ રીતે ભાવ, શબ્દ અને ક્રિયારૂપ ત્રિવિધ ક્રિયાથી યુક્ત 'શ્રી પંચ-પરમેષ્ઠી નમસ્કાર' પાપધ્વંસ અને કર્મક્ષયના અનન્ય કારણરૂપ બની જાય છે. તેથી તે સર્વોત્કૃષ્ટ મંગળ-સ્વરૂપ છે. તેથી શ્રી પંચ-પરમેષ્ઠી-નમસ્કારની ચૂલિકામાં ફરમાવ્યું છે કે -

एष पञ्च-नमस्कार : सर्वपाप-प्रणाशनः ।

मंगलानां च सर्वेषां प्रथमं भवति मंगलं ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ : પાંચે પરમેષ્ઠીઓને કરેલો આ નમસ્કાર સર્વ-પાપોનો પ્રકર્ષે કરીને નાશ કરનારો છે, તથા સર્વ મંગલોમાં પ્રથમ પ્રધાન સર્વોત્કૃષ્ટ મંગલ સ્વરૂપ છે.

જીવ માત્રને પોતાના મંગલમાં રૂચિ તેમજ રસ અને પ્રીતિ હોય છે. પણ મંગલનું યથાર્થ સ્વરૂપ જાણનારા બહુ ઓછા હોય છે. તે પૈકીના મોટા ભાગના જીવો દ્રવ્યમંગલ માટે જ તલસતા હોય છે. ખરૂં તેમજ પૂરે-પૂરૂં સામર્થ્ય ભાવમંગલમાં હોય છે.

તે વિષેના યથાર્થજ્ઞાનના અભાવે તે જીવો દ્રવ્ય-મંગલની દુનિયામાં અટવાયા કરે છે. એટલે જ **કેટલાક માણસો હાથમાં પૂર્ણ-કળશ ધારણ કરીને સામી મળતી કુમારિકાના શુકનથી જેટલા પ્રસન્ન થાય છે, તેટલા પૌષધધારી પુણ્યવંત શ્રાવક યા શ્રાવિકા તેમને સામા મળે છે, ત્યારે પ્રસન્ન થતા નથી, પણ આ તેમનું અજ્ઞાન છે.**

વિષય-કષાયને પ્રશસ્ત કરવામાં પ્રયત્નશીલ મહાન આત્માનું દર્શન તો સર્વ દેશ અને સર્વ કાળમાં સદા મંગલકારી હોય છે જ !!!

## અધ્યાત્મ યાત્રાનો ઉપાય-જાપ

આત્માની ચેતનાનો અનુભવ થાય ત્યારે નવકાર ગમે. આપણી બધી ક્રિયાઓ નવકારના પોષણવાળી હોવી જોઈએ. જો આમ ન થાય તો અધ્યાત્મને જગાડનારી ક્રિયાઓ પણ જડ જેવી લાગે, આધ્યાત્મ (આત્મા) ની નજીક રહેવા પ્રયત્ન કરવા માટે સહેલામાં સહેલો ઉપાય જાપ છે.

## -: જાપ સફળ ક્યારે બને :-

શ્રી નવકારની આરાધના આત્મશુદ્ધિના લક્ષ્ય સાથે કરવા માટે
(૧) જપ યોગ (૨) શ્રી જિન ભક્તિ અને
(૩) કક્ષાનુરૂપ ધર્મ ક્રિયાઓનું આરાધન
આ ત્રાણેયની ખાસ જરૂર છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨ શ્રી નવકારની અનામત

મહામંત્ર શ્રી નવકાર પાસે કંઈ માંગવું તે વડની છાયામાં પંખો લઈને બેસવા સરખું કે પોતાની જનેતા પાસે વાત્સલ્યની યાચના કરવા જેવું છે અથવા તો શ્રી નવકારની સર્વ પાપ પ્રણાશકતામાં અધૂરી શ્રદ્ધાની એ નિશાની છે.

નદી પાસે જઈને કોઈ જળ માંગે છે ? ના ! કારણ કે જળ માટે તો નદી સુધી જતા જ હોઈએ છીએ અને જલથી ભરપુર નદી પાસે જળની માંગણી કરવી તે બેહુદું જ ગણાય ને !

તો પછી શ્રી નમસ્કાર મહામંત્ર પાસે ગયા પછી તે જે આપે તે સહર્ષ સ્વીકારવું જોઈએ કે અનાદિથી પોષાયેલી યાચકવૃત્તિને આગળ કરવી જોઈએ ?

માંગવાનો આવો મોહ; જીવની અને શ્રી નવકારભક્તિ વચ્ચે શિલાસ્તંભ બનીને ઉભો રહે છે.

માટે જ માંગવાના મહામોહના સમૂળા નાશ સિવાય શ્રી નવકાર પાસે બીજું કશું પણ માંગવું તે તથા પ્રકારના જીવન પ્રત્યેના આપણા મોહને શ્રી નવકાર ભક્તિ દ્વારા હૃષ્ટ-પુષ્ટ કરવા જેવું કે વૈદ્ય પાસે તાવ ઉતારવાને બદલે વધારવાની દવા માંગવા જેવું છે.

મોહ મુર્ચ્છામાં હોઈએ છીએ એટલે આપણને 'કોઈ પણ સંયોગોમાં જેના બદલામાં તરત જ કશું મળી જવાનું ન હોય' એવી ક્રિયામાં સાચી નિષ્ઠા પ્રગટતી નથી.

પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરતી વખતે મનના કોઈ પણ ભાગમાં દુન્યવી રિદ્ધિ-સિદ્ધિને યાચવાની તુચ્છવૃત્તિ બેઠી થાય છે તે આપણને તે પરોપકારી ભગવંતોના સ્વરૂપમાં એકાકાર બનેલા ભાવ સુધી પહોંચવાને લાયક રહેવા દેતી નથી, નાલાયક બનાવી મુકે છે.

જેઓએ શ્રી નવકાર પાસે કશું માગ્યું નહિ અને ત્રિવિધે તેની ખૂબ-ખૂબ ભક્તિ કરી તે બધાને તેણે ઓછા કાળમાં અનંત સુખના ધામરૂપ મોક્ષને



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાયક બનાવી દીધા, ઘણાને મોક્ષ-સુખ પણ આપી દીધું.

વસ્તુતઃ નવકાર પાસે માંગનાર પોતે પોતાની તથા પ્રકારની માંગણી દ્વારા પોતાનો જ હિતશત્રુ બને છે કારણ કે **શ્રી નવકારમાં એના એકનિષ્ઠ ઉપાસકને જેટલી આપવાની ક્ષમતા છે તેના એક કરોડમા ભાગ જેટલી પણ ક્ષમતા તેના ઉપાસકમાં માંગવાની હોતી નથી.**

મતલબ કે શ્રી નવકાર પાસે દુન્વયી સમૃદ્ધિની માંગણી કરવી તે તેનો જે અખૂટ સુખ આપવાનો ભાવ છે, તેનો ઈન્કાર કરવા સમાન છે.

પંચ પરમેષ્ઠિ ભગવંતો આપણા ઉપર જે અનંત ઉપકાર કરી રહ્યા છે તે ઉપકારનું જે સત્વશીલ આત્માને યથાર્થ ભાન થાય છે, ત્યારે તે તેમની પાસે ભક્તિના બદલામાં કશું પણ માંગતાં ધ્રુજી ઉઠે છે.

**સાચું પૂછો તો માંગવાનો અધિકાર પંચપરમેષ્ઠી ભગવંતોને છે, આપણને નહિ કારણ કે આપણા ઉપરના તેઓશ્રીના આજ સુધીના ઉપકારોની કોઈ સીમા નથી.**

ઉપકારી ભગવંતોના ઉપકારનો યથાશક્ય બદલો વાળવાના અવસરે પણ 'બદલામાં આટલું આપજો' એમ કહેવું તે કૃતજ્ઞતાભાવનો અભાવ સૂચવે છે.

ભીની આંખે અને રડતા અંતઃકરણ પૂર્વક અનેક જન્મોના પાપોનું પ્રાયશ્ચિત કરવાના અવસરે સંસાર યાદ આવે તે ખરેખર પામરતાની જ નિશાની છે.

**ભક્તિએ સોદાબાજીનો વિષય નથી.**

આપીને લેવાની વાત જેના મનમાં દિન-રાત ઘોળાતી હોય તે કદિએ મહામોહને લાત ન મારી શકે.

થોડીક શ્રી નવકારની ભક્તિ કરીને તેનું ફળ માંગી લેવાથી જીવનો આધ્યાત્મિક વિકાસ અટકી જાય છે.

ભક્તિના ઉત્તમ ફળ પેટે ભક્તિ સિવાય બીજું કોઈ માંગે તે શ્રેષ્ઠ કોટિનો ભક્ત ન ગણાય. પણ તે **ભક્તિનો સોદો કરનાર ભક્ત નહિં પણ સોદાગર ગણાય.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંગવાની અને લેવાની વૃત્તિને પોષવાથી ભક્તિનો સર્વાંગ સુંદર પ્રવાહ દૂષિત થાય છે, એ આપણે ક્યારે સમજીશું ?

જેને માગતાં મોત જેવું લાગે અને આપતાં અપૂર્વ આનંદ આવે તેનું નામ ભક્ત

## સાધકનું સુરક્ષા કવચ

જ્યારે જ્યારે કર્મના સંસ્કારો અશુભ દિશામાં આપણી વૃત્તિઓને ધકેલે અગર તેવા નિમિત્તો આપણને તે બાજુ લઈ જવા મથે ત્યારે ત્યારે શ્રી નવકારની ચુલીકાના છઠ્ઠા- સાતમા બે પદો ખૂબ ગંભીરતાથી મનમાં ચિંતવવા અગર સતત તેનો જાપ કરવો.

આ ચિંતન-જાપથી અંતરના બંધનો તાપથી બરફ ગળે તેમ ઓગળી જાય તેવો અનુભવ થશે.

અંતરથી ચુલિકાના પ્રથમ બે પદનું સતત ચિંતન-જાપ કરવાથી અંતર આત્માની સુષુપ્ત શક્તિ શ્રી નવકારના શાશ્વત દિવ્ય વર્ણોના માધ્યમથી પરમાત્મ તત્વની દિવ્ય શક્તિઓ આપણા અંતરમાં પ્રસરવા માંડે છે.

પરિણામે અંતરમાં દિવ્ય તત્વના ઝબકારા શરૂ થઈ ગમે તેવા દ્રષ્ટિના વિકારો કે વિકારી વાસનાઓનાં અંધારા હઠવા માંડે છે.

## -: જપીએ નવકાર તીહું કાળ :-

નવકારના આરાધકે-સાધકે જાપના કારણે જાગેલા શુભ આંદોલનોને શુભ અધ્યવસાય કે આત્મસ્પર્શી બનાવવા તથા સ્થિર કરવા માટે વારંવાર નવકાર પ્રતિ મન દોરવું જોઈએ.. આ સ્મરણ ધ્યાનથી અશુધ્ધ મન-વચન-કાયાનું શુધ્ધિકરણ થાય છે. જે આપણી આરાધનાને ગતિ પ્રેરક બને છે તે માટે.. સવારે ૬ વાગે બપોરે ૧૨ વાગે તથા સાંજે ૬ વાગે ૧૨-૧૨ નવકાર ગણવા. આમાં સમય અને સંખ્યાનું મહત્વ હોવાથી એની ચોક્સાઈ વિશેષ રાખવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧૩) શ્રી નવકાર મહામંત્રના વર્ણોનું અદ્‌ભૂત ગણિત

શાશ્વત મહામંત્ર શ્રી નવકારના ૬૮ અક્ષરોમાં સમગ્ર શ્રુતજ્ઞાનનું સારતત્ત્વ સમાયેલું છે.

તે કેવી રીતે ? તેની થોડીક વિચારણા બાલસુલભ શૈલિમાં આ પ્રમાણે અનુભવીઓ પાસેથી જાણવા મળે છે.

દરેક કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત બંને કારણ ગૌણ-મુખ્યભાવે પણ હોય જ છે.!

કેમકે બંને એક-બીજાના પૂરક બની કાર્યના ઘડતરમાં અનેરો ફાળો આપે છે.

પરંતુ 'તત્ત્વ' મહાપુરૂષો જણાવે છે કે -

**ઔદયિક ભાવના** (પૌદ્‌ગલિક-અઘાતી કર્મના ઉદયથી થનારા) **કાર્યો માટે ઉપાદાન** (પૂર્વકૃત કર્મના સંસ્કારવાળા આત્મા)**ની મુખ્યતા છે અને નિમિત્ત કારણ** (તેવા વિશિષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ) **ગૌણ** (ઉપાદાનની જેવી પરિણતિ યોગ્યતા હોય તેવા) **હોય છે. ક્ષાયોપશમિક ભાવ ના** (આધ્યાત્મિક = ઘાતી કર્મના ક્ષયોપશમથી થનારા) **કાર્યોમાં નિમિત્ત** (તેવા વિશિષ્ટ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવ) **ની મુખ્યતા છે, અને ઉપાદાન** (કર્મના સંસ્કારોથી વીંટળાયેલ આત્મા) **ગૌણ** (જેવા વિશિષ્ટ નિમિત્તો મળે તેવા રૂપે પલટી શકે તેવું) **હોય છે.**

કેમકે ઔદયિક પદાર્થો આત્મ-સ્વરૂપથી અળગા છે, તેને મેળવવા નિમિત્ત ગમે તેટલા સારા છતાં પારકી વસ્તુ માત્ર પુરૂષાર્થથી ન મળે, પણ સામાની ઈચ્છા હોય તો મળે, તેમ પૌદ્‌ગલિક પદાર્થો તેવા વિશિષ્ટ કર્મની અનુકૂળતા હોય તો તદનુકૂળ નિમિત્તો સફળતાને પામે,

ટૂંકમાં પૌદ્‌ગલિક પદાર્થોની પ્રાપ્તિ-ભોગ આદિમાં નિમિત્તો ઉપાદાન-સાપેક્ષ કાર્ય સાધક બને, પરંતુ આધ્યાત્મિક (જ્ઞાન, દર્શન, સમ્યક્ત્વ, ચારિત્રાદિ) પદાર્થો તો આત્માના સહજ મૂળભૂત સ્વરૂપ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેથી તેને મેળવવા ઘરમાં દાટેલ નિધાન કે આપણી તિજોરીમાં મુકેલ પૈસાને મેળવવા માત્ર પ્રબળ વિશિષ્ટ પુરૂષાર્થની જ જરૂર છે. !

એટલે ક્ષાયોપશમિક-ભાવના જ્ઞાનાદિ ગુણોને મેળવવા માટે વિશિષ્ટ પુષ્ટ આલંબનરૂપ પંચપરમેષ્ઠી, પ્રભુશાસન અને તેની વિશિષ્ટ ક્રિયાઓ આદિ નિમિત્તનું યથાવત્ વિધિપૂર્વક આ-સેવન મુખ્ય છે.

કેમકે તેના આધારે ઉપાદાનનું પરાવર્તન-પરિણમનાદિ થાય છે.

ટૂંકમાં આધ્યાત્મિક ક્ષેત્રોમાં ઉપાદાનની પરિણતિ તેવા વિશિષ્ટ-નિમિત્તોના આલંબન પર નિર્ભર છે.

આ ઉપરથી શ્રી નવકાર મહામંત્રના શાશ્વત વર્ણોના જાપ - સ્મરણાદિ વિશુદ્ધ નિમિત્તથી ઉપાદાન આત્મામાં રહેલ કર્મોનો ઝડપી વિનાશ થવાની શાસ્ત્રકારોની નીચેની વાત સુસંગત રીતે સમજાઈ જશે.

અર્થાત્ શ્રી નમસ્કાર મહામંત્રના અદ્ભુત આધ્યાત્મિક સામર્થ્યવાળા

★ એક અક્ષરના ઉચ્ચારણથી - ૭ સાગરોપમના પાપોનો ક્ષય થાય.

★ એક પદના જાપથી ૫૦ સાગરોપમ પાપોનો ક્ષય થાય.

★ એક નવકાર મહામંત્ર ગણવાથી ૫૦૦ સાગરોપમના પાપનો ક્ષય થાય.

★ એક નવકારવાળી=૧૦૮ નવકાર ગણવાથી, ૫૪૦૦૦ સાગરોપમના પાપનો ક્ષય થાય,

## સાગરોપમ એટલે :-

જૈન શાસ્ત્રોની પરિભાષા પ્રમાણે સમયનું માપ કાઢવા માટેના વ્યાવહારિક એકમો (એકમ, દશક, સો, હજાર આદિ) બહુ ટૂંકા પડે તેથી અસત્કલ્પનાએ સમજાવવા માટે એવું ગણિત આપ્યુ છે કે -

"૪ ગાઉ લાંબા, ૪ ગાઉ પહોળા, ૪ ગાઉ ઉંડા કૂવામાં તુરતના જન્મેલા બાળકના માથાના ૧ વાળના અત્યંત સૂક્ષ્મ કે જેના આપણે એકથી બીજો ભાગ ન કરી શકીએ તેવા અસંખ્ય ટુકડાઓ ગીચોગીચ ભરવામાં આવે-ઠાંસીને ભરવામાં આવે કે જેના ઉપરથી ચક્રવર્તીનું મોટું લશ્કર પસાર થાય તો પણ હચમચે નહીં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પછી દર સો વર્ષે ૧-૧ વાળનો ટુકડો (વાળ નહીં) કાઢતાં જ્યારે તે કૂવો ખાલી થાય, ત્યારે શાસ્ત્રીય પરિભાષામાં એક પલ્યોમય કહેવાય.

આવા દશ કોડાકોડી (૧૦૦૦૦૦૦૦૦, ૦૦૦૦૦૦૦૦) પલ્યોપમે (એકડા ઉપર ૧૬ મીંડા ચઢે તેટલા કૂવા ખાલી થાય ત્યારે) ૧ સાગરોપમ થાય"

આવા ૭ સાગરોપમ સુધી ભોગવી શકાય તેટલાં પાપોનો નાશ શ્રી નવકાર મહામંત્રના ૧ અક્ષરથી થાય છે. તેમજ ૫૦ સાગરોપમ સુધી ભોગવી શકાય તેટલા પાપનો ક્ષય ૧ પદથી થાય.

કેમકે પ્રથમ પદમાં ૭ અક્ષર છે, ૧ અક્ષરથી ૭ સાગરોપમના પાપનો ક્ષય,

તેથી ૭ x ૭ = ૪૯ સાગરોપમ

અને આખા પદના સમુચ્ચયનો ૧ સાગરોપમ = ૪૯ + ૧

એમ=૫૦ સાગરોપમના પાપનો ક્ષય એક પદના જાપથી થાય છે.

આ પ્રમાણે શ્રી નવકાર મહામંત્રના બધા ૬૮ અક્ષરો છે. એક અક્ષરના જાપથી ૭ સાગરોપમના પાપનો ક્ષય એટલે ૬૮ x ૭ = ૪૭૬ સાગરોપમના પાપનો ક્ષય નવકારના ૬૮ અક્ષરના જાપથી થાય.

વળી શ્રી નવકાર મહામંત્રના,

૯ પદોના ૯ સાગરોપમ

૮ સંપદાના ૮ સાગરોપમ,

૭ ગુરૂ અક્ષરના ૭ સાગરોપમ,

૨૪ કુલ.

આ રીતે.....

શ્રી નવકાર મહામંત્રના દરેક વર્ણથી થતા ૭ સાગરોપમના પાપના ક્ષયની સંખ્યા (૪૭૬ સાગરોપમ) માં શ્રી નવકાર મહામંત્રના પદ (૯) સંપદા (૮) ગુરુઅક્ષર (૭) થી ક્ષય થતા સાગરોપમના પાપની સંખ્યા = ૨૪ ને ઉમેરતાં (૪૭૬+૨૪)=૫૦૦ થાય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે શ્રી નમસ્કાર મહામંત્ર ગણવાથી ૫૦૦ સાગરોપમના પાપનો ક્ષય થાય.

આ રીતે....

૧ બાંધી નવકારવાળી ગણતાં કુલ ૧૦૮ નવકારનો જાપ થાય તેથી ૫૦૦ x ૧૦૮=૫૪૦૦૦ સાગરોપમના પાપનો ક્ષય

શ્રી નવકાર મહામંત્રની બાંધી ૧ માળા ગણવાથી થાય, એ સ્પષ્ટ હકીકત છે.

આ બધું વિશિષ્ટ શ્રદ્ધાની કેળવણીના પગથારે પહોંચતાં સુધી બાળ જીવોને જાપ શક્તિનો લાભ સમજાવી આરાધનાના માર્ગે વાળવા માટે પ્રાથમિક કક્ષાની ભૂમિકારૂપ જાણવું.

વળી ૬૮ની સંખ્યાનું ગણિતની રીતે વિશ્લેષણ કરતાં અદ્ભૂત આધ્યાત્મિક ફળને સૂચવનારી બાબતો જાણવા મળી શકે છે.

જેમ કે -

★ ૬+૮=૧૪ પૂર્વોનું સૂચન થાય છે.

એટલે શ્રી નમસ્કાર મહામંત્ર ૧૪ પૂર્વોનો સાર છે.

★ ૮-૬=૨ એટલે આઠકર્મને બાંધવાની સ્થિતિમાંથી ૬ જીવનિકાયનો આરંભ બાદ કરવામાં આવે તો આરાધક પુણ્યાત્મા જ્ઞાન-ક્રિયા એ બાબતની સફળતા મેળવી શકે,

૬ x ૮=૪૮ લબ્ધિઓનું સૂચન થાય.

અર્થાત્ શ્રી નમસ્કાર મહામંત્રને યોગ્ય રીતે આરાધનાર આત્માઓ મૌલિક શક્તિઓની પ્રાપ્તિ સાથે વિશિષ્ટ ઉચ્ચકોટીની ૪૮ લબ્ધિઓ પણ મેળવે છે.

૮÷૬=૧ ભાગફળ, શેષ-૨

એટલે ૮ કર્મોથી બંધાયેલ આત્મા, જો ૬ વ્રત (પાંચ મહાવ્રત અને ૧ રાત્રિભોજન વિરમણવ્રત)નું પાલન કરે તો ફળ તરીકે વિશુદ્ધ આત્મા એકલો કર્મ રહિત બની જાય અને મોક્ષ ન મળે ત્યાં સુધી શેષ તરીકે શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મને ટકાવી શકે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે :-

શ્રી નમસ્કાર મહામંત્રના શરૂના પાંચપદોના અક્ષરો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| પ્રથમપદમાં | - ૭ | |
| બીજાપદમાં | - ૫ | |
| ત્રીજાપદમાં | - ૭ | |
| ચોથાપદમાં | - ૭ | |
| પાંચમાપદમાં | - ૯ | |
| કુલ | ૩૫ | |

આ ૩૫ની સંખ્યાનું પણ વિશ્લેષણ - નીચે મુજબ આધ્યાત્મિક બાબતો સૂચવો છે.

★ ૩+૫=૮ સિદ્ધના મુખ્ય ગુણો.

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાના પરિણામે શ્રી સિદ્ધ ભગવંતના ૮ ગુણો પ્રાપ્ત થાય છે.

★ ૫-૩ = ૨, પાંચ ઈંદ્રિયોના વિકારોથી જો મન-વચન-કાયાનો ત્યાગ-સંયમના બળે દૂર રાખવામાં આવે તો સાધુ ધર્મ અને શ્રાવક ધર્મની સફળ આરાધના થાય.

૩ x ૫ = ૧૫ શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાથી પંદર પ્રકારના યોગોને હટાવી. અયોગીપદ પામી શકાય.

| | |
|---|---|
| ૪ મનના | (સત્ય, મૃષા, મિશ્ર, વ્યવહાર) |
| ૪ વચનના | (સત્ય, મૃષા, મિશ્ર, વ્યવહાર) |
| ૭ કાયાના | (૧. ઔદારિક કાયયોગ ૨. ઔદારિક મીશ્રકાયયોગ ૩. વૈક્રિય |
| ૧૫ યોગ | કાયયોગ ૪. વૈક્રિય મીશ્રકાયયોગ ૫. આહારક કાયયોગ |
| | ૬. આહારક મિશ્રકાયયોગ કાર્મણ મિશ્રકાયયોગ) |

★ ૫ ÷ ૩ = ૧ ભાગફળ, ૨ શેષ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોહનીયની મુખ્ય પ્રકૃતિ પાંચ છે :-

મિથ્યાત્વ મોહનીય, ક્રોધ, માન, માયા, લોભ આ પાંચ જીવને વધુ મલિન કરનારા છે.

આ પાંચને -

ત્રણ દંડ, ત્રણ શલ્ય, ત્રણ ગારવનો ત્યાગ. અગર -

ત્રણ ગુપ્તિ તથા રત્નત્રયીની આરાધના - અથવા -

જ્ઞાની-ગુરૂની નિશ્રા, વિધિપૂર્વક ક્રિયા અને

શાસ્ત્રીય મર્યાદાઓનું પાલન -


- આ ત્રણ બાબતોથી અપ્રમત્ત - સાધુપણા રૂપી મહત્વનું ફળ પ્રાપ્ત થાય અને શુભ અને અશુભ આશ્રવનો રોધ થાય.

આ રીતે શ્રી નવકાર મહામંત્રના પાંચ પદોના ૩૫ અક્ષરો ગણિતની રીતે વિશિષ્ટ ફળો સૂચવનારા છે.

**જપ સાધનાનો ક્રમ**

અંતર ચેતના શક્તિનું ઉત્થાન કરવા માટે કરાતો નવકારનો જાપ પ્રાથમિક રીતે...નવકારવાળીથી કરવો... પછી ભૂમિકા આગળ વધે એટલે... આંગળી ઉપર ત્યારબાદ હૃદયમાં અને ભૂમિકા શુધ્ધિ થયા પછી કમળબંધ વગેરે જાપ કરવો.

**- પૂજ્ય શ્રીની નોંધપોથીમાંથી**





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૪ શ્રી નમસ્કાર મહામંત્ર પરિચય
### (અક્ષર-માતૃકા-વિજ્ઞાન દ્રષ્ટિએ)

શ્રી નમસ્કાર મહામંત્રમાં -

પદ ૯ છે. સંપદા ૮ છે.

ગુરૂ ૭ છે. લઘુ ૬૧ છે.

સર્વવર્ણ ૬૮ છે.

સ્વરો ૬૮ છે. વ્યંજનો ૮૨ છે. સર્વાક્ષર ૧૫૦ છે.

વ્યસ્યમાન વર્ણો ૧૩૧

(સ્વર-વ્યંજન જુદા થાય તેવા)

અવ્યસ્યમાન વર્ણો - ૬

(સ્વતંત્ર)

★ ૧૪ સ્વરોમાંથી - સ્વરો ૭

★ ૩૭ વ્યંજનોમાંથી વ્યંજનો ૧૯

★ ૧૪ સ્વરો - અ, આ, ઈ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, લૃ, લૄ,
એ, ઐ, ઓ, ઔ,

★ ૩૭ વ્યંજનો - ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ञ
ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન,
પ, ફ, બ, ભ, મ,
ય, ર, લ, વ,
શ, સ, ષ, હ.

અનુસ્વાર, વિસર્ગ, જિહવામૂલીય, ઉપધ્માનીય.

★ **શ્રી નમસ્કાર મહામંત્રમાં -**

(૧) અ - ૧ થી ૯ પદમાં છે, કુલ ૩૮ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૨) આ - ૧ થી ૮ પદમાં છે, કુલ ૧૧ છે.

(૩) ઇ - ૧, ૨, ૩, ૮, ૯, મા પદમાં છે, કુલ ૫ છે

(૪) ઉ - ૪, ૬ પદમાં છે, કુલ ૨ છે.

(૫) ઊ - ફક્ત પાંચમા પદમાં છે, કુલ ૧ છે.

(૬) એ - ૫, ૬, ૮ મા પદમાં છે, કુલ ૩ છે.

(૭) ઓ - ૧ થી ૭ પદમાં છે, કુલ ૯ છે.

આ રીતે ૭ સ્વરો નવે પદમાં થઈ કુલ ૬૮ છે.

## ★ શ્રી નમસ્કાર મહામંત્રમાં

(૧) ક - ફક્ત ૬ઠ્ઠા પદમાં છે, કુલ ૨ છે.

(૨) ગ - ૮-૯ મા પદમાં છે, કુલ ૨ છે.

(૩) ચ - ૬-૮મા પદમાં છે, કુલ ૨ છે.

(૪) જ - ફક્ત ૪થા પદમાં છે, કુલ ૧ છે.

(૫) ઝ - " " " " "

(૬) ઢ - ફકત ૯મા પદમાં છે, કુલ ૧ છે.

(૭) ણ - ૧ થી ૮ પદમાં છે, કુલ ૧૪ છે.

(૮) ત - ફક્ત ૧ લા પદમાં છે, કુલ ૧ છે.

(૯) દ - ફક્ત ૨ પદમાં છે, કુલ ૧ છે.

(૧૦) ધ - ફક્ત ૨ જા પદમાં છે, કુલ ૧ છે.

(૧૧) પ - ૬, ૭, ૯ મા પદમાં છે, કુલ ૫ છે.

(૧૨) મ - ૧ થી ૬ અને ૮, ૯મા પદમાં છે, કુલ ૯ છે.

(૧૩) ય - ૩-૪ થા પદમાં છે, કુલ ૩ છે.

(૧૪) ર - ૧, ૩, ૬ ઠ્ઠા પદમાં છે, કુલ ૩ છે.

(૧૫) લ - ૫, ૮, ૯ મા પદમાં છે, કુલ ૩ છે.

(૧૬) વ - ૪, ૫, ૭, ૮, ૯ મા પદમાં છે, કુલ ૯ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૧૭) સ - ૨, ૫, થી ૮ મા પદમાં છે, કુલ ૮ છે.

(૧૮) હ - ૧, ૫, ૯ મા પદમાં છે, કુલ ૩ છે.

(૧૯) અનુસ્વાર ૧ થી ૬, ૮, ૯ મા પદમાં છે, કુલ ૧૩ છે.

આ રીતે ૧૯ વ્યંજનો નવે પદમાં થઈને કુલ ૮૨ વ્યંજનો છે.

**★ શ્રી નમસ્કાર મહામંત્રમાં**

અક્ષર વિજ્ઞાનની દ્રષ્ટિએ

પ્રથમના પાંચ પદની ૫૯ માત્રા થઈ શકે.

ચૂલીકાની ૫૩ થઈ શકે

કુલ ૧૧૨ માત્રા ગણી શકાય,

**★ શ્રી નમસ્કાર મહામંત્રમાં -**

વર્ણાક્ષરમાતૃકા શાસ્ત્રની દ્રષ્ટિએ

પાંચ પદની ૭૬॥ માત્રા

ચૂલીકાની ૭૦॥ માત્રા

કુલ ૧૪૭ માત્રા થાય

આ રીતે શ્રી નમસ્કાર મહામંત્રનું માત્રાત્મક સ્વરૂપ ધ્યાન એ શક્તિ-સ્ફોટ માટે ગુરૂગમથી ઉપયોગી બને છે, તે અપેક્ષાએ માત્રાની વાત જાણવી.

બાકી શ્રી નવકાર મહામંત્રના શરૂના પાંચ પદો સૂત્રાત્મક હોઈ ગદ્ય છે, ચૂલિકા અનુષ્ટુપ છંદમાં હોઈ શ્રી નવકારમાં માત્રા-મેળની સંગતિ નથી, પણ વિશિષ્ટ અપેક્ષાએ માત્રાની આ વાત અહીં જાણવી.

વળી શ્રી નમસ્કાર મહામંત્રમાં આપેલા કેટલાક વર્ણો અદ્ભૂત સંકેત સૂચક છે.

જેમ કે :-

(૧) ૧૧ आ - ૧૧ અંગના સૂચક

(૨) ૨ क - બે કર્મ (ઘાતી અઘાતી)ના સુચક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) ૨ ग - ગુરૂ અને પરમગુરૂ = તીર્થંકરના સૂચક

(૪) ૨ च - બે ચારિત્ર (દેશ-સર્વવિરતિ) ના સૂચક

(૫) ૫ ण - (પાંચ પદની શરૂમાં આવતા) પાંચ જ્ઞાનના સૂચક

(૬) ૯ ण - (પદમાં વચ્ચે આવતા) નવનિધિના સૂચકો.

(૭) ૧૪ ण - ૧૪ પૂર્વના સૂચકો.

(૮) ૫ प - પંચપરમેષ્ઠી સૂચક.

(૯) ૯ म - ૪ મંગળ-૫ મહાવ્રત=૯ મહત્વની બાબતના સૂચક.

(૧૦) ૩ य - ત્રણ યોગની શુદ્ધિના સૂચક

(૧૧) ૩ र - રત્નત્રયી (જ્ઞાન-દર્શન-ચારિત્ર) ના સૂચક.

(૧૨) ૩ ल - ત્રણ લોકના સૂચક.

(૧૩) ૮ स - ૮ સિદ્ધિના સૂચક

(૧૪) ૩ ह - આદિ-મધ્ય-અન્ત્ય મંગળ-સૂચક છે.

આવી અનેક બાબતો દિવ્ય-શક્તિનિધાન શ્રી નમસ્કાર મહામંત્રમાં ભરેલી છે, જે કે, ચિંતન, ધ્યાન અને જાપની-શક્તિ યોગ્ય જ્ઞાની-ગુરૂની નિશ્રામાં વિકસાવવાથી સ્વતઃ સમજાય છે.

## નવકાર કયારે ગણવો

अपवित्र पवित्रो वा, सुस्थितो दुःस्थितोऽथवा ।
ध्यायेत् पञ्च-नमस्कारं, सर्व-पापैः प्रमुच्यते ।।

અપવિત્ર હોય કે પવિત્ર હોય અથવા સુખી હોય કે દુઃખી હોય, પંચ નમસ્કારનું જે ધ્યાન કરે છે. તે સર્વ પાપોથી મુક્ત બને છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૫ શ્રી નવકારમાં णमो કે नमो ?

## પ્રાકૃત ભાષામાં "ન" નો ઉપયોગ નથી !!!

અનાદિ શાશ્વત શ્રી નવકારમાં કાળબળના પ્રભાવે " णमो " ના સ્થાને नमो પદ પ્રચલીત બન્યું છે. પણ વાસ્તવિકતાની એરણ પર તપાસતાં णमो પદ સંગત છે તે સ્પષ્ટતા લેખ કરે છે.
- સંપાદક

શ્રી નવકાર મહામંત્ર શાશ્વત મંત્રાધિરાજ છે. શબ્દથી અને અર્થથી શ્રી નવકાર શાશ્વત છે, શાશ્વતપ્રાયઃ નથી, એટલે કે તેના ૬૮ અક્ષરો અનાદિકાળથી એકધારા સ્વરૂપે આરાધક પુણ્યાત્માઓને આધ્યાત્મિક બળ આપી રહ્યા છે.

પરંતુ કાળબળની વિષમ અસરથી ઉચ્ચારણની સગવડના નામે પ્રાકૃતભાષાના બંધારણમાં જેનું સ્થાન છે જ નહિ તેવા न નો ઉપયોગ ण ની જગ્યાએ વ્યાપક રીતે છેલ્લી કેટલીક સદીઓથી થવા માંડ્યો છે.

જેની અસર શબ્દથી પણ શાશ્વત શ્રી નવકાર મહામંત્રના ઉચ્ચારણ ઉપર થવા લાગી, પરીણામે ण ની જગ્યાએ न બોલાવા લાગ્યો.

ડૂબતો માણસ તણખલું પકડે તેમ **वाऽऽदौ**સૂત્રને આગળ કરી અક્ષરોથી પણ શાશ્વત શ્રી નવકાર મહામંત્રના ઉચ્ચારભેદનું સમર્થન પણ ગુરૂનિશ્રાએ સમ્યક્જ્ઞાનની પરિણતિ મેળવવા ભાગ્યશાળી નહિ બનેલા દ્વારા થવા માંડ્યું.

હકીકતમાં શ્રી નવકાર મહામંત્ર અક્ષરથી પણ શાશ્વત છે, તો તેમાં વૈકલ્પિક-બાબતનો સમાવેશ શક્ય નથી. વળી પાકૃતભાષાના મૌલિક બંધારણ પ્રમાણે न નો પ્રયોગ જ અવાસ્તવિક છે.

જુઓ ! આ માટે સાક્ષરરત્ન વિદ્વવર્ય પ્રાચીન હસ્તલિખિત-પ્રતિઓની વિવિધ લિપિઓના અઠંગ નિષ્ણાત, સાહિત્ય-સંશોધકરત્ન, સ્વ.પૂ. મુનિ શ્રી પુણ્યવિજયજી મ. શ્રીએ સચોટ પ્રતિપાદન કર્યું છે. તે અક્ષરશઃ ઉદ્ધૃત કર્યું છે.

"**XXX** પ્રાચીનકાળમાં પ્રાકૃતભાષામાં માત્ર सन्ति, कन्ति, भन्ति વગેરે પ્રયોગોમાં પરસવર્ગ તરીકે 'न' વ્યંજનને સ્થાન હતું. તે સિવાય પ્રાકૃતમાં 'न' વ્યંજન સ્વીકારવામાં જ નહોતો આવ્યો.

એજ કારણ છે કે - કોઈપણ પ્રાકૃતભાષાના ગ્રંથની પ્રાચીન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હાથપોથીઓમાં ન ને બદલે णमो, णरं व णारी वा, णाणं વગેરેમાં ण નો પ્રયોગ જ જોવામાં આવે છે.

નાટ્યશાસ્ત્રના પ્રણેતા મહર્ષિભરતે તેમના નાટ્યશાસ્ત્રમાં અધ્યાય ૧૭માં જ્યાં પ્રાકૃતભાષાના નિયમો આપ્યા છે, ત્યાં તેમણે નીચેના પદ્યદ્વારા "પ્રાકૃતભાષામાં 'न' નથી" એમ જણાવ્યું છે.

**"ए-ओकारपराइं, अंकारपरं च पायए णत्थि ?**

**व-सगारमज्झिमाणि य, क-चवग्ग-तवग्गणि-हणाइं ॥"**

( એટલે કે - પ્રાકૃતમાં ए - ओ પછી આવતા સ્વરો = (ઐ, ઔ,) તથા अं પછી આવતો - અઃ, **व** અને **स** ની વચ્ચેના વર્ણો = શ-ષ, તથા કવર્ગ, ચવર્ગ અને તવર્ગના છેલ્લા અક્ષરો =ङ, ञ ન આટલા અક્ષરો નથી હોતા.)

કલ્પ (બૃહત્કલ્પ) સૂત્રચૂર્ણિકારે તેમજ ટીકાકાર આચાર્ય શ્રી મલયગિરિસૂરિએ પણ કલ્પભાષ્યની **सक्कयपाययवयणाण** (ગા.૨) વ્યાખ્યામાં પણ પ્રાકૃત-લક્ષણનો નિર્દેશ કરતાં ઉપર્યુક્ત ભરતમુનિ પ્રણીતલક્ષણ = ગાથાનો જ ઉલ્લેખ કર્યો છે"

શ્રી કલ્પસૂત્ર (ચૂર્ણિ-નિર્યુક્તિ ટિપ્પણ-ગુજરાતી અનુવાદ સાથે સારાભાઈ નવાબે પ્રકાશિત કરેલ પુસ્તક)ના "પ્રાસ્તાવિક" લખાણ (પા પ. ૪ થો નંબર)માંથી ઉદ્ધૃત.

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે શાશ્વત શ્રી નવકાર મહામંત્રમાં ભાષાકીય દૃષ્ટિએ પણ **न** નું ઉચ્ચારણ સંગત નથી.

હાલના ગીતાર્થ મહાપુરૂષોએ ઉચ્ચાર સૌષ્ઠવની દ્રષ્ટિએ તેમજ બાળ-જીવોને માર્ગસ્થ રાખવા **न** ના ઉચ્ચારની આપવાદિક છૂટ આપી હોય, પણ સમજુ-વિવેકી આરાધકોએ યથાશક્ય રીતે **ण** નો ઉચ્ચાર કરવા ચોકસાઈ ભર્યું ધ્યાન રાખવું હિતાવહ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

''સર્વસિધ્ધદાયક નમસ્કાર મહામંત્ર આરાધના'' નામનું પુસ્તક સ્વ. સારાભાઈ મણીલાલ નવાબ દ્વારા સંપાદિત થયેલ છે. તે પુસ્તકની આમુખ પૂ.પં.ગુરુ દેવશ્રી અભય સાગરજીમ. ની કલમે આલેખાઈ છે. તે પુસ્તકના 'શ્રીનવકાર મંત્ર અને તેના વિષયમાં આવશ્યક વિચારો' શીર્ષકવાળા પ્રકરણમાં **'नमो'** અને **'णमो'** પદની વિષદ વિચારણા અનેક દૃષ્ટિકોણથી કરી 'णमो' પદનું જ ઉચ્ચારણ કરવાનું જણાવ્યું છે. આરાધક પુણ્યાત્માઓને અર્થે અક્ષરસઃ અત્રે મૂકેલ છે.

**- સંપાદક**

## XXX પ્રથમ અરિહંત પદનું વર્ણન આ પ્રમાણે :-

કેટલીક પ્રતોમાં 'नमो' ના સ્થાને 'णमो' પદ દેખાય છે તો બેમાંથી અહીંયાં કયું પદ શુદ્ધ જાણવું ? વરરુચિ આચાર્યના મતે 'नमो' પદ શુદ્ધ નથી, કારણ કે 'नमस्' શબ્દ જે અવ્યય છે તેનો ઉક્ત આચાર્યના મતે પ્રાકૃતમાં 'णमो' શબ્દ જ બને છે, તેનું કારણ એ છે કે :- "नो णः सर्वत्र " (सर्वत्र नकारस्य स्थाने णकारो भवतीति सूत्रार्थः ।) આ તેઓનું સૂત્ર છે, તેનો અર્થ એ થાય છે કે :-" પ્રાકૃતમાં સર્વત્ર (આદિમાં તથા અંતમાં) न કારના સ્થાને ण કાર થઈ જાય છે." પરંતુ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીના મતે 'नमो' અથવા 'णमो' એ બન્ને પદ બની શકે છે અર્થાત્ બન્નેએ શુદ્ધ છે, કારણ કે તેઓનું સૂત્ર છે કે :- 'वा दौ' (आदौवर्तमानस्यासंयुक्तस्य नकारस्य णकारो भवतीति सूत्रार्थः।) આ સૂત્રનો અર્થ એ થાય છે કે :- " શરૂઆતમાં વર્તમાન સંયોગ રહિત न કારના સ્થાને ण કાર વિકલ્પ કરવાથી થઈ જાય છે. " એટલે **શ્રી હેમચન્દ્રાચાર્ય**ના મતે ઉક્ત બંને પદો શુદ્ધ છે પરંતુ **શ્રીનવકાર માં 'णमो' પદનું જ ઉચ્ચારણ કરવું જોઈએ પણ 'नमो' પદનું નહીં**, કારણ કે શરૂઆતમાં રહેલા **'णमो'** પદમાં અણિમા સિદ્ધિ સમાએલી છે, જેનો સમાવેશ **'नमो'** પદમાં થઈ શકતો નથી.

પ્રશ્ન- **'णमो'** પદમાં અણિમા સિદ્ધિ કેવી રીતે સમાએલી છે ?

ઉત્તર- **'णमो'** પદમાં જે અણિમા સિદ્ધિ સમાએલી છે તેના કારણો આ પ્રમાણે છે :-

(૧) **'णमो'** એ પદ સંસ્કૃતના **'नमः'** શબ્દથી બને છે અને **'नमः'** શબ્દ **'णम्'** ધાતુને **असुच्** પ્રત્યય લગાડવાથી બને છે, ઉક્ત ધાતુનો નમવું એવો



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થ થાય છે, તથા નમવું અથવા નમ્રતા એ મનોવૃત્તિનો ધર્મ છે, કે જે (મનોવૃત્તિ) આ લોકમાં સર્વથી સૂક્ષ્મ માનવામાં આવે છે, તેથી જ **'णमो'** પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૨) સંસ્કૃતના **'मनः'** પદના જો આદિ તથા અંતના અક્ષરોનો વિપર્યય (પરિવર્તન) કરવામાં આવે તો પણ **'णमो'** પદ થઈ જાય છે. (કારણ કે પ્રાકૃતમાં અક્ષરોનું પરિવર્તન થએલું પણ જણાઈ આવે છે જેમકે करेण=कणेरु , वाराणसी=वाणारसी, आलानन्=आणालो, अचलपुरम्=अलचपुरम्, महाराष्ट्रम्=मरहट्ठं, ह्रदः=द्रहो, ઈત્યાદિ, તથા મનોગતિનું અતિ સૂક્ષ્મપણું હોવાને લીધે **'णमो'** પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૩) **अणिमा** શબ્દ **अणु** શબ્દના ભાવ અર્થમાં **इमन्** પ્રત્યય લાગવાથી બને છે, આ અણિમા શબ્દથી જ પ્રાકૃત શૈલીથી **'णमो'** શબ્દ બને છે (કારણ કે પ્રાકૃતમાં સ્વર, સંધિ, લિંગ, ધાત્વાર્થ ઈત્યાદિ સર્વેના **'बहुलम्'** આ અધિકાર સૂત્રના પ્રયોગ અનુસાર વ્યત્યય આદિ બને છે ), તે આ પ્રમાણે - પ્રક્રિયા દશામાં **'अणु इमा'** આ સ્થિતિ છે, હવે અણુ શબ્દનો उકાર **मा**ની આગળ ગયો અને ગુણ થઈને **'मो'** બની ગયો, શરૂઆતનો अકાર **ण**કારની આગળ ગયો અને **ण**કાર સંપૂર્ણ થયો, તેથી **'णइमो'** એવું પદ બન્યું, ઈકારનો લોપ કરવાથી **'णमो'** પદ બની ગયું, **'णमो'** પદના ધ્યાનથી અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૪) આદિ अકારનો લોપ કરવાથી તથા **'स्वराणां स्वराः'** એ સૂત્રથી **इ**કારના સ્થાનમાં **अ**કાર તથા **अ**કારના સ્થાનમાં **ओ**કારનો આદેશ કરવાથી પ્રાકૃતમાં **अणिमा** શબ્દથી **'णमो'** પદ બની જાય છે, તેથી તેના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૫) પ્રાકૃતમાં **'णम्'** શબ્દ વાક્યાલંકાર અર્થમાં આવે છે, અલંકાર બે પ્રકારના છે શબ્દાલંકાર, તથા વાક્યાલંકાર એવીજ રીતે વાક્ય પણ અર્થ વિશિષ્ટ શબ્દોની સંયોજનાથી બને છે શબ્દ અને અર્થનો વાચ્ય વાચક ભાવરૂપ મુખ્ય સંબંધ છે, તેથી **'णम्'** પદથી આ અર્થનો બોધ થાય છે. કે શબ્દ અને અર્થના મુખ્ય સંબંધની બરાબર આત્માનો જેની સાથે મુખ્ય સંબંધ છે તેની સાથે ધ્યાન કરવું જોઈએ, આત્માનો મુખ્ય સંબંધ અંદર રહેલા સૂક્ષ્મ શરીર સાથે છે, તેથી સ્થૂલ ભૌતિક વિષયોનો પરિત્યાગ કરીને આંતર સૂક્ષ્મ શરીરમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અધિષ્ઠિત થઈને આત્માએ પોતાને ધ્યાન કરવા યોગ્યનું સ્મરણ અને ધ્યાન કરવું જોઈએ, પહેલાના **'ओ'** શબ્દથી ધ્યાનની રીત જાણવી જોઈએ, **'ओ'** अકાર તથા उકારના સંયોગથી બને છે, अકારનું સ્થાન કંઠ છે. તથા उકારનું સ્થાન ઓષ્ટ છે, કંઠ સ્થાનમાં ઉદાન (**रक्तो हृत्कंठतालुभ्रूमध्यमून्धि च संस्थितः । उदानो वश्यतां नेयो गत्वागतीनियोगतः ।**) વાયુનો નિવાસ છે, યોગ વિદ્યામાં નિષ્ણાત મહાત્માઓનું મંતવ્ય છે કે ઓષ્ઠાવરણના મારફત ઉદાન વાયુનો વિજય કરવાથી અણિમા સિદ્ધિ થાય છે, તેથી એ સિદ્ધ થએથી ઓષ્ઠોને બંધ કરી ઉદાન વાયુનો સંયમ કરી; સ્થૂલ ભૌતિક વિષયોથી ચિત્તવૃત્તિને દૂર કરી, આન્તર સૂક્ષ્મ શરીરમાં અધિષ્ઠિત થઈને, યથાવિધિ પોતાના ધ્યેયનું ધ્યાન કરવાથી જેવી રીતે યોગાભ્યાસી માણસો અણિમા સિદ્ધિને પ્રાપ્ત કરે છે તેવી જ રીતે ઉક્ત ક્રિયાના અવલંબન પૂર્વક **'णमो'** પદના સ્મરણ અને ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેથી માનવું જોઈએ કે **'णमो'** પદમાં અણિમા સિદ્ધિ સમાએલી છે.

(૬) **'णम्'** એટલે આદિ શક્તિ ઉમાનું ધ્યાન કરવું જોઈએ, ओકાર અક્ષરથી ઉપર પ્રમાણે ધ્યાનની રીતિ જાણવી જોઈએ, એટલે ઓષ્ઠ બંધ કરી ઉદાનવાયુનો સંયમ કરી આદિ શક્તિ ઉમાનું ધ્યાન ધરવામાં આવે છે, મહામાયા આદિ શક્તિ ઉમા સુક્ષ્મરૂપે સર્વના હૃદયમાં રહેલી છે. જેમકે કહ્યું છે કે :-

**या देवी सर्वभूतेषु, सूक्ष्मरुपेण तिष्ठति ।**
**नमस्तस्यै नमस्तस्यै, नमस्तस्यै नमोनमः ॥ १ ॥**

અહીંયાં મહામાયા આદિ શક્તિ ઉમા જેવી રીતે પ્રસન્ન થઈને ધ્યાન ધરનાર માણસોને અણિમા સિદ્ધિ આપે છે, તેવી રીતે **'णमो'** પદના ધ્યાનથી અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી **'णमो'** પદમાં અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે, અથવા **'णमो'** શબ્દની સિદ્ધિ આ પ્રકારે જાણવી જોઈએ કે **'न उमा'**એવી સ્થિતિ છે, અહીંયાં **नञ** અવ્યય નિષેધ અર્થનો વાચક નથી; પરંતુ **'अब्राह्मणमानय'** ઈત્યાદિ પ્રયોગોની સમાન સમાનતા અર્થ વાચકછે, તેથી આ અર્થ થાય છે કે - ઉમાની માફક જે મહામાયા આદિશક્તિ છે તેનું ધ્યાન કરનાર મનુષ્ય ધ્યાન ધરીને અણિમા સિદ્ધિ પ્રાપ્ત કરે છે, આ વ્યવસ્થામાં **'उमा'** શબ્દના उકારનો પ્રાકૃત શૈલીથી લોપ થઈ જાય છે, તથા आકારના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાને '**स्वराणां स्वराः**' એ સૂત્રથી ઓકાર આદેશ થઈ જાય છે, તથા પ્રાકૃત સ્થિત **न**કારના સ્થાનમાં '**नोणः सर्वत्र**' આ સૂત્રથી **ण**કાર આદેશ થઈ જાય છે, એ રીતે '**णमो**' શબ્દની સિદ્ધિ થઈ જાય છે. હવે તાત્પર્ય એ છે કે જેવી રીતે ઉમાની સમાન મહામાયારૂપ આદિ શક્તિનું ધ્યાન ધરીને ધ્યાન ધરનાર મનુષ્ય અણિમા સિદ્ધિ પ્રાપ્ર કરે છે, તેવી જ રીતે '**णमो**' પદના ધ્યાનથી અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી '**णमो**' પદમાં, અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે.

(૭) '**णमो**' પદનો **ण**કાર અણિમા શબ્દની મધ્યમાં રહેલો છે તથા અંતમાં મકાર સમાન સંબંધવાળો છે, તેથી '**णमो**' પદના જપ અને ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. '**णमो**' પદને પ્રથમ રાખવાનું કારણ પણ એ જ છે કે ઉપાસના રૂપ ક્રિયાવાચક શબ્દને પ્રથમ તથા ઉપાસના કરવા યોગ્ય દેવ વાચક શબ્દનું પછી કથન કર્યું છે, અર્થાત્ '**अरिहंताणं णमो**' ઈત્યાદિ પાઠ નહીં રાખતાં '**णमो अरिहंताणं**' ઈત્યાદિ પાઠ રાખ્યો છે અને તે જ કારણથી **ण**કાર અક્ષરનું અશુભપણું હોવા છતાં પણ તે જ્ઞાન વાચક હોવાથી મંગલ સ્વરૂપ છે તેથી પ્રથમ મંગલને માટે અક્ષરને સિદ્ધિ ગર્ભિત દેખાડવાને માટે '**णमो**' પદને પહેલું સ્થાન આપવામાં આવ્યું છે.

અથવા '**ण, मा,** उ,' આ અક્ષરોના સંયોગથી '**णमो**' શબ્દ બને છે, તેથી આ અર્થ થાય છે કે ધ્યાન કરનાર મનુષ્ય **ण**કાર સ્થાન બ્રહ્માંડમાં, **मा** અર્થાત્ લક્ષ્મી ભગવતીની, **उ** અર્થાત્ અનુકંપાનું ધ્યાન ધરે છે તથા લક્ષ્મી ભગવતીનું રૂપ સૂક્ષ્મ છે, તેથી ઉક્ત ક્રિયા કરવાથી જે પ્રકારે તેણે અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેવી જ રીતે '**णमो**' પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેથી '**णमो**' પદમાં અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે.

હવે વિચાર કરવાનો વિષય એ છે કે **ण** કારની આકૃતિને બ્રહ્મા, મહેશ અને વિષ્ણુરૂપ કહેવામાં આવ્યાં છે, ચતુર્વર્ગ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) રૂપ ફલને આપવાવાળી કહી છે, **ण**કારનું ધ્યાન તેની અધિષ્ઠાત્રી વરદા દ્વારાએ કરવાનું કહ્યું છે, **ण** કારનું સ્વરૂપ પીળી વિજળીની સમાન કહ્યું છે, જે વૃષ્ટિનું સૂચક છે, જેમકે કહ્યું પણ છે કે :-

**वाताय कपिला विद्युत्, आतपायातिलोहिनी ।**
**पीता वर्षाय विज्ञेया, दुर्भिक्षाय सिता भवेत् ॥ १॥**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અર્થાત્-કપિલ (ભુરા) વર્ણની વિજળી પવનના માટે છે, અતિ લાલ રંગની વિજળી તાપ માટે છે, પીળા રંગની વિજળી પાપના માટે છે તથા સફેદ રંગની વિજળી વૃષ્ટિના માટે છે (તેમ જાણવું)

ભાવાર્થ એજ છે કે **ण**કારનું સ્વરૂપ વૃષ્ટિની સમાન સર્વ સુખદાયક છે, વળી **ण**કારનું સ્વરૂપ પંચદેવમય કહેલું છે, પાંચ દેવ એ જ પાંચ પરમેષ્ઠિ જાણવા જોઈએ. જેવી રીતે અહીંઆં **ण**કારનો પાંચ પરમેષ્ઠિઓની સાથે સંયોગ કરવામાં આવેલો છે, જેમ **'अरिहंताणं' 'सिद्धाणं' 'आय रेयाणं' 'उवज्झायाणं' 'सव्वसाहूणं'** અને કેવલ એ જ કારણથી સિદ્ધિઓનાં આઠે પદોમાં **'णम्'** નો સંયોગ કરવામાં આવેલો છે, વળી **ण**કારને પાંચપ્રાણમય કહેવામાં આવેલ છે. કારણ કે યોગિ લોકો પાંચ પ્રાણોનો સંયમ કરીને સિદ્ધિને પ્રાપ્ત થાય છે, તેથી સ્પષ્ટભાવ એ છે કે જેવી રીતે ધ્યાન કરનાર મનુષ્ય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રૂપ **ण**કારના સ્વરૂપનું તેની અધિષ્ઠાત્રી દેવી વરદાનું ધ્યાન કરીને ચિંતન કરે છે તથા સિદ્ધિને પ્રાપ્ત કરે છે, જેવી રીતે શ્રી જૈનસિદ્ધાંતના અનુયાયી પંચ પરમેષ્ઠિ રૂપ પાંચ દેવનું ધ્યાન ધરીને સિદ્ધિને પ્રાપ્ત કરે છે, જેવી રીતે તાંત્રિક લોકો તેના યોગિનીપ્રિય નામનું સ્મરણ કરીને યોગિનીની ઉપાસનાથી સિદ્ધિને પ્રાપ્ત કરે છે અને જેવી રીતે સાંખ્ય મતને માનવાવાળાઓ તેને જ્ઞાન સ્વરૂપ માનીને તથા નરકજિત્ માનીને નિર્ગુણરૂપમાં તેનું ધ્યાન કરીને સિદ્ધિને પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે મનુષ્ય માત્ર સરલતાથી **'णम:'** પદના જપ અને ધ્યાનથી સર્વ સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકે છે, તેથી **'णमो'** પદમાં અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે, તથા આગળના સિદ્ધિને દેવાવાળા સાત પદોમાં પણ **'णम्'** નો પ્રયોગ કરવામાં આવેલો છે.

**જાપનો પ્રભાવ**

"આ મહામંત્રના સ્મરણ (ચિંતનપૂર્વક જાપ)ના બલે સૂર્યથી અંધકાર દૂર ભાગે, તેમ સહજ-સિદ્ધ આત્મા-શક્તિઓની ખીલવણીના પરિણામે જગતના નાનાવિધ સંકટો દૂર ભાગે છે."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૧૬ શ્રી નમસ્કાર મહામંત્રના વ્યાવહારિક સ્વરૂપને સમજાવનારી ૨૮, પ્રશ્નોત્તરી (૧)

## (૮ થી ૧૪ વર્ષના માટે)

## (પ્રાથમિક)

**પ્ર. ૧ શ્રી નમસ્કાર મહામંત્ર એટલે શું ?**

જીવન શુદ્ધિ માટે વિશિષ્ટ કોટિના નિર્મળ આત્મસ્વરૂપવાળા પાંચ પરમેષ્ઠીઓને જેમાં નમસ્કાર કરવામાં આવ્યો છે, તેવો - જૈનોનો મહામંત્ર

**પ્ર. ૨ શ્રી નમસ્કાર મહામંત્રના પદો કેટલાં ?**

નવ.

**પ્ર. ૩ શ્રી નમસ્કાર મહામંત્રની સંપદાઓ કેટલી ?**

આઠ

**પ્ર. ૪ શ્રી નમસ્કાર મંત્રની સંપદા એટલે શું ?**

સમજવાની દ્રષ્ટિએ અર્થ જ્યાં પૂરો થતો હોય તે સંપદા કહેવાય.

**પ્ર. ૫ શ્રી નમસ્કાર મહામંત્રની સંપદા કઈ કઈ ?**

પહેલા પદથી સાતમા પદ સુધીની સાત સંપદા અને આઠમા અને નવમા પદની એક સંપદા એમ કુલ આઠ સંપદા છે.

**પ્ર. ૬ શ્રી નમસ્કાર મહામંત્રમાં ગુરૂ કેટલા ?**

સાત. તે આ પ્રમાણે
દ્વા, જ્ઝ, વ્વ, ક્કા, વ્વ, પ્પ, વ્વે.

**પ્ર. ૭ ગુરૂ એટલે ?**

જેને બોલતાં જીભ ઉપર જોર આવે તે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્ર. ૮ શ્રી નમસ્કાર મહામંત્રમાં બે વિભાગ છે, તે ક્યા ?**

શરૂઆતના પાંચ પદ તે અધ્યયન અને છેલ્લા ચાર પદ તે ચૂલિકા.

**પ્ર. ૯ અધ્યયન એટલે ?**

કોઈપણ મોટા ગ્રંથનો મુખ્ય વિભાગ.

**પ્ર. ૧૦ ચૂલિકા એટલે શું. ?**

શિખર, એટલે કે શ્રી નવકાર-મંત્રની અદ્દ્ભૂતશક્તિઓનું જેમાં વર્ણન છે.

**પ્ર. ૧૧ પાંચ પદના અક્ષરો કેટલા ?**

પાંત્રીસ. (૩૫)

**પ્ર. ૧૨ ચૂલિકા (છેલ્લા ચારપદ)ના અક્ષરો કેટલા ?**

તેત્રીસ. (૩૩)

**પ્ર. ૧૩ ચૂલિકાનો છંદ ક્યો ?**

અનુષ્ટુપ્.

**પ્ર. ૧૪ શ્રી નવકારમાં કુલ અક્ષરો કેટલા ?**

અડસઠ.

**પ્ર. ૧૫ (અ) શ્રી નવકારમાં ૧૪ સ્વરમાંથી કેટલા સ્વર છે. ?**

સાત.

(આ) તે ક્યા ક્યા ?

અ, આ, ઈ, ઉ, ઊ, એ, ઓ.

**પ્ર. ૧૬ (અ) શ્રી નમસ્કારમાં ૩૭ વ્યંજનમાંથી કેટલા વ્યંજનો છે. ?**

ઓગણીસ.

(આ) તે ક્યા ક્યા ?

ક, ગ, ચ, જ, ઝ, ઢ, ણ, ત, દ, ધ, પ, મ, ય, ર, લ, વ, સ, હ, અને અનુસ્વાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્ર. ૧૭ શ્રી નવકાર મહામંત્રના જાપમાં નવકારવાળી શી રીતે ગણવી ?**

અર્ધખૂલી-મુઠી ઉપર(તર્જની આંગળીના વચ્ચેના વેઢા ઉપર) માળા રાખી અંગુઠાથી મણકા ફેરવવા.

**પ્ર. ૧૮ નવકારના એક અક્ષરના જાપથી કેટલા પાપ જાય ?**

નવકારના એક અક્ષરના જાપથી સાત સાગરોપમના પાપ જાય.

**પ્ર. ૧૯ નવકારના એક પદના જાપથી કેટલા પાપ જાય ?**

નવકારના એક પદના જાપથી પચાસ સાગરોપમના પાપ જાય. આ વાત સાધારણ અપેક્ષાએ પ્રથમ પદની મુખ્યતાએ જાણવી, પણ હકીકતમાં જે પદના જેટલા અક્ષર તેને સાતથી ગુણી એક ઉમેરવાથી જે સંખ્યા આવે તેટલા સાગરોપમના પાપોનો ક્ષય શ્રીનવકારના એક પદથી થાય.

**પ્ર. ૨૦ એક નવકારના જાપથી કેટલા પાપ જાય ?**

એક નવકારના જાપથી પાંચસો સાગરોપમના પાપ જાય.

તે આ રીતે :-

શ્રી નવકારના અક્ષરો ૬૮ એક અક્ષરના જાપથી ૭ સગરોપમના પાપ જાય.

તેથી ૬૮X૭=૪૭૬ સાગરોપમ થાય વળી તેમાં -

૯ - પદના ૯ - સાગરોપમ

૮ - પદના ૮ - સાગરોપમ

૭ - ગુરૂના ૭ - સાગરોપમ

૨૪

કુલ ૨૪ - સાગરોપમ ઉમેરવાથી ૫૦૦ થાય છે.

**પ્ર. ૨૧ એક બાંધી નવકારવાળીના જાપથી કેટલા પાપ જાય ?**

૫૪૦૦૦ (ચોપન હજાર) સાગરોપમ પાપ જાય.

**પ્ર. ૨૨ શ્રી નવકારના જાપથી ભીલ-ભીલડીને શું થયેલું ?**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જંગલમાં રહેલા ભીલ-ભીલડીને એક તપસ્વી જૈન સાધુ મહારાજના સમાગમથી જીવહિંસાનો ત્યાગ કરી શ્રી નમસ્કાર-મહામંત્ર શીખ્યા તેના જાપના પ્રભાવે તેઓ મરીને દેવલોકમાં ઉત્પન્ન થયા.

**પ્ર. ૨૩ શ્રી નવકારના જાપથી શ્રીમતી શેઠાણીને શું થયું ?**

એના ધણીએ શ્રીમતીની ધર્મ આરાધનાથી દ્વેષી બની બીજાં લગ્ન કરવા માટે શ્રીમતીને મારી નાખવા પૈસા આપીને મદારી પાસેથી ઘડામાં ભયંકર સર્પને મુકાવી પોતાના ઘરના ઓરડામાં તે ઘડો મુકાવ્યો; પછી શ્રીમતીને તે ઘડામાંથી ફૂલની માળા લઈ આવવા માટે તેના ધણીએ તેને ઓરડામાં મોકલી, પણ અંધારામાં ગભરાયેલી શ્રીમતીએ નવકાર મંત્રનું સ્મરણ કર્યું, તેથી સર્પ ફુલની માળા થઈ ગઇ. અને તે ફૂલની માળા પોતાના ધણીને આપી.

**પ્ર. ૨૪ શ્રી નવકારના જાપથી શૂળી ઉપર ચડેલ ચોરને શું થયું ?**

કોઈ રાજ્યમાં લુંટફાટ કરનાર ચોરને પકડી રાજાએ શૂળી ઉપર ચડાવ્યો. અને કડક હુકમ કર્યો કે કોઈએ તેની સાથે વાતચીત કરવી નહીં તેમજ તેની પાસે પણ જવું નહીં. ચોરને મોતની અણી વખતે ભયંકર તરસ લાગી, પાણી-પાણીની બૂમ પાડવા લાગ્યો, પણ રાજાના 'કડક' હુકમથી કોઈ પાસે જતું નથી.

તે વખતે જિનદાસ નામના શેઠ બહારગામથી આવી રહ્યા હતા, તેમણે ચોરનો પોકાર સાંભળી શ્રાવક તરીકે દુઃખીયાનું દુઃખ દૂર કરવાની લાગણીથી રાજાની આજ્ઞાની પરવા કર્યા વગર ચોરની પાસ જઈ કહ્યું કે ભાઈ તું ણમો અરિહંતાણં એટલું બોલ ! હું હમણાં પાણી લઈને આવું તે દરમ્યાન તું આ મંત્રનો બરોબર જાપ કરજે એમ કહી શેઠ પાણી લેવા ગયા. પણ ચોરને શૂળીની વેદનાથી ણમો અરિહંતાણં નું પદ ભૂલાઈ ગયું ચોરને થયું કે શેઠે શું કહેલ ? તે બોલ્યા વિના પાણી નહીં મળે એમ ખૂબ યાદ કરતા છેવટના બે અક્ષર યાદ આવ્યા, એટલે ચોરે આણં તાણં કાંઈન જાણં, શેઠ વચન પરમાણં એમ જાપ કરવા માંડ્યો, અને શેઠ આવે તે પહેલાં મરી ગયો, પણ એ નવકારની શ્રદ્ધાથી દેવગતિમાં ઉત્પન્ન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

થયો.

**પ્ર. ૨૫ શ્રી નવકારના જાપથી બીજોરાવાળા શેઠને શું થયું ?**

કોઈ ગામના રાજાને ગામ બહાર વહેતી નદીના પુરમાં ચોમાસામાં બીજોરૂં મળી આવેલ; અને તેના મધુર સ્વાદથી રાજાને બીજારૂં મેળવવાની તમન્ના થઈ, તે બીજોરાનો બગીચો તેના ગામથી કેટલેક દૂર હતો, વચ્ચે આડી મોટી નદી હતી. બીજોરૂં લેવા માટે જે જાય તેને તે બગીચાનો અધિષ્ઠાયક દેવ મારી નાંખતો. પણ મરનાર વ્યક્તિ બીજોરાને પાણીમાં ફેંકી દેતો તેથી પાણીના પ્રવાહમાં પ્રવાહમાં તે બીજોરૂં રાજાને મળી જતું. પણ આ રીતે બીજોરૂં લાવવા માટે મોતના ભયથી કોઈ જવા તૈયાર થતું નહીં એટલે રાજાએ ગામના બધા માણસોની ચીઠ્ઠીઓ બનાવેલી, તે પ્રમાણે જેનો વારો આવે તેને રાજાના હુકમથી પરાણે જવું પડતું.

એક વખતે જિનદત્ત નામના શ્રાવકનો વારો આવ્યો એટલે તે નવકાર મહામંત્રનું સ્મરણ કરવા સાથે ચાલ્યો, તે બગીચામાં ગયા પછી નવકાર મહામંત્ર જોરથી બોલવા માંડ્યો, તેથી તે દુષ્ટ દેવ પણ કબજે થઈ ગયો, અને હાથ જોડીને જિનદત્ત શેઠને કહ્યું કે તમે મારો ઉદ્ધાર કર્યો, માટે હવેથી તમોને હું ઘર બેઠે બીજોરૂં આપી જઈશ.

**પ્ર. ૨૬ શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના શી રીતે થાય ?**

શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના ત્રણ રીતે થાય

(૧) અઢાર દિવસના ઉપધાનથી

(૨) વીસ દિવસ ખીરના એકાસણાં કરી રોજ ૫૦૦૦ સફેદ ફૂલ નવકાર ગણી પ્રભુજીને ચઢાવવા સાથે ૧ લાખ નવકાર ગણવાથી.

(૩) નવ એકાસણાનો તપ કરવાથી

**પ્ર. ૨૭ નવકારનું સ્મરણ તીર્થંકરો કરે ખરા ?**

ના. કેમ કે તીર્થંકરો પોતે અરિહંત છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તેમના કરતાં નાના છે, તેથી તીર્થંકરો ફક્ત ણમો સિદ્ધાણં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલું જ બોલે આ વાત માત્ર છેલ્લા ભવની અપેક્ષાએ જાણવી.

**પ્ર. ૨૮ શ્રી નવકાર મંત્ર કોણે બનાવેલ છે. ?**

કોઈએ બનાવ્યો નથી ! શાશ્વત છે ! દરેક તીર્થંકરોના શાસનમાં શ્રી નવકાર શબ્દથી અને અર્થથી (૬૮ અક્ષર પ્રમાણ) આવો, ને આવો જ હોય છે.

## સંસાર ભૂલવાના ઉપાયો

શ્રી નવકાર જાપમાં સંસાર ને ભૂલવા માટે યોગ્ય સ્વાધ્યાય અને ભક્તિયોગ જરૂરી છે.

તે સ્વાધ્યાયમાં પણ પૂર્વાચાર્યોના ગ્રંથોનું વાંચન ઓછામાં ઓછું દિવસમાં ૩૦ મીનીટ પણ કરવું. અને ભક્તિયોગમાં શ્રી વિતરાગ પ્રભુના પૂર્વાચાર્યકૃત સ્તવનો અર્થાનુસંધાન પૂર્વક ધીમા રાગે ગાવા. ભક્તિયોગમાં સંગીત મુખ્ય ન થઈ જાય, મનને ગમે તેવી તર્જના ગીતોનો મોહ વધી ન જાય તે ખાસ ધ્યાન રાખવું.

## -: આરાધના માટે સાધક અને બાધક તત્વો :-

શ્રી નવકારની આરાધનાના માધ્યમે અંતરશક્તિઓના સ્રોતને(પ્રવાહને) પરમાત્મ શક્તિના ધોધ સાથે જોડાવા...

(૧)આપણી નિખાલસતા, (૨)ગંભીરતા,
(૩) અહોભાવ અને, (૪)સંપૂર્ણ શરણાગતિ.

આ ૪ બાબતો ખાસ જરૂરી છે.

(૧)અંતરની ક્ષુદ્રતા, (૨)અનધિકાર ચેષ્ટા
(૩)વધુપડતી જિજ્ઞાસા અને (૪)પોતાની હોંશીયારીનું પ્રદર્શન

આ ૪ બાબતો આરાધના માર્ગમાં મોટા અવરોધો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૭ શ્રી નમસ્કાર મહામંત્રના સ્વરૂપને સમજાવનારી ૨૪ પ્રશ્નોત્તરી - (૨)

(૧૪ થી ૨૦ વર્ષના માટે)

**પ્ર. ૧ શ્રી નમસ્કાર મહામંત્ર પદ્ય છે કે ગદ્ય ?**

બન્ને છે. એટલે કે શરૂઆતના પાંચ પદ ગદ્ય અને છેલ્લા ચાર પદ પદ્ય છે.

**પ્ર. ૨ (અ) શ્રી નમસ્કાર મહામંત્રનું આગમિક નામ શું ?**

શ્રી પંચમંગલ-મહાશ્રુતસ્કંધ (સચૂલિક)

**(આ) આગમિક નામનો અર્થ શો ?**

પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવા રૂપે માંગલીક અને સઘળા આગમોની ઉત્પત્તિ માટે સ્કંધ એટલે થડ સમાન અને ચૂલિકા સહિત.

**પ્ર. ૩ શ્રી નમસ્કાર મહામંત્રનું સૈદ્ધાંતિક નામ શું ?**

શ્રી પંચ-પરમેષ્ઠિ-નમસ્કાર-મહામંત્ર.

**પ્ર. ૪ શ્રી નમસ્કાર મહામંત્રનું પારિભાષિક નામ શું ?**

શ્રી નમસ્કાર મહામંત્ર

**પ્ર. ૫ શ્રી નમસ્કાર મહામંત્રનું વ્યાવહારિક નામ શું ?**

શ્રી નવકાર મંત્ર.

**પ્ર. ૬ અડસઠનો આંક શું સુચવે છે ?**

- ૬ + ૮ = ૧૪ પૂર્વ

  એટલે નવકાર ૧૪ પૂર્વનો સાર છે.

- ૬ + ૮ = ૧૪ ગુણસ્થાનક.

  શ્રી નવકારના ધ્યાનથી ૧૪નું ગુણસ્થાનક (જેનાથી મોક્ષમાં જવાય છે) પ્રાપ્ત થાય છે.

- ૮ - ૬ = ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એટલે કે જીવ અને કર્મ.

શ્રી નવકારના ધ્યાન દ્વારા જીવથી કર્મ છુટું થઈ જાય છે.

૬ X ૮ = ૪૮

એટલે કે શ્રી નવકારના ધ્યાનથી ૪૮ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

૮ ૬ = ભાગફળ ૧, શેષ ૨, એટલે શ્રી નવકારના ધ્યાનથી ૮ કર્મમાં બંધાયેલ જીવને ૬ કાયની જયણાથી ૧ મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે, અને શુભ-અશુભ કર્મ શેષ તરીકે જુદા રહી જાય છે.

**પ્ર. ૭ પાંચ પદના અક્ષરોની સંખ્યાનો આંક શું સૂચવે છે ?**

પાંચ પદના કુલ ૩૫ અક્ષરો છે.

૩ + ૫ = ૮ પંચપરમેષ્ઠીના ધ્યાનથી આઠ કર્મ છૂટી જાય છે.

૩ X ૫ = ૧૫

શ્રી પંચપરમેષ્ઠિના ધ્યાનથી મનના ચાર વચનના ચાર, અને કાયાના સાત ભેદ મળી ૧૫ યોગની શુદ્ધિ થાય છે.

૫ - ૩ = ૨

શ્રી પંચ પરમેષ્ઠિના સ્મરણથી જીવ અને અજીવનું સ્વરૂપ સમજાય છે.

૫ ÷ ૩ - ભાગફળ ૧ શેષ ૨

શ્રી પંચ પરમેષ્ઠિના જાપથી ૫ ઈન્દ્રિયોને મન-વચન-કાયાની શુદ્ધિના બળે કાબુમાં લેવાથી આત્માની શુદ્ધિ થાય છે, અને શેષ રહેલા શુભ અને અશુભ કર્મ છૂટી જાય છે.

**પ્ર. ૮ ચૂલિકા (છેલ્લા ચાર પદ)ના અક્ષરોની સંખ્યા શું સૂચવે છે ?**

ચુલિકાના ચારપદોના અંક્ષરોની સંખ્યા ૩૩ છે.

◆ ૩+૩ = ૬

ચૂલિકાના રહસ્યને સમજવાથી ૬ કાયની રક્ષા કરવાનું બળ મળે છે.

◆ ૩ X ૩ = ૯

ચૂલિકાને યોગ્ય રીતે સમજવાથી ૯ તત્વની શ્રદ્ધા મજબૂત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

◆ ૩ - ૩ = ૦

ચૂલિકાનું સ્વરૂપ ધ્યાનમાં રાખવાથી મન, વચન, કાયાથી કરાતા ત્રણ જાતના પાપ કરવાની વૃત્તિ નાશ પામે છે.

◆ ૩ ÷ ૩ = ૧

ચૂલિકાના પ્રભાવથી મન, વચન, કાયાથી પાપ કરવાની, કરાવવાની અને અનુમોદવાની ટેવ નાશ પામવાથી એક આત્મા શુધ્ધ રહે છે.

**પ્ર. ૯ (અ) નવકારમાં ૧૪ સ્વરમાંથી કેટલા સ્વર નથી ?**

સાત સ્વર નથી

(આ) તે ક્યા ક્યા ?

ઈ, ઋ, ૠ, ઌ, ૡ, ઐ, ઔ.

**પ્ર. ૧૦ (અ) નવકારમાં ૩૭ વ્યંજનમાંથી કેટલા વ્યંજન નથી ?**

પંદર વ્યંજન નથી

(આ) તે ક્યા ક્યા ?

ખ, ઘ, ઙ, છ, ञ, ટ, ઠ, ડ, થ, ત, ફ, બ, ભ, શ અને ષ

**પ્ર. ૧૧ નવકારનો જાપ કઈ માળાથી કરવો ?**

સૌથી સારી ઉત્તમ જાતિના સ્ફટિકની, તે ન મળે તો નક્કર ચાંદીની અથવા ચાંદી મઢેલ ચંદનની, તે ન મળે તો શુદ્ધ, અખંડ એક જ દોરાની ગૂંથેલી સુતરની

**પ્ર. ૧૨ શ્રી નમસ્કાર મહામંત્રના જાપ માટે માળા કેવી લેવી ?**

અઢાર અભિષેક કરેલી, નવકારવાળીના મંત્રથી પ્રતિષ્ઠા કરેલી અને આચાર્ય, ઉપાધ્યાય આદિ પદસ્થ મુનિ મહારાજના વાસપેક્ષથી મંત્રેલી.

**પ્ર. ૧૩ શ્રી નવકારને ગણનારો દુઃખી હોય ?**

ના. નવકારને ગણનારો દુઃખી ન હોય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કે દુઃખ ખોટી સમજણમાંથી ઉપજે છે. શ્રી નવકારના સ્મરણથી સાચી સમજણ આવે છે. તેથી આપણાં કરેલાં કર્મો જ આપણને દુઃખી કરે છે. એ વાત મનમાં નક્કી થવાથી શ્રી નવકારને ગણનારો બહારના ખરાબ નિમિત્તો-ખરાબ પરિસ્થિતિથી દુઃખી થતો નથી. પણ આ બહાને કર્મનો ભાર હળવો થાય છે. અને શ્રી નવકારનો જાપ વધુ કરવાની તક મળી એમ જાણી રાજી થાય છે.

**પ્ર. ૧૪ શ્રી નવકારના જાપનું ફળ શું ?**

પાપ કરવાની વૃત્તિનો નાશ. અર્થાત્ પાપ કરવું જેટલું ભયંકર નથી. એના કરતાં પાપ કરવાની વૃત્તિ વધુ ભયંકર હોઈ "શ્રી નવકારના જાપથી પાપ વૃત્તિનો સદંતર નાશ" શ્રી નવકારમંત્રના જાપનું મુખ્ય ફળ છે.

**પ્ર. ૧૫ શ્રી નવકારને ચિંતામણિ, કલ્પવૃક્ષ કામધેનુ આદિથી પણ વધારે મહિમાવાળો કેમ કહ્યો છે. ?**

ચિંતામણિ આદિ પદાર્થો મનની ધારણાઓ પૂરી પાડે છે, પણ પુણ્યનો ઉદય હોય તો જ ધારણાઓ પુરી પાડે વળી એ ભૌતિક પદાર્થોને મેળવવાની લાલસા ઘટાડવાને બદલે વધારી મુકે છે.

પણ શ્રી નમસ્કાર મહામંત્ર તો પુણ્ય ન હોય અને પ્રબલ પાપનો ઉદય હોય તો તે પાપને તોડી પુણ્ય વધારી જગતના ભૌતિક પદાર્થો મેળવી આપે છે, તેમજ તે ભૌતિક પદાર્થોની લાલસા પણ ઘટાડી દે છે.

માટે શ્રી નવકાર ચિંતામણિ રત્ન આદિ કરતાં પણ ચડીયાતો છે.

**પ્ર. ૧૬ કેટલા નવકાર ગણવાથી નરક-તિર્યંચની ગતિ બંધ થાય ?**

નવ લાખ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે "નવ લાખ જપંતા નરક નિવારે" એટલે કે વિધિપૂર્વક ગુરૂની આજ્ઞા પ્રમાણે નવલાખ નવકાર-મહામંત્રનો જાપ કરવાથી નરક કે તિર્યંચગતિમાં લઈ જનારા પાપકર્મ કરવાની વૃત્તિનો નાશ થઈ જાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્ર. ૧૭ કેટલા નવકાર ગણવાથી તીર્થંકર નામ કર્મ બંધાય ?**

એક લાખ.

એટલે કે વિધિપૂર્વક અખંડ મૌન સાથે વીતરાગ પરમાત્માની શાસ્ત્રીય પધ્ધતિએ અષ્ટપ્રકારી પૂજા કરવા સાથે સાત્વિક આહાર-વિહારના ધોરણ પ્રમાણે એક લાખ નવકાર ગણવાથી તીર્થંકર નામ કર્મ બંધાય છે.

**પ્ર. ૧૮ શ્રી નવકાર મહામંત્ર લખવાની પદ્ધિત કઈ ?**

શરૂઆતનાં પાંચ પદોની આગળ અને પાછળ બે લીટી ઉભી કરવી. છઠ્ઠા પદની આગળ બે લીટી કરવી. નવમા પદની પછી બે લીટી કરવી. છઠ્ઠા પદની પછી અલ્પવિરામ (,) સાતમા પદની પછી એક ઉભી લીટી, આઠમા પદની પછી અર્ધવિરામ (;) કરવો. વળી નવકાર મહામંત્રની જોડણી જૂની દેવનાગરી (હિન્દી) લિપિને અનુસરતી લખવી.

**પ્ર. ૧૯ શ્રી નવકાર મહામંત્ર બોલવાની પદ્ધતિ શી ?**

શ્રી નવકારના શરૂઆતના પાંચ પદ સૂત્રાત્મક રીતે બોલવા એટલે કે શરૂઆતના કેટલાક અક્ષરો ઉંચા સ્વરે બોલી ત્યાર પછી કેટલાક અક્ષરો મધ્યમ સ્વરે બોલી છેલ્લા અક્ષરો ઉતરતા સ્વરે બોલવા.

અને છેલ્લા ચાર પદો શ્લોકની જેમ પહેલી લીટી ઉંચા સ્વરથી, બીજી લીટી મધ્યમ સ્વરથી, ત્રીજી લીટી ઉતરતા સ્વરથી અને ચોથી લીટી નીચા સ્વરથી બોલવી.

**પ્ર. ૨૦ શ્રી નવકાર એ મહામંત્ર કેમ ?**

મંત્ર તેને કહેવાય કે જેનું સ્મરણ કરવાથી મનની પીડા ટળે, પણ દુનિયાના મંત્રો પુણ્યના ઉદયના આધારે ફળતા હોય છે, જ્યારે શ્રી નવકાર તો પુણ્યના ઉદયની ગેરહાજરીમાં પણ પાપને તોડીને મનને આર્તધ્યાનમાંથી બચાવે છે. માટે શ્રી નવકારને મહામંત્ર કહેલ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**પ્ર. ૨૧ શ્રી નમસ્કાર મહામંત્રમાં કોની આરાધના છે ?**

પંચ પરમેષ્ઠીઓની.

કેમ કે પાંચ પરમેષ્ઠીઓના આદર્શને સામે રાખી તેની આજ્ઞા પ્રમાણે જીવનનું ઘડતર કરવાનું બળ શ્રી નવકારથી પ્રાપ્ત થાય છે.

**પ્ર. ૨૨ મરતી વખતે નવકાર કેમ સંભળાવાય છે ?**

શુભ ધ્યાન રહે તે માટે.

કેમ કે મરતી વખતે હજારો વિંછીના ડંખની વેદના થતી હોય છે. તેથી ભલભલાજ્ઞાનીઓ પણ દૂર્ધ્યાન ન થઈ જાય તે માટે બીજા બધા શાસ્ત્રોને એક બાજુ રાખી માત્ર નવકારનું જ સ્મરણ કરતા હોય છે. માટે નવકારથી શુભધ્યાન ટકી રહે, તેથી મરતી વખતે ખાસ નવકાર સંભળાવાય છે.

**પ્ર. ૨૩ શ્રી નવકારનું સ્મરણ ગમે ત્યારે ગમે તેવી સ્થિતિમાં કરી શકાય ખરૂં ?**

હા. શ્રી નવકારનું સ્મરણ ગમે ત્યારે ગમે તેવી સ્થિતિમાં કરી શકાય કેમ કે નવકારનું સ્મરણ અશુભ સંસ્કારોને રોકવા માટે છે; આથી સ્મરણ ગમે ત્યારે થઈ શકે સુવાવડ આદિ અશુચિવાતાવરણમાં પણ હોઠ કે જીભ હલાવ્યા વિના નવકાર ગણી શકાય, અને ખાસ કારણે ઉંચા સ્વરથી પણ નવકાર બોલી શકાય.

**પ્ર. ૨૪ શ્રી નવકારના જાપ માટે જરૂરી બાબતો કઈ ?**

જાપની પદ્ધતિ પ્રમાણે તો ઘણી બાબતો ધ્યાનમાં રાખવા જેવી છે, અને તે યોગ્ય જ્ઞાની ગુરૂ પાસેથી જાણી લેવી, છતાં ટૂંકમાં નીચેની બાબતો ધ્યાનમાં રાખવી.

(૧) નિયત સ્થાન. (આસન)

(૨) નિયત સમય.

(૩) નિયત સંખ્યા.

એટલે કે ચોક્કસ જગ્યાએ નક્કી કરેલા સમયે એક સરખી. સંખ્યાના ધોરણે શ્રી નવકાર મહામંત્રનો જાપ કરવો જરૂરી છે. તેનાથી ટૂંક સમયમાં ચિત્ત-શાંતિનો અનુભવ થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ - ૩

## કરીએ જપ સાધના

મોક્ષ માર્ગ સાથે જોડાણ કરી આપે તેનું નામ છે યોગ... જિનશાસનમાં અસંખ્ય યોગ જણાવ્યા છે. જેમાંનો એક યોગ છે જપયોગ....!

" जपात् सिध्धिः कलौ युगे " એ ઉકિત અનુસાર આ કાળમાં જપયોગ જ શ્રેષ્ઠ અને સરળ યોગ છે.

શ્રી નમસ્કાર મહામંત્રના જપયોગના માધ્યમે અધ્યાત્મ સાધનામાં આગળ ધપનારા આત્માને પ્રાથમિક ભૂમિકાએ અનેક સમસ્યાઓ પેદા થાય છે. તે સમસ્યાઓનું નિવારણ તથા અનેક વૈવિધ્યપૂર્ણ માર્ગદર્શન પ્રસ્તુત વિભાગમાં મલી શકશે.

જપ સાધકે શાંતિચિત્તે નિદિધ્યાસન પૂર્વક આ વિભાગ વાંચવોજ રહ્યો...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૧૮) નવકારનું આહ્‌વાન યાને ઘોષણા

"ताव न जायइ चितेण, चितियं च वायाए ।
काएण समाढत्तं, जाव न सिरिओ णमुक्कारो ॥१॥"

અર્થાત્ શ્રી પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રને જ્યાં સુધી સ્મર્યો નથી, ત્યાં સુધી જ ચિત્તથી ચિંતવેલું વચનથી પ્રાર્થેલું અને કાયાથી આરંભેલું કાર્ય થતું નથી (૧)

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો જેમ શાશ્વત છે, તેમ નવકાર એ શાશ્વત છે, શ્રી તીર્થંકરોની ધર્મદિશનાની જેમ એના ઉપકારો અનંતા છે, જગતમાં કોઈપણ એવું પાપ નથી કે જેનો પ્રતિકાર નવકારના આશ્રયથી અશક્ય હોય, નવકારના અક્ષરો કેવળ અક્ષરો જ નથી, કિન્તુ સાક્ષાત્ અક્ષરમયી દેવતાઓ જ્યોતિપુંજો છે. એનો આશ્રય લેનાર, એનું વિવિપૂર્વક શ્રવણ કે સ્મરણ કરનાર સર્વદા સુરક્ષિત છે.

નવકારની એ પ્રતિજ્ઞા છે કે - "મારો આશ્રય લેનાર કોઈપણ હોય, તેનાં સર્વ પાપનો મારે સમૂલ નાશ કરવો. આ પ્રતિજ્ઞાને ખોટી પાડનાર આજ સુધી કોઈ નીકળ્યું નથી. એને ખોટી પાડવાનો પ્રયાસ કરનાર પોતે જ ખોટો પડે છે."

**આરાધક યાદ રાખજે**

★ (૧) ગુણાનુરાગ અને (૨) સ્વ-દોષ-દર્શન જીવનશુદ્ધિ-રથના બે ચક્રો છે.

★ અહં-મમ ના સંસ્કારોને નબળા પાડવા પંચ-પરમેષ્ઠીઓની શરણાગતિ સ્વીકારી ભાવ-શુદ્ધિપૂર્વક શ્રી નવકારનો જાપ કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૯ શ્રી નવકારના સાધકને ઉદ્બોધન

આપણે જાણીએ છીએ કે જયારે આપણે મન વડે **શ્રી નમસ્કાર મહામંત્ર** નું સ્મરણ કરીએ છીએ ત્યારે, તે જ વખતે .....

આપણા મનની અશાન્તિ ચાલી જાય છે.

વિકલ્પોનો વિનાશ થાય છે.

પાપ સમૂહ- અમંગલ નો અભાવ પ્રગટે છે.

ઘાતીકર્મોનો વિઘાત થઈ જાય છે.

શ્રી નવકારને હમણાંજ મન વડે ગણો અને શાન્તિ અનુભવો.

શ્રી નવકારના મંત્રાક્ષરોના ચિંતનની મન ઉપર થતી અસરકારક શુભ અસરને હમણાં જ લક્ષમાં લો.

શ્રી નવકારનું પુનઃપુનઃ રટણ કરો અને તેના વડે અંતઃકરણમાં થતા પરિવર્તનને અંતરમાં ઉપજતી સુખ શાન્તિનું નિરીક્ષણ કરો.

એ નિરીક્ષણ વડે સમજાએલું સત્ય આપણને સદૈવ સર્વત્ર **શ્રી નવકાર મંત્ર** નું સ્મરણ કરવાની પ્રેરણા પુરી પાડશે.

જેમ જેમ આપણે એ પ્રેરણાનો અમલ કરતા રહીશું તેમ તેમ આપણા જીવનનું પરિવર્તન થતુંજશે. આપણા અંતઃકરણમાં મોટા પ્રમાણમાં અદશ્ય ફેરફારો થતા અનુભવી શકાય.

આપણને અનુપમ સુખ, અતિશય શાંતિ, અદ્ભુત આનંદ, અભિનવ જ્ઞાન, અનંત જ્ઞેય અને અલૌકિક સૃષ્ટિ પ્રતીત થશે.

**આપણે એ યાદ રાખવું જરૂરી છે કે આ શ્રી નવકારને કોઈપણ પળે કોઈપણ સ્થળે સ્મરી શકીએ છીએ.**

સર્વત્ર સદા તેનું સ્મરણ- મનન આપણે મનમાં કરી શકીએ અને તેના સ્મરણ સાથે જ ઉપજતા ધર્મધ્યાનમાં રહી શકીએ છીએ.

આપણા મનનું નિરીક્ષણ કરીશું તો જણાશે કે અનેક પ્રકારના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિકલ્પો-વિચારો, સંસ્કારજન્ય સ્મૃતિઓમાં તે રાચતું હોય છે, જે મોટે ભાગે અશુભ હોય છે. અને જેને તત્વજ્ઞ મહર્ષિઓએ આર્ત્તધ્યાન કહેલું છે.

જો આપણે આપણા મનને શ્રી નવકારના અડસઠ મંત્રાક્ષરોનું નિવાસસ્થાન બનાવીએ, તો કયારેય પણ આર્તધ્યાનને ઉપજવાનો અવસર મળે નહિ.

જો આપણે એ નવનિધાનસદૃશ, નવપદોરૂપ મહાશાસ્ત્રને સદૈવ અંતઃ કરણ રાખીએ તો આપણું અંતઃ કરણ જ સર્વોચ્ચ જ્ઞાનમંદિર બની જાય.

જો પાંચ પદોરૂપ શ્રી પંચપરમેષ્ઠિઓને આપણા હૃદયદેશે હંમેશાં બિરાજિત રાખી, નિત્ય નવનવા ભાવોલ્લાસથી આપણે તેમને ભજીએ તો આપણે જિનાલય સદૃશ બનીએ.

આપણે જાણીએ કે ન જાણીએ પરંતુ આપણે જયારે શ્રી નવકારનું સ્મરણ કરીએ છીએ ત્યારે વર્તમાનકાલીન સુખ-શાન્તિ પ્રકટ કરીએ છીએ. અને ભવ્ય ભવિષ્યકાલના આધ્યાત્મિક સુખ-સમૃધ્ધિનાં બીજ વાવીએ છીએ.

આપણે સવાર, બપોર અને સાંજ એમ ત્રણ સંધ્યાએ એકાંત, શાન્ત અને પવિત્ર સ્થાનમાં બેસીને મન-વચન-કાયા તથા આજુબાજુના વાતાવરણને સ્વચ્છ કરીને ચિત્તની પ્રસન્નતાપૂર્વક અને ભાવપૂર્વક શ્રી નવકારના અડસઠ મંત્રાક્ષરોનું ઓછામાં ઓછું એકસો અને આઠ વાર રટણ કરીએ અને આપણા જીવનમાં થતી અસરોનું નિરીક્ષણ કરીએ તેમજ તેની નોંધ લઈએ.

**પરાણે અપાતી દવા પણ જેમ રોગને ટાળે છે. તેમ પરાણે સંભળાવાતો, બોલાતો નવકારમંત્ર પણ પાપીના પાપને ટાળે છે.**

શ્રી નવકારને હૈયામાં બેસાડવા માટે નવકારની આરાધનાની જરૂર છે.

શ્રી નવકાર પ્રત્યેની સાચી શ્રધ્ધા, સાચું મંગલ આપશે.

આજની દુનિયા શ્રીનવકારમંત્રની સાધનાને ઓળખી શકતી નથી. એટલે પંચપરમેષ્ઠિનો મહિમા જાણ્યા વિના વંચિત રહી જાય છે.

**શ્રી નવકારની સાધના વાળો નવગ્રૈવેયક સુધી જાય. અને નવકારની**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રધ્ધાવાળો ચૌદ રાજલોકના અગ્રભાગે જાય.**

ભૂતકાળમાં અરિહંત સિવાય કોઈને મસ્તક નમાવ્યું હોય તેનું પ્રાયશ્ચિત કરૂં છું. એવુ ણમો શબ્દથી ભાવિક શ્રધ્ધાલુ સ્વીકારે છે.

વર્તમાન કાલે પણ અરિહંતમાંજ, પરમેષ્ઠિમાં જ રાચું એ સિવાય કોઈ મારા દેવ નથી. ભવિષ્યકાળમાં પંચપરમેષ્ઠિ સિવાય અન્ય કોઈને હું મસ્તક નમનારો ન બનું. ભવોભવ પરમેષ્ઠિનું શરણ સ્વીકારૂં !

ત્રણે કાળમાં, ત્રણે લોકમાં શાશ્વતી સ્થાપના હોયતો તે નવકાર મહામંત્રની સ્થાપનાછે.

**કર્મને નહિ, કર્મની પરંપરા તોડવા માટે શ્રી નવકાર મહામંત્ર છે.**

**દુઃખને નહિ, દુઃખની પરંપરા તોડવા માટે શ્રી નવકાર મહામંત્ર છે.**

**મરણને નહિ, મરણની પરંપરા તોડવા માટે શ્રી નવકાર મહામંત્ર છે.**

**જન્મને નહિ, જન્મની પરંપરા તોડવા માટે શ્રી નવકાર મહામંત્ર છે.**

**પાપને નહિ, પાપની પરંપરા તોડવા માટે શ્રી નવકાર મહામંત્ર છે.**

**શ્રી નમસ્કાર મહામંત્રના વર્ણોનું ચિંતન**
**કાચા ઘડામાં ભરેલ પાણીની જેમ**
**કર્મોના બંધનોને ઓગાળી દે છે.**

શ્રી નમસ્કાર મહામંત્ર ના વર્ણો એ સિદ્ધ શાશ્વત બીજમંત્રોના અખૂટ ભંડોળ તુલ્ય છે. તેઓના પવિત્ર નામમંત્રનું માત્ર પદ્ધત્તિબદ્ધ સ્મરણ રૂપ જાપ જ આપણા વિકાસના સઘળા દ્વાર ખોલી આપે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જાપ એટલે !

અનંત ઉપકારી જ્ઞાની ભગવંતોએ આત્મકલ્યાણના પંથે વ્યવસ્થિત વિકાસ સાધવા માટે શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ જરૂરી જણાવેલ છે.

શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ એટલે.....

આપણા પરિણામો, વિચારોને, આરાધકભાવને પોષક વિશિષ્ઠ શકિતવાળા વર્ણોના સતત ઉચ્ચારણની પવિત્ર ક્રિયામાં સાંકળી લઈ મોહના સંસ્કારોની પકડ ઢીલી પાડવાની મહત્વપૂર્ણ ક્રિયા.

## શ્રી નવકારના જાપની મહત્તા

આ દ્રષ્ટિએ ખરેખર શાસ્ત્રોમાં શ્રી નમસ્કારોની મહામંત્રના જાપને અભ્યંતર તપના ચોથા ભેદ રૂપ સ્વાધ્યાયમાં અંતર્ગત જણાવ્યો છે. શ્રી મહાનિશીથ આદિ મહામહિમશાલી અર્થ ગંભીર આગમોમાં પણ જ્ઞાનાવરણીય કર્મની વિષમતાએ સુત્રપૌરૂષીની મર્યાદા ન જાળવી શકનાર પુણ્યાત્મા મુનિભગવંતો માટે શ્રી નમસ્કાર મહામંત્રના અમુક સંખ્યાના જાપથી આરાધક ભાવ જાળવવાનું વિધાન ફરમાવ્યું છે.

સામાન્યતઃ પાક્ષિક- ચાતુર્માસિક અને સાંવત્સરિક આલોચનાના પ્રાયશ્ચિત તરીકે દરેક આરાધકે ઉપવાસ-છઠ્ઠ અને અઠ્ઠમ તપની આજ્ઞાનું પાલન અવશ્ય કરવા લાયક છે. પરંતુ આ તપસ્યા કરવાની કાયાશક્તિ સર્વથા જેને ન હોય તેવાઓને પણ ૨૦,૪૦,અને ૬૦ નવકારવાળી (બાંધી) ગણીને પણ શાસ્ત્રીય મર્યાદા જાળવવા રૂપે પ્રાયશ્ચિત કરવાનું હોય છે.

આવા અનેક કારણોથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ અત્યંત મહત્વની ધર્મક્રિયા જણાય છે. આથી તેનું મહત્વ-યોગ્ય બંધારણ આદિ જ્ઞાની-ગુરૂની નિશ્રાએ વ્યવસ્થિત રીતે સમજવાની જરૂર છે.

## જાપ અંગે બંધારણની જરૂર

શ્રી તીર્થંકર પરમાત્માએ જગતના પ્રાણીઓના એકાંત કલ્યાણ માટે નિર્દેશેલી ધર્મની કોઈપણ ક્રિયા જ્ઞાની ભગવંતોની યોગ્ય નિશ્રા તેમજ તેમણે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જણાવેલી મર્યાદા પ્રમાણે કરવાથી જલ્દી અને વિશેષ રૂપમાં યથાર્થ ફળ આપનારી નિવડે છે.

કેમ કે દ્રવ્યક્રિયામાં ભાવક્રિયાનું પડી રહેલું બીજ વિધિપૂર્વક યોગ્ય રીતે જ્ઞાની ગુરૂની નિશ્રાએ આસેવન કરવાના બળે વિકસિત થઈ યોગ્ય ફળ જન્માવી શકે છે.

તેથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કિલષ્ટ કર્મોના પડલને ભેદી નાખવામાં વજ્ર સમાન તપના અભ્યંતર ભેદ તરીકેની મહત્વની ધર્મક્રિયારૂપ ગણી-સમજુ આરાધક પુણ્યાત્માઓએ ગુરૂગમ અને વ્યવસ્થિત જાણકારીના અભાવે વર્તમાનમાં ચાલુ નવકારવાળીના મણકા ફેરવવા રૂપ દ્રવ્યક્રિયામાં ભાવનું ઓજસ્ ભેળવવા માટે નીચે જણાવાતી શાસ્ત્રીય મર્યાદાઓને ચોકકસ રીતે લક્ષ્યમાં લઈ યથાશક્તિ મર્યાદાઓને જીવનમાં અપનાવવા પ્રયત્ન કરવો.

## જાપના મૌલિક તત્વો

સામાન્યતઃ મંત્રશાસ્ત્રના નિયમ પ્રમાણે દરેક મંત્રોનું જુદા જુદા અનુષ્ઠાનના બળે વિવિધ શક્તિઓના અનુભવ માટે અમુક★ નિશ્ચિત આસન, દિશા, કાળ, માળા, મુદ્રા, આદિનું બંધારણ જરૂરી જણાય છે. આસન, માળા, દિશા આદિના ફેરફારથી મંત્રની શક્તિનો પ્રવાહ જુદી જુદી દિશાઓમાં ચોક્કસ રીતે વાળી શકાય છે.

મંત્રશાસ્ત્રના મૌલિક બંધારણની માર્મિકતા જાણનારઓ માટે આ એક પરમ અનુભવ સત્ય છે.

આ ઉપચારથી એમ પણ સ્પષ્ટ થાય છે કે નિશ્ચિત બંધારણની જાળવણી ન હોય તો ગમે તેટલી શક્તિ મંત્રમાં હોય પણ ચોક્કસ ભૂમિકા વિના તે શક્તિનું અવતરણ શક્ય નથી.

---

★ **તા.ક.:** શ્રી નવકારના જાપ માટે નિશ્ચિત આસન દિશાકાળ વિગેરે માટે જુઓ લેખ નં. ૨૫ પૃ. નં.૯૭.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૧ શ્રી નવકાર મહામંત્ર આરાધવાની ક્રમિક આદર્શ પ્રક્રિયા

## સોપાન પહેલું

દરરોજ આરાધના શરૂ કરતાં પહેલાં મન, વચન, કાયાની શુદ્ધિ માટે નીચેની બાબતો આરાધકે ધ્યાનમાં રાખવી.

◆ શ્રી નવકાર મંત્રના મહિમા વિષેના સ્તોત્રો, શ્લોકો વિગેરેમાંથી થોડાક પસંદગીના શ્લોકો યાદ કરી તેનો મહિમા ગાવો.

◆ "**ચત્તારિ મંગલં**" અને મૈત્રી આદિ ચાર ભાવનાથી વાસિત થવું.

◆ મૈત્રી આદિ ચાર ભાવનાઓને ધર્મધ્યાનની તૈયારી માટે યોજવાનું જ્ઞાની પુરૂષો બતાવે છે. સામાન્ય રીતે મનમાં અનેક સંકલ્પ-વિકલ્પ ચાલતા હોય છે. અનાદિકાળથી જીવને મોહજન્ય સુખ દુઃખની વિચારણા હોય છે. તે મોહજન્યભાવ પલટાઈ મૈત્રી આદિ ભાવનાથી પરમાર્થ વિષયક બનાવાથી મનનાં સકંલ્પ-વિકલ્પ મંદ પડી જાય છે. આથી મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ભાવવી.

◆વળી યોગશાસ્ત્ર (પ્રકાશ સાતમા) માં ધ્યાન કરવા માટે ધ્યાતાના લક્ષણો બતાવ્યા છે. તેમાં-

**" परम्य्यात्मवत् पश्यन् " " सर्वत्र समतां श्रयन् " ।**
**" नरेन्द्रे वा दरिद्रे वा, तुल्य - कल्याण - कामन : "**
**" अमात्र - करूणा -पात्रं " "भव - सौख्य - परामुखः " ॥**

(અર્થ :- બીજા જીવોને પોતાના આત્માની જેમ જોનાર, ● સર્વસ્થાને સમતાને ધારણ કરનાર ● રાજા અને દરિદ્ર બંન્નેના કલ્યાણને સમાન રીતે ઈચ્છનાર ● સર્વ જીવો ઉપર કરૂણાવાળો ● ભવ = સંસાર સુખોથી વિરક્ત) ઈત્યાદિ લક્ષણો પ્રાપ્ત કરવા માટે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાથી આત્માને ભાવિત કરવો તે ઘણું જરૂરી છે.

◆**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવંતનો તથા શાસનપતિ **શ્રી વર્ધમાન સ્વામી** પ્રભુનો થોડો જાપ કરવો અને પછી આરાધના શરૂ કરવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સોપાન બીજું

- બેસવાનું આસન ઉનનું સફેદ રંગનું રાખવું.
- પદ્માસન આદિ આસનોમાંથી નક્કી કરેલ અનુકૂળ આસને બેસવું.
- આરાધના વખતે જે જગ્યાએ બેસવાનું નક્કી કર્યું હોય તે જ ચોક્કસ જગ્યાએ દરરોજ બેસવાનું રાખવું કદાચ બહાર જવું પડે તો પણ આસન સાથે લઈ જવું.
- દિશા પૂર્વ અગર ઉત્તર તરફ બેસવું, પણ જિનમંદિરમાં પ્રભુ સન્મુખ બેસવું.
- માળા ગુરૂ પાસે પ્રતિષ્ઠિત કરાવવી. માળા સ્ફટીકની અગર સુતરની રાખવી. તે માળાથી ફકત નમસ્કાર મહામંત્રનો જ જાપ કરવો.
- જાપ માટે ઓછામાં ઓછી જે સંખ્યા નક્કી કરી હોય તે જાળવી રાખવી. તે સંખ્યાના જાપમાં એક પણ દિવસ ખાલી ન જવો જોઈએ.
- ધૂપ (ગાયના ઘીનો) દીપ ઉચિત સ્થાન વિગેરે સાચવવું.
- આરાધના માટે ચોક્કસ સમય નક્કી કરવો.
- શકય હોય ત્યાં સુધી તેજ સમયે આરાધના કરવી. આરાધના માટે ત્રણ સંધ્યા અને બ્રાહ્મમુહૂર્ત શ્રેષ્ઠ સમય છે.

## સોપાન ત્રીજું

- કાળા ઉપર સફેદ અક્ષરો હોય તેવું છાપેલું કાર્ડ સામે રાખી વાંચવું એક વખત ૬૮ અક્ષરો વંચાય ત્યારે એક જાપ થશે.

આ મંત્ર બાલ્યાવસ્થામાં સામાન્ય રીતે પ્રાપ્ત થયેલો હોવાથી સાહજિક ઝડપને રોકી કાર્ડમાંના અક્ષરો વાંચતી વખતે જે અક્ષર વંચાતો હોય તે અક્ષર ઉપર જ દ્રષ્ટિનો ઉપયોગ પણ રાખવો, કારણ કે.... અતિ પરિચિત હોવાથી દ્રષ્ટિનો ઉપયોગ **મો** વાંચતી વખતે **રિ** ઉપર અને **તા** વાંચતી વખત **ણં** ઉપર જશે.

એ રીતે ઉપયોગ આગળ-પાછળ અને જપનું ઉચ્ચારણ આગળ પાછળ થઈ જાય છે. આવી આવી ગરબડ ન થાય માટે નાનું બાળક વાંચતું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોય એ રીતે **ण....मो....अ....रि....हं....ता....णं......** છુટું છુટું વાંચવું

ધીમે ધીમે અભ્યાસ પાડયા પછી ઉતાવળથી વાંચતાં પણ ઉચ્ચારણ અને દ્રષ્ટિનો ઉપયોગ સાથે રહશે.

આ રીતે વાંચીને જાપનો અભ્યાસ ચાલુ રહેતાં સામાન્ય રીતે ત્રણ થી છ મહિનામાં અક્ષરો આંખો બંધ કરીને પણ દેખાવા માંડશે.

ઉપરની રીત મુજબ નિયમિત કરવા ઉપરાંત **આંખો બંધ કરીને અક્ષર નજર સમક્ષ લાવવા બીજા પ્રયોગો પણ છે.**

◆ આખો બંધ કરીને સામે કાળા રંગનું પાટીયું ધારવું, પછી હાથમાં ચાકનો કકડો લઈ તેના ઉપર **णमो** એમ ધારણાથી લખવું. તે લખેલ દેખાય એવો પ્રયત્ન કરવો.

ન દેખાય તો ફરી-ફરીને પ્રયત્ન ચાલુ રાખવો. તે પછી "अरिहंताणं" લખવું. ફરી-ફરીના પ્રયત્નથી તે પણ દેખાશે. આ રીતે નવે પદ માટે પ્રયત્ન કરવો. દરરોજ પંદર મિનિટ આ રીતે અક્ષરો જોવા માટે પ્રયત્ન કરવો.

પહેલી રીત પ્રમાણેનો જાપ ચાલુ રાખવો.

◆ આંખો બંધ કરીને સફેદ હીરાનો ઢગલો ધારવો પછી ધારણાથી તેમાંથી હીરા લઈ **ण** બનાવવો. એ રીતે બધા અક્ષરો ધારણાથી બનાવવા આથી બધા અક્ષરો હીરા જેવા ચળકતા દેખાશે. આમાં પણ પ્હેલી રીતનો જાપ ચાલુ રાખવો.

અક્ષરો દરેકના સ્પષ્ટ દેખાવા શરૂ થયા પછી બીજી આગળની રીતો વધુ અનુકૂળ પડે છે. અક્ષર ન દેખાય તો પણ આગળની રીતો જાપ માટે ઉપયોગી છે. પરંતુ અક્ષરો દેખાવવાનું શરૂ થયા પછી આરાધનામાં ઝડપી વિકાસ થાય છે.

## સોપાન ચોથું

શ્રી તીર્થંકર દેવની પ્રતિમા પણ આંખો બંધ કરીને જોઈ શકાય તે માટે પણ પ્રયત્ન કરવો અને આ પ્રક્રિયા શીખવા માટે શ્રી શંખેશ્વરજી જેવા તીર્થ-સ્થળમાં જઈ અઠમ અથવા ત્રણ આયંબીલ કરી પ્રતિમાજી બંધ આંખે નજર સમક્ષ આવી શકે એ માટે પ્રયત્ન કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બધ આખ પ્રાતમાજી દખાયા પછી પરમાત્માના પૂજાના અંગો પર નીચે પ્રમાણેના ક્રમથી નવકારના પદો જોવા પ્રયત્ન કરવો. થોડા સમયમાં ચકમકતા સ્ફટીક જેવા અક્ષરો દેખાવા લાગશે. પરમાત્માના અનુગ્રહ પ્રભાવે આરાધનામાં સ્થિરતા આવશે. અદ્‌ભુત શાંતિ અનુભવાશે.

(શ્રી નવકારની આરાધના સમયે નીચે દર્શાવેલા ક્રમથી પ્રભુ-પૂજા કરવામાં આવે તો ત્રણ નવકાર પૂર્ણ થાય અને બે વાર પ્રભુ-પૂજા પણ થાય.)

| | | |
|---|---|---|
| (૧) જમણા પગના અંગુઠે | - | णमो अरिहंताणं |
| (૨) ડાબા પગના અંગુઠે | - | णमो सिद्धाणं |
| (૩) જમણા ઢીંચણે | - | णमो आयरियाणं |
| (૪) ડાબા ઢીંચણે | - | णमो उवज्झायाणं |
| (૫) જમણા કાંડે (હાથે) | - | णमो लोए सव्वसाहूणं |
| (૬) ડાબા કાંડે (હાથે) | - | एसो पंचणमुक्कारो |
| (૭) જમણા ખભે | - | सव्वपावप्पणासणो |
| (૮) ડાબા ખભે | - | मंगलाणं च सव्वेसिं |
| (૯) શિખા ઉપર | - | पढमं हवइ मंगलं |
| (૧૦) લલાટ ઉપર | - | णमो अरिहंताणं |
| (૧૧) કંઠ ઉપર | - | णमो सिद्धाणं |
| (૧૨) વક્ષસ્થલ (છાતી) ઉપર | - | णमो आयरियाणं |
| (૧૩) નાભિ ઉપર | - | णमो उवज्झायाणं |
| (૧૪) અંજલિમાં ★ | - | णमो लोए सव्वसाहूणं |
| (૧૫) જમણા પગના અંગુઠે | - | एसो पंचणमुक्कारो |
| (૧૬) ડાબા પગના અંગુઠે | - | सव्वपावप्पणासणो |
| (૧૭) જમણા ઢીંચણે | - | मंगलाणं च सव्वेसिं |
| (૧૮) ડાબા ઢીંચણે | - | पढमं हवइ मंगलं |
| (૧૯) જમણા કાંડે (હાથે) | - | णमो अरिहंताणं |

★ શાસ્ત્રસંમત સામાચારી અને પૂર્વ પુરૂષાચરિત ગીતાર્થસંમત પરંપરા પ્રમાણે નવાંગ પૂજામાં અંજલિમાં તિલક કરવું વિહિત નથી, છતાં અહિં શ્રી નવકાર મહામંત્રના પદોમાં ડમરૂમણિન્યાયે વિશિષ્ટ શક્તિવાળું આ (પાંચમું) પદ અપૂર્વ રીતે ભવ્યાત્માને સાધનામાં ઉપયોગી થાય તે રીતે વિવક્ષા છે. અહીં ફક્ત ભાવથી તિલક કરવા રૂપે (કેસરથી કરવાનું નહીં.) આ (પાંચમા)-પદની સ્થાપના અંજલિમાં જાણવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| (૨૦) ડાબા કાંડે (હાથે) | - | णमो सिद्धाणं |
| (૨૧) જમણા ખભે | - | णमो आयरियाणं |
| (૨૨) ડાબા ખભે | - | णमो उवज्झायाणं |
| (૨૩) શિખા ઉપર | - | णमो लोए सव्वसाहूणं |
| (૨૪) લલાટ ઉપર | - | एसो पंचणमुक्कारो |
| (૨૫) કંઠ ઉપર | - | सव्वपावप्पणासणो |
| (૨૬) વક્ષસ્થલ (છાતી) ઉપર | - | मंगलाणं च सव्वेसिं |
| (૨૭) નાભિ ઉપર | - | पढमं हवइ मंगलं |


## સોપાન પાંચમું

◆ શ્રી નવકારના પદોને અષ્ટદલ કમળમાં ગોઠવી કમળબંધ જાપ કરવો. પ્રથમ પદ કર્ણિકામાં-મધ્યભાગમાં બીજા આઠ પદો આઠ પાંખડીમાં યથાસ્થાને ગોઠવી એક નવકાર ગણવો.

◆ હવે આપણી સન્મુખ એક પ્રતિમા કલ્પવી તેના જમણા પગના અંગૂઠા પર એક કમળ કલ્પવું અને એમાં નવે પદોની કલ્પનાથી સ્થાપના કરવી.

◆ બીજું કમળ ડાબા પગના અંગૂઠા ઉપર કલ્પીને સ્થાપવું અને નવે પદો ગોઠવવા.

એ રીતે હૃદય સુધી ૧૨ કમળ બદ્ધ નવકાર થશે. આ પ્રમાણે નવ વખત જાપ કરવાથી ૧૦૮ શ્રી નવકાર (એક માળા) થશે.






Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૨ શ્રી નવકાર કેમ ગણાય ?
### (નવકારના આરાધકને સૂચનો)

શ્રી નવકારના જાપમાં એકાગ્રતા જરૂરી છે. આ એકાગ્રતા લાવવા માટે પ્રાથમિક ભૂમિકાએ નિમિત્ત કારણો પણ કામ કરતા હોય છે. આથી શ્રી નવકારના આરાધકે નીચેની કેટલીક બાબતો હૈયાથી સમજી અમલમાં મુકવા પ્રયત્ન કરવો. - સંપાદક

★ શુધ્ધ થઈને, શુધ્ધશ્વેત વસ્ત્રો પહેરીને સાનુકૂળ ભૂમિતલ પ્રમાજવું.

★ આસન બાંધીને - આસન એકજ જગ્યાએ રાખવું, શ્વેત કટાસણું વાપરવું.

★ નવકારના જાપ માટે દિશા પણ એકજ રાખવી. પૂર્વ યા ઉત્તર સન્મુખ બેસવું.

★ જાપનો સમય એકજ રાખવો.

★ ૧૮ અભિષેક વાળી અભિમંત્રિત સુતરની શ્વેતમાળા વાપરવી. જાપવાળી માળા એકજ રાખવી બદલવી નહીં.

★ ચિત્તને **"શિવમસ્તુ સર્વ જગતઃ"** ની ભાવના વડે વાસિત કરવું.

★ શ્રી નવકારનો જાપ શરૂ કરતાં પૂર્વે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું તથા શાસનપતિશ્રી મહાવીર પ્રભુનું તેમજ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ સ્વામીજીનું નામ ત્રણવાર લેવું.

★ શ્રી નવકારનો જાપ કરતાં આંખો બંધ રાખવી, અગર ધ્યાન નવકારના પટ સામે રાખવું અથવા દ્રષ્ટિને નાસિકાના અગ્રે સ્થાપવી.

★ ધીરે ધીરે શ્રી નવકારનો પ્રત્યેક અક્ષર આખા શરીરમાં ફરી વળે તેવી રીતે **શ્રી નવકારનો જાપ** કરવો જોઈએ.

★ નવકારવાળી કેટલી ગણવી છે. તેની સંખ્યા પણ ચોક્કસ રાખવી જોઈએ એટલે કે પાંચ માળા ગણવાના નિયમવાળો પુણ્યશાળી આત્મા પાંચથી વધુ માળા ગણી શકે, પણ પાંચમાળાથી ઓછી નહીં જ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ નવકારવાળી ગણતી વખતે ડાબો હાથ માળાને અડકવો જોઈએ નહીં.

★ જાપ વખતે શરીર હાલે નહીં, કમર વળે નહીં, તથા બગાસુ આવે નહીં તે ધ્યાન રાખવું.

★ માનસજાપમાં હોઠ બંધ રહેવા જોઈએ, તેમજ દાંત ખુલ્લા રહેવા જોઈએ.

★ ઉપાંશુજાપમાં હોઠનો ફફડાટ વ્યવસ્થિત રહેવો જોઈએ.

★ ભાષ્યજાપમાં ઉચ્ચાર તાલબદ્ધ રહેવો જોઈએ.

★ જાપ પૂરો થાય તે પછી ઓછામાં ઓછી પાંચેક મિનિટ સુધી આખો બંધ કરીને તે સ્થળમાં બેસી રહેવું જોઈએ,

આમ કરવાથી જાપ-જન્ય સત્ત્વની સ્પર્શનાનો અદ્ભૂત યોગ સધાય છે. અને ક્યારેક ભાવ સમાધિની અણમોલ પળ જડી જાય છે.

★ જાપ માટેના ઉપકરણોને પૂરેપૂરા બહુમાન પૂર્વક, પવિત્ર જગ્યામાં રાખવા જોઈએ.

★ ઉપકરણો પ્રત્યેનો આપણો સદ્ભાવ હોય છે તે, શ્રી નવકાર પ્રત્યેના આપણા ભાવ ઉપર તથા પ્રકારની અસર પહોંચાડે જ છે. માટે જાપના ઉપકરણો પ્રત્યે અત્યંત આદર રાખવો અને વિનય સાચવવો.

★ જીભ એકલી જ નહિ, પરંતું મન બરાબર શ્રી નવકાર ગણતાં શીખી જાય તે તરફ આપણું લક્ષ્ય રહેવું જોઈએ.

★ મોટો ભાઈ નાના ભાઈને કવિતા શીખવાડે, તેમ આપણે મન રૂપી આપણા લઘુબંધુને સદ્ભાવના પૂર્વક શ્રી નવકાર શીખવાડવો જોઈએ.

★ મન શ્રી નવકારમાં પરોવાય છે. એટલે બધી ઈન્દ્રિયો પણ તેમાં ઓતપ્રોત થાય છે.

★ તારૂનું (તરનારનું) શરીર ભીંજાયા સિવાય ન રહે. તેમ શ્રી નવકારમાં પ્રવેશેલા પ્રાણો પણ શુભ ભાવ વડે ભીંજાય છે, જો ન ભીંજાય તો સમજવું કે આપણા પ્રાણોનો અધિક ભાગ શ્રી નવકારની બહાર રહે છે.

★ શ્રી નવકાર ગણતી વખતે નીચેની ભાવના સતત ભાવવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## "શ્રી નવકારની બહાર જન્મ, જરા અને મૃત્યુ છે. શ્રી નવકારની અંદર શાશ્વત સુખનો મહાસાગર છે."

શાશ્વત સુખ પ્રત્યેનું આપણું યથાર્થ પક્ષપાત આપણને સહુને વહેલા-વહેલા શ્રી નવકારના અચિંત્ય અંતસ્તેજના પક્ષકાર બનાવે.

### -: શ્રાવકની આરાધના માં સહાયકો :-

શ્રી નવકારના જાપથી આત્મશક્તિનો વિકાસ ત્યારે શક્ય બને કે જ્યારે....

બીજ વાવવાની ક્રિયા સાથે ખાતર, પાણી આદિના સંયોગની જેમ જાપ સાથે પ્રભુપૂજા, ગુરુવંદન, સામાયિક, વ્રતનિયમ પચ્ચક્ખાણ આદિ રૂપે છ આવશ્યકનું નિયમિત પાલન થતું હોય. રાત્રિભોજન, નાટક-સીનેમા, હોટલ, અભક્ષ્ય આદિનો ત્યાગ એ જાપ સાથેના સહકારી કારણો છે.

તેમાંય - શ્રાવક જીવનમાં વિવેકને મેળવવા-ટકાવવા જિનપૂજા ખૂબ જ જરૂરી છે. તે જિનપૂજા પણ સ્વદ્રવ્યથી અષ્ટપ્રકારી પૂજા સાથે ચૈત્યવંદનરૂપ ભાવ પૂજાવાળી હોવી જોઈએ.

આ રીતે - આત્મશુદ્ધનું સત્વ કેળવાયું હોય તો જાપની શક્તિને અંતરમાં ટકાવી શકાય.

### -: જપ-શક્તિનો ગુણાકાર :-

જાપની સાથે અક્ષરો પર ધ્યાન કેન્દ્રીત કરવાની વાત પણ ભૂલવા જેવી નથી...જાપ પૂર્વે શ્રીનવકાર અંગેનું સાહિત્ય ૨૦ મિનિટ વાંચવું જાપ પછી ૧૦ મિનિટ બેસી રહેવું મનની સપાટીએ કયા વિચારો આવે છે ? તે વિચારોમાં અશુભ તત્વ કેટલું છે ? પ્રથમ કરતાં ઘટ્યું કે નહિ ? તેની જબરી સમીક્ષા કરવી છેવટે.. " અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ" એ વાક્ય ૭ વાર બોલી સમર્પણ ભાવના કેળવણી કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૩ જાપની પાત્રતા કેળવવાના ઉપાયો

નવકારના આરાધકે નીચેના ગુણોને ખૂબ મહત્વના માની તેને જીવનમાં ઉતારવા માટે શક્ય પ્રયત્ન કરવાથી જીવનમાં પાત્રતા કેળવાય છે. અંતે તો જીવનમાં કેળવાયેલી પાત્રતા એજ સર્વ સદ્‌ગુણોને ટકાવનાર વધારનાર અને સાનુબંધ બનાવનાર એક અજોડ જડીબુટ્ટી છે.

(૧) કોઈને પણ નિંદનીય માનવો નહિ, પાપીમાંપાપી જીવ પ્રત્યે પણ ભવસ્થિતિ ચિંતવવી,

(૨) કોઈપણ એક અસાધારણ ગુણને વરેલ આત્મા પ્રત્યે પણ હૃદયમાં બહુમાન ધારણ કરવું. ગુણનો અંશ પણ કોઈપણ જગ્યાએ જોવા મળે તો આનંદિત થવું.

(૩) લોક સંજ્ઞાને છોડી દેવી, શાસ્ત્ર સંજ્ઞાને કેળવવી.

(૪) હિતકર વચન નાના બાળકનું હોય તો પણ ગ્રહણ કરવું,

(૫) દુર્જન પ્રત્યે દ્વેષ ન કરવો, બીજા ઉપર દ્વેષ બુદ્ધિ આરાધક માટે અનિષ્ટ છે. કેમકે તત્વજ્ઞાન પ્રાપ્તિમાં નીચે મુજબ અદ્વેષ આદિ આઠ અંગો છે.

(અ) **અદ્વેષ** - એટલે બીજા જીવો અથવા તત્વો ઉપર અરૂચિનો અભાવ.

(આ) **જિજ્ઞાસા** - એટલે તત્વને જાણવાની ઈચ્છા,

(ઈ) **શુશ્રુષા** - એટલે તત્વને સાંભળવાની ઈચ્છા,

(ઇ) **શ્રવણ** - એટલે તત્વને સાંભળવું,

(ઉ) **બોધ** - એટલે સાંભળેલ તત્વોની જાણકારી,

(ઊ) **મીમાંસા** - એટલે જાણ્યા પછીનું તત્વનું મનન,

(એ) **પ્રતિપત્તિ** - એટલે મનન પછી તત્વનો સ્વીકાર અર્થાત્ તત્વનિશ્ચય આ આવું જ છે. એવો નિર્ણય

(ઐ) **પ્રવૃત્તિ** - એટલે તત્વ નિર્ણય પછીનું તદ્‌નુસાર અનુષ્ઠાન,

આ રીતે તત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે અષ્ઠાંગી છે.

તેની પ્રાપ્તિમાં અદ્વેષભાવ એ પ્રથમ હેતુ છે. તેથી કોઈપણ જીવ પ્રત્યે દ્વેષ ન કરવો - એ રહસ્ય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૬) પોતાનાં કાર્યો માટે પારકી આશા સેવવી નહિ.

(૭) સ્વજન સંબંધીઓ સાથે પણ મર્યાદિત વ્યવહાર રાખવો. સર્વ સંયોગ-સંબંધને બંધન રૂપ જાણવા.

(૮) કોઈ સ્તુતિ કરે તો ફુલાવવું નહિ, નિંદા કરે તો કોપાયમાન થવું નહિ.

(૯) સદાચારી, ધાર્મિક પુરુષોની સેવા કરવી.

(૧૦) તત્વની જીજ્ઞાસા રાખવી.

(૧૧) જીવન પવિત્ર રાખવું.

(૧૨) કષ્ટ વખતે સ્થિર - ધીર - રહેવું,

(૧૩) નિર્દંભ જીવન ગાળવું.

(૧૪) ઈન્દ્રિયોના અનુકૂળ વિષયો પ્રત્યે વૈરાગ્ય કેળવવો,

(૧૫) સંસારનું વીરુપપણું ચિંતવવું,

(૧૬) શરીર, ધન, વૈભવ આદિની મૂર્છા ઉતારતા રહેવું.

(૧૭) દેવ-ગુરૂ પ્રત્યે ભક્તિ વધારવી.

(૧૮) સ્વાધ્યાય, ધ્યાન, જાપ માટે શાંત અને પવિત્ર સ્થાન પસંદ કરવું,

(૧૯) સમ્યક્ત્વ દ્દઢ કરવું.

(૨૦) પ્રમાદને આધીન ન થવું.

(૨૧) આત્મશુદ્ધિ પ્રાપ્ત કરવા સદા ઝંખના રાખવી.

(૨૨) વય, સદાચાર અને જ્ઞાનથી વુદ્ધ પુરૂષોને અનુસરવું.

(૨૩) કુવિકલ્પો છોડવા,

(૨૪) પુદ્ગલ પ્રત્યેની મમતા ઘટાડવા પ્રયત્નશીલ થવું.

વગેરે બાબતો આરાધકો માટે જરૂરી છે.

આ ઉપરાંત ગુરૂજન નિશ્રા અને વિવેક પૂર્વક વૈરાગ્ય જરૂરી છે.

**NAVKAR IS THE ESSENCE OF EVERYTHING**
**શ્રી નવકાર મહામંત્ર બધાનો સાર છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૪ જાપની શક્તિનો અનુભવ ક્યારે ?

જ્ઞાનીઓએ ધર્મના અન્ય સાધનો કરતાં શ્રી નવકાર મહામંત્રને આશયશુદ્ધિ માટે વધુ ઉપયોગી જાણી તેના સંસ્કાર અસ્થિમજ્જાગત દૃઢ કરવા માટે વારંવાર અને ગમે તેવી સ્થિતિમાં તેણે ગણવાની ભલામણ કરી છે, પરંતુ ઉત્તમ સુંદર ચીજ પણ વ્યવસ્થિત રૂપે ઉપયોગમાં લેવાય તો તેના જ વાસ્તવિક ફલને યોગ્ય રીતે મેળવી શકાય.

એટલે "अतिपरिचयादवज्ञा" ની જેમ શ્રી નવકાર મહામંત્ર માટે બનવા પામ્યું હોઈ આરાધકો તેની વ્યવસ્થિત ઉપયોગની દિશા કંઈક અંશે ભૂલી જવાના કારણે અત્યધિક પ્રમાણમાં શ્રી નવકારનો જાપ કરવા છતાં આજે કેટલીક વાર તેની સામાન્ય શક્તિઓ પણ નથી દેખાતી. પરિણામે મહામંત્ર અને સકલ દિવ્યશક્તિના નિધાનરૂપે બિરદાવાયેલા પણ શ્રી નવકાર મહામંત્ર પ્રતિ આરાધકોની જગતના અન્ય તુચ્છ મંત્રો પ્રતિ રખાતી વિવેક બુદ્ધિ=આદર વૃત્તિ જેવી પણ વિવેકબુદ્ધિ નથી રહેતી.

માટે એકડે એક ઘૂંટવાની જેમ શ્રી નવકાર મહામંત્રને જાપની પ્રાથમિક ભૂમિકાથી આરાધવાની અત્યન્ત ઉપયોગીતા હોઈ નિયત, આસન, સમય, સંખ્યા આદિ કેટલીક પ્રાથમિક બાબતો દરેક આરાધકે આત્મશક્તિના વિકાસની માંગણી કરવા માટે આદરપૂર્વક અપનાવવી ઘટે.

આધુનિક કેટલાક પ્રયોગોથી પણ આ વાત સાબિત થઈ છે કે, નિયત જગ્યાએ, નિયત સમયે અને નિયત સંખ્યામાં ધારાબદ્ધ જાપ કરવાથી, અમુક પ્રકારનું, અમુક ચોક્કસ વાતાવરણ બંધાય છે, જેમાં પ્રવેશનાર ભયંકર આચાર વિચારવાળો પણ ચમત્કારિક રીતે તે વાતાવરણના પવિત્ર સંસ્કારોથી ઘડીભરને માટે રંગાઈ જાય છે.

કેટલાંક વર્ષો પહેલાં અનુભવી વિદ્વાન વ્યક્તિ પાસેથી જાણવા મળેલ છે કે :-

નક્કી કરેલ જગ્યાએ, નક્કી કરેલા સમયે માત્ર પાંચ જ મિનિટ પોતાના ગમેતે (અરિહંત, રામ, કૃષ્ણ, ઈશુ કે અલ્લાહ વિગેરે) ઈષ્ટદેવના જાપનો લાગલગાટ (એક પણ દિવસની ખામી પડવા દીધા સિવાય) બાર વર્ષ સુધી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવામાં આવેતો -

રોજના ફક્ત પાંચ જ મિનિટના જાપમાં નિયત આસન અને નિયત સમયનું બળ મળવાથી ત્યાંના વાતાવરણમાં જાપના અક્ષરોના આંદોલનનું એવું વિદ્યુત બળ પેદા થઈ સ્થાયી રૂપે બન્યું રહે છે કે -

ભયંકર બદમાશી, લૂંટફાટ અને ચારસોવીશને છાજે તેવા કુકર્મને કરનારાને ગમે તેવી લાલચ આપીને આસન ઉપર બેસાડવામાં આવે તો સમય-સંખ્યા અને આસનની નિયતતા જળવાયાથી બંધાયેલ વાતાવરણ તે ગૂંડાના માનસ પર એવો પ્રભાવ પાડશે કે -

તે ગમે તે કોમ કે ધર્મનો હશે, છતાં આપોઆપ વગર પ્રેરણાએ આપણે જેનો જાપ બાર વર્ષ સુધી કર્યો હશે તે જ જાપ તે ગૂંડાના મુખમાંથી નિકળવા માંડશે !

**આ છે આધુનિક વૈજ્ઞાનિક સત્ય !**

**આ છે સ્થાન સમય અને સંખ્યાની ચોકસાઈ જાળવવાનો મહિમા !!**

**આ છે શબ્દશક્તિના વિદ્યુત તરંગોનો અનુભવ !!!**

માટે મોક્ષે ગયેલ અનન્તાનંત પુણ્યાત્માઓના વિશુદ્ધ આત્મબળના વાહકરૂપે દિવ્ય-શક્તિ નિધાન અને અનાદિસિદ્ધ શ્રી નવકાર મહામંત્રના અડસઠ વર્ણોનો જાપ સમય, સ્થાન, સંખ્યા, માળા અને દિશાની નિયમિતતા, વ્યવસ્થા અને મર્યાદાને જાળવવા પૂર્વક કરી અખૂટ આત્મશક્તિઓના સ્ત્રોતને વહેતો કરવાનું કામ★ હસ્તામલકની જેમ ગુરુગમથી સહેલું કરવાની આરાધકોની પવિત્ર ફરજ છે.[૧]

---

★ હાથમાં રહેલું આમળું બીલકુલ નજીક હોવાથી લેવામાં સહેલું પડે છે.

[૧] જાપશક્તિનો અનુભવ કરવા માટે નિશ્ચિત સ્થાનાદિ કેવું સુંદર પરીણામ આપે છે તે પ્રયોગાત્મક રીતે જણાવી સાધકની પ્રતિતિ જન્ય શ્રદ્ધાને મજબૂત બનાવે છે. શ્રી નમસ્કાર મહામંત્રનો નિશ્ચિત - સમય - સ્થાન - સંખ્યા - માળા - દીશાની માહીતિ માટે હવે પછીનું અનંતર પ્રકરણ (નં. ૨૫) વાંચો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫ શ્રી નમસ્કાર મહામંત્રના જાપ અંગે જરૂરી માહિતી

કોઈપણ ક્રિયાનું સંપૂર્ણ ફળ મેળવવું હોય તો વિધિપૂર્વક આરાધના જરૂરી છે. ખેડૂત જો વિધિપૂર્વક વાવવા આદિની ક્રિયા કરે છે, તો જ ધાન્યરૂપી ફળ પ્રાપ્ત કરી શકે છે, તે માટે શ્રી નમસ્કાર મહામંત્રનાજાપની સફળતા માટે શ્રી નમસ્કાર મહામંત્રના જાપની વિધિ સંક્ષિપ્ત સ્વરૂપે પણ સમજી લેવા જરૂરી છે, તેથી નીચેનું લખાણ ધ્યાન પૂર્વક વાંચી અમલમાં મુકવા પ્રયત્ન કરવો હિતાવહ છે.

જાપ કરનારાઓએ નીચેની પાંચ બાબતો લક્ષ્યમાં લેવી.

* નિશ્ચિત સમય
* નિશ્ચિત આસન
* નિશ્ચિત દિશા
* નિશ્ચિત માળા
* નિશ્ચિત સંખ્યા

ખાસ આગાઢ કારણ વિના આ પાંચ બાબતોમાં વારંવાર ફેરફાર ન કરવો.

આ સંબંધી માંત્રિક-રહસ્યાવેત્તા પૂ.આ. શ્રી મલ્લિષેણ સૂરીશ્વરજી મ. ફરમાવે છે કે-

दिक्-काल-मुद्रा-ऽऽसन-पल्लवानां;,<br>
भेदं परिज्ञाय जपेत् स मन्त्री ।<br>
न चान्यथा सिध्यति तस्य मन्त्रं;,<br>
कुर्वन् स तिष्ठतु जाप्य-होमम् ॥

(भैरव-पद्मावतीकल्प परि. ३ गा.४)

ભાવાર્થ - મંત્રની સાધના કરનારે દિશા-કાલ-મુદ્રા-આસન અને પલ્લવો (મંત્રની આદી અંત કે મધ્યમાં આવતા બીજાક્ષરો) ના ભેદ-વ્યવસ્થાને જાણીને જાપ કરવો જોઈએ, અન્યથા મંત્રને જપતો રહે કે હોમ કરતો રહે, પણ મંત્ર સિદ્ધ ન થાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે સામાન્ય મંત્ર માટે જરૂરી બંધારણની વાત ઉપરથી મહામંત્ર અને મંત્રાધિરાજ તરીકે જગજાહેર શ્રી નમસ્કાર મહામંત્ર માટે વ્યવસ્થિત આસન-કાળ-દિશા આદિના વિવેકની અત્યંત જરૂરિયાત સ્પષ્ટ સમજાય છે.

## નિશ્ચિત સમય :-

### *શ્રી નવકાર મંત્ર ક્યા સમયે ગણવો ?*

શ્રી નવકાર મહામંત્રના જાપથી આત્મશક્તિની ખીલવણી માટે સવાર-બપોર-અને સાંજની ત્રણ સંધ્યાનો સમય અત્યંત શ્રેષ્ઠ છે.

શ્રી નવકાર મહામંત્રનો જાપ વિખરાઈ ગયેલ અલૌકિક સ્વરૂપનું અનુસંધાન કરવા માટે જરૂરી પંચપરમેષ્ઠી ભગવંતોના અપૂર્વ તાદાત્મ્યને પ્રાપ્ત કરવારૂપ હોય છે.

તે શબ્દમાંથી ફલિત થતી સંધિકાળની અપૂર્વ શક્તિનો લાભ મેળવવા સંધ્યાના સમય તરીકે **નિયત સમય સવારના ૬, બપોરના ૧૨, અને સાંજના ૬ ની આગળ-પાછળ ૨૪-૨૪ મિનિટ સુધી હોય છે, એટલે બને ત્યાં સુધીતો ૬-૧૨-૬ નો જ સમય નક્કી રાખવો ઘટે** તે કદાચ ન સધાય તો ૨૪-૨૪ મિનિટ આગળ પાછળની છે, તેમાંથી નિયત કરવો.

ત્રણે સંધ્યાએ એટલે કે સૌથી શ્રેષ્ઠ ૬ વાગે, બપોરે ૧૨ વાગે અને સાંજે ૬ વાગે જ્ઞાની ભગવંતો એ નિર્દેશ્યો છે, જાપનો સમય સવારે અનુકૂળ ન આવે તેમણે નીચેની વાત ધ્યાનમાં લેવી :

* **શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ સવારે બ્રાહ્મમુહુર્ત (રાત્રિની પાછલી ચાર ઘડી) અર્થાત્ સવારે ૪ વાગ્યાથી સૂર્યોદય સુધીના શ્રેષ્ઠ સમયમાં કરવો જોઈએ. છેવટે સૂર્યોદયથી એક કલાક સુધી મધ્યમ અને સવારના ૧૦ વાગ્યા સુધીનો સામાન્ય સમય ગણીને તે સમયો જાપ માટે અનુભવીઓએ નિયત કર્યો છે.**
* **દિવસના ૧૦ વાગ્યાથી સૂર્યાસ્ત પછી ૨॥ ઘડી (૧ કલાક) સુધીનો સમય સામાન્ય રીતે જાપ માટે યોગ્ય નથી આથી નિષિદ્ધ છે.**

આ વાત વિશિષ્ટ, વ્યવસ્થિત અને ધોરણસરના જાપ માટે જાણવી, પણ ચાલુ દૈનિક સ્મરણ અગર ૧। લક્ષાદિ જાપના અનુષ્ઠાન તથા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્રિકાળજાપની મર્યાદાને આ વાત લાગુ પડતી નથી.

❋ **શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ ગમે ત્યારે અને વારંવાર કરવાનું શાસ્ત્રીય વિધાન સંસ્કારોની જાગૃતિ અને તે જાતની વિશિષ્ટ પરિણામોની કેળવણીની અપેક્ષાએ સાર્થક સમજવું.** પણ જાપની પ્રાથમિક ભૂમિકાએ તો આત્મશક્તિ જાગૃત કરવા માટે ઉપર જણાવેલ સમયની મર્યાદા જાળવવી જરૂરી છે.

પ્રાથમિક ભૂમિકાએ જાપ કરનારે અમુક સમય (પાછલી ચાર ઘડી રાત્રિથી દિવસના ૧૦ વાગ્યા સુધી ગમે તે) નિશ્ચિત કરી રાખવો જોઈએ, તે સમયે ગમે તેવા કામને પણ પડતું મુકીને જાપ કરવાની તત્પરતા કેળવવી ઘટે, તેમ કરવાથી જાપની શક્તિઓનો ધીમો પણ મૌલિક સંચાર જીવનમાં અનુભવવા મળે છે.

ટૂંકમાં જાપની પ્રાથમિક શક્તિઓના અનુભવ માટે સમયની ચોકસાઈ જાળવવી જરૂરી છે.

## નિશ્ચિત આસન :-

***શ્રીનવકાર મહામંત્ર ગણવા માટે કેવા આસનનો ઉપયોગ કરવો?***

શ્રી નવકાર મહામંત્રના જાપ માટે શ્વેત, સફેદ શુદ્ધ ઉનનું આસન રાખવું, તેમજ એક જગ્યા નિશ્ચિત રાખવી. એક જ સ્થાન ઉપર શ્રી નમસ્કાર મહામંત્રના જાપથી વિશિષ્ટ કોટિનું વાતાવરણ સર્જાય છે.

જ્યાં ત્યાં શ્રી નવકાર મહામંત્રનો જાપ ઐચ્છિક રીતે કરતા રહેવાથી જાપના આંદોલનો બરાબર વાતાવરણ સર્જી ન શકે અને શક્તિ જ્યાં-ત્યાં વિખરાઈ જાય, તેથી ખાસ જરૂરી કારણ સિવાય જાપનું સ્થળ ફેરવવું નહિ.

અનિવાર્ય કારણે સ્થાનાંતર કરવું પડે તો પણ શ્વેત, શુદ્ધ ઉનનું આસન એક જ રાખવું. ગમે ત્યાં એક જ આસન પર વ્યવસ્થિત રીતે ચાલુ રહેવો જોઈએ.

## નિશ્ચિત દિશા :-

***શ્રી નવકાર મહામંત્રના જાપ માટે કઈ દિશા યોગ્ય?***

મંત્રની જુદી જુદી શક્તિઓ દિશાના હેરફેરથી ઉપજતી હોવાનું



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મંત્રશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

તેથી શ્રી નમસ્કાર મહામંત્રના જાપ માટે પૂર્વ અને ઉત્તર દિશા જ્ઞાનીઓએ વિહિત કરી છે.

તેમાં પણ સવારના ૧૦ વાગ્યા સુધીના જાપ માટે પૂર્વ દિશા અને સૂર્યાસ્તથી ૨ાા ઘડી =(૧ કલાક)પછીના જાપ માટે ઉત્તર દિશાનું વિધાન છે.

રોજ જાપ નિશ્ચિત કરેલી દિશામાં મુખ રાખીને જ કરવો. ખાસ કારણ વિના વારંવાર દિશાનો ફેરફાર ન કરવો.

## નિશ્ચિત માળા :-

શ્રી નમસ્કાર મહામંત્ર ગણવા માટે પ્રાથમિક જાપ (ઓછામાં ઓછો ૧૨૫૦૦ નવકારનો) નવકારવાળીથી જ કરવો જોઈએ.

**માળા શ્વેત-શુદ્ધ સુતરની લેવી -**

પણ જે ગૂંથવાની ઓછી મહેનત પડે તે હેતુથી અંદર જુનું કપડું ભરી ઉપર થોડુક ગૂંથીને બનાવેલ સુતરના મણકાવાળી હોય, તે અશુદ્ધ અને જાપ માટે અગ્રાહ્ય જાણવી.

બજારમાં સસ્તા ભાવે વેચાતી સુતરની માળાઓ લગભગ બધી અશુદ્ધ હોય છે, પણ જે માળાના મણકા અંદરથી ઉપર સુધી અખંડ સુતરથી ગૂંથીને જ બનાવેલ હોય તેવી માળા જાપ માટે વિહિત જાણવી.

ખરી રીતે તો સુતરની કોકડી-સોયો અને બીજા જે કંઈ સાધન હોય તે દરેકને ૪૧ નવકાર થી અભિમંત્રિત કરી શુદ્ધ વસ્ત્ર પવિત્ર દેહપણે એકેક નવકાર મહામંત્ર પદના ઉચ્ચાર સાથે એકધારા સળંગ દોરોથી (અંદર નીચેથી ઉપર સુધી) ગૂંથીને તૈયાર કરેલ મણકાવાળી માળા જાપ માટે શ્રેષ્ઠ કહેવાય !

તેવી માળાથી કરાતો જાપ ઝણઝણાટી ઉપજાવે અને આત્માની અંદર વહેતા શક્તિઓના ધોધને ઝીલવાનો અનુભવ કરાવે.

આમ છતાં જેટલી શક્ય હોય તેટલી પવિત્રતા જાળવવા સાથે ગૂંથાયેલ માળા માટે તત્પરતા રાખવાથી તરમતાએ જાપની અપૂર્વ શક્તિ સહજ રીતે અનુભવાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✻ **અસલી સ્ફટિકની માળા શ્રેષ્ઠ છે,** પણ નકલી સ્ફટિક (જે આજે મોટા ભાગે બજારમાં જોવા મળે છે.) ની માળા કરતાં તો ઉપર બતાવી તેવી સુતરની માળા અત્યંત શ્રેષ્ઠ જાણવી.

✻ **ચાંદીની માળા** ગૃહસ્થો માટે ઉત્તમ ખરી ! પણ તેમાં લાકડા પર ચાંદી મઢીને અગર નક્કર ચાંદીના મણકા હોય તો ! અન્યથા અંદર મીણ કે લાખ જેવી અશુદ્ધ ચીજ ભરેલ સસ્તા ભાવની પ્રચલિત ચાંદીની માળા કરતાં પૂર્વોક્ત સુતરની માળા સર્વ શ્રેષ્ઠ છે.

✻ ટૂંકમાં શ્રી નમસ્કાર મહામંત્રના જાપ માટે શુદ્ધ સુતરની. અસલી સ્ફટીકની' અને નક્કર ચાંદીની માળા શાસ્ત્રીય મર્યાદાથી વિહિત જાણવી. ચંદનની માળા પણ શ્રી નમસ્કાર મહામંત્રના જાપ માટે સર્વશ્રેષ્ઠ ગણાય છે, પરંતુ તે માળા શુધ્ધ ચંદનની હોવી જોઈએ.

**✻ પ્લાસ્ટીકની માળા ગણવી નહિ...!**

વર્તમાનમાં અણસમજથી બહુ પ્રચલિત થઈ ગયેલ પ્લાસ્ટિક અને રેડીયમના પ્રકાશવાળી માળા તો નિતાંત વર્જનીય છે. કેમ કે પ્લાસ્ટીક પોતે જ અત્યંત અશુદ્ધ-અપવિત્ર દ્રવ્યોના મિશ્રણરૂપ છે.

પ્લાસ્ટીક બનાવનાર કંપનીઓ તથા વૈજ્ઞાનિકો સાથે પત્રવ્યવહાર દ્વારા મેળવેલ પ્રમાણિત માહિતીના આધારે ચોક્કસ જાણવા મલ્યું છે કે

પ્લાસ્ટિક એ ઝાડનો રસ હોવા છતાં તેને શોધવામાં અને આજના મોહક સ્વરૂપમાં લાવવા માટે છૂટે હાથે સૂકાં હાડકાંનો ભૂકો બળદના આંતરડાનો રસ વિગેરે ખૂબજ અશુભ, દ્રવ્ય વપરાય છે.

તેથી પ્લાસ્ટીકની માળા સદંતર ત્યાગ કરવા ધ્યાન રાખવું. તથા નવકારવાળી મુકવા માટે પણ પ્લાસ્ટીક એલ્યુમિનિયમ કે સ્ટીલની કોઈપણ જાતની ડબીનો ઉપયોગ કરવો નહિ.

## *માળા કઈ રીતે ગણશો ?*

શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ ઉપર બતાવ્યા મુજબ વિશિષ્ટ માળાથી કરવામાં પણ એક બહુ મહત્વની વાત જાણવી જરૂરી છે. તે એ છે કે **" માળા કઈ રીતે રાખવી ? અને કઈ રીતે મણકા ફેરવવા ? "**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેમ કે જ્ઞાનિઓના બંધારણની મર્યાદા પ્રમાણે નિયત વિધિપૂર્વક કરાતી ક્રિયા પરંપરાએ પણ આંતરિક આત્મશુદ્ધિને જન્માવનારી થાય છે, અને મંત્ર-શાસ્ત્રના ધોરણે એક જ મંત્રના જુદા જુદા મોહન, વશીકરણ, મારણ આદિ કાર્યોમાં કરાતા જાપમાં ભિન્ન ભિન્ન પલ્લવ, બીજ, આસન, દિશા, આદિ ફેરવવાની સાથે મુદ્રાનો ફેરફાર એટલે કઈ રીતે મણકા ફેરવવા ? અને માળા કઈ રીતે રાખવી ? તેની વ્યવસ્થા પણ મહત્વની છે.

એટલે આધ્યાત્મિક શક્તિઓના વિકાસાર્થે કર્મનિર્જરા દ્વારા આત્મશુદ્ધિના લક્ષ્યથી કરાતા શ્રી નમસ્કાર મહામંત્રના જાપમાં પણ ગીતાર્થ જ્ઞાનીઓના વચનો અને શાસ્ત્રમર્યાદાથી ફલિત થતા અમુક ચોક્કસ બંધારણને લક્ષ્યમાં લેવાની જરૂર છે.

***વર્તમાનકાળે શ્રી નવકારવાળી ગણવાની જુદી જુદી ઘણી રીતો જોવા મળે છે :-***

(૧) અંગુઠા ઉપર માળા રાખી તર્જની (અંગુઠા પાસેની પહેલી આંગળી) થી ગણવાની.

(૨) મધ્યમા (સૌથી મોટી વચલી આંગળી, અંગુઠાથી બીજી) પર માળા રાખી અંગુઠો અને તર્જનીના સંયુક્ત સહકારથી ગણવાની (આ રીતે વધુ પ્રચારમાં ચાલે છે.)

(૩) અંગુઠા ઉપર માળા રાખી અનામિકા (પૂજાની આંગળી છેલ્લી-ટચલી આંગળી પાસેની) થી ગણવાની.

*આ સબંધી કારણોની સમીક્ષામાં તે તે રીત પાછળ વિવિધ તર્કો જાણવા મળ્યા છે. જેમ કે :-*

પ્રથમ રીતના સમર્થનમાં પ્રવચનમુદ્રાની વાત, બીજીમાં કર્મશત્રુનું તર્જન કરવા સાથે માળા પડી ન જાય તે માટે અંગુઠાનો ઉપયોગ, અને છેલ્લી રીતમાં પૂજા માટેની પવિત્રતમ આંગળીથી જાપ બહુ શ્રેષ્ઠ હોવાની વિચારણા વિગેરે.

પરંતુ વાસ્તવિકતા ધોરણે શાસ્ત્રીય અક્ષરો અને માંત્રિક અનુભવીઓની પરંપરાની ગવેષણા કરતાં નીચે મુજબ જાણવા મળ્યું છે. :-

***"આધ્યાત્મિક દ્રષ્ટિએ શ્રી નમસ્કાર મહામંત્રના જાપની મૌલિક***



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

*શક્તિનો વિકાસ- અધખુલી મુઠ્ઠીરૂપે ચાર આંગળીઓ વાળી, તર્જનીના વચલા વેઢા ઉપર માળા રાખી- અંગૂઠાના પહેલા ટેરવાથી (નખ ન અડે તે રીતે)- મણકા ફેરવવા દ્વારા થાય છે."*

આ પ્રમાણે શાસ્ત્રીય જાપની મર્યાદાના અંગ તરીકે અંગૂષ્ઠથી નિયત રૂપે જાપ અતિ મહત્વની વસ્તુ છે, તે ધ્યાનમાં રાખી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ સહુએ કરવો ઘટે.

વળી, એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે કે :-

***"શ્રી નમસ્કાર મહામંત્રના જાપમાં લેવાતી માળા વિશિષ્ટ કોટિના માંત્રિક સંસ્કારોવાળી જોઈએ"***

અર્થાત્ જે રીતે કારીગરને ત્યાં ઘડાઈને તૈયાર થયેલ પ્રભુમુર્તિમાં વિશિષ્ટ પ્રશસ્ત દ્રવ્ય-ક્ષેત્ર-કાલાદિની સામગ્રી ચોક્કસ વિધિ-વિધાન દ્વારા અધિકારી પુરુષોના વરદ હસ્તે અંજનશલાકાના બળે અત્યુત્તમ ભાવનુ સંચારણ થવા રૂપ પ્રાણપ્રતિષ્ઠાદિ સંસ્કારોની અપેક્ષા રહે છે.

તથા આવા માંત્રિક સંસ્કારોના બળે જ મૂર્તિ પ્રભુસ્વરૂપ બની દર્શન-વંદન-પૂજાદિને યોગ્ય બને છે, અને પ્રશસ્ત-ભાવોલ્લાસ-નિર્જરાદિનું અંગ બને છે. તેમજ અપ્રશસ્ત-અશુચી વાતાવરણ કે મહત્વની આશાતના દ્વારા તે સંસ્કારોની અસરમાં પરિવર્તન થવાથી પુનઃઅઢાર અભિષેક આદિ કરાવવા પડે છે. તથા ખંડિત મૂર્તિઓને ભૂગર્ભ કે જળાશયમાં પધરાવતાં પહેલાં માંત્રિક સંસ્કારોથી સંચારિત પ્રાણતત્વનું વિસર્જન વિશિષ્ટ રીતે માંત્રિક રીતે કરવું પડે છે.

તે મુજબ શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ જે માળા દ્વારા કરી પ્રબળ મોહના સંસ્કારોના અપસર્પણ કરવારૂપ મહત્વનું કાર્ય સાધવું છે. તે માળાના પણ માંત્રિક સંસ્કારોની અપેક્ષા સાધનાના માર્ગે વિહરતા મુમુક્ષુઓ માટે અત્યંત જરૂરી છે.

ગમે તેવી માળા બજારમાંથી લાવી ગણવા માટે ઉપયોગમાં લેવી ઠીક નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

* *"જાપ માટે લેવાતી માળા ૧૮ અભિષેક કરેલી, માળાના (આચાર દિનકર) પ્રતિષ્ઠા મંત્રથી પ્રતિષ્ઠીત અને સૂરિમંત્ર કે વર્ધમાન વિદ્યાથી અભિમંત્રિત જોઈએ." જે રીતે પાષાણની મૂર્તિ વિશિષ્ટ આત્મશક્તિ સંપન્ન મહાપુરુષોના વરદ હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા દ્વારા પ્રભુ-ભગવાન સ્વરૂપ બને છે, તે રીતે યોગ્ય અધિકારી મહાપુરુષના આત્મબળના વાહક વિશિષ્ઠ માંત્રિક તત્વના સંચારથી માળા એ મોહના સંસ્કારોને હટાવવા અમોઘ શક્તિવાળી સાધનરૂપ બની જાય છે.*

શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ જે માળાથી કરાતો હોય તે માળા થી અન્ય કોઈપણ દેવ દેવીના મંત્રનો જાપ ન કરવો.

જ્ઞાની-ગીતાર્થોએ તો અમુક પ્રાથમિક ભૂમિકાવાળા આરાધકો માટે તો સાપેક્ષભાવે એવું પણ જણાવ્યું છે કે :-

* *"શ્રી નમસ્કાર મહામંત્ર ગણવાની માળાથી શ્રી નમસ્કાર મહામંત્ર સિવાય શ્રી સિદ્ધચક્રજી કે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુ આદિ શાસનની મર્યાદાનુસારનો કોઈપણ જાપ ધાર્મિક તપનું ગણણું વિગેરે પણ અમુક સમય સુધી ન કરવો હિતાવહ છે."*

આ વાત સાપેક્ષ રીતે સાધકની પ્રાથમિક શક્તિઓના વ્યવસ્થિત વિકાસની માત્રાનાં ઘડતર માટે અત્યંત જરૂરી લાગે છે.

* *શ્રી નવકાર મહામંત્રનો જાપ રોજ એક જ માળાથી કરવો. માળાની ફેરબદલી ન કરવાથી શક્તિઓના જે બીજકો માળાના મણકા પર અમુક ચોક્કસ રીતે આપણી આંતરિક શુદ્ધિ કે ભાવની ભૂમિકાના બળે કેન્દ્રિત થયા હોય, તેનો ઉત્તરોત્તર સામુહિક લાભ એક જ માળા ઉપર એકધારો અખંડપણે જાપ કરવાથી મળી શકે છે.*
* *કોઈની ગણેલી માળાથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ ન કરવો.*
* *તેમજ આપણી માળા બીજાને ગણવા આપવી નહિ.*
* *કોઈના હાથનો સ્પર્શ પણ આપણી માળાને થવા દેવો નહિ.*
* *મંત્રશક્તિ વિશે ઉંડાણથી અવગાહન કરતાં એમ પણ જાણવા મળે છે કે :-*



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"દરેક જીવન વિશેની શુભાશુભ કર્મપ્રકૃતિઓની પૌદ્ગલિક અસર બે હાથ અને બે પગના અગ્રભાગ આંગળીઓ અને દ્રષ્ટિદ્વારા બહારના વાતાવરણમાં ફેલાય છે."

"તેમાં પણ દ્રષ્ટિથી તો વિશેષ રીતે આત્મા ઉપર રહેલ શુભાશુભ કર્મપ્રકૃતિની અસર વહેવાનું અનુભવીઓ દર્શાવે છે."

તેથી અંતરંગ વિકાસની સહુની પોતપોતાની યથાયોગ્ય ભૂમિકાના આધારે જે અમુક જાતના શ્રી નમસ્કાર મહામંત્રના જાપ દ્વારા ઉપજેલ શક્તિબીજકો માળા ઉપર કેન્દ્રિત થયેલ હોય તે બીજાઓની દ્રષ્ટિએ પડવાથી કે બીજાના હાથનો સ્પર્શ થવાથી વિખરાઈ જાય તે સ્વાભાવિક છે.

માટે બને તો શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ એકાંતમાં કરવો, અને માળા પણ કોઈને બતાવવી નહિ, બહુ જ મર્યાદાપૂર્વક નિધાનની જેમ સાચવીને રાખવી.

પણ અધિકારી મહાપુરૂષોની વિશિષ્ટ આત્મશક્તિનો લાભ મેળવવા માટે માળાને તેવા મહાપુરૂષોની દ્રષ્ટિતળે કાઢવા કે તેવાઓને પુનિત સ્પર્શથી પવિત્ર બનાવવાનું મહત્વ પણ ભૂલવા જેવું નથી જ !!!

આ રીતે શ્રી નમસ્કાર મહામંત્રની અનંત શક્તિઓમાંથી આપણી યોગ્યતાનુસાર તે તે શક્તિઓને આપણા જીવનમાં સંચારિત કરવા સારૂ જાપમાં ઉપર જણાવેલ બીજાના સ્પર્શ, દ્રષ્ટિપાત આદિ વર્જવાની વાત અત્યંત મહત્વની છે.

આનું વધુ રહસ્ય ગીતાર્થ જ્ઞાનીઓ પાસેથી સમજવા જેવું છે.

ટૂંકમાં પ્રતિષ્ઠિત-અભિમંત્રિત અને અધિકારી મહાપુરૂષના હસ્ત સ્પર્શ કે વાસક્ષેપથી દિવ્યશક્તિઓના સંચારવાળી એક જ માળાથી એકાંતમાં વ્યવસ્થિત રીતે કરાતા શ્રી નમસ્કાર મહામંત્રના જાપ દ્વારા પ્રત્યેક આરાધકની વિકાસતી આત્મશક્તિ નવકારવાળીના તે તે મણકાઓ ઉપર કેન્દ્રિત થાય છે.

પરિણામે અમુક સમય ગયા પછી આત્મશક્તિથી કેન્દ્રિત થયેલા તે મણકાવાળી માળાથી જાપ કરવાથી આત્મશક્તિઓનો ઝડપી વિકાસ થાય છે.

તેથી શૂરા સુભટને લડાઈના મેદાનમાં ઝંઝુમતાં શિરોહીની પાણીદાર



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તલવારની જેમ આરાધક પુણ્યાત્માને મોહના સંસ્કારોથી ઉપજતા સંકલેશ અવસરે આધ્યાત્મિક વિકાસના પંથે ધપાવવારૂપે સાચી સફળતા વરવા માટે અમોઘ હથિયારરૂપ શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ બની રહે છે.

તેથી જ શ્રી નમસ્કાર મહામંત્રને ચૌદપૂર્વના સારરૂપ જ્ઞાની ભગવંતોએ બિરદાવ્યો છે.

કેમકે સંકલેશ વખતે બીજા બધા સાધનો જ્યારે પોતાની અસમર્થતા જાહેર કરે ત્યારે પણ પોતાની અખૂટ શક્તિઓના પૂરતા જથ્થા સાથે આરાધક ભવ્યાત્માને પડખે રહી સંકલેશની નાગચુડમાંથી સહેલાઈથી તે છોડાવી દે છે.

માટે માળા સંબંધી ચોક્સાઈ ગુરુગમથી બરાબર સમજી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કરવો ઘટે.

## નિશ્ચિત સંખ્યા :-

જાપ કરનારે પોતાની વૃત્તિઓને જગતમાંથી ફેરવીને આત્માભિમુખ રાખવા માટે રોજ નિશ્ચિત કરેલ સંખ્યાને વળગી રહેવું જરૂરી છે.

* ***જેટલી સંખ્યાથી જાપ શરૂ કર્યો, તે ધોરણને રોજ નિયતરૂપે ટકાવી રાખવું ઘટે.***
* ***મરજી પ્રમાણે કે બેદરકારીથી અવ્યવસ્થિત પણે સંખ્યાના ધોરણ વિના કરાતો જાપ શક્તિઓના કેન્દ્રને સર્જી શકતો નથી.***
* *આ રીતે માંત્રિક ધોરણને જાળવીને કરાતા જાપથી આંતરિક શક્તિઓના વિકાસની દિશા સફળ રીતે મેળવાય છે.*

### -: णमो = ભાવનમસ્કાર :-

શ્રી નવકાર માં પાંચ વખત **णमो** છે તે શું સૂચવે છે ?

**ण** = નહીં

**मो** = મારું

અર્થાત્ "મારું કાંઇ નથી, કશું નથી, કોઇ નથી." એ ભાવ સાથે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, ભગવતના શરણે વૃત્તિઓને લીન કરવા સ્વરૂપી ભાવ નમસ્કાર કરવાનું સૂચન કરે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# (૨૬) જાપ અને..... માનસ જાપ
## (સ્વરૂપ મહત્વ)

*જાપના પ્રકાર ત્રણ છે. - ભાષ્યજાપ, ઉપાંશુ જાપ અને માનસજાપ*

**ભાષ્ય જાપ** :- એટલે શુધ્ધ ઉચ્ચારણ પૂર્વક કરાતો જાપ, પોતે જાપ કરે અને બીજા સાંભળે તે રીતે જાપ કરવો તે ભાષ્ય જાપ છે. ત્રણ પ્રકારના જાપમાં ભાષ્યજાપની પ્રથમ કક્ષા છે.

**ઉપાંશુ જાપ** :- એટલે..... કર્ણેન્દ્રિય સુધી અવાજ ન પહોંચે તે રીતનો જાપ ઉપ=પાસે, અંશુ=કિરણ, પાસે-પાસે કીરણો જાય તે ઉપાંશુ. અર્થાત્ પોતે જાપ કરે અને માત્ર પોતાને સંભળાય, બીજાને ન સંભળાય આ જાપ દરમિયાન ઓષ્ઠ તથા જિહ્વા ઈત્યાદીનું અભ્યંતર હલન ચલન ચાલુ હોય છે. પણ તે જાપથી (પ્રાથમિક ભૂમિકાના) ભાષ્યજાપથી વધારે લાભ થાય છે. માનસ જાપમાં જાય તો ઉંઘી જાય તેથી ઉપાંશુ જાપ કરવો.

**માનસજાપ** :- એટલે ઓષ્ઠ તથા જિહ્વાનું હલન ચલન બંધ કરીને કેવળ મનના પ્રદેશમાં જ મંત્રોચ્ચાર-મંત્રજાપ કરવો તે માનસ જાપ. આ માનસ જાપ મનથીજ થાય અંતર ચક્ષુથી સામેના અક્ષરો વાંચતાં-વાંચતાં જાપ કરે બીજાને ખબર ન પડે.....

**આત્મશુધ્ધિના માર્ગે આગળ વધવા પ્રથમ ભાષ્યજાપ પછી ઉપાંશુ જાપ, પછી માનસજાપ કરવો જોઈએ. ભૂમિકા આવ્યા વગર મનમાં જાપ કરવાથી શક્તિ ઘટી જાય છે.** માટે ભાષ્યજાપની અનુકૂળતા - સંજોગો ન હોય તો છેવટે ઉપાંશુ જાપ કરવો પોતે બોલે અને પોતે સાંભળે. ઉપાંશુ જાપની ભૂમિકા આવી ગયા પછી માનસજાપ કરવો. કેમકે -

શ્રી નવકાર મહામંત્રનો માનસજાપ કરવાથી અંતરંગ શક્તિનો ધોધ ઝરણાંની જેમ ફુટે છે. અંહીં ખાસ સમજવાનું એ છે કે, ઓષ્ઠ તથા જિહ્વાનું હલન-ચલન બંધ થવા માત્રથી માનસ જાપ શરૂ થઈ જાય એવું એકદમ માની લેવું નહિ. કેમકે હોઠ તથા જીભનો વ્યાપાર બંધ કર્યા પછી પણ જેને ઉપાંશુ કહી શકાય તેવા પ્રકારનો જાપ ચાલુ રહી શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાપના મનોગત ઉચ્ચારણનો પડઘો-જે મનમાં પડે છે. તે ક્યાંથી આવે છે ? તેની ચકાસણી કરી જોવાનું સાધક માટે આવશ્યક છે. વાચાનું ઉદ્ભવ સ્થાન કંઠ છે. અને કંઠ દ્વારા થતો જાપ જિહ્વા કે ઓષ્ઠના હલન-ચલન વિના થઈ શકે છે. એટલે પ્રત્યેક સાધકે માનસ જાપ કરતી વખતે આ વાતની ખાત્રી કરી લેવી જોઈએ કે જેને પોતે માનસજાપ માને છે તે કંઠજાપ તો નથી ને ?

કંઠ-જાપ જો થતો હશે તો મનઃપ્રદેશમાં સંભળાતા જાપનું ઉદ્ભવસ્થાન કંઠ છે, એની ખબર સાવધાન સાધકને તુરત જ પડી જશે, ખાસ કરીને જેઓ લાંબા સમયથી માનસ જાપ કરતા હોય, છતાં મનમાં એકાગ્રતા આવતી ન હોય અને ઈદં-તૃતીયં વિચારોની આવજા તથા દોડાદોડી મનમાં થયા કરતી હોય, તેમણે તો પોતાના આ માનસ-જાપના પ્રકારની ચકાસણી વહેલામાં વહેલી તકે કરવી જોઈએ.

માનસજાપ માટે સર્વ પ્રથમ આવશ્યકતા ચર્મ-ચક્ષુઓને બંધ કરી દેવાની છે. ઉઘાડી આંખે માનસ-જાપ થઈ શકતો નથી અથવા જો થઈ શકે તો તે દીર્ઘ પરિશ્રમ પછી લાંબા કાળે સાધ્ય છે.

એટલે વિશુદ્ધ માનસજાપ કરવા ઈચ્છનારે સર્વ પ્રથમ તો નેત્રોને મીંચેલા રાખવા જોઈએ, ઉઘાડી આંખે ભાષ્ય તથા ઉપાંશુથી ભિન્ન એવો જે માનસ જાપ થાય છે, તે પ્રાયઃ કંઠ-જાપ હોય છે. અને તેને કેવળ સ્મરણ યા રટણની કક્ષામાં મુકી શકાય, આ સ્મરણ અને રટણ તો સાધનમાં પ્રગતિ કરી ચૂકેલા સાધક માટે સહજ બની જાય છે, પરંતુ તે વિધિપૂર્વકનો "માનસ-જાપ" નથી.

**માનસ-જાપના ઉચ્ચારણનું ઉદ્ભવસ્થાન સ્વયં ચિત્તમાં જ હોવું જોઈએ. આ માટે દ્રષ્ટિને ભાલપ્રદેશના મધ્યભાગમાં સ્થિર કરવી જોઈએ,** બંધ થયેલી આંખોમાં પાંપણની નીચે ઢંકાયેલા નેત્રોના બંને રત્નોને આ માટે થોડોક શ્રમ આપવો પડે છે.

ભ્રુકુટિને જરા અદ્ધર ચડાવીને નેત્રોનાં રત્નોને જરાક ઉર્ધ્વદિશામાં સ્થિર કરવાથી કપાળના પ્રદેશમાં કંઈક ભાર અનુભવાય ત્યારે સમજવું કે ચિત્તમાં જે આકાશ (અવકાશ) છે ત્યાં (ભાલપ્રદેશમાં) દ્રષ્ટિ સ્થિર થઈ છે. આ રીતે ત્યાં સ્થિર થયેલી દ્રષ્ટિ વડે શરૂ થતા જાપમાં મંત્રાક્ષરોનું ઉચ્ચારણ તે પ્રદેશમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ એટલે કે ચિત્તમાં જ ઉદ્‌ભવે છે.

ચિત્તના આકાશમાં આ રીતે માનસ જાપ જ્યારે સ્થિરતા પ્રાપ્ત કરશે, ત્યારે ઉચ્ચારણ પણ ત્યાંથી જ તે પ્રદેશમાંથી જ ઉદ્‌ભવે છે, તેનો અનુભવ સાધક કરી શકશે. એની સૌથી પ્રથમ પ્રતીતિ તો એ થશે કે, વિચારોની ગરબડ-સરબડ કે દોડાદોડીનું જોર મંદ પડી જશે અને ધીરે ધીરે અદ્‌ભૂત એકાગ્રતા પ્રાપ્ત થશે.

આ રીતના માનસ-જાપમાં સાધક જેમજેમ પ્રગતિ કરતો જશે, તેમ તેમ મસ્તકની ઉપરના (અંદરના) ભાગમાં જ્યાં બ્રહ્મરંધ્ર છે, ત્યાં થોડીક હલચલ થતી હોવાનો અનુભવ થશે.

માનસ-જાપના આ વિશુદ્ધ પ્રકારનો અભ્યાસ પાડતી વખતે સાધકે ધીરજ રાખવી જોઈએ, જ્યારે શ્રમ પડવા લાગે, ત્યારે માનસ-જાપ બંધ કરીને ઉપાંશુ તથા માનસ-જાપની વચ્ચેના કંઠજાપનો આશ્રય લઈ, ચિત્તના આકાશને આરામ આપવો જોઈએ, ચક્ષુઓનાં રત્નોને પણ અભ્યાસ પડે તે માટે આરામ આપવાની જરૂર છે.

બીજી એટલી જ મહત્વની વાત કરોડ-રજ્જુને ટટ્ટાર રાખવાની છે.

* પદ્માસન, સિદ્ધાસન અને સુખાસન એ ત્રણેનો વારાફરતી ઉપયોગ કરવો.

શરૂઆત કરવા માટે * સિદ્ધાસન વધુ ઉપયોગી છે. એનાથી ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરવામાં સારી સહાય મળે છે. પદ્માસન તો ઉત્કૃષ્ટ આસન છે, શારીરિક અસ્વસ્થતા હોય તો શબાસન પણ સારી સહાય કરે છે.

ટટ્ટાર કરોડરજ્જુ અને ચિદાકાશમાં (ચિત્તના આકાશમાં એટલે ભાલ-પ્રદેશમાં) સ્થિર થયેલી દ્રષ્ટિવડે ચિત્તમાં જ ઉદ્‌ભવતા ઉચ્ચારણ પૂર્વકના જાપની અસર અદ્‌ભૂત છે;

મુખ-મંડળ ઉપર પ્રસન્નતાના ભાવોનું અંકન કરીને આ રીતે ગણવામાં આવેલા ત્રણ જ નવકારનો મહિમા અન્યથા ગણાતા હજારો નવકાર કરતાં વિશેષ છે, એનો અનુભવ સાધકને કાળક્રમે થશે જ.


* આસન માટે જુઓ પરિશિષ્ટ - ૨, પૃ. નં. ૧૭૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ઉપરથી અન્યથા એટલે કોઈપણ રીતે ગણાતા શ્રી નમસ્કાર મહામંત્રનું મહત્વ જરા પણ ઓછું થતું નથી, જ્યારે રીતસરના જાપ શરૂ કરવાના હોય, "ત્યારે આ મર્કટ મન હવે તેમને સોંપ્યું; એની જવાબદારી હવે તમારી" એવી ભાવના ઉપાસ્ય દેવ-ગુરૂને પંચપરમેષ્ઠિને-ઉદ્દેશીને ભળાવ્યા પછી જાપની શરૂઆત કરવાથી પણ અચિંત્ય લાભ થશે, ચિત્તની એકાગ્રતા પ્રાપ્ત કરવામાં તેથી ખૂબ મદદ મળશે.

## ૧૦૮ નવકારનો જાપ કરવા માટે
## ક્રમબદ્ધ ધ્યાન પદ્ધતિ




ઉપરના કમળમાં નવકારના ૧૨ પ્રતિક છે. સિદ્ધચક્રની પૂજાના ક્રમથી દરેક પ્રતિકના એક-એક પદ ઉપર ૧-૧ નવકાર ગણો. તેથી ૯ X ૧૨=૧૦૮ નવકાર થશે.

પહેલાં ચિત્રને સામે રાખીને જાપ કરો, અભ્યાસ થઇ ગયા પછી આંખ બંધ કરી ચિત્ર સામે લાવો અને જાપ કરો. આંગળી-માળાના ઉપયોગ વિના જાપ આરામથી થઇ શકશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૭ શ્રી નવકાર મહામંત્રના જાપની અસર ક્યારે ?

છીદ્રા વાસણમાં વલોણું ન થાય તેમ અદ્ધર - અદ્ધરથી શ્રી નવકારનો જાપ ન થાય.

જાપને એકાગ્રતા સાથે જેટલો સંબંધ છે તેટલો જ ગંભીરતા સાથે પણ સંબંધ છે. બીજને ધરતીમાં વાવવું પડે છે, તેમ શ્રી નવકાર મંત્રના પ્રત્યેક અક્ષરને ઊંચા ભાવ પૂર્વક મન મારફત પ્રાણોમાં પધરાવવો જોઈએ.

અક્ષરમાં રહેલું ચૈતન્ય પ્રાણનો યોગ પામીને પ્રગટ થાય છે, તેથી જાપ કરનારા પુણ્યશાળીની ભાવના અધિક ઉજ્જવળ બને છે, અને તે ભાવનાઓનો ઝોક સ્વાભાવિક પણે સર્વોચ્ચ આત્મભાવ-સંપન્ન ભગવંતોની ભક્તિ તરફ વળે છે.

લગભગ યાંત્રિક ઢબે થતો શ્રી નવકારનો જાપ તેની વિશિષ્ટ પ્રકારની શક્તિઓના લાભથી જીવને વંચિત રાખે છે.

શ્રી નવકારમાં પંચ પરમેષ્ઠી ભગવંતો બિરાજમાન છે. એવું જાણવા છતાં તેના પ્રત્યેના આપણા પરમ પૂજ્યભાવમાં યાંત્રિકતા અને ઔપચારિકતા કાયમ રહે તો તે ખરેખર શોચનીય ગણાય.

પંચ પરમેષ્ઠી ભગવંતોને યાદ કરવાના અવસરે જ બીજી બીજી વાતો આપણા મનનો કબજો લઈ લે અને આપણે તે ચલાવી લઈએ તો તે આપણી કાયરતાની નિશાની ગણાય.

પંચપરમેષ્ઠી ભગવંતોનું ભાવપૂર્વક સતત સ્મરણ કરવામાત્રથી આત્માને જે અકલ્પ્ય લાભ થાય છે, તેના એક લાખમા ભાગનો લાભ પણ અન્ય વિષયને ભાવપૂર્વક સમર્પિત થવા છતાં થતો નથી.

ઉલ્લાસપૂર્વક પંચપરમેષ્ઠી ભગવંતોને યાદ કરવાથી આત્માની નજીક જવાય છે, આત્માની વધુ નજીક જવાથી આત્મભાવને છાજતી પ્રવૃત્તિઓમાં દિલ ચોંટે છે, વિષયકષાયોના પરિણામ મંદ પડતા જાય છે, સ્વાધ્યાય, સંયમ, તપ આદિમાં વધુ વેગ આવે છે અને બહિર્ભાવને માફકસરની વિચારણા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વધુ સૂક્ષ્મ બનીને આત્મભાવનો પક્ષ કરે છે.

ભવને વર્ધક વિવિધ પ્રકારે ભાવ આપીને ભાવથી આપણે નાના-તુચ્છ ન બન્યા હોત, તો જે શ્રી નવકાર આપણને આજે તરત ફળતો જણાતો નથી તે જ નવકાર વડે આપણે જગત આખામાં દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની સર્વોચ્ચ ભાવનાની ભૂરી-ભૂરી પ્રભાવના કરી શક્યા હોત.

ભૂતકાળમાં આપણા પૂર્વજોએ પ્રભુજીના પરમ તારક શાસનની પ્રભાવના જે મહાનકાર્યો કર્યા છે, તે પ્રકારના સર્વ મંગલમય કાર્યો આજે આપણે પણ કરી શક્યા હોત.

તેમ છતાં ધન્ય ભાગ્ય સમજો આપણા કે- મહાસત્વશાળી આત્માઓની ઉત્કૃષ્ટ પ્રકારની શ્રી નવકાર ભક્તિના પ્રભાવે આજે પણ આપણે શ્રી જિનેશ્વર મહાદેવના મહા વિશ્વ શાસનની પ્રભાવનાના અદ્‌ભૂત કાર્યોના ભૂતકાળ સરખા નહિ તો પણ વર્તમાનકાળના બાળજીવોને તે ભૂતકાળના મહાકાર્યોને યાદ કરવા પ્રેરે તેવા કાર્યોના દર્શન કરી શકીએ છીએ.

જેના એક એક અક્ષરના અંતરાળે સર્વોચ્ચ આત્મભાવનો મહાસાગર ઘુઘવાઈ રહ્યો છે, તે મહામંત્ર શ્રી નવકાર કેટલા અથાગ પુણ્યે પ્રાપ્ત થાય છે? એનું જો આપણને યથાર્થ ભાન થાય તો એમ કહી શકાય કે આપણે સહુ શ્રી નવકારના બદલામાં મળતી ત્રિભુવનની બધી સઘળી રિદ્ધિ-સિદ્ધિને પણ સહર્ષ જતી કરીએ.

શ્રી નવકાર જે ભાગ્યશાળીઓના મનમાં હોય તેનો ભાવ, તેની ભાષા, તેનું વર્તન અને તેના વ્યવહાર કેવા હોય ?

ઘરમાં પવન વાવા માંડે એટલે ત્યાં રહેલો કચરો આઘો-પાછો થવા માડે, તેમ શરીરની બરાબર અંદર શ્રી નવકારનો પ્રવેશ થાય એટલે તેમાં જામીને પડેલો અશુભ કર્મોરૂપી કચરો નીકળે નહિ તો પણ આઘો-પાછો તો અવશ્ય થાય. આત્મપ્રદેશો ઉપરનો કચરો આઘો-પાછો થવા માંડે છે, ત્યારે જીવન ઉપર તેની કોઈ વિશિષ્ટ અસર થતી હોય છે, તો આત્મ-પ્રદેશોને બરાબર લપેટાઈને રહેલા તે કચરાને મૂળમાંથી કાઢી નાખવાની જે મહામંત્રમાં અચિન્ત્ય શક્તિ છે તેનો નિષ્ઠા અને વિધિપૂર્વકનો સતત જાપ તે કચરાને આત્મપ્રદેશમાંથી દૂર કેમ ન કરે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પવનના યોગે છતા થતા (દેખાતા) ઘરના કચરા ઉપર સાવરણી અદ્ધર - અદ્ધર ફેરવવામાં આવે તો કચરામાંથી ઝીણી રજ ઘરમાં જ રહી જાય, તેમ શ્રી નવકાર જાપ વડે આત્મપ્રદેશમાં રહેલો અશુભ કર્મરૂપી કચરો આઘો-પાછો થાય, એટલે તેને ઉચ્ચ આત્મભાવપૂર્વકના વર્તન વડે ત્યાંથી સરળતા પૂર્વક દૂર કરી શકાય તેમ છે, આપણું વર્તન જેટલા અંશે તે આત્મભાવથી વેગળું રહે, તેટલો કચરો આપણા આત્મરૂપી ઘરમાં રહી જાય અને આસ્તે આસ્તે આત્માને બાઝી જઈને ટકી રહેવાના પ્રયત્નો પણ કરે.

જાપમાં ન હોઈએ તે સમયે જે પ્રકારનો ભાવ આપણા મુખ ઉપર હોય, લગભગ તેવો જ ભાવ જાપમાં હોઈએ છીએ ત્યારે પણ આપણા મુખ ઉપર હોય છે.

મતલબ કે શ્રી નવકારના જાપની વિશિષ્ટતમતા આપણા હૈયામાં હજુ બરાબર વસી નથી, નહિતર પંચપરમેષ્ઠી ભગવંતોના સર્વજીવ હિતકર ભાવનો સુયોગ કરાવી આપનારી તે જાપની ક્રિયામાં બેસતાંની સાથે આપણા મન અને મુખ ઉપર અનુપમ ભાવાત્મકતા અને ભાવ-મિલન વ્યાકુળતા પ્રગટ્યા સિવાય ન રહે.

શ્રી નવકાર જેટલો જ ભાવ તેના જાપની ક્રિયાને નથી અપાતો, ત્યાં સુધી તેમાંના સર્વોચ્ચ ભાવ સાથે આપણા આત્માનો ભાવ એકરૂપ નથી થઈ શકતો.

જેવો શ્રી નવકારનો જાપ શરૂ થાય કે તરત જ ભવનો ગમે તેવો તાપ આપોઆપ વિદાય લેવા માંડે છે.

શ્રી નવકારને હર્ષભેર હૈયું અને મન સોંપી દેવાની ભાવના સિવાય 'શ્રી નવકાર અમને ગમે છે.' એમ બોલી નાખવું તે બાળચેષ્ટા ગણાય.

જેને શ્રી નવકાર ગમતો હોય, તે પુણ્યશાળી તેની વિધિપૂર્વકની મુલાકાતના ધન્ય અવસરે કેટલો પ્રસન્ન હોય ?

શ્રી નવકાર ના જાપ સમયે કેટલી પ્રસન્નતા આપણું મન અનુભવે છે ? બહુ જ આછી ! તો તેનું કારણ શોધવું જોઈએ.

વાસ્તવમાં શ્રી નવકારના અક્ષરો ઊંડે સુધી નથી પહોંચતા, એટલે ત્યાં છૂપાઈને રહેલા દ્રવ્ય અને ભાવ કર્મોની આપણા આત્મા ઉપરની મજબૂત



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પકડ ઢીલી પડતી નથી અને તે ઉપરથી શ્રી નવકાર ગણવા છતાં આપણી સમગ્રતા તેના ભાવમાં તરબોળ બની શકતી નથી.

આત્મા ઉપરની ભવની છાપને ભૂંસવા માટે ત્રણ લોકમાં શ્રી નવકારના જાપથી અધિક ચઢિયાતી સત્વવાળી બીજી કોઈ ક્રિયા નથી.

જાપનું જોર વધવાની સાથે પાપનું જોર ઘટવા માંડે છે. પાપ ઘટે એટલે અસુખ ઘટે, અસુખ ઘટે એટલે આત્મભાવ વધે અને આત્મભાવ વધે એટલે પરમાત્માની આજ્ઞામાં સમાઈ જવાનો સર્વોચ્ચ ભાવ આત્મામાં પ્રગટ થાય.

શ્રી નવકારમાં અણમોલ ભાવનો ખજાનો છૂપાયેલો છે, તેને પામવા માટે તેટલા જ ઊંચા ભાવપૂર્વકની ક્રિયા આપણે કરવી જોઈએ.

જાપક્રિયા જ્યાં સુધી ઉપરછલ્લી હશે, ત્યાં સુધી તેનો સાત્વિક સ્પર્શ આત્માના પ્રદેશમાં બરાબર ધ્રુજારી નહિ જગાવી શકે.

આત્મપ્રદેશોને ઢંઢોળનારી ક્રિયામાં જેટલી સમતા, અંતર્મુખતા અને ગંભીરતા જોઈએ તેટલી સમતા અંતર્મુખતા અને ગંભીરતા આપણે શ્રી નવકારના જાપ સમયે રાખી રહ્યા છીએ ! તે તટસ્થપણે વિચારવું જોઈએ.

શ્રી નવકારપ્રાપ્તિ એ જીવની મોક્ષપાત્રતાનો અફર દસ્તાવેજ છે., જીવના મોક્ષની લાયકાતનું સર્વશ્રેષ્ઠ પ્રમાણપત્ર છે.

પરંતુ જો તે મુજબની આપણી પ્રવૃત્તિ ન રહે તો આપણા જીવન નીચાં ઉતરવા માંડે અને અલ્પકાળમાં આપણે શ્રી નવકારને ખોઈ પણ બેસીએ.

શ્રી નવકાર કરતાં તેના જાપની ક્રિયાને સહેજ પણ ઉતરતી કોટિની માનવી કે સ્વીકારવી તે ઉત્તમ જાતિના અશ્વ ઉપર અણઘડ સવારને બેસાડવા જવું છે.

શ્રી નવકાર એ શાશ્વત સુખદાયક મંત્ર હોવા છતાં તેનો જાપ જપનારા આપણે એકડો ઘૂંટતા બાળક જેટલી પણ એકાગ્રતા અને નિર્દોષતાપૂર્વક તેને ન જપીએ તો તે કઈ રીતે આપણા પ્રાણોમાં પરિણમી (પચી) શકે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૮ નવકારવાળીમાં મેરૂ એટલે શું ? જાપ કરતાં મેરૂનું ઉલ્લંઘન કેમ ન કરાય ?

મેરૂના શિખર જેવો પારો = મણકો નવકારવાળીમાં બનાવાય જેમાં ત્રણ શિખર જેવો આકાર હોય, મેરૂ પર્વત એ ૧૪ રાજલોકના મેઝરમેન્ટનું સાધન છે. તેની સમભૂતલા પૃથ્વીથી માપ નીકળે છે. તેમ જાપથી રાગદ્વેષ અને વાસનાનું બળ કેટલું ઘટ્યું તે માપદંડની શુધ્ધિ તરીકે (તપાસવા માટે) મેરૂ પાસે જરા અટકે.....

**ડાબી આંખ - દર્શન મોહનીય**

**જમણી - ચારીત્ર મોહનીય અને**

**મસ્તક - જ્ઞાનાવરણીયના સેન્ટરો છે.**

જાપ દ્વારા જે આધ્યાત્મિક શકિત પેદા થાય છે, તે શક્તિ માળાઓના અંતે .... મેરૂમાં સંગ્રહિત થાય છે. આ મેરૂની શક્તિ ચારેબાજુ ફુમતાના તાર દ્વારા ફેલાઈ રહી છે. તે શક્તિને ઝીલવા માટે તેને બે આંખે અને મસ્તકે અડાડે... અને બંને મોહનીય +જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમનો ભાવ પેદા કરે....

આધ્યાત્મિક શક્તિના વહન માટે સૂતર પવિત્રતાનું વાહક છે. રેશમી ફુમતું વિશિષ્ટ પવિત્રતાનું વાહક છે. ઉનમાં અશુધ્ધિને ટાળવાની શક્તિ છે. પરંતુ રેશમ જેટલી વાહકતા નથી. ઉનમાં સ્પર્શની સુકુમળતા અને વાહકતા સુતર તથા રેશમ કરતાં ઓછી છે.

મેરૂથી આત્મશુધ્ધિ માપવાની શક્તિનું બહુમાન ઓછું ન થાય માટે સાધકે મેરૂને ઉલંઘન ન કરવો પણ માળાને ફેરવીને છેલ્લા મણકાથી પુન: ગણવાની શરૂ કરવી.

**-: શ્રી નવકાર મૈત્રી એટલે વિશ્વ મૈત્રી :-**

**શ્રી નવકાર સાથેની મૈત્રી પ્રભાવે વિશ્વ મૈત્રી ભાવનો નિર્મલ પ્રકાશ જીવનમાં ખીલવા માંડે છે કારણ કે...... શ્રી નવકારનો પ્રત્યેક અક્ષર વિશ્વના સકળ જીવોના પરમ હિત સાથે સંકળાયેલો છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૨૯ કરીએ નવકાર ધ્યાન

દરેક વસ્તુમાં રહેલી બાહ્ય યોગ્યતા નિમિત્તના આધારે પ્રગટે છે. આ રીતે જગતના સનાતન સહજ સિધ્ધ સ્વભાવ અનુસાર દરેક પદાર્થ પોતાની અસ્તિત્વનો પરિચય યથાયોગ્ય રીતે આપતો હોય છે, છતાં વ્યવસ્થિત રીતે શક્તિઓના અનુભવ માટે બંધારણ ની અપેક્ષા રહે છે.

તેથી અનાદિકાલ શાશ્વત શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના દરમ્યાન તેની શક્તિઓ યથા યોગ્ય આરાધક પુણ્યાત્માઓને મળી રહે તે હેતુથી વિશિષ્ટ જ્ઞાનીઓએ જ ઉપયોગની મહત્વપૂર્ણ ભૂમિકાનો પરિચય જરૂરી માન્યો છે.

જાપ કરવો એટલે તે શબ્દોને વ્યવસ્થાપૂર્વક અવિરત પણે ઉચ્ચારવા; પણ તે શબ્દોની શક્તિને ઝીલવા માટે આપણા માનસ માં થોડીક ભાવનાની ભૂમિકા તૈયાર કરવી ઘટે.

તે આ પ્રમાણે-મોટા અગાધ સમુદ્રની કલ્પના કરી તેની વચ્ચે એક મોટા કમલની કલ્પના કરવી.

પછી તે કમલ પર પદ્માસને બેસી ઉપર પ્રતિક અને આસપાસ અરિહંત અને સિધ્ધપદની મુદ્રા એ ત્રણેના સંયુક્ત શક્તિના પ્રવાહની વૃષ્ટિ આપણા ઉપર થઈ રહેલ છે તેવું કલ્પી તેનાથી ભીંજાઈને ઉખડવા માટે તૈયાર થઇ રહેલા કર્મમળને નવકારના અક્ષરોરૂપ ઉખાડવાના સાધનથી કર્મમળ ઉખેડીને આત્મા કર્મમળથી ચોફ્ખો થઇ રહ્યોછે એવું કલ્પવું.

**ક્ષીર સમુદ્ર = શ્રુતજ્ઞાન સમુદ્ર**
**કમલ દંડ = આરાધક ભાવ**
**બે પાંદડા = અધ્યવસાય શુધ્ધિ-સંકલેષ હાનિ**
**કમળ = કર્મનિર્જરાની બુદ્ધિ**

આ રીતે ધ્યાન કરવાથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ આત્મશુધ્ધિકર નીવડે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૦ શ્રી નવકાર ગણવાની પ્રાથમિક પદ્ધતિ

શ્રી નમસ્કાર મહામંત્રના જાપ વખતે આપણી વૃત્તિઓને માત્ર તે તે વર્ણો ઉપર કેન્દ્રિત કરીએ તો અખૂટ શક્તિનો પ્રવાહ તે વર્ણોમાંથી આત્માની અંદર રેલાય છે. સ્વાનુભવ સત્ય આ તથ્ય છે.

તેથી જાપ વખતે હોઠ-જીભ-કે-શરીરનો કોઈપણ અવયવ સ્થૂલ રીતે કે આપણી જાણમાં સૂક્ષ્મ રીતે પણ ન હાલે તેવા સ્થિર થઈને બેઠા પછી સામે શ્રી નમસ્કાર મહામંત્રના ૬૮ વર્ણો સફેદ સ્ફટિકના કલ્પી શકે તેવું ચિત્ર સામે રાખી તેના એકેક અક્ષર ઉપર દ્રષ્ટિ સ્થિર રાખી કક્કો ઘૂંટતા પ્રાથમિક શાળાના નિશાળીઆની જેમ તે વર્ણ લખવાની પદ્ધતિ પ્રમાણે આપણી દ્રષ્ટિને તે વર્ણો ઉપર ફેરવતા રહી આખું પદ વાંચવું રહ્યું. પછી થોડીવારે તે પદ સામે એકધારું જોવું. તેમાં અનંત ઉપકારી પાંચ પરમેષ્ઠિઓ આ અક્ષર દેહ દ્વારા મારી સામે વ્યક્ત થઈ રહ્યા છે. તેઓમાં રહેલો અનંત કરુણાનો ભંડાર અને સૌમનસ્યના ભાવનો પ્રવાહ આ અક્ષરો રૂપી નળ દ્વારામારા આત્મામાં રેલાય છે એવો ભાવ કલ્પવો.

પછી બીજું પદ લેવું. તેજ દ્રષ્ટિ ફેરવવા પૂર્વક લખવાની કલ્પના કરી પ્રથમ પદ સાથે બીજા પદની ધારણા દઢ કરવી ત્યાં પણ દ્રષ્ટિ થંભાવી. અંતરંગ આત્માના પ્રદેશે લાગેલા કર્મના અશુભ તત્વો, ધોધ બંધ આવી રહેલ વિશુધ્ધ આત્મ સ્વરૂપના પ્રવાહની શક્તિઓથી ધકેલાઈ રહેલા છે.

આવી ભાવના દરેક પદે વધતી ભાવવી. આરીતે આખો નવકાર જ્યારે પુરો થાય ત્યારે આપણા અંતરમાં ડોકીયું કરવું. "ક્યાંય ખૂણે ખાંચરે પણ શ્રી નવકારના અક્ષરો દ્વારા ફેલાયેલા-પંચ પરમેષ્ઠિઓની અંગત કરુણા-સૌમનસ્ય આદિરૂપ આત્મશક્તિઓનો પ્રવાહ નથી પહોંચ્યો અને રાગાદિમલોના પડલ તેમના તેમજ બાઝેલાં છે કે?" આવું જોઈ તપાસી ફરીથી શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કરવો આ રીતના જાપથી અંતરંગ આત્મશક્તિઓના વિકાસ ને આડે આવનારા રાગાદિ સંસ્કારને નિ:શેષ થઈ જવાની સ્થિતિ સ્વત: ઉત્પન્ન થાય છે. માટે આવા ગુરુ નિશ્રાથી મળતા વિવેક અને અનુચિંતન સાથે શ્રી નમસ્કાર મહામંત્રનો જાપ કરવો હિતાવહ છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ૩૧ મહામંત્ર અને તેની સાધના

(૧) મહામંત્રના પ્રથમ બે પદ દેવપદ છે, પછીના ત્રણ પદ ગુરૂપદ છે. ણમો પદનું રહસ્ય માર્ગાનુસારિતા છે. કેમ કે નમસ્કારની ક્રિયા મોક્ષ અપાવે છે, તેમાં આલંબન દેવ-ગુરૂ છે. કર્મ બંધન કાયા-વચન-અને મન ત્રણ વડે થાય. મન-વચન કાયા વડે નમસ્કાર કરવાથી તે ત્રણે પ્રકારના કર્મોનો નાશ થાય છે.

(૨) નવકાર જાપમાં એકાગ્રતા જરૂરી છે. જે વસ્તુની એકાગ્રતા લાવવી હોય તેના ગુણમાં રસ થવો જોઈએ. બીજા વિચારો ન આવે તેનો નિષેધાત્મક (**Negative**) પ્રયત્ન કરવાને બદલે જેનો જાપ કરીએ તેનો (**Positive**) વિચાર કરવો જોઈએ.

એકાગ્રતા લાવવા માટે માળા અને સ્થાન નિયત જોઈએ. સ્થાન-સ્થાપવામાં પણ રહસ્ય છે. એક જ સ્થળે આસન કરવાથી અને એક જ નવકારવાળી વડે જાપ કરવાથી પવિત્ર પરમાણુઓનો સંગ્રહ થાય છે.

(૩) સંજ્ઞી પંચેદ્રિય માનવ શરીરમાં અદ્‌ભૂત શક્તિઓ છે, જે દેવતા-નારકી વગેરેના શરીરમાં અલભ્ય છે. માનવ-શરીરની પીઠમાં કરોડરજ્જુ છે તેને મેરૂદંડ કહેવાય છે, તેમાં પણ રહસ્ય છે. બેસવામાં શરીર ટટ્ટાર રાખવાથી મન સ્થિર થાય છે.

(૪) મનને આત્મા સાથે જોડે, અંતર્મુખ બનાવે તે યોગ.

મનુષ્ય શબ્દ મન્ ધાતુ પરથી થયો છે મનન કરવા માટે મન છે, મનન કરવાથી આત્માનું રક્ષણ કરે તે મંત્ર છે. મંત્રની સાધના એક પ્રકારનો યોગ છે. મનને આત્મા સાથે જોડવું પણ બહાર ભટકતું ન રાખવું. તેથી અતિન્દ્રિય સુખ ઉપજે છે.

પદાર્થમાં સુખ નથી, સુખ આત્મામાં છે, આત્મા અનંત સુખ-શક્તિનો ખજાનો છે. પુદ્‌ગલમાં ગમે તેટલા રૂપ-રસ, સુખ-દુઃખની માત્ર કલ્પના છે. આત્માની પોતાની ચીજ કેમ પ્રાપ્ત કરવી ? તે યોગ શીખવે છે, યોગવિદ્યા, અધ્યાત્મવિદ્યા એ પોતાની વિદ્યા છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે કાન, બે આંખ, બે નાકના બે છિદ્ર અને એક મોં એમ સાત છિદ્રોને સાત આંગળીઓથી બંધ કરી શ્રી નવકારના પ્રથમપદના સાત અક્ષરોનું સ્મરણ કરવામાં આવે તો દેવલોકના ઘંટરવ, દિવ્ય સંગીત રૂપ, દિવ્ય ગંધ અને દિવ્ય રસનો અનુભવ થાય છે. (Do and See) અંદર ઉંડા ઉતરો ને અનુભવ કરો.

(૫) મનુષ્ય શરીરમાં અનેક ચક્રો છે, તે ચક્રો ઉઘડી જાય તો અદ્‌ભૂત શક્તિઓ પ્રાપ્ત થાય છે.

બારાખડી એ પરમાત્મપદની ચાવી છે. અર્હં પદમાં બારાખડીનો પહેલો ને છેલ્લો અક્ષર છે, અને તે ઉપર અનુસ્વારનું બીજ છે.

અક્ષરોમાં અનુસ્વાર લગાવવાથી ગજબ તાકાત આવે છે.

અનુસ્વાર એ શબ્દની તીવ્ર ધાર છે. આત્માનું મૂળ ઉંચે છે, કેમ કે પંચપરમેષ્ઠિઓ ઉંચે છે. ચાર ડાળીઓ નીચે છે. છંદ શાસ્ત્રો એનાં પાંદડાં છે. માત્ર તેને જોવાથી મોક્ષનો કે આત્મત્ત્વનો અનુભવ નહિ થાય.

(If you look at sky, you will see sun moon etc.) જો તમે ઉંચે આકાશમાં જોશો તો સૂર્ય-ચંદ્ર વિગેરે દેખાશે. (If you look at earth, you will see dust, dust and dust.) જો તમે નીચે પૃથ્વી પર જોશો તો ધૂળ-ધૂળ અને ધૂળ જોશો.

અહીં એ પૃથ્વી છે. એ આકાશ છે. આત્મતત્ત્વને અનુભવવા માટે જોવાનું છોડી ને જોતાં શીખો.

(૬) જગતમાં મનુષ્યજન્મ કરતાં શ્રેષ્ઠ વસ્તુ બીજી નથી. માનવનું શરીર એ પરમાત્માની પ્રતિમા છે. શરીર એ પરમાત્માની પ્રતિમા છે. શરીર-વચન-મનમાંથી અનંત શક્તિઓ વરાળ ને વીજળીની માફક ફોગટ વહ્યા કરે છે, તેને પંચ સમિતિને ત્રણ ગુપ્તિના પાલન વડે કાબૂમાં લઈ શકાય છે.

(૭) આત્મક્ષેત્રમાં વિચાર એ બીજ છે. મનમાં આવેલા વિચારો બીજનું કામ કરે છે. બીજ બે જાતના છે. શુભ અને અશુભ શુભ વિચાર એ આંબાના બીજ તુલ્ય છે. અશુભ વિચાર એ બાવળનાં બીજ તુલ્ય છે. સારા બીજોને વાવવાનાં હોય છે, ખરાબ બીજોને બાળવાનાં હોય છે, મનને સારા વિચારોમાં રોકવા માટે સહેલો ઉપાય પંચપરમેષ્ઠીનો જાપ છે. હરતાં-ફરતાં,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉઠતાં-બેસતાં, તેમાં મન-વચન-કાયાના યોગોને જોડી શકાય છે.

(૮) નવકાર વિઘ્ન હરે છે, પાપ ટળે છે, અસંખ્ય જન્મોના કુસંસ્કારોને બાળે છે. ગુરૂમુખે નવકાર મળે તો જ તે ફળીભૂત થાય છે. ગુરૂ પાસે વિધિપૂર્વક તેનો પાઠ લેવો જોઈએ. ભાવમન એક અમૂલ્ય ભંડાર છે, તેમાં સંસ્કારોના સંગ્રહ થાય છે. સામગ્રી મળે ત્યારે તે પ્રગટે છે. નવકારના જાપથી શુભ સંસ્કારોના સંચય થાય છે.

(૯) મનને સ્થિર રાખવા માટે સ્વાધ્યાય ઉત્તમ સાધન છે. ક્રિયાયોગ અને વચનયોગ સરળ છે. મનનો યોગ દુષ્કર છે. આત્માના અધ્યવસાયો અરૂપી છે, ચૈતન્ય સ્વરૂપ છે. જડ કરતાં ચૈતન્યની શક્તિ અનંત છે.

ચૈતન્યની જેટલી શુદ્ધિ થાય તેટલો જીવને ઉપકાર થાય છે. મલિનતા થાય તેટલો તેને અપકાર થાય છે. સત્ક્રિયાથી મનની શુદ્ધિ થાય છે, તેથી અધ્યવસાયો શુદ્ધ બને છે. તેથી સ્વ-પરનું કલ્યાણ થાય છે. પોતાના અધ્યવસાયોને મલિતનતાથી દૂર કરે તે મંગળ, અને તે મંગળ પાપનો નાશ કરે છે. લેખન કે ઉચ્ચાર એ ભાવમંગળનું સાધન છે. અધ્યવસાયોની શુદ્ધિ તે ભાવમંગળ છે.

(૧૦) તર્ક કરતાં શ્રદ્ધાનું સામર્થ્ય વધુ છે. પાંચ ઈન્દ્રિયો અને મનથી તર્ક થાય છે, પણ પાંચ ઈંદ્રિયોની અને મનની શક્તિ મર્યાદિત છે. જગતમાં અનંત સૂક્ષ્મ અને અમૂર્ત પદાર્થો અનંત છે, તેને જાણવા માટે યોગદ્રષ્ટિ અનુભવદ્રષ્ટિ જોઈએ. કેવળ તર્ક અપ્રતિષ્ઠિત છે. શાસ્ત્રોનો અને દિવ્યદ્રષ્ટિનો આધાર લઈને તર્ક કરે તો જ તત્ત્વનિર્ણયમાં સફળતા મળે.

જે વસ્તુની ઉપાસના કરીએ તેના ગુણો આપણામાં આપો આપ આવી જાય છે. આ વિષય તર્કનો નથી પણ શાસ્ત્રનો, શ્રદ્ધાનો, અનુભવનો છે. નામની અને આકૃતિની ઉપાસના કરવાથી ઉપાસ્યના ગુણો આપોઆપ ખેંચાઈ આવે છે.

(૧૧) મન બે પ્રકારના છે. બાહ્ય અને આંતર. બાહ્ય મન દ્રશ્ય મન છે, તેથી પૌદ્ગલિક છે. આંતરમન ભાવમન છે, તેથી આત્મિક છે. બાહ્ય મન ઉંઘતું હોય ત્યારે પણ આંતરમન જાગ્રત રહે છે.

નામ અને આકૃતિની ઉપાસનાથી મનને ઉપાસ્યના મૂળ આત્મા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાથે સંબંધ થાય છે. ને તેના ગુણોનું ખેંચાણ થાય છે, તથા પોતાના આત્માની અંદર તે ગુણો ઉતરે છે.

અરિહંતોનું તથાભવ્યત્ત્વ પરોપકારવૃત્તિથી ભરપૂર છે. તેમની સ્વભાવજન્ય પરોપકારપરાયણતા અગાધ-અખૂટ અને અનંત છે. અરિહંતોની મુડીથી આપણો ધર્મ વ્યવહાર ચાલે છે. તે ઉપકારનો બદલો વાળવાનું એક સાધન શ્રી નવકારનું આરાધન છે.

(૧૨) આખા શરીરમાં વધારે અગત્યનો પ્રદેશ હૃદય છે. હૃદયથી ચૌદરાજલોક સાથે સંબંધ સાધી શકાય છે. હૃદયમાં કમળ છે, તેને આઠ પાંખડીઓ છે, તે ઉંધી છે, તે કારણે બુદ્ધિ અધોગામી છે. નવકારના પદોને હૃદયમાં સ્થાપીને ઉપાસના કરવાથી તે ઉર્ધ્વમુખી થાય છે.

(૧૩) જાપમાં રંગનું પણ મહત્ત્વ છે. સફેદ રંગ આત્માને ઉજ્જવળ બનાવી મોક્ષ પદને અપાવે છે,

અક્ષરમાં પણ અપૂર્વ અને અનંત સામર્થ્ય છે. હૃદયરૂપી પાટીઆ (Black-Board) ઉપર એવા સફેદ અક્ષરો લખેલા છે, તેમ કલ્પના કરીને વાંચવા. તે અક્ષરો સફેદ-હીરા જેવા ઝગમગતા કલ્પીને વાંચવાથી તેનું ધ્યાન થાય છે.

ધ્યાન એટલે ચિત્તની તન્મયતા, જાપની સાથે ધ્યાન જોડવાથી વિશેષ લાભ થાય છે. મંત્રના અક્ષરો એ રીતે વિચારપૂર્વક વાંચવાથી પરમાત્મતત્ત્વ સાથે આત્માનું અનુસંધાન થાય છે. ધ્યાન વખતે જેટલી તન્મયતા, તીવ્રતા અને એકાગ્રતા વધારે તેટલો લાભ વધારે થાય છે. (As a man thinks so he becomes) માણસ જેવું ચિંતન કરે છે, તેવો તે થાય છે. એ વાત આજે વિજ્ઞાન પણ સ્વીકારતું થયું છે.

**ઉપાસના એટલે ?**

આરાધના એટલે.... ઉપાસના.
ઉપ = પાસે,
આસન = બેસવું.

એટલે કે... આરાધ્યતત્વની આજ્ઞાના પાલન કરવાના યથાશક્ય પ્રયત્ન સાથે આરાધ્ય તત્વની નજીક જવાનો પ્રયત્ન તેનું નામ જ - ઉપાસના = આરાધના.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# જપ માલા વિચાર

## ૩૨ શ્રી નવકાર મહામંત્રના જાપ અંગે હસ્તલિખિત પાનામાંથી મળી આવેલા મહત્વના શ્લોકો

(શ્રી નમસ્કાર મહામંત્રની આરાધના દ્વારા આત્મશુદ્ધિનું ફળ મેળવવા ઈચ્છતા પુણ્યવાન ભાગ્યશાળી મહાનુભાવો ગુરૂગમથી જાપની મર્યાદા સમજવા પ્રયત્ન કરે, તેમાં નવકારવાળી કેવી લેવી? શી રીતે ગણવી? તે બાબત પણ મહત્વની છે.

પ્રસ્તુત પુસ્તકમાં તે સંબંધી પ્રકાશ પાડ્યો છે, પણ તે અંગે મહત્વનું એક પ્રાચીન હસ્તલિખિત પાનું **પં. અંબાલાલ પ્રેમચંદ શાહ** (૬, વીરનગર સોસાયટી, નવા વાડજ, **અમદાવાદ**) પાસેથી મળી આવ્યું, તેનો ઉતારો અક્ષરશઃ અર્થ સાથે જિજ્ઞાસુઓના હિતાર્થે અપાય છે.)

## ॥ जपमाला विचार ॥

(१) अंगुष्ट-जापः मोक्षाय, उपचारे तु तर्जनी ।
मध्यमा धन-सौख्याय, शान्ति कुर्यादनामिका ॥
आकर्षणे कनिष्ठा च षट् कर्माणि समाचरेत् ॥

**ભાવાર્થ :-** મોક્ષ માટે અંગુઠાથી જાપ, અભિચાર = શત્રુદમનમાં તર્જનીથી, ધનના સુખ માટે મધ્યમાથી, શાંતિ કાર્ય માટે અનામિકાથી અને આકર્ષણ કાર્યમાં કનિષ્ઠિકાથી જાપ કરવો.

આ રીતે મંત્રના છ કાર્યોમાં કઈ આંગળીઓથી જાપ કરવો. તેની વ્યવસ્થા છે.

(२) चलचित्तेन यज्जप्तं, यज्जप्तं मेरुल्लंधने ॥
नखाग्रेण तु यज्जप्तं, तज्जप्तं निष्फलं भवेत् ॥

**ભાવાર્થ :-** ચંચલ-ચિત્તથી કરેલ જાપ, મેરૂને ઓળંગવા રૂપે કરાયેલ જાપ અને નખ અડાડીને કરાયેલ જાપ લગભગ નિષ્ફળ જાય છે.

**ખાસ :-** આ ગાથામાં મેરૂ નહિ ઓળંગવાની વાત છે, તે પર ખાસ ધ્યાન



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આપવાની જરૂર છે.

નવકારવાળી પૂરી થાય એટલે ફૂમતાને આંખે અડાડી આંગળીથી નવકારવાળી પલટાવીને જ્યાં નવકારવાળી પૂરી કરેલ, તે મણકાથી ફરી ગણાવાનું શરૂ કરવું.

(૩) सूत्रस्य जपमालायां सदा जापः सुखावहः ।
दग्ध-मृदस्थि-काष्ठानां जपमालाल्प-फलप्रदा ॥

**ભાવાર્થ :-** સૂતરની નવકારવાળીથી જાપ સદા સુખ કરનાર છે, બળેલ ચીજ, માટી, હાડકું અને લાકડાની માળા અલ્પ ફળને આપનારી છે.

**ખાસ :-** આજે મોહક અને સુંદર લાગતી પ્લાસ્ટીકની નવકારવાળીઓ દગ્ધ અને માટીના પ્રકારમાં આવે, વળી પ્લાસ્ટીકનું ઉત્પાદન રિફાઈનરીંગ, મોલ્ડીંગ, વગેરે અશુદ્ધ-હિંસક પ્રક્રિયાથી થાય છે તેથી પણ **પ્લાસ્ટિકની નવકારવાળી સદંતર ત્યાગ કરી દેવી.**

(૪) रुप्य-विद्रुम-सौवर्ण-मुक्तानां जपमालिका ।
शान्ति-सौभाग्यमारोग्यं, पुष्टिं च कुरुते ऽ धिकम् ॥

**ભાવાર્થ :-** ચાંદી, પરવાળા, સોનું અને મોતીની નવકારવાળી ક્રમશઃ શાંતિ, સૌભાગ્ય, આરોગ્ય અને પુષ્ટિ વધુ પ્રમાણમાં કરે છે.

(૫) रत्न-स्फटिक-वैडूर्य-मणीनां जपमालिका ।
उपवास-सहस्त्राणां, फलं यच्छति जापतः ॥

**ભાવાર્થ :-** રત્ન, સ્ફટિક, વૈડૂર્ય (નીલમ) અને તેજસ્વી મણિની નવકારવાળીથી કરાતો જાપ હજારો ઉપવાસના ફળને દેનાર છે.

(૬) संखेण जइ जप्पइ, सयगुणियं होइ गोयमा पुण्णं ।
सहस्स-पवालमेयं, दससहस्सं फटिकए लहइ ॥

**ભાવાર્થ :-** હે ગૌતમ ! શંખની નવકારવાળીથી જો જાપ કરાય તો ચાલુ માળા કરતાં ૧૦૦ ગણો લાભ મળે, તેમ પ્રવાલની માળાથી ૧૦૦૦ ગણો અને સ્ફટિકની માળાથી ૧૦ હજાર ગણો લાભ મળે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૭) पुत्तजीवे अणंतगुणं, मुत्तिअफलगुणिए हि लक्खं ।
रुद्दक्खय असंखं, कोडाकोडीअ कमल-बंधेणं ॥

**ભાવાર્થ :-** પુત્રંજીવ નામની વનસ્પતિ (અત્યંત શ્રેષ્ઠ, સાત્વિક, પરમાણુસંપન્ન) ની માળાથી અનંતો લાભ મળે. મોતીની માળાથી લાખ ગણો, રુદ્રાક્ષની માળાથી અસંખ્ય ગણો અને કમળબંધ (નવપદાવર્ત્ત) થી કરાતો જાપ ક્રોડાક્રોડી ગુણો લાભ આપનારો બને છે.

(૮) दस-कोडीए सोवण्णं चंदणमय सय-कोडीगुणं ।
रयणजपे सहस्सं, समं पुत्रं च सुंत्त य ॥

**ભાવાર્થ :-** સોનાની માળાથી ૧૦ ક્રોડ ગણો લાભ, ચંદનની માળાથી ૧૦૦ ક્રોડ ગણો લાભ, રત્નની માળાથી ૧૦૦૦ ક્રોડ ગણો લાભ અને સૂતરની નવકારવાળીથી સંપૂર્ણ વિશિષ્ટ ફળની સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થાય છે.

**નોંધ :-** ૫ થી ૮ ગાથામાં વિવિધ રત્નો, સોનું, ચાંદી આદિની માળાઓના જુદા-જુદા વિશિષ્ટ લાભો બતાવ્યા છે., પણ તે અમુક સાધન-સંપન્ન માટે વિશિષ્ટ-પરમાણુવાળા તે દ્રવ્યોની ઉત્તમતાને લઈને જાણવું.

તેમાં નકલી રત્નો કે હલકી રીતે બનાવેલ તે તે ચીજોની માળાઓની તો સર્વથા વર્જનીય જ જાણવી.

વળી તે છેલ્લે સૂતરની નવકારવાળી સર્વ સાધારણ અને સૌને સુલભ હોઈ તેની ઉત્તમતા વિશિષ્ટ રીતે જણાવી છે.

એટલે બનાવટી-નકલી રત્નો, અશુદ્ધ રીતે પ્લાસ્ટિક આદિ મિશ્રણવાળા સુંદર ચકચકિત પણ દેખાતા રત્નો જેવી ચીજો નવકારવાળી માટે સદંતર અકલ્પનીય સમજવી.

***- પ્રાચીન હસ્તલિખિત પાનામાંથી.***

**જાપતો નવકારવાળીથી જ....!!!**

ભૂમિકા વગર આંગળીથી નવકારવાળી(જાપ) ગણે તો જાપનું ફળ નષ્ઠ થાય. તેથી પ્રાથમિક ભૂમિકાએ નવકારવાળીથીજ જાપ કરવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી નવકારના આરાધકે સતત ચિંતવવાલાયક
જયશક્તિની સફળતા કાજે ખૂબ ખૂબ મનમાં ઘૂંટવા જેવી

## આદર્શ વિચારણા

33

≋ જગતના બધાય જીવો શાન્ત થાઓ ! પ્રસન્ન થાઓ ! સુખી થાઓ !

≋ કોઈ જીવને કશું દુઃખ ન હો ! કાંઈ દુઃખ ન હો ! કિંચિત્ દુઃખ ન હો !

≋ જગતના બધા જીવો ભય રહિત બનો ! કર્મ રહિત બનો !

≋ કોઈ જીવને પાપ કૃત્યમાં રૂચિ ન હો ! પ્રીતિ ન હો ! પ્રવૃત્તિ ન હો !

≋ જગતના સર્વ જીવોના હૈયામાં જ્ઞાનનો દીવો ઝળહળો ! ધર્મનો દીવો ઝળહળો !

≋ કોઈ જીવને નખમાં ય રોગ ન હો ! શોક ન હો ! મોહ ન હો !

≋ જગતના બધા જીવોનું આરોગ્ય નિર્મળ બનો ! બુદ્ધિ નિર્મળ બનો ! ભાવ નિર્મળ બનો !

≋ જગતના સર્વજીવોને પરસ્પર પૂર્ણ સદ્ભાવ પ્રગટો ! નિર્દોષ મૈત્રી ભાવ પ્રગટો ! નિષ્કલંક આદર ભાવ પ્રગટો !

≋ આત્મા-આત્મા વચ્ચેના અંતરાયો દૂર હો ! ભેદ દૂર હો ! પરભાવ દૂર હો

≋ જગતના સર્વજીવોના હૈયામાં આત્મ દર્શનની આરઝુ પ્રગટો ! તમન્ના ! ઉત્કટ તાલાવેલી જાગો !

≋ માનવ માત્રના મનમાં સર્વ કલ્યાણની રોશની પ્રગટો ! તેનો પ્રકાર તેના પ્રત્યેક રોમ વાટે અન્ય પ્રાણીઓના મનના અંધકારને દૂર કરો !

≋ સમગ્ર વાતાવરણ કલ્યાણનો મહાછંદ બની રહો !

≋ માનવ બંધુઓની પાંચેય ઈન્દ્રિયો પ્રભુતાની ખોજમાં એકાકાર બનો ! તેમાં છલકાઓ નૂર આત્માનું !

≋ માનવીના હૃદય કમળમાં વિશ્વહિતની સુરભિ પ્રગટો ! તેની પ્રત્યેક પાંખડીમાં લોકત્રયના સર્વજીવોના કલ્યાણની કમનીયતા પ્રગટો ! અને તે મહાપવિત્ર કમળ સર્વજીવ હિતચિંતક શ્રી અરિહંત પરમાત્માની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ ઓજસ્વિની ભાવનાનું મહાધામ બનો !

≋ વહાલા માનવ બંધુના પ્રત્યેક વિચાર ઉપર પથરાઓ અજવાળાં આત્માના !

≋ કષાયોને ઘટાડવાનો મહાભાવ જાગો માનવ-માનવ ના અંતરે !

≋ કોઈપણ જીવનું અહિત ચિંતવવાનો મહારોગ લોકમાંથી નાબૂદ થાઓ !

≋ આત્મા સહુને પહેલો યાદ આવો !

≋ ઉપકારીના ઉપરકારની પવિત્ર સ્મૃતિ વડે જીવન સહુના પવિત્ર બનો ! તાજગી ભર્યા બનો !

≋ માનવ જીવનની કોઈ પળ ઉપર પાપનો કાબૂ ન હોય ! અધર્મનું શાસન ન હો !

≋ સહુના હૈયાનાં હેત પરમાર્થ કાજે ઉલટી-ઉલટીને લોકનું ગૌરવ બનો !

≋ સર્વ કલ્યાણના પરમ મંગલ ભાવની પવિત્ર ગંગામાં ઉમંગભેર ઝીલવાનું મન, સહુને પ્રાપ્ત હો !

≋ ભવ્ય આત્માઓની ધર્મક્રિયામાં સદ્ભાવનાનું અમૃત ઘૂંટાઓ !

≋ ભાવના સમૃદ્ધ આત્માઓના ભાવને ઉત્તમ અનુષ્ઠાનનું માધ્યમ પ્રાપ્ત થાઓ !

≋ કોઈપણ જીવનને કોઈપણ પ્રકારની અશાતા ન હો !

≋ સહુની શાતાનો ભાવ, લોકમાંથી અશાતાના અણુઓને દૂર કરો ! અદૃશ્ય કરો ! નાશ કરો !

≋ તિરસ્કાર ભાવને ટાળનારા મહારસાયણ સરખો શ્રી નવકાર જીવમાત્રને પ્રાપ્ત હો ! સ્થિર હો ! આત્મસાત્ હો !

≋ કલ્યાણ પ્રાપ્તિની ઉચ્ચ ભૂમિકા પામવાની દિશામાં જીવમાત્રનો પુરૂષાર્થ હો !

≋ કોઈ જીવના અકલ્યાણની વાત અમંગલની ચર્ચા અશુભની વાંછના કોઈ જીવને ન રૂચો !

≋ સર્વજીવનું કલ્યાણ થાઓ એ જીવમાત્રનો જીવનમંત્ર બની રહો !

≋ મહાપુણ્યશાળી માનવબંધુઓના જીવન જગતના સર્વજીવોના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કલ્યાણની પ્રવૃત્તિમાં ઓતપ્રોત બનો !

≋ ત્રિભુવન હિતકર શ્રી અરિહંત પરમાત્માના દર્શનનું સહુને ઘેલું લાગો !

≋ આર્ત અને રૌદ્રધ્યાનની ભીષણ જવાળાઓના વમળમાં ન અટવાઓ જીવન કોઈના !

≋ લોકમાં વાગો સર્વમંગલની શરણાઈ !

≋ "શિવમસ્તુ સર્વ જગતઃ" ની લાગે લગન સહુને !

≋ પરિગ્રહ ગ્રહે જન્માવેલા સઘળા વિગ્રહો શાંત થાઓ !

≋ કાન સહુના કલ્યાણ સુધાઝરણા પરમાર્થવૃત્તિના સંગીત કાજે તરસો !

≋ સર્વ મંગલમય દ્રશ્યો જોવાની સહુના નયનોની તૃષા ખૂબ ખૂબ વધો !

≋ પ્રાણીશ્રેષ્ઠ માનવ-બંધુના કોઈ અંગને અકલ્યાણ ભાવ સાથે સંબંધ ન રહો !

≋ જાગૃત માનવોના રોમેરોમે જગતના સર્વજીવોના દુઃખો દૂર કરવાની તીવ્ર આતુરતા પ્રગટો !

≋ સમર્પણ ભાવના મહાસાગર સરખા શ્રી નવકારનો જાપ સહુના અંતર અને આવાસને નિર્મળ બનાવો ! તેજસ્વી બનાવો ! સર્વકલ્યાણના મહાભાવને લાયક બનાવો !

≋ સહુના મનને શ્રી નવકાર મળી રહો !

≋ સહુના હૃદયને સાચા સ્વામી મળી રહો !

≋ કોઈ અનાથ ન હો !

≋ કોઈનું મન ભવની ભટ્ઠીમાં ન ભૂંજાઓ !

≋ સકળ લોકમાં શુભભાવની ચાંદની છવાઈ જાઓ !

≋ કોઈ જીવના શ્વાસોચ્છ્વાસને પણ સ્વાર્થની દુર્ગંધ ન રહો !

≋ આત્મામાં વિશ્વમૈત્રીનું સુવર્ણપ્રભાત પ્રગટો !

≋ ચૌદ રાજલોકમાં આત્મ દિવાળીનો આનંદ પ્રસરો !

≋ માનવબંધુઓના વદન પર ભવ્યત્વની પ્રભા ઝળકો !

≋ નિરાશા, ચિંતા, ભય, કટુતા, દ્વેષ, કાયરતા, અને સ્વાર્થને સહુ છોડી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દે એવું મહાસત્વવંતુ વાતાવરણ જગતમાં જન્મો !

≋ જેના સ્પર્શ માત્રથી પાપી વિચારોના ગાત્રો ઠંડા પડી જાય આવો અનુભવ વીર્યોલ્લાસ ભવ્ય આત્માઓના જીવનમાં પ્રગટ થાઓ !

≋ એકમેકને હણવાની અતિઝેરી વૃત્તિનો સમૂળ ઉચ્છેદ થાઓ ! આત્મા-આત્મા વચ્ચેનો સદ્‌ભાવ ખૂબ ફાલો ! ખૂબ ફાલો ! ખૂબ ફળો અને ખૂબ વિસ્તરો !

≋ માનવ-માનવનું અહિત ઈચ્છે એવા ઝેરી વાતાવરણમાં કોઈ જીવનો વાસ ન રહો !

≋ બધા જીવોને સર્વશ્રેયસ્કર મહાવિશ્વશાસનનું અનન્ય શરણું પ્રાપ્ત થાઓ !

≋ માનવીની સમગ્રતા બનો ! પરહિતચિંતામાં એકાકાર !

≋ ચાર ગતિમાં રહેલા સર્વ આત્માઓને વારંવાર પંચપરમેષ્ઠી ભગવંતોનો અનંત ઉપકાર યાદ આવો !

≋ પરમોપકારી શ્રી અરિહંત પરમાત્માની ભવજલતારિણી આજ્ઞાને જીવનની સમગ્રતાનો અભિષેક કરવા વડે બધા જીવો કૃતઘ્નતાની બદનામીથી બચો !

≋ અફાટ સાગરજળ ઉપર ચાંદની પથરાય તેમ માનવ પ્રાણીઓના દેહમાં લોહી ઉપર આત્માના ઉજ્જવળભાવ ફેલાઓ !

≋ સર્વ માનવ બંધુઓની આપવડાઈ અને પરનિંદાની ચીકણી ગાંઠ વહેલી વહેલી ગળી જાઓ !

≋ સહુ માનવોને ખૂબ ખૂબ ગમી જાઓ પરાર્થવૃત્તિ !

≋ સહુના જીવન પ્રવાહ તે પવિત્ર રાજમાર્ગે વળો !

≋ માનવ માત્રના મનમાં દૃઢપણે અંકિત થાઓ મહામંત્ર **શ્રી નવકારના અક્ષરો !**

≋ તે અક્ષરોની અચિંત્યશક્તિ તેને સર્વશક્તિમાન બનાવો !

≋ સાત્વિકતાની અમરવેલ ફળો વિશ્વ મંડપે !

≋ તપના તેજ સહુના જીવનને સોના જેવા શુદ્ધ બનાવો !

≋ ઈન્દ્રિયોના બહિર્ભ્રમણ બંધ થાઓ ! ઉઘડો અંતરદ્વાર સહુના !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

≋ લોક આખો ઝળહળી ઉઠે ધર્મના પ્રકાશ વડે !

≋ ભવના ઘાટ ઉપર ઝીંકાતી સહુ જીવોની કાયા અશુભ ભાવના કલેશ રહિત બનો !

≋ પરમ કલ્યાણની પવિત્ર ગંગા લોકમાં સદા વહેતી રહો !

≋ વહાલા માનવોની પાપ પ્રતિકારની શક્તિ બુલંદી પર પહોંચો !

≋ ક્ષુદ્ર વિચારોના વાડામાં પૂરાએલા બધા જીવો સવેળા મુક્ત થાઓ !

≋ સહુના પ્રાણોમાં પોકાર જાગો, દેવાધિદેવના દર્શનનો !

≋ લોક સદા મધમધતો રહો સાધુતાની સુવાસ વડે !

≋ લોક આખો સળવળી ઉઠો પરમાર્થ કાજે !

≋ આત્માના શુભ ભાવનો મહાઘોષ લોક આખામાં ફરી વળો !

≋ ન વરસો અકલ્યાણના કાળાં વાદળાં કોઈના જીવનમાં !

≋ જગતના બધા જીવો

પરમ કલ્યાણ પામો !

પરમ કલ્યાણ પામો !!

પરમ કલ્યાણ પામો !!!

## આરાધક રહેજે સાવધાન

જાપ કરતી વખતે વિચારોનું તંત્ર ખળભળી ઉઠે તો તેનાથી ગભરાવવું નહી.

કેમકે... અંતરની ભૂમિકામાં પડેલ અશુભ-રાગાદિના તત્વો જાપ શક્તિથી થરથરી ઉઠીને બહાર નીકળાવા મથે છે. તેથી વિચાર તંત્ર ડહોળાય છે; પરંતુ ત્યાં વિહવળ ન થવું, યોગ્ય ગુરુગમ દ્વારા માર્ગદર્શન મેળવીને સ્થિર થવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ - ૪

## મહિમાશાલી શ્રી નવકાર

શ્રી નવકાર બુધ-અબુધ સર્વજનો માટે છે ! બૌધ્ધિક શકિત સંપન્ન પુણ્યાત્માઓતો.... શાસ્ત્ર-ગ્રંથોમાં વર્ણવાયેલ શ્રી નવકારના મહીમાને-સ્વરૂપને સમજી આરાધના માર્ગને ગતિશીલ બનાવે છે.

તો અબુધ જનો ગીતો-સ્તવનો છંદોના સ્મરણ-રટણના માધ્યમે પોતાનો આરાધના માર્ગ સરળ બનાવી શકે છે. માટે તો અધ્યાત્મ માર્ગમાં ભક્તિયોગનું સ્થાન મહત્વનું છે.

શ્રી નવકારના શ્લોકો - દુહા - ગીતો, સ્તવનો, છંદોનો સામાન્ય સંગ્રહ આ વિભાગમાં છે. જેના રટન-ગુંજન દ્વારા શ્રી નવકારના પ્રભાવને સદ્‌ભાવને આત્માના પ્રદેશે-પ્રદેશે જાગૃત કરી શકાશે. પુનઃ શ્રી નવકારના શ્લોકો દુહા ગીતો વિગેરેનું રટન જાગૃત થયેલ સદ્‌ભાવને સ્થાયી બનાવી શ્રી નવકારની આરાધના ના ઘોડાપુર ભાવોલ્લાસમાં સાધક આત્માને મસ્ત બનાવશે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા
## શ્લોક-દુહા

આરાધના માર્ગે આન્તરિક-ભાવોલ્લાસ પૂર્વક આગળ વધવા ઈચ્છનાર સાધુ-સાધ્વીએ કે શ્રાવકે નિંદ્રામાંથી જાગૃત થતાંજ ચૌદ-પૂર્વના સારરૂપ શ્રી નવકાર-મહામંત્રનું નિર્મલ ચિત્તે સ્મરણ કરવું. પછી ભાવશુદ્ધિ અને અધ્યવસાયોની નિર્મલતા વધુ સારી કેળવવા માટે નીચેના શ્લોકો અને ભાવનાઓનું એકાગ્ર ચિત્તે ચિંતન કરવું અને વ્યવસ્થિત જાપ કરી પંચ પરમેષ્ઠી પ્રતિ કૃતજ્ઞતા પૂર્ણ ભક્તિરાગ જગાવવો.

આરાધનામાં આગળ વધવા માટે પંચપરમેષ્ઠીઓના નમન-સ્મરણાદિથી થતા મોહનીય કર્મના હ્રાસથી જરૂરી ભાવોલ્લાસ મેળવી શકાય.

### શ્રી નમસ્કાર મહામંત્ર મહિમા

हरइ दुहं कुणइ सुहं, जणए जसं सोसए भवसमुद्दं ।
इहलोइय-परलोइय-सुहाण मूलं णमुक्कारो ॥ १ ॥

શ્રી નમસ્કાર મહામંત્ર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે, ભવ-સમૃદ્રને શોષવે છે, તથા આ નમસ્કાર મહામંત્ર આ લોક અને પરલોકના સઘળા સુખોનું મૂળ છે.

जिण - सासणस्स सारो, चउदस-पुव्वाण जो समुद्धारो ।
णवकारो जस्स मणे, संसारो तस्स किं कुणइ ? ॥ २ ॥

શ્રી નવકાર મંત્ર એ જિનશાસનનો સાર છે, ચૌદપૂર્વનો સમ્યગ્ ઉદ્ધાર છે. તે શ્રી નવકારમંત્ર જેના મનને વિષે સ્થિર છે, તેને સંસાર શું કરે ? અર્થાત્ કાંઈ પણ કરવા સમર્થ નથી !

सेयाणं परं सेयं, मंगल्लाणं च परम - मंगल्लं ।
पुण्णाणं परमं पुण्णं, फलं फलाणं परमरम्मं ॥ ३ ॥

શ્રી નવકારમંત્ર એ સર્વ-શ્રેયોમાં પરમશ્રેય છે, સર્વમાંગલિકને વિષે પરમ માંગલિક છે. સર્વ-પુણ્યોને વિષે પરમપુણ્ય છે અને સર્વફલોને વિષે



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પરમ રમ્ય ફળ છે,

एसो जणओ जणणी य, एस एसो अकारणो बंधू ।
एसो मित्तं एसो, परमुवयारि णमुक्कारो ।। ४ ।।

આ નવકાર એ પિતા છે, આ નવકાર એ માતા છે, આ નવકાર એ અકારણ-બન્ધુ છે અને આ નવકાર એ પરપોપકારી મિત્ર છે.

धण्णोऽहं जेण मए, अणोरपारम्मि भवसमुदम्मि ।
पंचण्ह णमुक्कारो, अचिंत - चिंतामणि पत्तो ।। ५ ।।

હું ધન્ય છું! કે મને અનાદિ અનંત ભવસમુદ્રમાં અચિન્ત્ય-ચિંતામણિ જેવો પંચ-પરમેષ્ઠિઓનો નમસ્કાર પ્રાપ્ત થયો.

थंभेइ जल जलणं, चिंतियमित्तो वि पंचणमुक्कारो ।
अरि-मारि-चोर-राउल-धोरु- वसग्गं पणासेइ ।। ६ ।।

પંચ(પરમેષ્ઠિ) નવકાર ચિંતવવા માત્રથી પણ જલ અને અગ્નિને થંભાવી દે છે, તથા શત્રુ, મરકી, ચોર અને રાજાઓના ઘોર ઉપસર્ગોનો અત્યંત નાશ કરે છે.

णवकाराओ अण्णो, सारो मंतो ण अत्थि तियलोए ।
तम्हा हु अणुदिणं चिय, पढियव्वो परम भत्तीए ।। ७ ।।

ત્રણ લોકમાં નવકારથી અન્ય કોઈ સારો મંત્ર નથી. માટે તેને પ્રતિદિન પરમ ભક્તિથી ભણવો જોઈએ.

णवकार इक अक्खर, पावं फेडई सत-अयराणं ।
पण्णासं च पएणं, सागर पणसय समग्गेणं ।। ८ ।।

શ્રી નવકાર મંત્રનો એક અક્ષર સાત સાગરોપમના પાપ નાશ કરે છે. શ્રી નવકાર મંત્રના એક પદ વડે પચાસ સાગરોપમના પાપ નાશ પામે છે અને સમગ્ર નવકાર વડે પાંચસો સાગરોપમના પાપ નાશ પામે છે.

इक्कोवि णमुक्कारो, परमेट्ठिणं पगिट्ठणं - भावाओ ।
सयलं किलेसजालं, जलं व पवणो पणुल्लेइ ।। ९ ।।



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકૃષ્ટ -ભાવથી પરમેષ્ઠીઓને કરેલો એક પણ નમસ્કાર, પવન જેમ જલને શોષવી નાંખે, તેમ સકલ કલેશ-જાળને દૂર કરે છે.

तावणजायइ चिंतण, चिंतियं पत्थियं च वायाए
काएण समाढत्तं, जाव ण सरिओ णमुक्कारो ।। १० ।।

ચિત્તથી ચિંતવેલું, વચનથી પ્રાર્થેલું અને કાર્યોથી પ્રારંભેલું કાર્ય ત્યાં સુધી જ સિદ્ધ થતું નથી, કે જ્યાં સુધી શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર ને સ્મરવામાં નથી આવ્યો.

जं किंचि परमतत्तं, परमपयकारणं च जंकिंचि ।
तत्थ वि सो णवकारो, झाइज्जइ परमजोगिहिं ।। ११ ।।

જે કોઈ પરમ તત્ત્વ છે અને જે કાંઈ પરમ-પદનું કારણ છે, તેમાં પણ આ નવકાર જ પરમ યોગીઓ વડે વિચારાય છે.

## ગુજરાતી દુહા (૧૦૮)

★ એક જ અક્ષર એકચિત્ત, સમર્યા સંપત્તિ થાય,
સંચિત સાગર સાતનાં, પાતિક દૂર પલાય. .....(૧)

★ સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્ગુરુભાષિતસાર,
સો ભવિયાં મન-શુદ્ધિશુ, નિત્ય જપીએ નવકાર. ......(૨)

★ શ્રી નવકાર સમો જગિ, મંત્ર ન યંત્ર ન અન્ય,
વિદ્યા નહીં ઔષધ નહીં, એહ જપે તે ધન્ય. .....(૩)

★ કષ્ટ ટળ્યાં બહુ એહને, જાપે તુરત કિદ્ધ,
એહના બીજની વિદ્યા, નમિ વિનમિને સિદ્ધ. .....(૪)

★ રતન તણી જેમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ્ય,
ચૌદ પૂરવનો સાર છે, મંત્ર એ તેહને તુલ્ય. .....(૫)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ સકલ સમય અભ્યંતર, એ પદ પંચ પ્રમાણ,
મહાસુખ-ખંધ તે જાણો, ચૂલા સહિત સુજાણ. .....(૬)

★ પંચ નમસ્કાર એ સુપ્રકાશ, એહથી હોયે સવિ પાપનાશ,
સર્વ મંગલતણું એનું મૂલ, સુજશ વિદ્યા વિવેકાનુકૂલ. ......(૭)

★ અરિહંતાદિક સુનવપદ, નિજ મન ધરે જો કોઈ,
નિશ્ચય તસુ નર-સેહર, મણ-વંછિય ફલ હોઈ. .....(૮)

★ અશુભ કરમ કે હરણ કુ, મંત્ર બડો નવકાર,
વાણી દ્વાદશઅંગ મેં, દેખ લીઓ તત્ત્વ સાર. .....(૯)

★ શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલિ,
નવદલ શ્રી નવકાર પય, કરી કમલાસન કેલિ. .....(૧૦)

★ પાતક પંક પખાલીને, કરી સંવરની પાળ,
પરમહંસ પદવી ભજો, છોડી સકલ જંજાલ. .....(૧૧)

★ નમસ્કાર મહામંત્રને રટતાં આતમ શુભરસ જાગે,
દિનભરની શુભ કરણી માંહે, શિવસુખ ડંકા વાગે. .....(૧૨)

★ વિકાર બળે વિલાસ ટળે, મહામંત્ર નવકાર,
સંયમ રોમેરોમ પ્રગટે, જીવનનો શણગાર. .....(૧૩)

★ ઊગે સૂરજ સુખનો, રહે ન દીનને હીણ,
જો જપે નવકારને, તો દુઃખના જાએ દિન. .....(૧૪)

★ વિશ્વાસ રાખી નવકારને, જપજો શ્વાસોચ્છ્વાસ,
શાશ્વત સુખ તે આપશે, કરી કર્મનો નાશ. .....(૧૫)

★ દાવાનળ આ ભવતણો, ઠારી શાંત કરનાર,
દાયક નાયક મોક્ષનો, મહામન્ત્ર નવકાર. .....(૧૬)

★ ભૂલા પડી ભવસાગરે, રખડે જીવ અનેક,
તેને ધ્રૂવ તારા સમો, મહામન્ત્ર છે એક. .....(૧૭)

★ આરોગ્ય આપે તન મનતણું, બોધિલાભ દેનાર,
નાશ કરે ભ્રમબુધ્ધિનો, મહામન્ત્ર નવકાર. .....(૧૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ અવળાં સૌ સવળાં કરે, સવળાં સફળાં થાય,
જપતાં શ્રી નવકારને, દુઃખ સમૂળાં જાય. .....(૧૯)

★ કોઈ પણ કાર્યને મોખરે, જપતાં શ્રી નવકાર,
સિદ્ધિ થાય તે કાર્યની, ફળ પામે શ્રીકાર. .....(૨૦)

★ અણ ઈચ્છિત અળગું કરી, આપે ઈચ્છિત સાર,
જો જપો શુદ્ધિ ભાવથી, મહામન્ત્ર નવકાર. .....(૨૧)

★ મહામન્ત્ર નવકારની, સદા જપો જપમાળ,
આળ ઉતરે ભવતણું, તુટે જગ ઘટમાળ. .....(૨૨)

★ તુંહી જ જીવન પ્રાણ છે, તુંહી જ આતમરામ,
મહામન્ત્ર નવકાર તું, મુજ દિલનો વિશ્રામ. (૨૩)

★ કરુણાવંત મહામન્ત્ર છે, સકળ સુગુણ વિશ્રામ,
ક્ષય કરી સર્વ પાપનો, આપે અક્ષર ધામ. .....(૨૪)

★ દુઃખમાં દીલાસો આપીને, સુખમાં લે સંભાળ,
મિત્ર ધર્મ છોડે નહીં, મહામંત્ર નવકાર. .....(૨૫)

★ નાશ કરે સર્વ પાપનો, આપે સુખ અપાર
ભાવભક્તિથી જે ગણે, મહામંત્ર નવકાર. .....(૨૬)

★ આ લોકને પરલોકનાં, આપે સુખ નવકાર,
અશિવ સહુ અળગાં કરી, શિવ પદને દેનાર. .....(૨૭)

★ પાંચે પદને ભાવથી, કરે વંદના જેહ,
અપૂર્ણપણું તેનું ટળે, પૂર્ણપદ પામે તેહ. .....(૨૮)

★ સર્વ મંત્ર શિરોમણિ, મહામંત્ર નવકાર,
સારભૂત એ મંત્રને, જપતાં જય જયકાર. .....(૨૯)

★ ચૌદ પૂર્વનો સાર છે, મહિમા અપરંપાર,
તેનું શરણું જે ગ્રહે, તે થાયે ભવપાર. .....(૩૦)

★ અમંગળ આ જીવના, ટાળે શ્રી નવકાર,
મંગળ કરીને જીવનું આપે શિવપદ સાર. .....(૩૧)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ નવકાર મંત્ર દિલમાં વસે, દૂર થાય સંસાર,
મોક્ષગામી તે બને, પામે સુખ અપાર. .....(૩૨)

★ નવકાર મંત્ર દિલમાં વસે, દૂર થાય ભવ રોગ,
ભવ ભોગ ઈચ્છે નહી, ઈચ્છે મુક્તિનો યોગ. .....(૩૩)

★ નવકાર મંત્ર દિલમાં વસે, મરણ સમયે પણ ભાઈ,
ટળે દુર્ગતિ તેહની, સદ્‌ગતિ આવે દાય. .....(૩૪)

★ નવકાર મંત્ર દિલમાં વસે, ટળે અજ્ઞાન અંધાર,
જ્ઞાન દિપક દીલમાં જગે, દેખે વસ્તુ સાર. .....(૩૫)

★ મહૌષધિ મહામંત્ર છે, હરે જે રોગ અપાર,
કરી નિરોગી જીવને, નિર્મળ પદ દેનાર. .....(૩૬)

★ સમાધિ મરણને લાવતો , મહામંત્ર નવકાર,
ત્રિવિધ તાપ તેના ટળે, શાશ્વત સુખ દેનાર. .....(૩૭)

★ દિવ્ય ઔષધિ જાણજો, મહામંત્ર નવકાર,
તન-મન ને આતમ તણા, મહા રોગ હરનાર. .....(૩૮)

★ મહા રસાયણ જાણજો, મહામંત્ર નવકાર,
મળે મન પારદ મહીં, તો સુવર્ણ સિદ્ધિ દેનાર. .....(૩૯)

★ પ્રબળ શત્રુ છે જીવનો, કુટિલ અસદાચાર,
મહામંત્રની સહાયથી, તે પણ દૂર થનાર. .....(૪૦)

★ નવપદના શરણ વિના, પાપ પડળ નવ જાય,
ધર્મ પદ આવે નહીં, કંદર્પ નવ જાય. .....(૪૧)

★ ઐશ્વર્ય-ધર્મ ને યશ વળી, શ્રી વૈરાગ્ય ને જ્ઞાન,
એ ખટ ભગ પ્રકટાવતો, મહામંત્ર ગુણગાન. .....(૪૨)

★ મદન દમન જ્યારે કરે, ત્યારે સમરો શ્રી નવકાર,
થાએ મર્દન મદનનું, જરા ન લાગે વાર. .....(૪૩)

★ મહામંત્ર પારસ સમો, લોખંડ સમો છે જીવ,
સ્પર્શ થાતાં પારસ તણો, જીવ જે થાયે શિવ, .....(૪૪)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ મનમથ મથે મનને ઘણું, સમરો શ્રી નવકાર,
દફન થશે મનમથ તણું, વલી મરશે મનવિકાર. .....(૪૫)

★ અડસઠ તીરથથી થયો, મહામંત્ર નવકાર,
કર્મ ખરી જાય તેહમાં, અને પામે અક્ષર ધામ. .....(૪૬)

★ અનંત ગુણનો વૃંદ છે, મહામંત્ર નવકાર,
ગુણ તેના ગણતાં કદી, કોઈ ન પામે પાર. .....(૪૭)

★ વિકાર બાળે વિલાસ ટાળે મહામંત્ર નવકાર,
સંયમ રોમે રોમે પ્રકટે, જીવનનો શણગાર. .....(૪૮)

★ પ્રેમ પંથીઓ પ્રભુને પામે, જપતાં શ્રી નવકાર,
હૃદય ગ્રંથીઓ તોડી કરીને, થાય નિર્ગ્રંથ નરનાર. .....(૪૯)

★ મન વાણી કાયાને સાધે, મહામંત્ર નવકાર,
આરાધે અંતરમાં જિનને જીતે આ સંસાર. .....(૫૦)

★ રાગદ્વેષ જીતીને જગવે, જ્ઞાનતણી ચીનગાર,
કર્મઢગ દારૂ બાળે, મહામંત્ર નવકાર. .....(૫૧)

★ પરમ પ્રભુતા આલમ પામે, જપતાં શ્રી નવકાર,
દીનતા લઘુતા ટળે જીવનની, વામે સર્વ વિકાર. .....(૫૨)

★ શૂન્ય શિખર પર આસન વાળે, જપતાં શ્રી નવકાર,
અવધુત યોગી થઈને આતમ, કરે પાપ પરિહાર. .....(૫૩)

★ સાધક શ્રદ્ધા રાખી જપજે, મહામંત્ર નવકાર,
કાર્ય તારૂં સિદ્ધ થશે એ, અનુભવીનો પડકાર. .....(૫૪)

★ યોગી અલખના ઘડવૈયા, સુણજે મારી વાત,
સદા સમરજે મહામંત્રને, તો લખીશ અલખની વાત......(૫૫)

★ એકાગ્રતાની અગ્ની મહીં, કરે ઈન્દ્રિય વાસના હોમ,
પછી જપો નવકારને, તો પ્રકટે સમતા સોમ. .....(૫૬)

★ રાગદ્વેષ જીતીને જગવે, માનવતા મનમાંય,
જાપ જપતાં નવકારના, પામે શીતલ છાંય. .....(૫૭)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ ભવદવ પાતિ જીવને, અમૃત ધન નવકાર,
તાપ સઘળો ટાળી કરી, આપે ઉપશમ સાર. .....(૫૮)

★ મહાસુખ નિધાન છે, પરમેષ્ઠી ભગવાન,
ખામી વગર ખીઝમત કરો, તો રીઝે કરૂણા નિધાન. .....(૫૯)

★ અનુભવ મિત્ર સમ ગણો, મહામંત્ર નવકાર,
કૃપા થાય જો તેહની, તો બેડો થાયે પાર. .....(૬૦)

★ સુગુણવંત થાવા તમે, સદા ગણો નવકાર,
દુર્ગુણ ગણ ભાગી જતાં, જરા નવ લાગે વાર. .....(૬૧)

★ આર્તધ્યાન આવે નહીં ટળે, રૌદ્રનો સંગ,
મહામંત્ર જપતાં થકાં, શુકલ ધ્યાન સુરંગ. .....(૬૨)

★ પર પરિણિતિ પીડે નહીં, ટળે પાપ સમુદાય,
મહામંત્ર જપતાં થકાં, નિજગુણ ઝાંખી થાય. .....(૬૩)

★ સુમતિથી હોય મહાલવું, રહેવું હોય કુમતિથી દૂર,
તો જપો સદા નવકારને, થલ વીર ધીર ને શૂર. .....(૬૪)

★ તારે-મારે હવે નહીં બને, તમો જાઓ તમારે ઘેર,
કહી દીઓ કુમતિ બાઈને, અમે રહેશું નવકાર ઘેર. .....(૬૫)

★ સ્વ સ્વરૂપે રહેવા તણી, જેને લાગી હોય લગન,
તેવા મુમુક્ષુ માણસે, નિત્ય કરવું નવકાર ભજન, ......(૬૬)

★ મહામંત્ર ના ગુણ ઓળખી, સદા જપે નવકાર,
ગુણવાન બને તે આતમા, અવગુણ ન આવે દ્વાર. .....(૬૭)

★ ચાર કષાય ટાળી કરી, તન મન શુદ્ધ કરનાર,
ઉપશમ રસનો કંદ છે. મહામંત્ર નવકાર. .....(૬૮)

★ રાધાવેધની રીતથી, જે જપે નવકાર,
સહજ વેધ રસ તે લહે, પરમ ગુણ દાતાર. .....(૬૯)

★ ખેદ પ્રવૃતિ ટકે નહીં, ને મન ચંચળતા જાય,
જાપ જપતાં નવકારનો, સહેજે ચિત સ્થિર થાય. .....(૭૦)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ લ્હેરાય સુખના સાગરો, દુઃખ સરોવર સુકાય,
શરણ ગ્રહે નવકારનું તો ભવ ભયથી મુકાય, .....(૭૧)

★ સુષુપ્તા-વસ્થામાં છે ઘણી, શક્તિઓ અનંત અપાર,
નવકાર મંત્રના જાપથી, તે સૌ જાગ્રત થાય, .....(૭૨)

★ અવર મંત્ર જપો નહીં, તજી મહામંત્ર નવકાર,
સાચો મિત્ર એજ છે, આતમ હિત કરનાર. .....(૭૩)

★ તેજ હણાયું આંખનું, વલી હણાયું મુખનું નુર,
તો નવકાર મંત્રના જાપથી, વાધે તેજ ભરપૂર. .....(૭૪)

★ ભવાંભોધિ સંતારણછે, યાન તુલ્ય નવકાર,
લે સહારો તે યાનનો, તે થાયે ભવપાર. .....(૭૫)

★ દુષ્કર માયા ત્યાગ છે, તે પણ સુકર થાય,
જાપ જપતાં નવકારનો, માયા થાય વિદાય. .....(૭૬)

★ અસદ્ ભાવો અંતર તણા, સઘળા થાયે દૂર,
જાપ જપતાં નવકારનો, સદ્ભાવી ઉગે સૂર. .....(૭૭)

★ બ્રહ્માસ્ત્ર સમાન જાણજો, મહામંત્ર નવકાર,
વિકટ વેળાએ આપતો, સાધક સહાય અપાર. .....(૭૮)

★ ગ્રહો ચરણ પરમેષ્ઠીનાં, આપે સિદ્ધિ અપાર,
જન્મ મરણ ફેરા ટળે, આપે સિદ્ધિ સાર. .....(૭૯)

★ દૂર કરે પાતક બધાં, કરે સંકટમાં સહાઈ,
કલ્પવૃક્ષ કામધેનું સમો, નવકાર મંત્ર છે ભાઈ. .....(૮૦)

★ અકથનીય મહિમા કહ્યો, નવકાર મંત્રનો ભાઈ
વાણી વર્ણવી નવ શકે, અનુભવથી સમજાઈ. .....(૮૧)

★ વિશ્વાસ રાખી નવકારનો, જપજો શ્વાસોશ્વાસ,
શાશ્વત સુખને આપશે, કરી કર્મનો નાશ. .....(૮૨)

★ પાપકર્મના મેલને ગાળે શ્રી નવકાર,
નિર્મળ થતો આતમા નિજ સ્વરૂપે સ્થિર સાર. .....(૮૩)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ સર્વ-શક્તિમાન જાણજો, મહામંત્ર નવકાર,
આતમને જાગ્રત કરી, મિથ્યા તમ હરનાર. .....(૮૪)

★ ઉચ્ચારણ નવકારનું, જે ઘર નિશદિન હોય,
ત્રિવિધ તાપ તેના ટળે, સુખ સંપત્તિ નિત હોય. .....(૮૫)

★ ઉચ્ચારણ નવકારનું, જો અંતરથી હોય,
ભવચક્ર તેનું ટળે, જન્મ મરણ નવ જોય. .....(૮૬)

★ ભૂતપ્રેત પીશાચની, બલા થાયે સૌ દૂર,
ફરી ન પીડે કોઈ દી, જો રહો નવકાર હજુર. .....(૮૭)

★ કુપથ્યના સેવન થકી, આવે રોગ અપાર,
તેનું પથ્ય જાણજો, મહામંત્ર નવકાર. .....(૮૮)

★ ઉગે સૂરજ સુખનો, રહે ન દીનને હીણ,
જો જપે નવકારને, તો દુઃખના જાયે દીન. .....(૮૯)

★ જેનુ ચિત ચૌટે રમે, વાંકો ગમે નહીં ઘરબાર,
તે પણ જપે નવકારને, તો ચીતડું આવે દ્વાર. .....(૯૦)

★ રતનતણી જિમ પેટી, ભાર અલ્પ બહુ મૂલ,
ચૌદ પૂરવનો સાર છે, મંત્ર એ તેહને તુલ્લ. .....(૯૧)

★ જિનશાસનનો સાર જે, ચૌદ પૂર્વનો પણ સાર,
શ્રી નવકાર હિયે વસે, તેને શું કરે સંસાર ? .....(૯૨)

★ તેજ એ સાર નવકારમંત્ર, જે અવર મંત્ર સેવે સ્વતંત્ર,
કર્મ પ્રતિકૂળ બાઉલ સેવે, તેહ સુરતરૂ ત્યજી આપ દેવે......(૯૩)

★ ચૌદ પૂરવનો સાર જાણ, મહામંત્ર શ્રીનવકાર,
મૌની વ્રત આરાધતાં, સુખ તરીયે સંસાર. .....(૯૪)

★ સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
એના મહિમાંનો નહીં પાર, એનો અર્થ અનંત ઉદાર......(૯૫)

★ સુખમાં સમરો દુઃખમાં સમરો, સમરો દિવસને રાત,
જીવતાં સમરો મરતાં સમરો, સમરો સહુ સંઘાત. .....(૯૬)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

★ જોગી સમરે ભોગી સમરે, સમરે રાજા રંક,
દેવો સમરે દાનવ સમરે, સમરે સૌ નિઃશંક. .....(૯૭)

★ અડસઠ અક્ષર એહના જાણો, અડસઠ તીરથ સાર,
આઠ સંપદાથી પરમાણો, અડ સિદ્ધિદાતાર. .....(૯૮)

★ નવપદ એહના નવનિધિ આપે ભવોભવના દુઃખ કાપે,
વીર વચનથી હૃદયે થાયે, પરમાતમ પદ આપે. .....(૯૯)

★ બધા વિશ્વનું થાઓ કલ્યાણ આજે, બનો સજ્જ સહુ પારકા હિત કાજે,
બધા દૂષણો સર્વથા નાશ પામો, જનો સર્વ રીતે સુખને જ પામો.
.....(૧૦૦)

★ ખમાવું બધા જીવને આજ પ્રીતે, ખમો તે બધા મુજને સર્વ રીતે,
બધા જીવમાં મિત્રતા પ્રસારૂં, નથી કોઈ સાથે હવે વૈર મહારૂં,
.....(૧૦૧)

★ નમસ્કાર સમો મંત્રઃ, શંત્રુજ્ય સમો ગિરિ,
વિતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ. .....(૧૦૨)

★ સુખકારણ ભવિયણ, સમરો નિત નવકાર,
જિનશાસન અનગમ, ચૌદ પૂરવનો સાર. .....(૧૦૩)

★ મંત્રમાંહે મોટો કહ્યો એ, લાખ ગુણે મન રંગ,
તીર્થંકર પદ તે લહે એ, શ્રી નવકારને સંગ. .....(૧૦૪)

★ પંચ પરમેષ્ઠી પદમય મંત્ર એ છે નવકાર,
શિવપદનું સાધન કહ્યું, પ્રવચન કેરોસાર. .....(૧૦૫)

★ નિર્મલ ચિત્તે વિધીશું, ગુરુમુખ વહી ઉપધાન
નવકાર જપતાં ભાવશું, પામે સમક્તિ પ્રધાન. .....(૧૦૬)

★ ભાષ્ય - ઉપાંશુ-રહસ્ય એ, જાપના ત્રણ પ્રકાર,
દ્રવ્ય-ભાવ શુદ્ધિ ધરી ક્રમે ભજો નવકાર. .....(૧૦૭)

★ ભવોદધિમાં ડૂબતાં થકાં, નિસ્તારણ નવકાર
ભાવ ભાવ ભરીને ધારીએ, એ છે તરણ જહાજ .....(૧૦૮)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### લોકોત્તર-ભાવના અનુપમ મૈત્રી

જો શક્તિ મુજને મલે, (તો) આપું સહુને સુખ,
કર્મના બંધન ટાળીને, કાપું, સહુનાં દુઃખ. .....૧

### ક્ષમાપના

મુજને દુઃખ આપે ભલે, તો પણ હું ખમું તાસ,
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ. .....૨

### સર્વાત્મભાવ

જગના પ્રાણીમાત્રને, વ્હાલા છે નિજ પ્રાણ,
માટે મન-વચ-કાયથી, સદા કરૂં તસ ત્રાણ. .....૩

### પર-હિત-ચિંતા

આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ,
ત્રસ-સ્થાવર જીવો બધા, દુઃખિયા કો નવિ થાય......૪

### વાત્સલ્ય-ભાવ

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય,
"શ્રી જિનશાસન વિષે, સ્થાપું જીવ બધાય." .....૫

### અરિહંત - પ્રાર્થના વંદનાશ

નિર્મલ-મૈત્રી ભાવથી, ભરપુર હે ભગવંત !,
મુદિત ભાવ ઉદિત થયો, પૂર્ણ-કલાએ સંત ...(૧)

નિર્મલ કરુણાનો ઝરો, ચૌદ રાજ રેલાય,
તાસ પ્રભાવે હે પ્રભુ ? જગજીવ દુઃખ ધોવાય ...(૨)

મધ્યસ્થ દૃષ્ટિ છે આપની, પક્ષપાત નહીં લેશ,
ધર્મ-બીજ છો હે પ્રભુ ! યોગ-સ્વરૂપ-સવિશેષ ...(૩)

એવા શ્રી વીતરાગને, ત્રિકરણ - યોગે આજ,
વંદન કરૂં છું હું ભાવથી, જય જય શ્રી જિનરાજ ..(૪)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આરાધકની અંતર - ભાવના

સર્વ વિશ્વમાં શાન્તિ પ્રગટો ! થાઓ સૌ કોનું કલ્યાણ -
સર્વલોકમાં સત્ય પ્રકાશો ! દિલમાં પ્રગટો શ્રી ભગવાન ! ...(૧)

શાન્તિ તુષ્ટિ પુષ્ટિ પામો ! જીવો પામો મંગળ માળ !
આત્મિક ઋદ્ધિ સિદ્ધિ પામો ! પામો સહુપદ નિરવાણ ! ...(૨)

## શ્રી નવકારના આરાધકે ખૂબ ખૂબ ચિંતવવાના માર્મિક દુહા

અરિહંતાદિ સુનવહ પદ, નિજ મને ધરે જો કોઈ ।
નિશ્ચય તસ નરસેહરહો, મનવાંછિય ફલ હોઈ ॥૧॥

અશુભ કરમકે હરણકું, મંત્ર બડો નવકાર ।
વાણી દ્વાદશ અંગમેં, દેખ લીયો તત્વસાર ॥૨॥

શુભમાનસ માનસ કરી, ધ્યાન અમૃતરસરેલિ ।
નવદલ શ્રીનવકાર પય, કરી કમલાસન કેલિ ॥૩॥

પાતક પંક પખાલીને, કરી સંવરની પાળ ।
પરમહંસ પદવી ભજો છોડી સકલ જંજાલ ॥૪॥

રાત્રિ તણી સુખ નિંદ્રા ત્યાગી, જેવું મનડું જાગે ।
ધ્યાન ધરો આરિહંતતણું સૌ, તન મનને શુભ લાગે ॥૫॥

નમસ્કાર મહામંત્રને રટતાં, આતમ શુભ રસ જાગે ।
દિનભરની શુભ કરણી માંહે, જયસુખ ડંકા વાગે ॥૬॥

અગ્નિ કેરા બળ થકી, માખણનું ઘી થાય ।
અંતરવૃત્તિ ધ્યાનથી, પરમાતમ પ્રગટાય ॥૭॥

અહંકાર છોડીને, ભજો અરિહંત સાર ।
રાગદ્વેષના ત્યાગથી, પામો મોક્ષનું દ્વાર ॥૮॥

સકલ સમય અભ્યંતર, એ પદ પંચ પ્રમાણ ।
મહસુઅખંધ તે જાણો, ચુલા સહિત સુજાણ ॥૯॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧) શ્રી નવકાર-મહામંત્રના જાપથી મેળવવા યોગ્ય આદર્શ વિચાર-ધારાનું સુંદર ગીત

નવકાર મંત્રની હો !
માળા છે હાથમાં.... નવકાર ...૦

સુખમાં છકાય નહિ ! દુઃખમાં રડાય નહિ !!
ભક્તિ ભૂલાય નહિહો.... માળા છે. ...૧

ધન સંઘરાય નહિ ! એકલા ખવાય નહિ !!
મમતા રખાય નહિ હો.... માળા છે. ...૨

જુઠું બોલાય નહિ ! ચોરી કરાય નહિ !!
કોઈને ઠગાય નહિ હો.... માળા છે. ...૩

ક્રોધ કરાય નહિ !કોઈને દુભાય નહિ !!
કોઈને નિંદાય નહિ હો..... માળા છે. ...૪

હું-પદ ધરાય નહિ ! પરને પીડાય નહિ !!
પાપને પોષાય નહિ હો.... માળા છે. ...૫

કુદષ્ટિ થાય નહિ ! આળ દેવાય નહિ !!
ટોણું મરાય નહિ હો.... માળા છે. ...૬

અભક્ષ્ય ખવાય નહિ ! ટોકીઝ જવાય નહિ !!
ચાંલ્લો લજવાય નહિ હો.... માળા છે....૭

રાત્રે ખવાય નહિ ! હોટલમાં જવાય નહિ !!
વિવેક તજાય નહિ હો.... માળા છે. ...૮



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નીતિ છોડાય નહિ ! ફરજ ચૂકાય નહિ !!
ભોગોમાં ફસાય નહિ હો.... માળા છે....૯

બોલ્યું બદલાય નહિ ! આકરૂં બોલાય નહિ !!
ઉદ્‌ભટવેષ પહેરાય નહિ હો.... માળા છે....૧૦

કુળ લજવાય તેવું ! ધર્મ નિંદાય તેવું !!
કર્તવ્ય કરાય નહિ હો.... માળા છે. ...૧૧

પૂજા ચૂકાય નહિ ! વ્યાખ્યાન મુકાય નહિ !!
નવકારશી કરાય સહી હો.... માળા છે....૧૨

કર્મોને તોડવા ! દોષોને ટાળવા !!
નવકાર ગણાય સહી હો... માળા છે....૧૩

નિશ્રા મુકાય નહિ ! વિધિ ભૂલાય નહિ !!
મુક્તિ જવાય સહી હો.... માળા છે....૧૪

ધર્મ વિસરાય નહિ ! નવકાર ભૂલાય નહિ !!
સંસાર તરાય સહી હો.... માળા છે....૧૫

## (૨) શ્રી નવકાર મહિમા

(રાગ : સારકર સેવકા...)

સમરો શ્રી નવકાર, સાર પૂરવ તણો, નવનિધિ સિદ્ધિ આપે સદા.
મહિમા મોટી જાસ સંકટ સવિ ટળે, ફળે મનોરથ સંપદા એ;
અડસઠ વરણ વિખ્યાત, સાત ગુરૂ અક્ષર, નવપદ આઠે સંપદા એ,
સાત સાગરના પાપ જાયે અક્ષરે, સંપૂર્ણ પાંચ સય મુદ્દા એ.

હત્યા ચાર કરી જિણેએ, વળી કર્યા પાપ અનેક;
છૂટકારો એહથીએ, આવે ચિત્ત વિવેક.
મંત્રમાહે મોટો કહ્યો એ, લાખ ગુણે મનરંગ,
તીર્થંકર પદ તે લહે એ, શ્રી નવકારને સંગ.
દિન દિન અધિકી સંપદા એ, મનવાંછિત સુખ થાય.
દયાકુશલ વાચકવરુ એ ધર્મમંદિર ગુણ ગાય.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) શ્રી નવકાર મંત્રની ધૂન
### (રઘુપતિ રાઘવ રાજારામ)

સેવો મંત્ર સદા નવકાર, એ છે ભવજલ તારણહાર ॥
એનો મહિમા અપરંપાર, એ છે અક્ષય સુખનું દ્વાર, ॥૧॥

જે કોઈ ધ્યાવે તે સુખ પાવે, કરે કર્મ સંહાર.
નવકારને જે ભાવે સમરસે, તેના સરસે સઘળા કાજ. ॥૨॥

ભવસાગરને તરવા માટે, આ છે તરણ જહાજ.
અસુર હશે તે સુર થાશે સમજશે સારાસાર. ॥૩॥

સઘળા પાપો પરિહરીને, પહોંચાડે છે જે મુક્તિ દ્વાર.
માટે સઘળા નર ને નાર, સેવો એક ચિત્તે નવકાર, ॥૪॥

સેવો મંત્ર સદા નવકાર, એ છે ભવજલ તારણહાર.

## (૪) શ્રી નવકાર-મહામંત્ર-માહાત્મ્ય

દશમે અધિકારે, મહામંત્ર નવકાર
મનથી નવિ મૂકો, શિવસુખફલ સહકાર.

એ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર,
સુપરે એ સમરો, ચૌદ-પૂરવનો સાર.

જનમાંતર જાતાં, જો પામે નવકાર,
તો પાતિક ગાળી, પામે સુર અવતાર.

એ નવકાર સરીખો, મંત્ર ન કોઈ સાર,
ઈહભવ ને પરભવે, સુખસંપત્તિ દાતાર,

જુઓ ભીલ-ભીલડી, રાજા-રાણી થાય,
નવકાર મહિમાથી, રાજસિંહ મહારાય,

રાણી રત્નવતી બેહુ, પામ્યા છે સુરભોગ,
એક ભવ પછી લહેશે, શિવવધૂનો સંજોગ.

શ્રીમતીને એ વળી, મંત્ર ફ્લ્યો તતકાલ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ફણીધર ફીટીને, પ્રગટ થઈ ફૂલમાલ.
શિવકુમારે જોગી, સોવનપુરૂષો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાના સિદ્ધ.

## (૫) શ્રી નવકાર મહામંત્ર સ્તવન

શ્રી નવકાર તણું સમરણ કરો, હૃદયકમલે ધરી ધ્યાન;
આગે અનંત ચોવીશી હુઈ, તિહાં એહી જ પ્રધાન.
આતમ ! સમર ! સમર ! નવકાર !!!
શ્રી જિનશાસનમાં સાર, પંચ પરમેષ્ઠિ ઉદાર,
ત્રણ કાલ નિરધાર, સમય તું સુખકાર... આતમ.
ગર્ભવાસી જીવ ઈમ ચિંતવતો, ધર્મ કરીશું સાર,
જબ જન્મ્યો તવ વિસરી વેદના, એળે ગયો અવતાર..આતમ.
જીહાં લગે આપ તિહાં સહુ, સાથી નિર્ધનને સહુ મૂકે,
કૂડ કુટુંબ તણે કાજે તું, કાં આતમહિત ચૂકે !... આતમ.
યમરાજ કેણે નવિ જીત્યો, સુકૃત કર્યું તેં પોતે,
અવસર બેર બેર નહીં આવે, જાય જનમ ઈમ જોતે....આતમ.
સાર એહ છે અસાર સંસારે શ્રી જિનસેવા કરીએ,
વિષય કષાય કરીને અલગા, જ્ઞાનવિમલ ગુણ ધરીયે....આતમ.

## (૬) શ્રી નવકાર મહામંત્ર છંદ

પંચ પરમેષ્ઠી નવકાર ભણ જીવડા !
જાપ સમ અવર નહિ પુણ્ય કોઈ,
ધ્યાન નવકાર મન નિશ્ચલ રાખતાં,
મુક્તિનો માર્ગ સુલભ હોઈ, ...૧
જાપ જે કોઈ કરે પાતક તે દહે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગર સાત દુઃખ સોઈ જાય,

આખું જે પદ ગણે પચાસ સાગર હણે,

દુઃખ ને પાપ સહુ દૂર થાય,

દિવસ થોડામાંહિ મુક્તિ થાય. ...૨

પાંચસે સાગર પાપ દુઃખ સહી ગયું,

શ્રી નવકાર મુખ પૂર્ણ ભાખ્યો,

અડસઠ અક્ષર પદ નવ ઉચ્ચરે,

મુક્તિ તરુફલ રસ તેણે ચાખ્યો,

જીવ ચિહું ગતિ તેણે ભમત રાખ્યો....૩

નવકારવાલી એ જેહ નવપદ જહે,

તેહથી અધિક ફલ આનુપૂર્વી,

તપ છ માસ સંવત્સર કર્મ દહે,

તેટલું કર્મ ખપે કહત કવિ;

એહ જિનશાસનને વાત કહેવી. ...૪

## ચોપાઈ

મુક્તિ તણો અર્થી હોય, નવકારલય લગાવે સોય;

શુભ ધ્યાને મન રાખજે, શ્રાવક તુજ આચાર.

સાર વચન શ્રવણે સુણી, પહેરી અંબર સાર;

ઋષભ કહે નિત્ય સમરીયે, આદિમંત્રનવકાર ...૫

## (૭) શ્રી નવકાર મહામંત્ર પદ

### (રાગ : સમરોમંત્ર ભલો નવકાર)

ગણજો મંત્ર ભલો નવકાર, એહની સિદ્ધિનો નહિ પાર ।

એના સમર્યાથી સુખ થાય, એના ગણવાથી દુઃખ જાય ॥ ગણજો . ૧

સુખમાં ગણજો દુઃખમાં ગણજો, મરતાં પ્રેમથી સુણજો ।

ત્રિકણરયોગે હર ઘડી ગણજો, અવિચલ સુખડાં હરજો ॥ ગણજો. ૨



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેવો ગણતા દાનવો ગણતા, ગણતા રંક ને રાય, ।
યોગી ભોગી ધ્યાને સમરી, મુક્તિપુરીમાં જાય ।। ગણજો. ૩

મહિમાવંતા જગજયવંતા, મંગલને કરનારા ।
શક્તિવંતો કર્મ ચૂરંતો, દેવગતિ દેનારા ।। ગણજો. ૪

મંત્ર શિરોમણી લયથી ગણતાં, કેઇ તર્યા નરનાર ।
મરણાંતે તિર્યંચો સુણતાં, વરીયા દેવ અવતાર ।। ગણજો. ૫

અડસઠ અક્ષર એના જાણો અડસઠ તીરથ સાર ।
નવ પદ એના હૃદયે ધારો, અડસિદ્ધિ દેનાર ।। ગણજો. ૬

એક એક અક્ષર મહિમા ભારી, ગણજો નર ને નારી ।
પંચ પરમેષ્ઠી જગ ઉપકારી, સમર્યા ભવ દે તારી ।। ગણજો. ૭

નવકાર કેરો અર્થ અનંતો શ્રી અરિહંતે ભાખ્યો ।
ચૌદ પૂર્વના સાર રૂપ એને સૂત્ર શિરોમણિ દાખ્યો ।। ગણજો. ૮

ભણતાં ગણતાં નિર્જરા થાવે, પાપ પડલ દૂરે થાવે ।
આત્મા અરિહા સમીપે આવે, અક્ષયપદને પાવે ।। ગણજો. ૯

## (૮) મંગલમય નવકાર

મંગલમય સમરો નવકાર, એ છે ચૌદ પૂરવનો સાર,
જેના મહિમાનો નહિ પાર, ભવજલધિથી તારણહાર, મંગલમય. ૧

અરિહંત શાસનના શણગાર, સિદ્ધ અનંતા સુખ દેનાર,
સૂરિ પાઠક મુનિ ગુરૂ મનોહાર, એ પાંચે પરમેષ્ઠી ઉદાર. મંગલમય. ૨

નવપદ એ નવસેરો હાર, હૃદય ધરતાં ઉપરે ભવપાર;
અડસઠ અક્ષર તીરથ સાર, સંપદા આઠે સિદ્ધ દાતાર. મંગલયમ. ૩

સતિ શિરોમણી શ્રીમતી નાર, મન શુધ્ધે ગણતી નવકાર,
તેનું દુઃખ હરવા તત્કાલ, ફણીધર ફીટી થઈ ફૂલમાળ. મંગલમય. ૪

મુનિએ દીધો વન મોઝાર, ભીલ ભીલડીને નવકાર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભાવે જપતાં પૂરણ આય, બે જણ રાજા-રાણી થાય. મંગલમય. ૫

સમડીને મરતાં નવકાર, દઈ મુનિએ કીધો ઉપગાર,

રાજપુત્રી થઈ કર્યો ઉદાર, સુદર્શનાએ સમડી-વિહાર. મંગલમય. ૬

કમઠ કાષ્ઠમાં બળતો નાગ, દેખે પાર્શ્વકુમાર,

સેવકે મુખ દીધો નવકાર, ઈન્દ્ર થયો તે નાગકુમાર. મંગલમય. ૭

અમરકુમાર જપતાં નવકાર, મહાકષ્ટથી થયો ઉદ્ધાર,

રાજા તેના પ્રણમે પાય, નવકાર મહિમા ફેલાય. મંગલમય ૮

પાપ પ્રણાશક શ્રી નવકાર, મહામંગલ છે શ્રી નવકાર,

વિઘ્ન વિદારક શ્રી નવકાર, શિવસુખદાયક શ્રી નવકાર. મંગલમય. ૯

## (૯) શ્રી નવકાર મહામંત્ર છંદ

સુખકારણ ભવિયણ, સમરો નિત નવકાર,
જિનશાસન આગમ, ચૌદે પૂરવ સાર,
ઈણ મંત્રનો મહિમા, કહેતાં ન લહું પાર,
સુરતરુજિમ ચિંતિત, વાંછિત ફલ દાતાર. .....૧

સુર દાનવ માનવ, સેવ કરે કર જોડ,
ભૂમંડલ વિચરે, તારે ભવિયણ કોડ,
સુર છંદે વિલસે, અતિશય જાસ અનંત,
પહિલે પદ નમિયે, અરિભંજન અરિહંત .....૨

જે પંનરે ભેદે, સિદ્ધ થયા ભગવંત,
પંચમી ગતિ પહુંતા, અષ્ટકર્મ કરી અંત,
કલ અકલ સરૂપી, પંચાનંતક જેહ.
સિદ્ધના પાય પ્રણમું, બીજે પદ વળી તેહ. .....૩

ગચ્છભાર ધુરંધર, સુંદર શશહર સોમ,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરે સારણ-વારણ, ગુણ છત્તીસે થોમ,
શ્રુત જાણ શિરોમણિ, સાગર જેમ ગંભીર,
ત્રીજે પદ નમીએ, આચારજ ગુણધીર. .....૪

શ્રુતધર ગુણ આગમ, સૂત્ર ભણાવે સાર,
તપ વિધિ સંયોગે, ભાખે અરથ વિચાર,
મુનિવર ગુણ જુત્તા, તે કહીએ ઉજ્જઝાય,
ચોથે પદ નમીએ, અહનિશ તેહના પાય. .....૫

પંચાશ્રવ ટાલે, પાલે પંચાચાર,
તપસી ગુણ ધારી, વારી વિષય વિકાર,
ત્રસ થાવર પીરહર, લોકમાંહિ જે સાધ,
ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણે લાધ. .....૬

અરિ-હરિ-કરિ-સાઈણી, ડાઈણી-ભૂત-વેતાલ,
સબ પાપ પણાસે, વિલસે મંગલમાલ,
ઈણ સમર્યા સંકટ, દૂર ટલે તતકાલ,
જંપે જિણ ગુણ ઈમ, સુરવર સીસ રસાલ. .....૭

## (૧૦) શ્રી નમસ્કાર મહામંત્રનો મહિમા સૂચવતું માર્મિક પદ

બોલ મા ! બોલ મા ! બોલ મા રે,
શ્રી નવકાર વિના કશું બોલ મા
શ્રી નવકારનું ધ્યાન તજીને,
વિષયનું વિષ તું ઘોળ મા રે.... નવકાર.
જગતના સુખ સહુ ક્ષણિક છે રે,
તેના ભોગ વિલાસમાં ડોલ મા રે, નવકાર.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યા હોમ કરીને કુદકા મારી

નરકની બારી તુ ખોલ મા રે, નવકાર.

ગુરુવયણે સાચું ભાન જ કેળવી,

અવર મંત્ર તું બોલ મા રે. નવકાર.

શાશ્વત-સુખની પ્રાપ્તિ માટે,

નવકાર વિના કશું બોલ મા રે, નવકાર.

## ૧૧ શ્રી નમસ્કાર મહામંત્ર સ્તવન

સમરજીવ એક નવકાર નિજ હેજશું, અવર કોઈ આળપંપાળ દાખે !

વર્ણ અડસઠ નવકારના નવપદ, સંપદા આઠ અરિહંત ભાખે. ॥૧॥

આદિ અક્ષર નવકારના સ્મરણથી, સાત સાગર ટલી જાય દૂરાં।

એક પદ ઉચ્ચરે દુરિત દુઃખડાં હરે, સાગર આયું પચાસ પુરાં. ॥૨॥

સર્વપદ ઉચ્ચારતા પાંચસે સાગર, સહસ ચોપન નવકારવલી

સ્નેહ મન સંવરી હર્ષ ભર હેજ ધરી, લાખ નવ જાપથી કુગતિ ટાળી ॥૩॥

લાખ એક જાપ જિન પૂજી પુરા જપે, પદવી પામે અરિહંત કેરી।

અશોક વૃક્ષ તલે બાર પર્ષદ મિલે, ગડગડે દુંદુભી નાદ ભેરી. ॥૪॥

અષ્ટ વલી અષ્ટ સય અષ્ટ સહસાં વલી, અષ્ટ લાખ જપે અષ્ટ કોડી।

કીર્તિવિમલ કહે મુક્તિ લીલા લહે, આપણાં કર્મ આઠે વિછોડી. ॥૫॥

**અનર્થકારી લોકવાસના**

ભોગવાસના કરતાં કામવાસના વધુ વિષમ છે. પણ; નવકારની આરાધનામાં = આધ્યાત્મિક ક્ષેત્રે તો આ બે વાસના કરતાં પણ લોકવાસના વધુ અનર્થકર નિવડે છે. તેથી સદ્ગુરુના શરણે આરાધકભાવ કેળવી લોકવાસના ઉપર વિજય મેળવવો જરૂરી છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## પ્રબળ વિશ્વાસ

પ્રાણ પ્યારા !

હે નવકાર !

તારી વીરતાનો મને પરિચય મળ્યો છે

તારી રણહાકથી

ઉન્મત્ત બનેલ

દુશ્મનોના હાજાં

ગગડી જાય છે.

વ્હાલા !

મારી દિવ્ય ગુણસંપદાને

લુંટવા ત્રાટકી બેઠેલા

મોહ-વાસના અને

રાગાદિ-લુંટારાઓને

જાપ અને ધ્યાનના હાકોટાથી

વિખેરી નાંખ !!!

આટલી મારી અંતરની આરઝુ છે.

તારો પ્રબલ વિશ્વાસ

મારા હૈયામાં

ગુંજી રહ્યો છે.

## નવલી ભેટ

મારા પ્રભુ !

હે શ્રી નવકાર !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોત પોતાના ગજા પ્રમાણે

તેમજ

ભક્તિ અનુસાર

તારી આગળ ભેટ ધરે છે.

કોઈ ધરે છે તારી આગળ મોતીની માળા,

કોઈ ધરે છે પુષ્પ સુગંધી રસાળા,

કોઈ તારી આગળ રજુ કરે

સ્નિગ્ધ રસાળ ફૂળની ટોપલી

પણ મારી પાસે આમાં કશું નથી.

મારી પાસે છે તે તારી આગળ ધરૂં છુ.

એ છે

વિકારી વાસનાઓની ટોપલી

ટોપલીમાં રહેલી ચીજો તરફ ધ્યાન

ન આપી

તેની પાછળ રહેલી

મારી શ્રધ્ધા-ભક્તિને

નીહાળજે.

## પ્રિય અતિથિ !

સન્માનીય અતિથિ !

મારા વ્હાલા શ્રી નવકાર !!!

તું મારા આંગણે

અમૂલ્ય-અતિથિ બનીને પધારે છે.

ખરેખર ! ઘણું સારૂં થયું !!!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મારા પ્યારા !

હું તારા સન્માનમાં

મારૂં મન-ઘર સ્વચ્છ રાખીશ,

અંતરની શ્રદ્ધાના તૈલ સાથે

વિવેકની દીવો પ્રગટ કરીશ.

વિચારો પર વાસનાની ધૂળ નહીં ચઢવા દઉં.

તું મારે મન-અણમોલ પ્રિય-અતિથિ છો.

તારા આગમનના સમાચારની હવાથી

મારા મનઘરની

પાપધુળી ઝપાટબંધ

હટવા માંડી છે.

જરૂર મારા મનઘરમાં તારી પધરામણી

મને ખૂબ ઉપયોગી થશે.

## મંગળદીવો

પ્રાણજીવન નવકાર !

કેવા અને ક્યા શબ્દોથી

તારી ભક્તિ થાય

એનું મને જ્ઞાન નથી ! છતાં

પ્રેમ-ઘેલા અંતરના શબ્દોથી

તારી ભક્તિ કરવા

ઉમંગ જાગ્યો છે !

તું મારા શબ્દો નહિ

પણ તેની પાછળના



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હૈયાને નિરખજે !

તારા ઉપરના અંતરની અખૂટ
શ્રદ્ધાના દીપકનો
મંગળ દીવો પ્રગટાવું છું !!!
જેના પ્રકાશમાં અંતરને અજવાળી
તારી કાલી-ઘેલી ભક્તિ કરવા
તલસાટ પૂર્વક તારા શરણે આવી રહ્યો છું !
નભાવી લેજે
તારા આ બાલકને !!!!

## અતિથિ !!!

**પ્રિય અતિથિ ! નમસ્કાર !**

હવે તું મારે ત્યાં
મોંઘેરો મહેમાન
બનીને આવ્યો !
તો
ઘણું જ સરસ થયું !
હવે
મારૂં તન, ઘર સ્વચ્છ કરી લઉં !
સત્યનો દીવડો પ્રગટાવી લઉં !
વિચારો પર લાગેલી
વાસનાની ધૂળ
ખંખેરી લઉં !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તું મારો સોહામણો અતિથિ છે,
તારા સ્વાગત અર્થે
તો જુગ જુના ભાઈબંધ બનેલ
પાપ અને વિકારોને
હાથ જોડીને
માફી માંગીને
વિદાય કરી દીધા છે;
હવે મારૂં જીવન
ધન્ય બની ગયું !
કૃતાર્થ બની ગયું !
તું મારો અતિથિ બન્યો
એ મારે મન
પરમ-સૌભાગ્યની વાત છે !!!

## વરદાન

**પૂજ્યતમ ! નવકાર !!**

હું તારી પાસે એવી પ્રાર્થના લઈને નથી આવ્યો કે -
"વિપત્તિથી રક્ષા કર"
પણ વિપત્તિઓમાં ભયભીત ના બનું ! એવું તો વરદાન દે !!!

પોતાના દુઃખથી પીડિત ચિત્તની સાંત્વના માટે હું ભિક્ષા નથી માગતો, પણ દુઃખોથી થતી ગભરામણ ઉપર "વિજય" મેળવું એવું તો વરદાન દે !

"મને બચાવો" આવી યાચના માટે તારે દ્વારે નથી આવ્યો પણ કર્મના વિપાકો, સહવાની શક્તિનું તો વરદાન દે !



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મારો ભાર હલ્કો કરી નાખ" એવી વિનંતિ નથી કરતો ! પણ "ભાર વહન કરવાનું બળ" મને મળે એવું તો વરદાન દે !

સુખમાં તને નત મસ્તકે સ્મરૂં અને દુઃખમાં તને કદી પણ ના વિસ્મરૂં વળી

આખું જગત મારો ઉપહાસ કરે તેવા સમયે પણ હું તારા ઉપર શંકાશીલ ના બનું એવું તો રૂડું વરદાન દે !

## ઉદારદીલ ! દાનેશ્વરી !! છતાં ! કૃપણ !!!

આ શું ?

હું તારી પાસે કેટલાય વખતથી ભીખ માગવા આવ્યો છું ?

તને જ્યાં ત્યાં ખોળું છું !

પણ તું ના જડ્યો ! ! !

આખરે તું મારા જ નાના ઘરના ખૂણામાં ભરાઈ બેઠો હતો ! મેં ખોળ્યો !!!

પકડ્યા તારા ચરણો !!!

ઉભા થઈ મેં મારી ઝોળી પાથરી ત્યાં તેં ઉચ્ચાર્યું "ભિક્ષાં દેહિ"

હું આ શું સત્ય સાંભળી રહ્યો છું !

ભીખારી પાસે પણ ભીખ માગવી ?

આ ઉદારદીલ ! દાનેશ્વરી ! કે કૃપણ !

ઠીક ! ત્યારે !

લે આ મારી વાસનાઓ !!

હું હળવો થાઉં !

લે નવકાર ! લઈ જા ! લઈ જા ! લઈ જા ! !

તું ઉદાર અને દાનેશ્વરી છતાં મારા માટે કૃપણ !!



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી નવકાર ચિત્રપટ પરિચય

પૂ. ગુરુદેવશ્રી શ્રાવણ સુ. ૨ થી ૯ દીવસ ચતુર્વિધ સંઘમાં શ્રી નવકારની સામુહિક આરાધના કરાવતા હતા. આ આરાધનામાં પૂજ્યશ્રીની આગવી હથોટી હતી. તેમાં આગમ-શાસ્ત્રોનું નિદિધ્યાસન અને શ્રી નવકારના જાપ - ધ્યાનમાં મળેલા સંકેતો/ માર્ગદર્શન પ્રમાણે બનાવેલા શ્રી નવકારના વિવિધ ચિત્રપટોથી આરાધના મંડપ શોભતો...! તે ચિત્રપટોનું રહસ્ય પૂજ્ય આરાધકોને સમજાવતા. આરાધકો ભાવવિભોર બની અગમ્યવાણી સાંભળવાનો અનુભવ કરતા.. તેવા બે ચિત્રપટનો પરિચય તમારી સામે પ્રસ્તુત છે.

- સંપાદક

## આરાધનામાં પ્રાણપૂર્તિ કરનાર ખૂબજ ભાવોલ્લાસ જાગૃત કરનાર (૧) શ્રી મહામંત્રની આરાધના (બેટરીવાળો) પટ

( ચિત્રપટ ટાઈટલ પેજ નં.- ૪ ઉપર)

આ ચિત્ર મુમુક્ષુ પુણ્યાત્માની શ્રી નવકાર-મહામંત્રની આરાધના-પધ્ધતિને સૂચવે છે.

આ ચિત્રમાં જમણે બેટ્રી અને તેજવર્તુલના પાછલા ભાગે ગાઢ જંગલ દર્શાવ્યું છે. તે ભવઅટવી છે. તેમાં મિથ્યાત્વની કાજળઘેરી સઘન-રાત્રિનો અંધકાર ચોપાસ પથરાયેલ દર્શાવ્યો છે.

ચિત્રની પૃષ્ઠભૂમિકામાં અને જમણે નાના-મોટા દુર્ગમ પર્વતોની હારમાળા દર્શાવી છે, તે મોહનીય આદિ કર્મના વિષય-સંસ્કારો મોટે ભાગે જીવનમાં ફેલાયેલા છે. એમ સૂચવે છે.

આવી વિષમતાઓના ઘેરાવામાં રહેલ પણ કોક પુણ્યાત્માને પૂર્વના પ્રકૃષ્ટ પુણ્યથી કોક પુણ્યક્ષણે જીવનશુદ્ધિના રાજપંથે લઈ જનાર ધર્મની આરાધનાનો સંકલ્પ થઈ આવે છે, અને આરાધના માટે તૈયાર થાય છે.

પણ રાગ, દ્વેષ, મૃત્યુનો ભય, દુર્ધ્યાન, કષાય, કર્મસત્તા આદિ જંગલી જીવોના ત્રાસ ઉપરાંત મિથ્યાત્વના અતિગાઢ અંધકારથી ગૂંચવાઈ



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાય છે.

એટલામાં દેવ-ગુરૂકૃપાએ અનંતજીવોને પરમહિતકારી મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગી શ્રી નમસ્કાર મહામંત્રરૂપ હાથબત્તી (બેટ્રી) નો પ્રકાશ જમણી બાજુથી (ચરમાવર્ત કે શુક્લપાક્ષિક આદિ દિશાએ અનાદિકાલીન વામ = વિપરીત પ્રવૃત્તિ અટકવાથી દક્ષિણ = મોક્ષમાર્ગથી અનુકૂળ પ્રવૃત્તિની સાહજિકતાએ) સાંપડે છે.

તેના દિવ્યતેજથી આરાધક-પુણ્યાત્મા-પરમેષ્ઠીઓના શરણે વૃત્તિઓના સમર્પણની શક્તિ કેળવી, આજ્ઞાધીનતારૂપે આરાધનાની શાશ્વત નિરાબાધ રાજમાર્ગ રૂપ કેડી પર ચઢી જાય છે. અને ભવઅટવીમાં નિરાબાધપણે આત્મશક્તિઓને વિકસિત કરનાર અધ્યવસાય-શુદ્ધિનો પર્વત દૃષ્ટિગોચર થાય છે.

જેથી સંકલેશ હાનિરૂપ તલેટીએ પહોંચી આરાધક જીવ મોહના સંસ્કારોની અટપટી ગૂંચમાંથી મુક્તિ મેળવે છે અને આરાધકભાવરૂપ શિખરના ભાગે પહોંચી જીવનશુદ્ધિનું સનાતન સત્ય મેળવવાની સક્રિય આરાધના પ્રારંભી શકે છે.

આ પર્વત ઉપર શ્રી નમસ્કારના પરમતેજમાં લાધતી આચાર-વિચારની સરણિઓ દ્વારા આરાધક ભાવના શિખરે પહોંચી જઈ પુણ્યાત્મા જપમાં લીન બની આરાધનાને ગતિશીલ બનાવે છે.

આ વખતે ભવ અટવીમાં અત્યાર સુધી હેરાન કરનારા નીચેના જંગલી-જાનવરોના ત્રાસથી શ્રી નવકારના જપ અને ધ્યાનની સ્ફૂર્તિબળે છૂટકારો મેળવે છે.

મૃત્યરૂપ હાથી　　કષાય રૂપ સર્પ

રાગરૂપ સિંહ　　દુર્ધ્યાનરૂપ વીંછી

દ્વેષરૂપ શૂકર

વળી શ્રી નવકારના દિવ્યતેજથી અનાદિકાલીન વાસનાના કેન્દ્રસમા કંચન, કામિની, કુટુંબ, કાયાના ચાર વર્તુલોની અસારતા સમજાઈ જાય છે.

તેથી ત્યાંથી દૃષ્ટિ ખસેડી (બેટ્રીના ઉપરના ભાગે) શ્રી નમસ્કાર



Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

મહામંત્રના દિવ્ય તેજસ્વી વર્તુલ (જેમાં શ્રી નવ મહામંત્રના દરેક પદોના ચિત્રાત્મક-પ્રતીક રૂપ ભાવવાહી સ્થાપના છે) તરફ આરાધક જીવ દૃષ્ટિ સ્થિર કરે છે.

તેજસ્વી વર્તુળના ઉપરના ભાગે નિરંજન નિરાકારૂપ સિદ્ધ પરમાત્માના શાશ્વતપદને લક્ષ્યરૂપે મગજમાં સ્થિર કરે છે.

દૃષ્ટિ અને મગજની ધ્યેયલક્ષિતા દર્શાવનારી તેજરેખા આરાધક ભાગ્યશાળીના નેત્ર અને મસ્તકમાંથી નિકળતી દર્શાવી છે.

આવી સુંદર પદ્ધતિપૂર્વકની આરાધનાની મંગળપદ્ધતિ અપનાવવાના પરિણામે આરાધક ભવ્યાત્માની પાછળની ભાગે મોહનીયકર્મની વિશિષ્ટ પર્વતીય ગુફા વગેરેમાં વસનાર કર્મરૂપ મહારાક્ષસ (જે કે દુષ્ટાધ્યવસાયરૂપ તીક્ષ્ણ અણીદાર ભાલો અને દુરાચારરૂપ ખડગ-તલવાર લઈ) અનાદિકાળથી દરેક જીવાત્માની પૂઠે પડ્યો છે, પણ તે હતવીર્ય બની જાય છે, તેનું જોર કંઈ ચાલતું નથી, પરિણામે આરાધક ભાગ્યશાળીના મુખારવિંદ પર પૂર્ણ નિર્ભયતા અને સ્વસ્થતા ઝળકે છે.

તેમજ આરાધક મહાનુભાવ પોતાના શિર છત્રરૂપે શ્રી નમસ્કાર-મહામંત્રની પરમોચ્ચ આધ્યાત્મિક શક્તિઓ અને દરેક વર્ણે ૧૦૦૮ ઉત્કૃષ્ટ વિદ્યાઓની મહાશક્તિઓના સંયુક્ત ઓજસ્વી પ્રવાહને પોતાના મસ્તકે વરસતો કલ્પી અવર્ણનીય પ્રસન્નતા અનુભવે છે.

આ સઘળો ય આરાધનાના રાજમાર્ગે સફળપણે સંચરવાનો કે વિકાસ કરવાનો આધાર શ્રી અરિહંતપરમાત્માના સફળ માર્ગ નિર્દેશરૂપ શાસન ઉપર છે.

તેથી આ ચિત્રમાં મધ્યભાગે સૌથી વધુ તેજસ્વી તારકસમા શ્રી અરિહંત પરમાત્મા દર્શાવ્યા છે.

આ રીતે આ ચિત્રમાં સાધકે-સાધનોના ઉપયોગમાં વિક્ષેપ ઉભો કરનારા અનાદિકાલીન સંસ્કારોના ગુંચવાડા ઉપજાવનાર બાધક કર્મસત્તાના ચિત્રવિચિત્ર પ્રકારો પર વિજય મેળવી શી રીતે સફળ આરાધના કરવી ? તેનું સંક્ષિપ્ત સર્વાંગસંપૂર્ણ દિગ્દર્શન જણાવ્યું છે.

અધિકારી મુમુક્ષુ જીવો ગુરુગમથી વિશેષ ખુલાસો મેળવી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહામંત્રની વિશદ આરાધનાના મર્મને સમજી જીવનમાં મંગળમય આરાધનાના ભાગ્યશાળી બને.

## (૨) સર્વશિરોમણિ શ્રી નવકાર ચિત્ર પરિચય

(ચિત્રપટ ટાઇટલ પેજ નં.- ૪ ઉપર)

શ્રી નવકાર મહામંત્રને શાસ્ત્રોમાં ઉપમાતીત-વિશેષણોથી વર્ણવ્યો છે, તેમ છતાં શ્રી નવકારની અસીમ-શક્તિઓના સામાન્ય પરિચય માટે અમુક વિશિષ્ટ ઉપમાઓ જણાવાય છે, પણ તે ખરેખર શ્રી નવકારના યથાર્થ સ્વરૂપને જણાવી શકતી નથી.

આ વાતને સ્પષ્ટ રીતે સમજવા માટે આ ચિત્ર છે.

આ ચિત્રમાં વચગાળામાં ખૂબ જ શ્યામ રંગની પૃષ્ઠ ભૂમિકા આપણા જીવનમાં ખૂબ જ ગાઢ રીતે ફેલાયેલ મિથ્યાત્વ-અજ્ઞાનાદિનો અંધકાર સૂચવે છે.

તેમાં વાદળી પૃષ્ઠ-ભૂમિકાએ સફેદ સ્ફટિક જેવા અક્ષરોની ચમકતો શ્રી નવકાર સિદ્ધ પદની શાશ્વત ભૂમિકાએ શુદ્ધ લક્ષ્યને મેળવવા સંયમની સાધના કરી જાગૃતિવાળા સાધુ પદના મહત્વને ધ્યાનમાં રાખી શ્વેત વર્ણથી શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાની પ્રધાનતા શ્રી નવકારના આરાધકો માટે દર્શાવી છે.

આને ફરતા બહારના વર્તુલમાં નીચેથી ખીલેલી ફળસમૃદ્ધ વેલડીના દશ્યમાં નવ ચીજો શ્રી નવકારની અનુપમ શક્તિનો પરિચય આપનારી દર્શાવી છે.

સૌથી ઉપરના મથાળે દશ કલ્પવૃક્ષો પાંચની બે લાઈનમાં દર્શાવ્યા છે તે અમે સૂચવે છે કે -

"યુગલીયા વગેરે પુણ્યશાળી જીવોની સઘળી મનોકામના પૂર્ણ કરનારાં આ કલ્પવૃક્ષો મનથી ચિંતવેલું જ માત્ર આપે છે અને તે પણ પુણ્યસાપેક્ષ રહીને જ !"

ગમે તેને ગમે તે ચીજ ગમે તેટલી આપવાની શક્તિ કલ્પવૃક્ષમાં



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી.

જ્યારે શ્રી નવકાર તો સર્વ-જીવોને ધાર્યા કરતાં વધુ પુણ્ય ન હોય તો નવું ઉપજાવીને પણ આત્માની અખૂટ ઋદ્ધિને આપે છે.

એટલે શ્રી નવકાર કલ્પવૃક્ષથી પણ ચઢીયાતો છે.

ચિત્રમાં ડાબે કામધેનુ છે.

ઉપર જમણે કામકુંભ છે.

આ બંને ચીજો સંસારી પૌદ્ગલિક પદાર્થો પુણ્ય-સાપેક્ષ રીતે ચિંતવ્યા પ્રમાણે દેવાધિષ્ઠિતપણાને લીધે આપે છે.

પણ શ્રી નવકાર તો આત્માના અનુપમ મહિમાશાલી વિશિષ્ટ સદ્ગુણોના ઐશ્વર્યને સાદિ-અનંત ભાગે આપે છે. તેથી શ્રી નવકાર કામધેનુ અને કામકુંભ કરતાં પણ ચઢીયાતો છે.

ચિત્રમાં ડાબે અમૃતકુંભ અને

જમણે ચિંતામણિરત્ન દર્શાવ્યું છે.

ખરેખર અમૃતમાં સંસારી-રોગોને સમૂળ નાશ કરી અદ્ભૂત આરોગ્ય આપવાની શક્તિ આયુ આદિ શુભકર્મ સાપેક્ષપણે છે.

પણ શ્રી નવકાર તો ભવોભવના વિવિધ દુઃખોના મૂળ કારણસમા કર્મરૂપ ભાવરોગને મૂળમાંથી નષ્ટ કરી અનંત અવ્યાબાધ પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

તેથી શ્રી નવકારના પ્રત્યેક વર્ણો અમૃતકુંભ કરતાં પણ વધુ મહત્ત્વના છે.

તથા ચિંતામણિરત્ન માગણી પ્રમાણે પુણ્ય-સાપેક્ષ રીતે જગતના પૌદ્ગલિક-વૈભવને કદાચ આપે ! પણ શ્રી નવકાર તો ભક્તિ-શ્રદ્ધા અને શરણાગતિના સુમેળના પરિણામે ઈહભવ-પરભવની લૌકિક-લોકોત્તર સંપદા-સમૃદ્ધિ આપવા સાથે આત્માના અખંડ-સામ્રાજ્યને અચૂક રીતે પ્રાપ્ત કરાવે છે.

તેથી શ્રી નવકાર ચિંતામણિરત્ન કરતાં પણ ચઢીયાતો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે શ્રી નવકારને મહામંત્રની અપૂર્વ મહિમા સૂચવનારી પાંચ ઉપમાઓ દર્શાવી.

હવે શ્રી નવકાર મહામંત્રના લોકોત્તર આધ્યાત્મિક પ્રભાવને સૂચવતી ચાર ઉપમાઓ દર્શાવાય છે કે જે આ ચિત્રમાં નીચેના ભાગે દેખાય છે :

વજ્ર (ડાબે) અને ચક્રરત્ન (જમણે) તથા

દીવાદાંડી (ડાબે) વહાણ (જમણે) દેખાય છે.

એટલે કે શ્રી નવકારમહામંત્ર એટલો બધો અદ્‌ભૂત પ્રભાવશાળી છે કે -

વજ્ર જે રીતે મોટા-મોટા પર્વતોના ભુક્કા કરી નાંખે, તેમ ઓગણોસીતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તોડવાની અપૂર્વ શક્તિ જેના એકેક અક્ષરના દ્રવ્યથી પણ ઉચ્ચારમાં રહેલી છે, તેવો શ્રી નવકાર મહામંત્ર અતિગાઢ તીવ્રતમ મિથ્યાત્વ આદિરૂપ મોહના સંસ્કારોને ગુરૂગમથી કરાયેલ જાપ-ધ્યાન-ચિંતાનાદિ પ્રભાવે નષ્ટ કરી નાખે છે.

વળી ચક્રવર્તીનું ચક્ર જે રીતે વિષમ દુશ્મનોને પણ ક્ષણભરમાં કબજે કરાવી દે છે અને ચક્રવર્તીને છ ખંડની અપૂર્વ ઋદ્ધિ આપે છે.

તે રીતે શ્રી નવકાર પણ નિબિડતમ કર્મના સંસ્કારોના બંધનોને મૂળથી છેદી આત્માને કર્મની ગુલામીમાંથી છોડવી અખંડ આત્મૈશ્વર્યનો ભોક્તા બનાવે છે.

આ પ્રમાણે દીવાદાંડી જેમ ભરદરિયે પહાડ કે ભેખડો સાથે અથડાઈને ભાંગીને ભૂકો થઈ જવાના મહાન ભયમાંથી વહાણને દૂરથી ઉગારી લે છે.

તેમ કુવિચાર, તીવ્ર સંકલેશ આદિ વિષમ વિક્ષેપોમાંથી જીવનને હેમ-ખેમ બચાવનાર શ્રી નવકાર મહામંત્ર છે.

તે રીતે શ્રી નવકાર અનાદિ અનંત આ સંસાર સમુદ્રમાં આથડી રહેલ આપણા જીવાત્માને નિરાબાધપણે પાર ઉતારી મુક્તિરૂપ નગરમાં લઈ જનાર સર્વ સાધન સંપન્ન સફરી વહાણ જેવો છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે શ્રી નવકાર મહામંત્ર જગતની અદ્ભૂત ઉપમાઓથી પણ ખરેખર અવર્ણનીય જ બની રહે છે. માત્ર આવી વિશિષ્ટ ઉપમાઓથી શ્રી નવકાર મહામંત્રની અદ્ભૂત શક્તિ વિષે બહુ આછો ખ્યાલ આપી શકાય.

ટુંકમાં શ્રી નવકાર મહામંત્ર સર્વ ઉપમાઓથી અતીત અને સર્વશિરોમણિ છે. એ વાત આ ચિત્ર પરથી સમજી શકાય છે, વિશેષ આ ચિત્રમાં સૌથી ઉપર મધ્યભાગે શ્રી નવકાર મહામંત્ર પ્રતિક (યોગશાસ્ત્ર પ્ર. ૮ શ્લો. ૩૩ થી ૩૬)નું આલેખન છે.

તેની ડાબે શ્રી અરિહંત પ્રભુની સુંદર સ્થાપના શ્રી નવકારના આરાધકોના હૈયામાં અર્હદાજ્ઞાનું પ્રાધાન્ય દર્શાવવા કરી છે.

જમણી બાજુ સિદ્ધ ભગવાનનું નિરંજન નિરાકારપણું દર્શાવવાપૂર્વકની સ્થાપના આરાધનાના છેવટના લક્ષ્ય તરીકે સિદ્ધિપદની પ્રાપ્તિનું મહત્વ દર્શાવ્યું છે.

નીચે ડાબે ૐ અને જમણે હ્રીં બાતાવ્યા છે, જે બંને પંચપરમેષ્ઠીઓને ગુણાનુરાગપૂર્વક નમસ્કાર કરવા રૂપના લક્ષ્યાર્થવાળા શ્રી નવકાર મહામંત્રની માંત્રિક શક્તિઓના પ્રતિનિધિસમા બે મહાન સર્વોત્કૃષ્ટ મંત્ર-બીજો છે.

આ રીતે આ ચિત્ર ભાવુક પુણ્યાત્માઓના હૈયામાં શ્રી વીતરાગ શાસન-નિર્દિષ્ટ ભાવશુદ્ધિની કેળવણી માટે ખૂબ જ ઉપયોગી છે.

વધુ માર્મિક રહસ્ય જ્ઞાની-ગીતાર્થ ગુરૂ પાસેથી સમજવા પ્રયત્ન કરવો.

**છેલ્લે આટલું યાદ રાખજો**
**આરાધના અવરોધક**

**(૧) અંતરની ક્ષુદ્રતા (૨) અનધિકાર ચેષ્ટા**
**(૩) વધુ પડતી જિજ્ઞાસા અને (૪) પાતાની હોંશિયારીનું પ્રદર્શન**

**આ ચાર બાબતો શ્રી નવકારની આરાધનાના માર્ગમાં મોટામાં મોટા અવરોધો છે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિભાગ - ૫

## પરિશિષ્ટ - ૧

### શ્રી નવકારના આરાધક ને સરળ માર્ગદર્શન

શ્રી નવકારના બાલ આરાધકો સમગ્ર પુસ્તકને ધ્યાનમાં ન રાખી શકે... તે બનવા જોગ છે. આથી જ આરાધના માટે મહત્વની બાબતો પરિશિષ્ટમાં આપવામાં આવી છે.

જાપ કરવા માટે પ્રારંભ અને અંતની વિધી, જાપ માટે આસન અને શ્રી નવકાર બોલવાની પદ્ધતિ જણાવેલી છે. જે શ્રી નવકારના આરાધકોને અત્યંત ઉપયોગી થઈ પડશે.

—સંપાદક



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧ શ્રી નવકાર ના આરાધકની નિત્ય ક્રિયાઓ.

❄ સવારે ઉઠતાંજ (પથારીમાં) બે હાથ જોડી મસ્તક નમાવી શ્રી નવકાર મંત્રનો ૧૨ વાર જાપ કરવો.

❄ શ્રી નવકારની આરાધનામાં નવકારના સર્વે આરાધકોનું સામૂહિક બળ મેળવવા દરેક આરાધકે

| | |
|---|---|
| સવારે - ૬-૦૦ વાગે | ૧૨-૧૨ વાર નવકારનો જાપ કરવો. |
| બપોરે - ૧૨-૦૦ વાગે | |
| સાંજે - ૬-૦૦ વાગે | |

❄ આ સમયે તમો જે સ્થાન કે જે વસ્ત્ર-પ્રવૃત્તિમાં હો ત્યાંજ જાપ કરી લેવો.

❄ ''અરિહંત પરમાત્માજ મારા જીવનના ઉત્થાનના માર્ગદર્શક છે.'' એવા ભોવોલ્લાસ પૂર્વક નિત્ય પરમાત્માની પૂજા તથા નિત્ય દર્શન કરવા.

❄ પરમાત્માની ચંદનપૂજા ૩ નવકારપૂર્વક પૂજાની પધ્ધતિથી કરવી. આ પદ્ધતિ પૃ.નં ૮૮/૮૯ માં આપી છે.

❄ દિવસમાં ઓછામાં ઓછો ૧ વાર નવકાર ધ્યાનપૂર્વક શુધ્ધ લખવો. તે માટે એક નોટ અલગ રાખવી. એક પાના ઉપર એક, બે કે ચાર નવકાર ઈચ્છા પ્રમાણે લખી શકાય.

❄ ઓછામાં ઓછું નવકારશીનું પચ્ચખાણ કરવું.

❄ અભક્ષ્ય આહાર, બજારુ આહાર તથા તામસિક આહારનો ત્યાગ કરવો. શક્ય હોય તેટલું તેલ મરચું ઓછું વાપરવું.

❄ ઘરેથી બહાર નીકળતાં દરવાજામાં ૧-૩ કે ૭ નવકાર ગણી નીકળવું.

❄ પરનિંદા આરાધક ભાવને દુષિત કરે છે તેથી પરનિંદા કરવી નહીં તથા સાંભળવાની ટેવ કે સંસ્કારના કારણે પરનિંદા થઈ જાય તો પશ્ચાતાપપૂર્વક ૧ નવકાર ગણી લેવો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨ જાપ કેવી રીતે કરશો.

❊ જાપ માટે માલા તથા આસન નિયત રાખવું, તેજ માલાથી અને તેજ આસન ઉપર બેસી જાપ કરવો.

❊ જાપ દેરાસરમાં કરવો હોય તો પરમાત્મા સન્મુખ બેસવું અન્ય સ્થાને જાપ કરવો હોય તો પૂર્વ દિશા સન્મુખ બેસવું.

❊ શ્રીનવકારનો અભિમંત્રિત પટ જાપ સમયે સામે રાખવો.

❊ કમરથી ટટ્ટાર બેસી જાપ કરવો.

❊ જાપ માટે પ્લાસ્ટીકની માળા વપરાયજ નહિ. શુધ્ધ-અખંડ સુતરની માળા વાપરવા ઉપયોગ રાખવો.

❊ માળા ચાર આંગળીઓ ઉપર રાખી અંગૂઠાથી (માળાને નખ ન અડે તે રીતે) મણકો ફેરવવો.

❊ માળા નાભીથી નીચે ન જાય તેનું ધ્યાન રાખવું.

❊ માળા શરૂ કરતાં પૂર્વે મનને ઉદાત્ત ભાવનાઓથી ભાવિત કરવું. (આ ભાવનાઓ પાછળના પેજમાં જ આપેલ છે.)

❊ ત્રણવાર નવકાર મંત્ર પટમાંથી વાંચીને ધીરે-ધીરે ગણવો. માળા ગણતાં આપણું મન પટ અને માળા ઉપર સ્થિર રાખવું. મન ચલાયમાન થાય ત્યારે પટના અક્ષરો વાંચીને નવકાર ગણવા અથવા ભાષ્ય કે ઉપાંશુ જાપ (એક એક અક્ષર સ્વયં આપણે સાંભળવા પૂર્વક) કરવો.

❊ ૧ માળા પૂરી થાય ત્યારે માળામાં કેન્દ્રિત થયેલ શક્તિને આપણા દેહમાં સ્થાપિત કરવા ભાવ પૂર્વક માળાના ફુમતાને બે આંખે સ્પર્શ કરાવવો.

❊ માળા પૂરી થાય ત્યારે ફુમતાને ઓળંગી બીજીમાળાની શરૂઆત ન કરવી, પણ માળાને ઉલટાવી છેલ્લે આવેલા મણકાથી પુનઃ માળાની (જાપની) શરૂઆત કરવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

✿ જાપ દ્વારા ઉત્પન્ન થયેલા આરાધક ભાવને ટકાવી રાખવા (મારો આ આરાધક ભાવ હૃદયમાં સ્થિર થાઓ.) એવા સંકલ્પ પૂર્વક ૧૨ નવકાર અને પાંચ મંગળભાવના ગણવી પછીજ આસન પરથી ઉભા થવું. અન્યથા આંધળી દળે અને કુતરાં ચાટે જેવી સ્થિતિ થાય. આપણે આરાધના કરીએ અને સાંસારિક પ્રવૃત્તિઓમાં તે ડહોળાઈ જાય. તેને અટકાવવા ઉપરનું વિધાન દરેક વખતે જાપના અંતે કરવું. (આ વિધાન આ જ પરિશિષ્ઠમાં ૪થા વિભાગમાં ૧૭૧માં પેજમાં આપેલ છે.)

## ૩ જાપની પહેલાં કરીએ મન ભાવિત

શ્રી નવકારના જાપને આત્મા સાથે જોડાણ કરવા તેને પ્રાણવંતો બનાવવો પડે.. તે માટે જીવમાત્રના કલ્યાણની ભાવના, સર્વ જીવ-મૈત્રી ભાવના, પરમેષ્ઠિની શરણાગતિ **त्वमेवशरणं** ની ભાવના દ્વારા જાપ પૂર્વે આત્માનો ભાવોલ્લાસ જાગૃત કરવો.. જાપ કરવા બેસો ત્યારે પ્રારંભમાં નીચે જણાવેલી ભાવનાઓ ભાવવા દ્વારા તે શબ્દોમાં રહેલા ભાવોને ભાવજાપની ભૂમિકા સુધી લઈ જાય...

બહુજ શાંતચિત્તે શબ્દોના ભાવોને ઝીલી અત્યંત ભાવપૂર્વક મનમાં બોલવું.

❖ ત્રણ નમસ્કાર

❖ મહાવીર પ્રભુ-ગૌતમ સ્વામિ તથા ગુરુ મ. નું સ્મરણ કરવું.

❋ ચત્તારી મંગલં, અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,કેવલી પણ્ણત્તો ધમ્મો મંગલં.

❋ ચત્તારી લોગુત્તમા, અરિહંતા લોગુત્તમા, સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા, કેવલી પણ્ણત્તો ધમ્મો લોગુત્તમો.

❋ ચત્તારી શરણં પવજ્જામિ, અરિહંતે શરણં પવજ્જામિ, સિદ્ધે શરણં પવજ્જામિ, સાહૂ શરણં પવજ્જામિ, કેવલી પણ્ણતં ધમ્મં શરણં પવજ્જામિ.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

❖ ખામેમિ સવ્વેજીવે, સવ્વે જીવા ખમંતુ મે ।
મિત્તી મે સવ્વ-ભૂએસુ, વેરં મજ્ઝ ણ કેણઈ ॥

❖ શિવમસ્તુ સર્વ-જગતઃ, પર-હિત-નિરતા ભવન્તુ ભૂતગણાઃ ।
દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવંતુ લોકાઃ ॥

❖ બધા વિશ્વનું થાઓ કલ્યાણ આજે, બનો સજ્જ સહુ પારકા હિત કાજે।
બધા દૂષણો સર્વથા નાશ પામો, જનો સર્વ રીતે સુખને જ પામો ॥

❖ ખમાવું બધા જીવને આજ પ્રિતે, ખમો તે બધા મુજને સર્વ રીતે ।
બધા જીવોમાં મિત્રતાને પ્રસારું, નથી કોઈ સાથે હવે વેર મારું ॥

❖ મૈત્રિ ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે ।
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે ॥૧॥

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયુ મારું નૃત્ય કરે ।
એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે ॥

દીન ક્રૂરને ધર્મ વિહૂણા, દેખી દિલમાં દર્દ રહે ।
કરુણા ભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે ॥

માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઉભો રહું ।
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું ॥

❖ અચિંત્ય શક્તિવાળા હે પંચ પરમેષ્ઠિઓ ! આપ તો...પ્રભાવશાળી છો, વીતરાગ છો, સર્વજ્ઞ છો, પરમકલ્યાણ સ્વરૂપ છો તથા પ્રાણી માત્રના કલ્યાણના હેતુભૂત છો..હું મૂઢ છું.. પાપી છું.. અનાદિ મોહવાસિત છું. મારા હિત અને અહિતથી પણ અજાણ છું.

હે પરમેષ્ઠિ ઓ ! આપના શરણે આવ્યો છું.. આપની આરાધના દ્વારા હિત-અહિતનો જાણકાર બનું.. સર્વ જીવો સાથે ઉચિત પ્રવૃત્તિવાળો બની સ્વહિતની સાધના વાળો બનું.. હે પંચ પરમેષ્ઠિઓ ! આ જગતમાં હવે કોઈ શરણ નથી.


"અન્યથા શરણં નાસ્તિ ત્વમેવ શરણં મમ...."
ત્વમેવ શરણં મમ...."
ત્વમેવ શરણં મમ...."



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નવકારના અક્ષરોમાંથી નીકળતા દિવ્યતેજમાં હું સ્નાન કરી રહ્યો છું" તેવા ભાવ પૂર્વક... ૩ નવકાર પટમાં ધીરે-ધીરે વાંચીને ગણવા... પછી માલા શરૂ કરવી...

**માળા આ રીતે ગણો.**



## ૪ જાપની અંતિમ વેળાએ...

નવકારનો જાપ પૂરો થતાં બીજી પ્રવૃત્તિમાં જોડાવવાથી... પેદા થયેલી શક્તિ વિખરાઈ જાય છે. પરિણામે... જાપ સાતત્ય આપણને અનુભૂત કરાવી શકતું નથી.. આ વિખરાતી શક્તિને અટકાવવા તથા જાપના આંદોલનની શક્તિને સ્થિર કરવા નવકારનો જાપ પુરો થતાં ..."શ્રી નવકાર શક્તિને હું હૃદયમાં સ્થાપિત કરું છુ." એવા ભાવપૂર્વક નીચેનું વિધાન કરવું.

❖ બે હાથ જોડી.. આંખો બંધ કરી પરમેષ્ઠિ શ્રી નવકારનું ધ્યાન ધરી... ૧૨ નવકાર ગણવા પછી નીચેની પાંચ ગાથાઓ બોલવી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો શક્તિ મુજને મળે, તો આપું સહુને સુખ
કર્મના બંધન ટાળીને, કાપું સહુના દુ:ખ .....૧

મુજને દુ:ખ આપે ભલે, તો પણ હું ખમું તાસ
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ .....૨

જગના પ્રાણી માત્રને, વ્હાલા છે નિજ પ્રાણ
માટે મન વચન કાયથી, સદા કરું તસ ત્રાણ.....૩

આશીર્વાદ મુજને મળો, ભવોભવ એ મુજ ભાવ
ત્રસ સ્થાવર જીવો બધા, દુખિયા કો નાવિ થાવ.....૪

ભવોભવ એ મુજ ભાવના,જો મુજ ધાર્યું થાય
તો શ્રી જિન શાસન વિષે, સ્થાપું જીવ બધાય.....૫

## ઓછામાં ઓછું...

આરાધક આત્માએ પરિણતિની કેળવણી માટે અનન્ય ભાવ પૂર્વક પોતાની અનુકૂળતાએ દિવસમાં એકવાર પંચસુત્ર અથવા અમૃતવેલની સજ્ઝાયનો પાઠ કરવો..........



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પરિશિષ્ટ - ૨

## જાપ માટે આસન પરીચય

શ્રી નવકારના જાપ માટે ત્રણ આસન વધુ લાભ-દાઈ છે.

## (૧) સુખાસન (૨) સિધ્ધાસન (૩) પદ્માસન

**(૧) સુખાસન :-** જે જાપ ધ્યાન માટે એક સરળ આસન છે. લાંબા સમય સુધી બેસી શકાય છે. શરીર થાકતું નથી મનને પણ આરામ મળે છે.



**રીત :-** કટાસણા ઉપર પલોઠીવાળી બેસો પછી જમણા પગનું તળીયું ડાબા પગની સાથળ ઉપર મૂકો.(જેથી ડાબા પગનું તળીયું જમણા પગ નીચે આવશે.) બન્ને પગના ઢીંચણ જમીનને અડેલા રાખો. મેરુદંડ-ગરદન-મસ્તક સીધા ટટ્ટાર રાખવા.

**(૨) સિધ્ધાસન :-** શ્રી નવકારના જાપ માટે આ આસન અતિ ઉત્તમ છે. ચંચળ મનને એકાગ્ર કરવામાં સરળતા રહે છે. શારીરિક-માનસિક વિકારો દૂર કરી આત્મિક શક્તિમાં વધારો કરે છે. બ્રહ્મચર્ય માટે સર્વોત્તમ છે.



**રીત :-** આસન ઉપર બેસીને ડાબા પગની એડીને મુલાધરચક્ર ઉપર રાખે અને જમણા પગની એડીને સ્વાધીષ્ઠાનચક્ર ઉપર મૂકે, બંન્ને પગના પંજા જાંઘના મધ્ય ભાગને અડેલા રાખવા, બન્ને ઢીંચણ જમીનને અડે, મેરુદંડ-ગરદન-મસ્તક સીધા ટટ્ટાર રાખવા.

**નોંધ :-** ગુરુગમથી જ આ આસન(સિધ્ધાસન) શીખવું / કરવું.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૩) **પદ્માસન :-** અતિપ્રસિદ્ધ આ આસન છે. આ આસનથી ચિત્તાનંદ-બુદ્ધિનો વિકાસ થાય છે. ચિંતા-શોક વિકાર દૂર કરી આધ્યાત્મિક વિકાસ સધાય છે. કષ્ટ સાધ્ય આ આસનમાં લાંબા સમયના અભ્યાસથી સ્થિરતા આવે છે.



**રીત :-** ડાભા પગને જમણી જાંગ ઉપર અને જમણા પગને ડાબી જાંગ પર ગોઠવો બંન્ને પગના તળીયા ખૂલ્લા રહેવા જોઈએ. મેરુદંડ-ગરદન-મસ્તક સીધા-ટટ્ટાર રાખવાં. બંન્ને ઢીંચણ જમીનને અડવા જોઈએ.



(૪) **પ્રાથમિક ભૂમિકાએ** ભાષ્ય જાપથી જાપની શરૂઆત કરવી. ભાષ્યજાપ કરતાં આ રીતે મુહપત્તિનો ઉપયોગ રાખવો.

# પરિશિષ્ટ - ૩

## -: શ્રી નવકાર બોલવાની પદ્ધતિ :-

શ્રી નવકાર કઈ રીતે બોલવો ? તે બાબતે પૂજ્ય પંન્યાસ ગુરુદેવશ્રી એ ખૂબ જ ઉંડાણથી સંશોધન કરેલું... આપણે ત્યાં સૂત્ર બોલવાની ઘાટી = પદ્ધતિ લુપ્ત પ્રાયઃ બની ગઈ છે. જેને જેમ ફાવે તેમ બોલે છે, આથી જે ધ્વનીના નિશ્ચિત આંદોલનો ઉભા થવા જોઈએ તે થતા નથી. ષટ્ચક્રો કુંડલીની



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આદિ ઉપર તેની અસર પડતી નથી. વેદ બોલવામાં જેમ નિશ્ચિત પદ્ધતિ છે તે રીતે આપણે ત્યાં પણ નવકાર આદિ સૂત્રો બોલવાની આરોહ - અવરોહ - સમ ની પદ્ધતિ છે. - લય છે. તે રીતે બોલવાથી મોહના સંસ્કારો હાલી ઉઠે છે. અનાદિ સંસ્કારોની પ્રબળતા મંદ પડે છે. જુદા - જુદા ધ્વનીથી થતી અસરોની વિવિધતા આધુનિક વિજ્ઞાને પણ સ્વીકારી છે.

શ્રી નવકારના પહેલા પાંચ પદ સૂત્રાત્મક છે, ૧-૧ અધ્યયનરૂપ સ્વતંત્ર છે. દરેક પદ બોલતાં શરૂઆતમાં આરોહ, મધ્યમાં સમ અને અંતે અવરોહ ધ્વની જોઇએ. પદ પૂર્ણ થાય એટલે વિરામ આવે. કેમ કે ત્યાં સૂત્ર પૂર્ણ થાય છે.

આરોહ એટલે, ધ્વની ઉંચો જાય
સમ એટલે, ધ્વની સમાન ચાલે
અવરોહ એટલે, ધ્વની નીચે ઉતરે

| પદ | આરોહ ↗ | સમ → | અવરોહ ↘ |
|---|---|---|---|
| ૧ | ૨ णमो | ૨ अरि | ૩ हंताणं |
| ૨ | ૨ णमो | ૧ सि | ૨ द्धाणं |
| ૩ | ૨ णमो | ૧ आ | ૪ यरियाणं |
| ૪ | ૨ णमो | ૨ उव | ૩ ज्झायाणं |
| ૫ | ૪ णमो लोए | ૨ सव्व | ૩ साहूणं |

શ્રી નવકારના પાંચ પદ પૈકી દરેક પદમાં કેટલા વર્ણો(અક્ષરો) કેવા લયમાં બોલવા તે ઉપરનું કોષ્ટક જણાવે છે.

શ્રી નવકારના છેલ્લા ૪ પદ(ચૂલીકા) અનુષ્ટુપ છંદમાં છે.

તેમાં પ્રથમ ચરણ આરોહમાં બોલવું ↗
બીજું ચરણ સમમાં બોલવું →
ત્રીજું ચરણ અવરોહમાં બોલવું ↘
ચોથું ચરણ સમમાં બોલવું →




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ રીતે શ્રી નવકારના બોલવાની આપણી મૂળ પદ્ધતિ છે. જે શ્રી નવકાર આરાધકો-સાધકોને ઉપયોગી બનશે.

# પરિશિષ્ટ - ૪
## શ્રી નવકારનું પ્રતિક

આ કોઈ સામાન્ય ડીઝાઈન નથી પણ; મહામંત્ર શ્રી નવકારનું પ્રતિક(સિમ્બોલ) છે. માંગલિક આકૃતિ છે. યોગશાસ્ત્ર અને અનેક પ્રાચિન હસ્તલેખિત પ્રતોના આધારે પૂજ્યપાદ્ પંન્યાસ ગુરુદેવશ્રી એ વર્તમાન શ્રીસંઘને ભેટ આપી છે. કોઈપણ લખાણની શરૂઆત કરતાં.. પ્રથમ શ્રી નવકારના આ મંગલકારી પ્રતિકને બનાવી પછી લખવાની શરૂઆત કરવી, પણ હા; આ પ્રતિક માત્ર દોરવાનું નથી પણ; પ્રતિક બનાવતાં તે..તે.. પદોનું સ્મરણ મનમાં કરવાનું છે.


કયા ક્રમથી તથા કયા કયા પદનું સ્મરણ કરી પ્રતિક બનાવવું તે ચિત્ર જણાવે છે.






Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org


# શ્રી નવકાર મહામંત્ર પ્રતિક પટ




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી મહામંત્રની આરાધના(બેટરીવાળો) પટ




# શ્રી નમસ્કાર મહામંત્ર આરાધના પદ્ધતિ પટ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org